# પ્રબોધકો

## અને

# તેમનાં કાર્યો



ફેઈથ બાઉમન

અનુવાદકઃ એમ. એમ. દાસ

૧૯૯૮

18BGP2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# પ્રબોધકો અને તેમનાં કાર્યો

(ભવિષ્યવાણી એક અનોખી ચળવળ)

ફ્રેઈથ બાઉમન

અનુવાદકઃ એમ. એમ. દાસ

૧૯૯૮

**પ્રકાશક**

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ,

અમદાવાદ ૩૮૦ ૦૦૬.

**પ્રથમ આવૃત્તિ : ૧૯૯૯**

**પ્રત : ૧૧૦૦**

**કિંમત : રૂા. ૨૦/-**

**-: મુદ્રક :-**

સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ

૪, દિવ્યવસુંધરા કોમ્પલેક્ષ, મિરઝાપુર કોર્ટ ની સામે,

મિરઝાપુર, અમદાવાદ - ૧.

ફોન : ૫૬૨૩૭૬૧.

## સમર્પણ

આજની અને આવતી કાલની ગુજરાતી પેઢીને

## પુસ્તક પ્રકાશન માટે દાન

આ પુસ્તકના પ્રકાશન માટે પુસ્તકનાં લેખિકા શ્રીમતી ફેઈથ બાઉમેન તરફથી રૂા. ૨૧,૦૦૦/- નું ઉદાર દાન મળ્યું છે, જેની અત્યંત આભાર સાથે નોંધ લઈએ છીએ. ઈશ્વરપિતા લેખિકા અને તેમનાં કુટુંબીજનોને પુષ્કળ આશીર્વાદ આપે તે જ પ્રાર્થના.

રેવ. ડી. બી. ચૌહાણ

ટ્રેઝરર

# આવકાર

મિસિસ ફેઈથ બાઉમને Prophecy, a Unique movement નામનું એક અદ્‌ભુત પુસ્તક લખ્યું છે. આનો અનુવાદ **'પ્રબોધકો અને તેમનાં કાર્યો'** - ભવિષ્યવાણી એક અનોખી ચળવળ - નામે થયો છે, જેને આવકારતાં આનંદ થાય છે.

ખરેખર તો બાઈબલ એ ખાસ ભવિષ્યવાણીઓ ઉપર આધારિત ગ્રંથ છે, જેનો મધ્યવર્તી વિચાર માનવજાતિનો પ્રભુ ઈસુમાં થયેલો ઉદ્ધાર છે. આખો જૂનો કરાર તો રીતસર પ્રબોધકો જે કેન્દ્ર સ્થાને રહ્યા છે, તેમને માટેનું આ પુસ્તક ખાસ કરીને બાઈબલ સેમિનરીઝના વિદ્યાર્થીઓ અને બાઈબલના અભ્યાસીઓને અત્યંત મદદરૂપ થશે એવી ખાતરી છે

લેખિકાને અને અનુવાદક મુ. એમ. એમ. દાસ સાહેબને અમારાં ખાસ અભિનંદન!

**ભગવતપ્રસાદ ચૌહાણ**

સેક્રેટરી

# સંપાદકના બે બોલ

જૂના કરારનાં પુસ્તકોમાં પ્રબોધકોના પુસ્તકો સૌથી વધારે મહત્વનો ભાગ છે. અને ખાસ કરીને ઈસ્ત્રાએલના ઈતિહાસમાં પ્રબોધકોએ ઘણો જ મહત્વનો ભાગ ભજવ્યો છે. તેઓ ઈશ્વરના પ્રતિનિધિ તરીકે રાજાઓને કે સામાન્ય માણસોને, યાજકોને અને લોકોને, આગેવાનો અને અધિકારીઓને કે આમજનતાને, સર્વને ઈશ્વરનો સંદેશ બેધડક જણાવતા હતા. ક્યારેક તેમનો તથા તેમના સંદેશાઓનો આવકાર કરવામાં આવતો, પણ મોટે ભાગે તેમની તથા તેમના સંદેશાઓની અવગણના કરવામાં આવતી. તેઓ ઘણી વાર પોતાનો જીવ મુઠ્ઠીમાં લઈ ફરતા હતા.

આ પ્રબોધકો કોણ હતા? તેમને ઈશ્વરે કેવી રીતે અને કેવા સંજોગોમાં તેડું આપ્યું? ઈશ્વરનું તેડું એટલે શું અને તે આ પ્રબોધકોને કેવી રીતે આપવામાં આવતું? પ્રબોધકોએ ઈશ્વરના લોકોને તેમ જ વિધર્મી દેશજાતિઓને શું કહેવાનું હતું? તેમના સંદેશાઓનો મુખ્ય સાર શું હતો? આ બધા પ્રશ્નો બાઈબલ અભ્યાસીઓ માટે તેમ જ સામાન્ય ખ્રિસ્તી વ્યક્તિ માટે ઘણા જ મહત્વના છે. પણ આ પ્રશ્નોનો જવાબ એક જગાએ મળે તેવું કોઈ પુસ્તક આપણી ગુજરાતી ભાષામાં અત્યાર સુધી આપણી પાસે નહોતું. શ્રીમતી ફેઈથ બાઉમનનું આ પુસ્તક; "પ્રબોધકો અને તેમનાં કાર્યોઃ ભવિષ્યવાણી એક અનોખી ચળવળ" આ ભારે ખોટ પૂરી પાડે છે. જેમ મુ. દાસ અંકલે અનુવાદકના બે બોલમાં લખ્યું છે તેમ આ પુસ્તક શ્રીમતી બાઉમનના લાંબા સમયના વાસદ સેમીનરીમાં શીખવવાના અનુભવ તથા અભ્યાસનો નીચોડ છે.

પુસ્તકના પાંચ વિભાગછે. પહેલા વિભાગમાં ભવિષ્યવાણી શું છે અને ભવિષ્યવાણીની ચળવળનો ઈસ્ત્રાએલમાં કેવી રીતે વિકાસ થયો તેની ટૂંક પશ્ચાદ્ભૂમિકા આપવામાં આવી છે. પ્રબોધકો કેવા પ્રકારના વ્યકિતઓ હતા, તેમનો જીવનવ્યવહાર વગેરે કેવાં હતાં તે જણાવ્યું છે; ઈશ્વરથી તેડાયેલ સાચા તથા પોતે પોતાના સ્વાર્થથી ઊભા થયેલા પ્રબોધકો વચ્ચેનો તફાવત જણાવ્યો છે. ત્યાર પછી ભવિષ્યવાણીની ચળવળના ત્રણ તબક્કા સમજાવ્યા છે તેમાં ઈસ્ત્રાએલના પૂર્વજ ઈબ્રાહિમથી શરૂ કરીનેછેલ્લા પ્રબોધક માલાખીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રકરણ ૪ માં પ્રબોધકોના તેડાની સમજૂતી આપીછે. ઈશ્વરનું તેડું એટલે શું? કયા સંજોગોમાં તથા કેવી રીતે પ્રબોધકોને ઈશ્વરનું તેડું મળ્યું? જ્યારે ઈશ્વર તેડે ત્યારે જુદા જુદા પ્રબોધકોના પ્રતિભાવ કેવા હતા? આ પ્રબોધકોના તેડા પાછળ ઈશ્વરનું શું પ્રયોજન હતું અને ઈશ્વરે તેમને કયાં કામો કરવા તેડ્યા તે બધા પ્રશ્નોના જવાબ અહીં મળે છે.

પ્રકરણ ૫માં પ્રબોધકોએ આપેલા શિક્ષણનો ટૂંક સાર આપવામાં આવ્યો છે. તેઓ ઈશ્વરનો સંદેશો કોઈ પણ જાતની શંકા વગર પૂરી ખાતરી સાથે અને અધિકારપૂર્વક જાહેર કરતા હતા. તેઓએ ઈશ્વરના લોકો આગળ ઈશ્વર વિષે અને ઈશ્વર પોતાના લોકો પાસેથી કેવા પ્રકારના જીવનની અપેક્ષા રાખે છે તે વિષે જણાવ્યું અને તેમના અવળા માર્ગોથી પાછા ફરી ઈશ્વર પર પૂરો વિશ્વાસ રાખવાનો બોધ કર્યો. બાકીના પુસ્તકમાં વ્યક્તિગત પ્રબોધકોનો અભ્યાસ છે અને તેમાં જેમના નામે બાઈબલમાં પુસ્તકો લખાયેલાં છે તેમનો અધ્યાયવાર ખ્યાલ આપવામાં આવ્યો છે. તેમાં ખાસ કરીને યર્મિયા પ્રબોધકના પુસ્તકનો વિશેષ વિગતથી અભ્યાસ રજૂ કરાયો છે.

પુસ્તકના છેલ્લા પ્રકરણમાં જૂના કરારના આ પ્રબોધકોએ આપેલો બોધ આપણા વર્તમાન સમયમાં, આપણા વ્યક્તિગત તથા સામાજિક જીવનને કેવી રીતે લાગુ પડેછે તે લેખિકાએ સ્પષ્ટ કર્યુંછે. શ્રીમતી બાઉમન લખેછે, "પ્રબોધકો વર્તમાન સમયમાં પણ આપણી સાથે વાત કરે છે. ઈશ્વરની જીવંત હાજરી, તેમની શક્તિ, તેમની પ્રેમાળ ચિંતા અને તેમની દોરવણીનો વ્યક્તિગત અનુભવ આપણે પ્રબોધકોનાં વચનો મારફતે અનુભવીએ છીએ. આવી સાક્ષી ઈશ્વરે બધી જ પેઢીઓમાં પોતાના સેવકો મારફતે આપી છે જે કદી જ બદલાતી નથી અને આજે પણ એટલી જ અસરકારક છે."

મૂળ અંગ્રેજીમાં લખાયેલા આ પુસ્તકના ગુજરાતીમાં સુંદર, સરળ તથા ભાવવાહી અનુવાદ માટે અનુવાદક મુ. દાસ અંકલને અભિનંદન ઘટે છે. મુ. દાસ અંકલ તથા તેમનો ઈશ્વર પ્રત્યેનો ભક્તિભાવ તેમ જ ગુજરાતની ખ્રિસ્તી જનતા માટે શું કરું ને શું ના કરુંની ભાવનાથી આપણે બધાં જ સુપરિચિતછીએ. આટલી પાકી ઉંમરે પણ તે આ અને આવાં બીજાં ઘણાં સેવાકાર્યોમાં વ્યસ્તછે તે માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ છીએ.

આ પુસ્તકના સંપાદનકાર્યની તક માટે હું દાસ અંકલનો આભારી છું અને તે કાર્ય મારફતે મને પોતાને જે આત્મિક અને શૈક્ષણિક લાભ મળ્યો તે માટે હું ઈશ્વરપિતાની સ્તુતિ કરુંછું. આને કમ્પ્યુટરમાં ટાઈપ કરવાના મહત્વના કાર્યમાં મારી પત્ની વાયોલેટનો અમૂલ્ય ફાળો હતો. તેની મદદ સિવાય હું આ કામ પૂરું ન કરી શક્યો હોત.

આપણી ગુજરાતની ખ્રિસ્તી જનતાને ઈશ્વરપિતાની વધુ નજદીક લાવવામાં આ પુસ્તક મહત્વનો ફાળો આપનારું થાય તેવી લેખિકાની તથા અનુવાદકની પ્રાર્થનામાં હું મારો સૂર પૂરાવું છું.

ઓગસ્ટ ૧૯૯૮ ઈમાનુએલ ક્રિશ્ચિયન.

# અનુવાદકના બે બોલ

પ્રભુ ઈસુ ખ્રિસ્તની હું સ્તુતિ કરું છું, કે શ્રીમતી ફેઈથ બાઉમને અંગ્રેજીમાં લખેલા પુસ્તક Prophecy: a Unique Movement ના અનુવાદનું કામ હું પૂરું કરી શક્યો . આમ તો આ પુસ્તક ઠેઠ ૧૯૯૫ની શરૂઆતથી મારી પાસે આવ્યું હતું. પરંતુ તે જ વર્ષમાં મારી ભારતની મુલાકાત, ત્યાર બાદ રેવ. ડેવીડ બાઉમન અને શ્રીમતી ફેઈથ બાઉમન પાસેથી તેમના જીવનચરિત્ર અંગે લખાનાર પુસ્તકની માહિતી મેળવી તે લેખક શ્રી સુરેન્દ્રભાઈ આસ્થાવાદીને પૂરી પાડવાની કામગીરી વગેરે કારણોથી આ અનુવાદના કામમાં ખાસ પ્રગતિ થઈ શકી નહોતી. વળી, અવારનવાર માંદગી, નબળાઈ અને અન્ય અગત્યનાં રોકાણોને કારણે આ કાર્ય થોડું ખોરંભે પડેલું. આમ છતાં હિંમત ન હારતાં કામ ચાલુ રાખ્યું અને ઈશ્વરપિતાની મદદથી તે હું પૂરું કરી શક્યો. આ સમય દરમિયાન વાસદ સેમીનરીના તે સમયના પ્રિન્સીપાલ ડૉ. ડોમનીક ઈઝરાયલે મને આ અનુવાદ કરવા ઘણું ઉત્તેજન આપેલું તે માટે તેમનો આભારી છું.

મુખ્ય સવાલ હસ્તલેખને તપાસી જોવાનો અને તે ટાઈપ કરવાનો હતો. આ કાર્ય માટે મારા અતિ પ્રિય મિત્ર અને પુત્રસમાન એવા ડૉ. ઈમાનુએલ ક્રિશ્ચિયન અને તેમનાં પત્ની વાયોલેટ યાદ આવ્યાં. પહેલાં તો એવો વિચાર આવ્યો કે છેલ્લાં પાંચેક વર્ષથી તેઓ તેમનાં પોતાનાં પુસ્તકો લખવાના કામમાં ગળાબૂડ દબાણમાંછે, તેમને કેવી રીતે આ કામ અપાય? છતાં પવિત્ર આત્માની દોરવણી પ્રમાણે મેં તેમને લખ્યું અને પ્રભુએ તેમને આ કાર્ય સ્વીકારવા અનુમતી અપાવી. સાચે જ હું આ માટે તેમનો આભાર માનું છું. હું ઈશ્વરપિતાની સ્તુતિ કરું છું કે ગુજરાતની ખ્રિસ્તી જનતાની સેવા કરવા અને સાહિત્યક્ષેત્રે, ખાસ કરીને ઈશ્વરવિદ્યાનાં પુસ્તકો લખવા અને ગુજરાતીમાં લખાતાં આવાં પુસ્તકો તપાસી જોવા તેમને તેડ્યાં છે.

રેવ. ડૉ. જયાનંદ ચૌહાન મારા પરમ સ્નેહીછે. પરંતુ ઉતરતી અવસ્થામાં તેઓશ્રી તેમના પોતાના જ લખાણકાર્યમાં એવા ડૂબેલા છે કે તે અન્ય કાર્યો ન કરી શકે તે સ્વાભાવિકછે. વળી હમણાં શારીરિક નબળાઈ હોવાથી તેમનું કામ મર્યાદિત છે. આ જ અરસામાં છેલ્લા એક વર્ષથી ગુજરાત ટ્રાકટ અને બુક સોસાયટીએ, ખાસ કરીને અગાઉના સેક્રેટરી પ્રિ. ભગવતભાઈ ચૌહાણ અને ૧૯૯૭ના ચેરમેન રેવ. નિકોલસ પરમાર સાહેબે, દીર્ઘદ્રષ્ટિ વાપરી ડૉ. ઈમાનુએલભાઈને ઈશ્વરવિદ્યાનાં અને બીજાં બાઈબલ અભ્યાસને લગતાં

પુસ્તકો લખવા માટે કહ્યું હતું.

અંગ્રેજીમાં બાઈબલના સંતો અને વિષયો પર ઘણાં પુસ્તકો લખાયાં છે, જેમાંનાં કેટલાંક બાઈબલ સ્કૂલોમાં પાઠ્યપુસ્તકો તરીકે વપરાય છે. પરંતુ આપણી ગુજરાતી ભાષામાં આંગળીને વેઢે ગણાય એટલાં જ પ્રાપ્ય છે. રેવ. અને શ્રીમતી ડેવીડ બાઉમને ગુજરાતમાં ૩૬ વર્ષ મિશનરી તરીકે સેવા આપી અને હવે તેઓ નિવૃત્ત થયેલાં છે. પરંતુ ગુજરાત પર અનહદ પ્રેમ હોવાથી દર વર્ષે કે બે વર્ષ ભારત આવી શ્રીમતી બાઉમન વાસદ સેમીનરીમાં પ્રબોધકો, તેમનાં કાર્યો અને ભવિષ્યવાણી પર શિક્ષણ આપે છે. આ વિષયમાં તેઓ નિષ્ણાત હોઈ ખૂબ જ શોધ અને અભ્યાસ બાદ આ અતિ કીમતી પુસ્તક અંગ્રેજીમાં લખેલું છે.

આ અનુવાદનું કાર્ય કરતાં મને પોતાને આ વિષય પર ઘણું નવું જાણવાનું મળ્યું અને મને ખાતરી છે કે, જેઓ બાઈબલનો ખંતથી અભ્યાસ કરે છે તેઓને તે અતિ ઉપયોગી માલૂમ પડશે. જૂના કરારના સંતો અને પ્રબોધકોને ઈશ્વરે આ જગત માટેની પોતાની ભવ્ય યોજના પૂરી કરવા કેવી રીતે વાપર્યા તેનો આ પુસ્તક વાંચવાથી તમને ખ્યાલ આવશે. પ્રબોધકોમાં ઈબ્રાહિમ, મૂસા, શમુએલ, દાનિયેલ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પુસ્તકના વિષયોમાં ભવિષ્યવાણી, પ્રબોધકો, તેમનું તેડું, શિક્ષણ અને કાર્ય મુખ્ય વિષય છે. તેઓને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યાં છેઃ બેબિલોનના બંદીવાસના સમય પહેલાંના, બંદીવાસના સમય દરમિયાનના અને બંદીવાસના સમય પછીના. ઈમાનુએલભાઈએ આ પુસ્તકની ઉપયોગિતા પર તેમના બે બોલમાં વિસ્તારથી લખ્યું છે એટલે તે વિષે હું અહીં વધુ લખતો નથી.

છેલ્લે મારા ગુજરાતી મિત્રો, તમે જ્યાં રહેતા હો ત્યાં, ભારતમાં કે ભારત બહાર, પણ આ પુસ્તક તમારા બાઈબલ અભ્યાસ અને આત્મિક વૃધ્ધિમાં ઘણું મદદરૂપ થશે તેની ખાતરી આપું છું અને તે આજની અને આવતી કાલની ગુજરાતી પેઢીને અર્પણ કરું છું.

જૂન ૩૦, ૧૯૯૮

સાથી સેવક,
એમ. એમ. દાસ

# અનુક્રમણિકા


**ભાગ ૧**

| | | |
|---|---|---|
| પ્રકરણ | ૧ | પ્રસ્તાવના |
| પ્રકરણ | ૨ | ભવિષ્યવાણી શું છે? |
| પ્રકરણ | ૩ | ભવિષ્યવાણી ચળવળનો વિકાસ-તેની ટૂંક પશ્ચાદભૂમિકા |
| પ્રકરણ | ૪ | પ્રબોધકોનું તેડું |
| પ્રકરણ | ૫ | પ્રબોધકોનું શિક્ષણ |

**ભાગ ૨: વ્યક્તિગત પ્રબોધકોનો અભ્યાસ**

| | | |
|---|---|---|
| પ્રકરણ | ૬ | શરૂના પ્રબોધકો |
| પ્રકરણ | ૭ | ઈ.સ. પૂ. આઠમી સદીના પ્રબોધકો |
| પ્રકરણ | ૮ | ઈ.સ. પૂ. સાતમી સદીના પ્રબોધકો |

**ભાગ ૩: બંદીવાસનો સમય**

| | | |
|---|---|---|
| પ્રકરણ | ૯ | ઓબાદ્યા તથા હઝકિયેલ |
| પ્રકરણ | ૧૦ | યર્મિયા |

**ભાગ ૪: બંદીવાસ પછીના પ્રબોધકો**

| | | |
|---|---|---|
| પ્રકરણ | ૧૧ | હાગ્ગાય |
| પ્રકરણ | ૧૨ | ઝખાર્યા |
| પ્રકરણ | ૧૩ | યોએલ |
| પ્રકરણ | ૧૪ | યૂના |
| પ્રકરણ | ૧૫ | માલાખી |

**ભાગ ૫: પ્રકટીકરણવાળું સાહિત્ય**

| | | |
|---|---|---|
| પ્રકરણ | ૧૬ | દાનિયેલ |
| પ્રકરણ | ૧૭ | આજના સમય સાથે પ્રબોધકોનું લાગુકરણ |

## પ્રકરણ ૧ : પ્રસ્તાવના

યહૂદી પ્રજાના શરૂઆતના ઇતિહાસમાં ભવિષ્યવાણી ઉપર અભ્યાસ કરતાં આપણે એ સ્પષ્ટ જોઈ શકીએછીએ, કે આ ચળવળ ફક્ત એ પ્રજા માટે જ આગવી હતી. આ એવી પ્રજા હતી જેના ધાર્મિક વિશ્વાસનો પાયો એકેશ્વરવાદની ઈશ્વરવિદ્યા પર અચલ અને મજબૂત રીતે નંખાયેલો હતો. તેમનો વિશ્વાસ એ બાબત પર હતો કે આ સૃષ્ટિને સૃજનાર ઈશ્વર, માનવજાતના ઉધ્ધાર કરનાર એક જીવંત પ્રભુ પણ છે; જેઓ સર્જન કરે છે, બચાવે છે, ટકાવી રાખે છે અને બધી વસ્તુઓને પોતાના કાબૂમાં રાખે છે. વળી ખરા અર્થમાં જોતાં તે સાચેજ સમગ્ર મનુષ્ય જાતિના પ્રભુછે, જેમણે પોતાની પ્રતિમા પ્રમાણે પુરુષ તથા સ્ત્રીનું સર્જન કર્યુ, એ દ્વારા તેમણે તેમનો પ્રેમ પ્રદર્શિત કર્યો. તેમની ઇચ્છા એવી હતી કે મનુષ્ય તેમના પ્રેમના પ્રત્યુત્તરમાં તેમના પર પ્રેમ કરી તેમની આજ્ઞાઓ માને.

આ અનોખા ધાર્મિક વિશ્વાસના મૂળમાંથી ભવિષ્યવાણીરૂપ દર્શનનું બીજ ઊગેલું જોવા મળે છે. બીજી પ્રજાઓના કહેવાતા દેવો કરતાં આ ઈશ્વર જુદા પડે છે. કારણ કે તે મનુષ્ય સાથે સીધો વ્યવહાર કરે છે. તેઓ મનુષ્યજાત માટેની આશા અને ઇચ્છાઓ દર્શાવે છે અને તેમના પર વર્ચસ્વ સ્થાપિત કરે છે.

ઈશ્વરે જ સર્વ સર્જનની શરૂઆત કરી. બધી જીવંત વસ્તુઓ તેમણે બનાવી. પરંતુ તેમના સઘળા સર્જનમાં સૌથી ઉત્તમ મનુષ્યનું સર્જનછે. ઉત્પત્તિના શરૂઆતના દિવસોથી જ ઈશ્વર મનુષ્ય સાથે વ્યવહાર કરે છે એવું સ્પષ્ટ રીતે જોવા મળે છે; જે દ્વારા ઈશ્વરની ઇચ્છાઓ અને હેતુઓ પ્રગટ થાય છે. સમય જતાં જેમ જાતિઓ અને પ્રજાઓ વૃધ્ધિ પામતી ગઈ તેમ ઈશ્વરે તેમની સાથેનો વ્યવહાર ફક્ત વાતચીત દ્વારા જ નહિ, પરંતુ તેમનો સંદેશો પ્રગટ કરવા પસંદ કરેલા સંદેશવાહકો દ્વારા પણ કર્યો. આ રીતે ભવિષ્યવાણી જે એક આત્મિક ચળવળ છે તેની જુદી જુદી પ્રજાઓમાં અને આખા વિશ્વમાં શરૂઆત થઈ. આ ચળવળ મુખ્યત્વે યહૂદી પ્રજામાં પ્રચલિત રહી, કિન્તુ સાથે સાથે બીજી જાતિઓમાં પણ પ્રસરી.

યહોવા જે ઈશ્વર છે તેમના સ્વભાવમાંથી જ આ ભવિષ્યવાણી તેમની ઇચ્છા અને મનુષ્ય માટેના તેમના હેતુ માટે જન્મી. હિબ્રૂ ભવિષ્યવાણી એક નબળી, નિરસ, કે શક્તિહીન ચળવળ ન હતી. તે સામાન્ય અથવા જેમની કાંઈ વિસાત ન હોય એવા માણસોથી ચલાવવામાં આવી ન હતી. તે એવી ચળવળ

હતી જે કટોકટીના સંજોગોમાં દૃઢ મનવાળા, મજબૂત વિશ્વાસવાળા અને ચલિત ન થાય તેવા હિંમતવાળા પુરુષો અને સ્ત્રીઓ મારફતે વૃધ્ધિ પામી.

શું આ ભવિષ્યવાણીની ચળવળ સાચી રીતે ઇસ્ત્રાએલની પોતાની જ હતી? કે આવી આસાધારણ ઘટના બીજી સંસ્કૃતિમાં પણ જોવા મળે છે? હા, ઇતિહાસ એ અંગે નોંધેછે કે ગ્રીક દેવદેવીઓના પૂજારીઓ (સ્ત્રીઓ અને પુરુષો) તેમના ઊર્મિશીલ અનુભવ દ્વારા તેનો ઉપયોગ કરતા હતા. ઇજિપ્ત અને મેસોપોટેમિયા જેને હાલમાં ઈરાક કહેવામાં આવે છે તેમના હેવાલોમાં તેઓના દેવો આવી વાણીઓ બોલતા હતા તેની નોંધછે. બીજી સંસ્કૃતિઓમાં પૂજારીઓ તેમના દેવોના સંદેશા જાહેર કરવા આવું કહેતા હતા, "ઈશ્વર આ પ્રમાણે જણાવે છે." ફરક એટલો જ કે આવું ઉચ્ચારતાં તેઓ તેમના દેવોનાં નામ તે સાથે જોડતા. એ એક સામાન્ય બાબત હતી કે મનુષ્યો પણ કોઈ સંદેશો એકબીજાને કહેવા આ શબ્દપ્રયોગનો ઉપયોગ કરતા હતા. યાકૂબ એસાવ પર જે સંદેશો મોકલે છે તેની સાથે સરખામણી કરો. ઉત્પત્તિ ૩૨:૪ માં એસાવને યાકૂબ કહે છે, "તારો સેવક યાકૂબ એમ કહે છે."

આરબ પ્રજામાં એવા કેટલાક લોકો હતા જેમને ફકીર કહેવામાં આવતા હતા. તે લોકોને દૃષ્ટા તરીકેની સેવા માટે ખાસ ધાર્મિક તાલીમ આપવામાં આવતી હતી. ઈશ્વરની વધુ નજીક જવાનો તેમ જ ધાર્મિક જીવનની ઉચ્ચ કક્ષાએ પહોંચવાનો તેમનો ધ્યેય હતો. શેખ કહેવાતા ધાર્મિક આગેવાનો આવા ફકીરોને સલાહ આપતા અને ધાર્મિક દોરવણી પણ આપતા હતા. ફકીર અને શેખમાં માંદાઓને સાજા કરવાની દિવ્ય શક્તિ હોવાનું માનવામાં આવતું હતું. તેઓ ભવિષ્યમાં થનાર બનાવોની આગાહી કરતા હતા. વળી તેઓ સ્વપ્નના અર્થ કહી બતાવતા, કોઈ ધાર્મિક બાબત હોય તો તે ખુલ્લી કરતા અને લોકોને સાચી શિખામણ પણ આપતા હતા. આગળ જતાં આપણે જોઈશું કે એવી શક્તિ ઇસ્ત્રાએલીઓમાં જોવા મળતી હતી. પણ ઘણા શેખ અને ફકીરો લોભી સ્વભાવના હોવાને કારણે લોકો તેમને ધિક્કારતા, જો કે તેમની શક્તિઓને કારણે તેમનો ડર રાખતા.

આરબ પ્રજામાં બીજા એક પ્રકારના દૃષ્ટાઓનો વર્ગ હતો જેમને <u>કાહીન</u> અથવા <u>મોલવી</u> કહેવામાં આવતા હતા. આ કાહીનો દૈવી શક્તિથી લોકો સાથે વ્યવહાર કરતા. ધાર્મિક આગેવાનોને આરબો ખૂબ જ ઉચ્ચ કક્ષાના ગણતા. તેઓ ન્યાયાધીશ તરીકે વર્તતા, સ્વપ્નના અર્થ સમજાવતા અને ધાર્મિક બાબતો

ખુલ્લી કરતા. આરબ લોકોના કેટલાક રાજકીય આગેવાનો સલાહસૂચનો માટે પોતાના અંગત મોલવી રાખતા. પેગંબર મહંમદ એવા કાહીન હતા, જેઓ તેઓની ઊર્મિશીલ ભાવના અને ભક્તિથી ઈસ્લામ ધર્મના સૌથી મોટા પેગંબર થઈ ગયા.

ઉત્તર યુરોપ અને ઉત્તર કેનેડાના બરફશીલ પ્રદેશના લોકોમાં પણ આવા ધાર્મિક આગેવાનો હતા, જેમને <u>શામન</u> કહેવામાં આવતા હતા. આ શામનો મનુષ્યના આત્મા અને ઉચ્ચ આત્માની વચ્ચે મધ્યસ્થી તરીકે વર્તવાની શક્તિ ધરાવતા હોય તેમ માનવામાં આવતું. તેઓ કાં તો પોતાનામાં એવો આત્મા લાવતા કે જે ભવિષ્યવાણી કરે અગર તો તેઓ આત્માઓની દુનિયામાં સફર કરી માર્મિક બાબતો મેળવતા અને લોકો આગળ તે વાતો જાહેર કરતા. બીજા સામાન્ય લોકો કરતાં તેઓ ઉચ્ચજ્ઞાન ધરાવતા હોવાનો દાવો કરતા હતા. વળી દેવદેવીઓને બલિદાનો ચઢાવી સાજાપણું આપવાની શક્તિ હોવાનો તેઓ દાવો કરતા. આ શામનો શરીરને વિકૃત રીતે વાળી ઢોલના મોટા અવાજો વચ્ચે એક જાતની જાદુઈ તંદ્રામાં આવી લોકોનું વશીકરણ કરતા.

જૂના કરારની સંસ્કૃતિમાં પણ આવી અસામાન્ય બાબતો બન્યાનું વર્ણન મળેછે. મધ્યકાલીન યુગમાં અને ૧૮મી સદીમાં ફીનલેન્ડ, સ્વીડન અને ફ્રાન્સમાં કેટલીક ખ્રિસ્તી સ્ત્રીઓ આવી લાગણીશીલ શક્તિ ધરાવતી હતી એવું નોંધવામાં આવ્યું છે. ઈશ્વરે તેમને પસંદ કરી છે એવું તેમનું કહેવું હતું. તેઓ લોકોને, વિશેષ કરીને ગ્રામીણ લોકોને ચેતવણી અને પડકાર આપતી કે તેઓએ પવિત્ર જીવન જીવી ઈશ્વરની આજ્ઞાઓને આધીન થવું જોઈએ. તેઓ રાજવંશી વર્ગને પણ પ્રભુનો સંદેશો પ્રગટ કરતી હતી. તેઓ ઊર્મિશીલ અનુભવ ધરાવતી હતી અને આ જગતની સૂઝ અને સમજથી આગળ વધી પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સંદેશો લોકોને ચેતવણીરૂપ કહેતી હતી.

હા, ભૂતકાળમાં ઘણી સંસ્કૃતિઓમાં પ્રબોધકો, દ્દષ્ટાઓ અને નસીબ કહેનારા થઈ ગયાછે અને આજના જમાનામાં પણ તેઓ જોવા મળેછે. તો પણ ઈસ્ત્રાએલી પ્રજાના ઈતિહાસમાં જે ભવિષ્યવાણીની ચળવળ હતી તે તદ્દન અનોખી હતી. આ પ્રમાણે હોવાનું કારણ તે એ કે ઈસ્ત્રાએલ પ્રજા અને ઈશ્વર વચ્ચે એક ખાસ કરારરૂપ સંબંધ હતો.

## ૧૨

પ્રબોધકોના વર્ગને એક આગવો વર્ગ માનવામાં આવતો કારણ તેઓને ઈશ્વરે જ ખાસ પસંદ કર્યા હતા. તેઓની પસંદગી કોઈ લોકોએ કરી ન હતી અથવા તેઓ પોતે બની બેઠેલા પ્રબોધકો ન હતા. તેઓનો સંદેશો અથવા ઉપદેશ પણ આગવો હતો. તે ઉપજાવી કાઢેલા અથવા માનવપ્રેરિત સંદેશા ન હતા, તે તો જીવંત અને પ્રેમાળ એવા ઈશ્વરના હૃદયમાંથી આવેલા હતા. તે ઉપરાંત આ પ્રબોધકો ઊંડી લાગણીથી ઈશ્વર સાથેનો જે મધ્યવર્તી કરાર હતો તે પર ભાર મૂકતા હતા. ઈશ્વરે ઇસ્રાએલી પ્રજા સાથેના ખાસ સંબંધને કારણ તેમની સાથે આગવો કરાર કર્યો હતો. જૂના કરારમાં ઇસ્રાએલી ઇતિહાસ તપાસતાં માલુમ પડે છે કે ઈશ્વરે એક પછી એક પ્રબોધક મોકલ્યા જેમાંથી ભવિષ્યવાણીરૂપ આ ચળવળ પ્રેરકબળ તરીકે વૃધ્ધિ પામી. આ ચળવળની અસર વધતાં વધતાં ઈ.સ.પૂ. આઠમી સદી સુધીમાં તેના શિખરે પહોંચી અને તે બાદ પણ ઇસ્રાએલી પ્રજાનો ઇતિહાસ ઘડવામાં તેણે ઘણો મહત્વનો ભાગ ભજવ્યો છે.

## પ્રકરણ ૨ : ભવિષ્યવાણી શું છે ?

આ પ્રબોધકો કોણછે, જેમનાં ચરિત્રો તથા જેમનાં લખાણો તથા સંદેશા જૂના કરારના મોટા ભાગને આવરી લેછે ? તેઓ કેવા પ્રકારના લોકો હતા ? તે જમાનાને લાગુ પડે એવો તેમનો શો સંદેશો હતો ? હજારો વર્ષો પછી આજના આધુનિક યુગને માટે તેઓએ શું કહેવાનું છે ?

જૂના કરારના પ્રબોધકો માટે એક સ્પષ્ટ ચિત્ર તરી આવેછે કે તેઓ ખાસ સંજોગો માટે ઈશ્વર તરફથી પસંદ કરાયેલા લોકો હતા. ઈશ્વરે જ તેમને તેડયા હતા, તેથી તેઓ ઈશ્વરનો સંદેશ લોકો આગળ રજૂ કરી શકે. અમુક વ્યક્તિઓ અને પ્રજાઓને ઈશ્વર વતી બોલવા માટે ખાસ અધિકાર અને સામર્થ્ય આપવામાં આવ્યાં હતાં. આ રીતે પ્રબોધક ઈશ્વરના પ્રતિનિધિ તરીકે હતો અને તેનું જીવન ઈશ્વરની આગળ ખુલ્લું હતું. તે ઈશ્વરનો સંદેશો મેળવતો અને ઈશ્વર દોરે તે પ્રમાણે લોકોની આગળ તે સંદેશો લઈ જતો. તે એક જાહેર વકતા હતો અને તેણે જે જોયું હોય, સાંભળ્યું હોય, અને જેનો તે સાક્ષી હોય તે જ તે બોલતો.

૧. તે મુખ્યત્વે ગુપ્ત જગાએ એકાંતમાં રહેનાર તપસ્વી જેવો નહોતો. પોતાની અંગત શાંતિ માટે અને મનન કરવાના હેતુથી સમાજના પ્રશ્નોની અગવણના કરી દૂર ભાગનાર ન હતો. પરંતુ તે હંમેશા લોકો મધ્યે જ રહેતો હતો અને લોકો આગળ જાહેરમાં બોધ કરતો હતો.

૨. તે સમયના બીજા ધાર્મિક આગેવાનોની માફક પોતાના વિચારો પ્રમાણે લોકોને ખાલી રાજી કરવા કે તેમના ઉપર અહેસાન કરવામાં તે માનતો નહિ, પરંતુ ઈશ્વરની દૈવી દોરવણી અને પ્રેરણામાં જ તે વધુ માનતો અને તે પ્રમાણે કરતો.

૩. તે રાજકીય આગેવાન, સામાજિક કાર્યકર, તત્વજ્ઞાની કે કવિ ન હતો. હા, કેટલાક પ્રબોધકોએ કવિતાના રૂપમાં પોતાના વિચારો પ્રદર્શિત કર્યા છે ખરા. હકીકતમાં તે ઈશ્વરના પ્રતિનિધિ તરીકે ઇસ્ત્રાએલી પ્રજાના જીવનના મોટા ભાગના પાસાંને સ્પર્શતો હતો.

૪. પ્રબોધક ફકત નસીબ કે ભવિષ્ય કહેનાર ન હતો, જો કે વર્તમાન સમયમાં લોકો જૂના કરારના પ્રબોધકોને તે દષ્ટિથી જુએ છે. કેટલાક લોકો

પ્રબોધકોના આ સંદેશા અને બાઇબલના બીજા આવા ભાગોમાં હજારો વર્ષો પછીના આપણા સમયમાં થતી અણધારી આફતો, લડાઈઓ, વગેરે વિગતો વાંચવાનો પ્રયાસ કરે છે, પણ તેમાં સમાયેલાં જે નૈતિક મૂલ્યો છે તે સમજવાનું ચૂકી જાય છે. હકીકતમાં આમોસ, હોશિયા અને મીખાહ જેવા પ્રબોધકોએ પોતાના સંદેશામાં ન્યાય, વિશ્વાસ, નૈતિક જીવન અને ન્યાયપણું વગેરે જે વાતો શીખવી તે તેમના જમાનામાં જેટલી લાગુ પડતી હતી તેટલી જ હજારો વર્ષો પછી આજે પણ લાગુ પડે છે.

એ વાત સાચીછે કે પ્રબોધકોએ તે જમાનાના લોકોના વર્તન અને વલણનું છેવટે શું પરિણામ આવશે તે ભવિષ્યવાણી મારફતે જણાવ્યું છે. એલિયાએ આહાબના કુટુંબનો નાશ અને ઈઝેબેલનું રક્ત કૂતરા ચાટશે એવું ભવિષ્ય ભાખ્યું હતું. આમોસે પ્રબોધવાણી કરી હતી કે અમાસ્યાની પત્ની વેશ્યા બનશે. યશાયાએ ભવિષ્યવાણી ઉચ્ચારી હતી કે હિઝકિયા રાજાનું જીવન પંદર વર્ષ લંબાવવામાં આવશે. યશાયાએ પણ ભાખ્યું કે તેના લોકોના ઉધ્ધાર માટે મસીહ આવશે. યર્મિયાએ વિશ્વાસથી પ્રબોધ કર્યો કે એક નવો કરાર લોકોના હૃદય ઉપર લખવામાં આવશે. હબાક્કુકે જોયું કે એક દિવસ એવો આવશે જ્યારે આ પૃથ્વી ઈશ્વરના જ્ઞાન અને મહિમાથી ભરપૂર થશે.

ઉપદેશકો તરીકે આ પ્રબોધકો ખૂબ લાગણીવશ અને મજબૂત ભાવનાવાળા હતા, કારણ કે તેઓને થયેલ ઊંડા અનુભવથી ઈશ્વરના સંદેશા તે સમયના લોકોને અર્થસૂચક બને માટે કહેતા હતા. દરેક યુગ અને સમાજમાં પોતપોતાની સંસ્કૃતિ પ્રમાણે કેટલાક ઐતિહાસિક બનાવો બનતા રહે છે. આ બનાવો આપણને એકબીજાથી તદ્દન જુદા હોવાનું લાગે છે, પરંતુ સાચી રીતે તે માણસોના ચારિત્ર્ય તરફ અંગુલીનિર્દેશ કરે છે. લોભ, સત્તા માટેની ભૂખ, બદલો લેવાની ભાવના, પ્રગતિ કરવાની ઈચ્છા, ખ્યાતિ મેળવવાની આકાંક્ષા, અભિમાન, બડાઈ, લશ્કરી બળ પર આધાર, અનૈતિકતા, લોકોનું શોષણ આ બધી વાતો દરેક યુગમાં વિશ્વની મોટા ભાગની સંસ્કૃતિમાં સામાન્ય રીતે જોવા મળે છે.

તે જ પ્રમાણે મજબૂત કુટુંબ, મિત્રતા, નિસ્વાર્થ અને બીજાની સાચા દિલથી સેવા અને એવા બીજા સદગુણો દરેક સમાજમાં સામાન્ય રીતે જોવા મળે છે. આથી આ પ્રબોધકોના ઉપદેશ તેમના જમાના અને સંસ્કૃતિ પ્રમાણે હોવા છતાં આજે પણ આપણને લાગુ પડે છે. આજના સમાચાર પત્રોમાં આવતી

ઘટનાઓ અને તેમનું વર્ણન પ્રબોધકોના જમાનામાં થયેલી બાબતોને પણ લાગુ થઈ શકે, (સિવાય આપણું આધુનિક જમાનાનું વિજ્ઞાન). તોપણ તેનો હેતુ તો સરખો જ છે. આથી પ્રબોધકો એક રીતે સર્વ પેઢીમાં સમકાલીન છે.

ભવિષ્યવાણી શું છે ? આજના જમાનાને તે શું કહે છે ? જૂના કરારના કોઈ પણ પ્રબોધક વિશે અભ્યાસ કરવાથી આપણા આ પ્રશ્નોના જવાબો મળેછે. ભવિષ્યવાણી એટલે ઈશ્વરે પસંદ કરેલા લોકો મારફતે કહેવામાં આવેલો સંદેશો જે મારફતે આપણે ઈશ્વરને જાણી શકીએ, તેમના આપણા જીવન માટેના ઈરાદાઓ જાણી શકીએ તેમ જ તેમના પવિત્ર આત્માની શક્તિ પ્રાપ્ત કરીને તે આપણને જે માર્ગે દોરે તે માર્ગે ચાલવા પ્રોત્સાહન પામી શકીએ.

## પ્રબોધકો : તેમના સમય માટેના માણસો

આપણું બાઈબલ મુખ્ય બે ભાગોમાં વહેંચાયેલું છે. તે છે જૂનો કરાર અને નવો કરાર. આપણી સગવડ ખાતર અને અભ્યાસ માટે નીચેના હિસ્સામાં જૂના કરારને સામાન્ય રીતે વહેંચવામાં આવે છે : (૧) નિયમો, (૨) ઇતિહાસનાં પુસ્તકો (૩) કવિતા, (૪) મુખ્ય પ્રબોધકો અને (૫) ગૌણ પ્રબોધકો. ''મુખ્ય'' અને ''ગૌણ'' શબ્દોનો અર્થ એવો થતો નથી કે કેટલાક પ્રબોધકો બીજા કરતાં વધારે મહત્વના હતા અને કેટલાક ઓછા મહત્વના હતા. પરંતુ કેટલાક પ્રબોધકોનાં પુસ્તકો મોટાં હોવાથી અને કેટલાક પ્રબોધકોના પુસ્તકો નાનાં હોવાથી તેવા શબ્દપ્રયોગ કરવામાં આવે છે.

તોપણ હિબ્રૂ લોકોએ તેમના શાસ્ત્રના મુખ્ય ત્રણ ભાગો પાડયા હતા. (અ) નિયમો, (બ) પ્રબોધકો અને (ક) અન્ય લખાણો. શાસ્ત્રના પ્રથમ પાંચ પુસ્તકો ''નિયમો'' હતા. બીજા ભાગમાં યહોશુઆ, ન્યાયાધીશો, પહેલો અને બીજો શમુએલ, પહેલો અને બીજો રાજાઓ અને શરૂના અથવા અગાઉના પ્રબોધકો હતા. યશાયાહ, યર્મિયા અને હઝકિયેલને પછીના પ્રબોધકો કહ્યા. જે પુસ્તકોને આપણે ''ગૌણ પ્રબોધકો'' નાં પુસ્તકો કહીએ છીએ તેમને એક જ નામ આપવામાં આવ્યું હતું તે ''૧૨ પ્રબોધકોનું પુસ્તક'' તે સિવાયના બીજાં પુસ્તકોનો ''અન્ય લખાણો'' માં સમાવેશ કરવામાં આવેલો.

## જુદી જુદી જાતના પ્રબોધકો

આપણે જ્યારે ઇસ્રાએલી લોકોના ઇતિહાસનો અભ્યાસ કરીએ છીએ ત્યારે ઈશ્વરની ઇચ્છા જાણવા માટે આપણને સાંસ્કૃતિક રીતે માન્ય થયેલ ત્રણ

બાબતો જોવા મળે છે. તે છે સ્વપ્નો, દર્શનો અને ભવિષ્યવાણીઓ. શરૂઆતના ઈતિહાસમાં દષ્ટાઓ ભવિષ્યવાણીની ચળવળના પૂરોગામીઓ હતા. તેઓને દરરોજના જીવન માટેની સલાહ તેમ જ રોજબરોજના પ્રશ્નો કેવી રીતે હલ કરી શકાય તે પૂછવામાં આવતું હતું. જેમ કે શાઉલનાં ખોવાઈ ગયેલાં ગધેડાં કયાં મળી શકે તે શમુએલને પૂછવામાં આવે છે (૧ શમુ ૯:૬). શમુએલ જેવા દ્રષ્ટા પાસેથી સાચા જવાબની આશા રાખી શકાય. તેના સમયના બીજા લોકો કરતાં ભૂતકાળ, ચાલુ સમય અને ભવિષ્યમાં શું થશે તે વધુ સ્પષ્ટતાથી બતાવવાનું અને તેનો અર્થ કરવાની આશા આ દષ્ટાઓ પાસેથી રાખવામાં આવતી હતી. કેટલીક વખત તો જાણે વિશ્વનો નકશો તેઓની આગળ હોય તેમ ભૂતકાળમાં શું થયું અને ભવિષ્યમાં શું થશે તે તેમને પૂછવામાં આવતું.

સ્વપ્નોનો ઉપયોગ કરીને, આત્માઓ સાથે વાત કરીને અને અત્યંત દૂરના બનાવો જોવાની શક્તિ વાપરીને તેમ જ ચિહ્નો અને શુકનો દ્વારા તેઓ જ્ઞાન પ્રાપ્ત કરવાનો દાવો કરતા હતા. કેટલીક વખત આ દષ્ટાઓ ઈસ્ત્રાએલ માટે ઈશ્વરનો અગત્યનો શો સંદેશો છે તે જણાવતા હતા. દાખલા તરીકે બલામ બાલાકને કહે છે કે "યહોવા મારા મુખમાં જે મૂકશે તે જ હું જણાવીશ" (ગણ. ૨૩:૧૨).

આ દ્રષ્ટાઓ સામાન્ય રીતે પોતાની સેવાના બદલામાં થોડીઘણી રકમ ફી તરીકે લેતા હતા. આનું કારણ એટલું જ કે તેમના જીવનનિર્વાહ માટેની તે જ આવક હતી (ગણ. ૨૨.૭;૧ શમુ.૯:૬-૮). દ્રષ્ટાઓ લોકોની આગળ માનને પાત્ર હતા. તેઓ ઈશ્વરની ઇચ્છા જાણવા માટે ખાસ ચિહ્નો, ચિઠ્ઠી નાખવી કે શુકન જોવા, એવું કરતા ન હતા.

બીજા પ્રકારના પ્રબોધકો એવા હતા જેઓ પોતાના જેવા જ લોકો સાથે રહેતા હતા. તેઓને કેટલીક વખત ભવિષ્યવેત્તા પંથના ગણવામાં આવતા હતા. વળી કેટલાક પ્રબોધકોને ''પ્રબોધકના દીકરા" એવું નામ આપવામાં આવતું હતું. ગિલ્ગાલ અથવા ગિલયાદ જેવાં ખાસ ભક્તિ કરવાનાં સ્થળોએ તેઓ એક આગવા સમાજ તરીકે રહેતા હતા. કેટલીક વખત લાગણીના આવેશ અને સંગીતના તરંગમાં તેમને પ્રેરણા મળતી હતી; તે સમયે તેઓ તેમનો સંદેશો આપતા હતા. કેટલીક વખત ઈશ્વર તેમને મહત્વનો સંદેશો કહેવા વાપરતા હતા. તેઓ ઘણી વાર કાવ્યમય ભાષામાં પોતાનો સંદેશો આપતા. ગૂઢ એવા દૈવી ઉત્તરો તેઓ ઘણી વખતે ઉચ્ચારતા. પાઉલ પ્રેરિત ૧ કરિંથી ૧૪:૧૯માં

જણાવે છે કે મંડળીમાં અન્ય ભાષામાં દશ હજાર શબ્દો બોલવા કરતાં પાંચ શબ્દ બોલવાનું હું વધારે પસંદ કરું છું, ત્યારે શકય છે કે તે આવી ગૂઢ કે અસાધારણ કહી શકાય તેવી બાબતોનો ઉલ્લેખ કરતો હોય.

તોપણ સામાન્ય રીતે જોતાં આવા પ્રબોધકોએ ઈસ્ત્રાએલનો ઈતિહાસ ઘડવામાં મહત્વનો ભાગ ભજવ્યો હોય એવું લાગતું નથી. ઘણી વખત તો આ પ્રબોધકોને ઈશ્વરના સાચા પ્રતિનિધિ તરીકે સ્વીકારવા લોકો તૈયાર પણ ન હતા. જ્યારે શાઉલ રાજા બીજા પ્રબોધકોની ટોળીમાં ભવિષ્યવાણી ઉચ્ચારે છે ત્યારે તે મશ્કરીમાં એક કહેવતરૂપ ગણાયો. તેઓ કહેવા લાગ્યા કે શું શાઉલ પણ પ્રબોધકોમાં છે? (૧ શમુ. ૧૦:૧૨;૧૯:૨૪) આ બીના બન્યા પછી લગભગ ૨૦૦ વર્ષોનો ગાળો પસાર થઈ જાય છે. તે બાદ બાઈબલમાં ''પ્રબોધકોના દીકરાઓ'' શબ્દોનો ઉપયોગ થયેલો આપણે જોઈએ છીએ. તે પછી આ પ્રબોધકો મઠ કે આશ્રમમાં રહેતા લોકો સાથે રહેવા લાગ્યા. તેમની સેવાઓ માટે તેઓ ફી માગતા હતા.

ઈ.સ.પૂ.૮ મી સદીમાં પ્રબોધક આમોસ યાજક અમાસ્યા માટે કહે છે કે તે ઉત્તેજિત કરે તેવી અથવા ગૂઢ બાબતો જણાવનાર પ્રબોધક નથી. આગળ જતાં આમોસ પોતાના વિષે કહે છે કે મને પ્રબોધકનો દીકરો પણ ન ગણશો, જેની પાસે કાંઈ અગત્યનું કહેવાનું હોય. ના, હું તો ફકત ગોવાળિયો હતો ત્યાંથી ઈશ્વરે અગત્યનો સંદેશો કહેવા મને બોલાવ્યો (આમોસ. ૭:૧૪), તેથી ઉલટું લોકોના મનને ઉત્તેજિત કરે તેવી મનપસંદ વાતો કહેનારા કેટલાક કહેવાતા પ્રબોધકો ઘણી વખત જૂઠા પૂરવાર થયા છે. તેઓ જૂઠાં વચનો કહી સંદેશો આપતા અથવા જૂઠી આગાહીઓ કરતા હતા. આ પ્રમાણે કરવાનું કારણ કે તેમણે લીધેલી ફીથી સાંભળનારાઓને તેઓ ખુશ રાખવા પ્રયત્ન કરતા હતા.

ઈસ્ત્રાએલના રાજા આહાબના સમયથી શરૂ કરીને જૂઠા પ્રબોધકો અસ્તિત્વ ધરાવતા હતા. તેઓ ઈશ્વરનાં વચનો કહેવાનો દાવો કરતા હતા. પરંતુ મોટા ભાગે તેમની દંભી ખાતરીઓમાં સાંભળનારને દેખીતી રીતે ખબર પડી જતી કે તેઓ લોકોને ખુશ રાખવા જ બોલે છે. ઈ.સ. પૂ.૮ મી સદીમાં મીખાહ પ્રબોધક એવા પ્રબોધકો માટે કહે છે કે, તેઓને ખાવાનું મળે ત્યારે જ શાંતિની વાતો કરે છે (મી.૩:૫-૮). તેઓને જે ફી મળે તે અનુસાર તેઓ ભવિષ્યવાણી ઉચ્ચારતા. યર્મિયા પ્રબોધક તેઓને જૂઠા, વ્યભિચારી અને હલકા કહી તુચ્છકારે છે. તેઓ યહોવાની સભામાં બેસતા નથી (યર્મિ. ૨૩:૧૬-૧૮).

આથી સ્પષ્ટ રીતે દેખાયછે કે તેઓને ઈશ્વર સાથેનો અંગત અનુભવ થયો નહોતો; અથવા તેમના જીવનમાં પવિત્ર આત્માનું કાર્ય થયેલું માલૂમ પડતું નહોતું. તેઓ સત્ય અને ન્યાયની અવગણના કરતા. તેઓ ભૂતકાળને વળગી રહેતા અને જૂઠી કબૂલાત કરતા કે ઈશ્વર તેમના દેવ છે જે તેમના લોકોને સજા કરશે નહિ અને તેમનું હંમેશા સર્વ પ્રકારની ભૂંડાઈ, હાર અને દુશ્મનથી રક્ષણ કરશે.

બઆલના પ્રબોધકો સર્વ રીતે જુદા જ પ્રકારના હતા. તેઓ યહોવા તેમના સાચા પ્રભુ છે એવો દાવો કરતા ન હતા. હકીકતમાં તેઓ કનાન દેશના વિદેશી દેવોના પૂજારી હતા. તેઓ પાસે એલિયા પ્રબોધક જેવો સંદેશો ન હતો.

તે પછી રાજાની તહેનાતમાં રહેનાર પ્રબોધકો આવે છે. આ લોકો રાજાના મહેલના નોકરો હતા. તેઓને પણ સેવા કરવાના બદલામાં વેતન મળતું હતું. આવા પ્રબોધકોને ગૂઢ અને ભવિષ્યવાણી કહેવાનો અનુભવ ન હતો. રાજાઓ અને હાકેમો રાજ્યના વહીવટ બાબતમાં તેઓની સલાહ લેતા હતા, જેવી કે બીજા રાજ્ય સાથે લડાઈ અથવા તો સ્વબચાવની યોજના. તેઓ માનવંત માણસો હતા, પરંતુ ઈશ્વરે તેમને કોઈ દૈવી સંદેશો આપવા માટે પસંદ કર્યા હોય તેવા ન હતા. આથી તેમને ઈશ્વર તરફથી મળેલા ખાસ સંદેશો કહેનાર તરીકે ગણી શકાય નહિ. હકીકતમાં ઘણી વખતે તેઓ જૂઠા પ્રબોધકો તરીકે સાબિત થયા હતા. દાખલા તરીકે આહાબના રાજ્યમાં પેલા ૪૦૦ પ્રબોધકો જેમણે આહાબને લડાઈમાં જવા સલાહ આપી (૧ રાજા. ૨૨ મો અધ્યાય) .આ પ્રબોધકો મોટા ભાગે રાજા તેઓ પર ખુશ રહે તેમાં જ રસ ધરાવતા હતા. તેઓ મનુષ્યના જીવન વિષે દૈવી સંદેશા કહી શકતા ન હતા. તે ઉપરાંત તેમના સાંભળનાર ન્યાયી જીવન જીવે એવી અપેક્ષા પણ રાખતા ન હતા. તેઓ ફકત રાજદરબારના પ્રબોધકો હતા અને તેમના સંદેશા રાજાઓ અને હાકેમો પૂરતા મર્યાદિત હતા, જૂના કરારના જે સાચા પ્રબોધકો હતા તેઓ ઘણી વાર રાજાઓને સંદેશો કહેતા, પરંતુ ઈશ્વરનાં તે વચનો આખી પ્રજાને પણ વાસ્તવમાં લાગુ પડે છે, એવો સંદેશો આપતા હતા.

ચોથા પ્રકારના પ્રબોધકો એ છે જેઓને ઈશ્વરે તેડું આપ્યું હોય અને વ્યક્તિ તરીકે તેઓ દઢ બહાદુર હોય, જેઓ ગમે તેવા વાતાવરણ અને સંજોગોમાં એક મજબૂત યોધ્ધા તરીકે ઊભા રહે. તેઓ યંહોવાના શૂરવીર પ્રતિનિધિ હતા. તેઓ રાજાઓ, ઉપદેશકો, વેપારીઓ અને લોકોના સલાહકારોને ઠપકો તથા ઉત્તેજન પણ આપતા હતા. તેઓ સામાજિક, નૈતિક અને ધાર્મિક સુધારા કરવાનો

આગ્રહ રાખતા હતા. તેઓ દઢ માન્યતા ધરાવનાર, બહાદુર, હિંમતવાળા, ઈશ્વર અને તેમની ઇચ્છાને સંપૂર્ણ રીતે વિશ્વાસુ રહેનાર હતા. આ ઉપરાંત સૃષ્ટિના ઉત્પન્ન કરનાર અને મનુષ્ય ઇતિહાસના માલિક ઈશ્વરના સેવકો તરીકે બીજાઓથી અલગ તરી આવતા હતા; પછી તેમની પશ્ચાદ્ભૂમિકા ગમે તેવી હોય. આવી વ્યક્તિઓને ઈશ્વરના માણસો ગણી માન આપવામાં આવતું હતું અને તેમના માટે લોકોમાં ખૂબ જ આદરભાવ રહેતો. તેઓનું કોઈ અપમાન કરતું નહિ. કેટલાક કિસ્સાઓમાં તો તેમનાં મૃત શરીરોને પણ પૂજ્ય ગણી માન અપાતું હતું. લોકોને તેઓનો ભય પણ લાગતો. આ પ્રબોધકો ચેતવણીરૂપ વચનો ઉચ્ચારતા અને ચેતવણી સાથે પાપની શિક્ષા થશે તેવું સ્પષ્ટ કહેતા હતા. સારફતની વિધવાને બીક લાગી કે પ્રબોધક એલિયા તેના અપરાધોનું સ્મરણ કરાવવા આવ્યો હતો (૧ રાજા. ૧૭:૧૮). આવા પ્રબોધકોને ઈશ્વરે તે સમયની જરૂરિયાત પ્રમાણે જુદાં જુદાં કાર્યો કરવા મોકલ્યા હતા અને તેઓ ઈસ્ત્રાએલના ઇતિહાસમાં સદાને માટે નામાંકિત વ્યક્તિઓ થઈ ગયા.

આ વ્યક્તિઓએ શું કર્યું હતું? તેઓની ખાસ જવાબદારીઓ કઈ હતી? તેઓએ શો પ્રબોધ કર્યો ! તેઓએ ઘણી વાર જાહેરમાં એટલે ખુલ્લા બજારોમાં અને મંદિરની પરસાળમાં તો કેટલીક વખત ઘરના એક ખૂણામાં ખાનગી રીતે લોકોને ઉપદેશ આપ્યો. આ ઉપદેશ મારફતે ઈશ્વરનાં વચનો તેઓ લોકોને શીખવતા હતા. આ પ્રબોધકો લોકોની તપાસ રાખતા, તેમના સમયની પરિસ્થિતિ શું છે તે બતાવતા અને બારીક તપાસ કરી ટીકાટીપ્પણી કરી એક ચોકીદાર જેવી ફરજ બજાવતા હતા. આ અભ્યાસ અને તપાસ બાદ તેઓ ભવિષ્યવાણી કહેતા કે આવનાર નાશથી લોકો સજાગ રહે. કેટલીક વખત સારી વર્તણૂક માટે લોકોને શાબાશી આપતા. તો ઘણી વખત તેમની કડક ઝાટકણી પણ કાઢતા. કેટલીક વખત આ પ્રબોધકોને ઈશ્વર સાથે મધ્યસ્થી કરી પ્રાર્થના કરવાનું કહેવામાં આવતું. જેમ કે ઈશ્વરે પોતે ઇબ્રાહિમ વિષે કહ્યું કે તે પ્રબોધક છે અને તે તારે સારુ પ્રાર્થના કરશે ને તું (અબીમેલેખ) જીવશે (ઉત.૨૦:૭). આમોસે તેના લોકો માટે મધ્યસ્થી કરી (આમો ૭:૨). યર્મિયા એક મહાન મધ્યસ્થી કરનાર પ્રબોધક હતો; જો કે પાછલા સમયમાં ઈશ્વર તેને લોકોના માટે ન રડવા અને મધ્યસ્થી ન કરવા જણાવેછે, કારણ કે લોકો જક્કી અને બળવાખોર થઈ ગયા હતા (યર્મિ ૭:૧૬). ઘણી વખત પ્રબોધકોને અમુક બાબતો પર દોરવણી આપવાનું કહેવામાં આવતું હતું. દાખલા તરીકે કોઈ ચઢાઈ કરે અથવા યુધ્ધ થાય તો લોકોએ શાં પગલા લેવાં તે પૂછવામાં આવતું હતું, એલિશાની

જેમ કેટલાક પ્રબોધકો સાજાપણું આપવાની સેવા પણ બજાવતા.

જ્યારે પ્રબોધકો વિષે આપણે વિચારીએ છીએ ત્યારે એક પ્રશ્ન કદાચ ઉપસ્થિત થાય, કે આ ઐતિહાસિક સંદર્ભમાં યાજકોનું સ્થાન કેટલું ? શું તેઓ ઈસ્ત્રાએલના અધિકારયુક્ત અને માન્ય ધાર્મિક આગેવાનો ન હતા ? શું તેઓ સુધારા લાવવામાં પ્રથમ ન હતા ? શું તેઓ આધ્યાત્મિક સત્યના શિક્ષકો ન હતા ?

બાઇબલ જણાવે છે કે યાજકો અને પ્રબોધકો સ્પષ્ટ રીતે જુદા હતા. યાજકો લેવીઓ હતા, જેઓ હારુન અને મૂસાના વંશના હતા. તેમનો હોદ્દો વારસાગત હતો. કોઈ પણ વ્યક્તિનું ચારિત્ર્ય અને જીવન ભલે ગમે તેવું ઉચ્ચ અને ઉમદા હોય, તેના જીવનમાં ઈશ્વરનું સાન્નિધ્ય સદા રહેતું હોય, પણ તે યાજક તરીકેની સેવા બજાવી શકે જ નહિ. શાઉલ તે ઈસ્ત્રાએલનો પ્રથમ રાજા હતો. તેના મનમાં એક ખોટી ખુમારી આવી કે હોદ્દા અને સત્તાની રૂએ અમુક પરિસ્થિતિમાં તે યાજકનું કાર્ય કરી શકે, પરંતુ શમુએલે તેને સખત ઠપકો આપ્યો કે ઈસ્ત્રાએલની ચાલતી આવેલી પરંપરાનો તે ખુલ્લો ભંગ છે.

આથી ભાગ્યે જ કોઈ યાજકને, ભલે તે ગમે તેવો અધર્મ આચરે અને ભ્રષ્ટ હોય, તોપણ તેના હોદ્દા પરથી દૂર કરવામાં આવતો. યાજકનો હોદ્દો અને કાર્ય તેમના કુળમાંથી વારસાગત મળતું હતું.તોપણ બાઈબલમાં નોંધાયેલા થોડા કિસ્સા છે, જેમાં ઈશ્વરે અમુક યાજકોને તેમના ખાસ હોદ્દા પરથી દૂર કર્યા, કારણ તેઓ ગેરલાયક ઠર્યા હતા. પાછળના પ્રબોધકોના સમયમાં ઘણા યાજકો નૈતિક રીતે ભ્રષ્ટ થયા, કે લોકો ઈશ્વરની ઈચ્છા તેમના માટે સ્પષ્ટતાથી અને પવિત્રાઈથી જણાવે એવું તેઓ ઇચ્છવા લાગ્યા. આવી જે ખાલી જગા પડતી તે મોટે ભાગે પ્રબોધકો પૂરી લેતા.

તેથી ઉલટું, એક જ જાતના લોકો કે કુળમાંથી ઈશ્વર પ્રબોધકોને પસંદ કરતા ન હતા. યહૂદી પ્રજામાં લેવી કુળમાંથી જ વારસાગત યાજકો નીમાતા હતા. જ્યારે પ્રબોધકો માટે ભલે તેમનું શિક્ષણ અને સામાજિક દરજ્જો ઊંચો હોય તોપણ તેઓ યાજક થઈ શકે જ નહિ. ઈસ્ત્રાએલ લોકોના ઇતિહાસમાં આપણે જોઈએ છીએ તેમ ઘણા વર્ગના લોકોમાંથી જેવા કે રાજવી કુટુંબ, ઉચ્ચ જાતિ, યાજક વર્ગ, સામાન્ય મજૂરી કરનાર અથવા ખેડૂત જાતિમાંથી ઈશ્વરે પ્રબોધકો પસંદ કર્યા. હિબ્રૂ ભાષામાં ''નબી'' નો અર્થ જાહેર કરનાર થાય છે. જૂના કરારના એ પ્રબોધકોને જુદી જુદી પણ ખાસ પદવીઓ અથવા નામો

આપવામાં આવ્યાં છે. તેમના માટે ઈશ્વરના માણસ, ઈશ્વરના સેવક, પવિત્રાત્માથી ભરપૂર માણસ, યહોવાનો સંદેશવાહક શબ્દો વપરાયાછે. આવાં નામો પ્રબોધકનું તેડું અને સેવા વ્યક્ત કરે છે.

યાજકોની જવાબદારી ભક્તિસભાના ક્રિયાકાંડ, વિધિ અને ઉત્સવોનું સંચાલન કરવાની હતી. જ્યારે કોઈ કટોકટીનો સમય, માંદગી, મૃત્યુ આવે ત્યારે લોકોની સેવા તેઓ કરતા હતા. કેટલાક યાજકોએ જૂના જમાનાનાં હિબ્રૂ પ્રજાનાં ધાર્મિક અને પવિત્ર લખાણો સાચવવાનો અને લોકો નિયમો પાળે છે કે નહિ તે જોવાનો અગત્યનો ભાગ ભજવ્યો હતો. આ જ લખાણો આગળ જતાં યહૂદી પ્રજા અને ખ્રિસ્તી મંડળીએ પાયાનાં આત્મિક લખાણો તરીકે માન્ય રાખ્યાં.

આ પ્રકરણની શરૂઆતમાં આપણે જોઈ ગયા કે ઈશ્વરે ચોક્કસ જવાબદારીઓ પૂર્ણ કરવા, તેમની કૌટુંબિક પશ્ચાદ્ભૂમિકા ગમે તે હોવા છતાં પ્રબોધકોને પસંદ કર્યા. તેમાંના કેટલાંક ખેડૂતો, કેટલાંક ઉમરાવો, કેટલાંક યાજક વર્ગના, જેઓ યાજક તરીકેની જવાબદારી અદા કરે અને ઉપદેશ પણ કરે, એવા લોકોને ઈશ્વરની ભવિષ્યવાણી કહેવા નીમ્યા હતા.

ઇસ્ત્રાએલ પ્રજાના શરૂઆતના દિવસોમાં જ્યારે મૂસા તેઓને અરણ્યમાંથી લઇ જાય છે ત્યારે પ્રથમ વખતે યાજકવર્ગની શરૂઆત કરવામાં આવી. કનાન દેશમાં જ્યારે તેઓ સ્થાયી થયા ત્યારે આ યાજકો તેમના આત્મિક આગેવાનો થયા હતા. ઈશ્વર અને ઇસ્ત્રાએલ વચ્ચે જે કરાર કરવામાં આવ્યો હતો તેની સતત યાદ આ યાજકો મધ્યસ્થી તરીકે કરાવતા હતા. તે ઉપરાંત ઇસ્ત્રાએલી પ્રજામાં ન્યાયાધીશો પણ હતા, જેઓ ન્યાય અને વહીવટ કરતા હતા. તે ઉપરાંત સૈન્યના પણ તેઓ આગેવાન હતા.

ઇસ્ત્રાએલના કનાનમાંના શરૂઆતના દિવસોમાં ઈશ્વર અને પ્રજા વચ્ચેના કરારની વાર્ષિક ઉજવણી પ્રસંગે ધાર્મિક વિધિઓ કરવા માટેનું શખેમ પવિત્ર કેન્દ્ર હતું. ત્યારે કરારની શરતો વાંચવામાં આવતી અને તેનો અમલ પણ કરાતો હતો. આખી ઇસ્ત્રાએલી પ્રજા વતી અધિકારયુક્ત અને કરારના મધ્યસ્થી તરીકે, યહોવાના નામે જે વ્યક્તિ બોલે તેને લોકો નીમતા. ઈશ્વરની ઇચ્છા દર્શાવવા તે આગેવાન મહાન કૃત્યો અને નિયમો જાહેર કરતો. મૂસા પછી યહોશુઆએ આ સેવા બજાવી (યહોશુઆ ૨૪). પાછળથી એમ લાગેછે કે લેવી કુળના યાજકોએ કરારના મધ્યસ્થી તરીકેની અને ન્યાયાધીશોએ પણ એ સેવા બજાવી. જ્યારે કરારકોશ શખેમથી શીલોહ લઈ જવામાં આવ્યો ત્યારે પાછળથી શીલોહ આ

ક્રિયાકાંડ અને વિધિઓ કરવાનું કેન્દ્ર બન્યું. એલી યાજક શીલોહમાં કરારના મધ્યસ્થી તરીકે નીમાયો હતો.

૧ શમુએલના ત્રીજા અધ્યાયમાં આપણે શમુએલ જ્યારે નાનો હતો ત્યારે તેના તેડા વિષે વાંચીએ છીએ. તે સમયે ઈશ્વરે શમુએલને જણાવ્યું કે એલીના વારસાગત યાજકપદનો અંત આવશે. શમુએલને યાજક અને પ્રબોધક તરીકે એલીની જગાએ લોકોને આત્મિક દોરવણી અને શિક્ષણ આપવા ઈશ્વરે નીમ્યો. તે અધ્યાયમાં આપણે વાંચીએ છીએ--શમુએલ મોટો થયો ને યહોવા તેની સાથે હતા. તે તેમનું વચન નિષ્ફળ જવા દેતા નહિ. દાનથી ઠેઠ બેરશેબા સુધીના પ્રદેશના ઈસ્ત્રાએલ લોકોએ જાણ્યું કે યહોવાના પ્રબોધક તરીકે શમુએલ નીમાયો છે. અને ઈશ્વરનું વચન શમુએલ મારફતે ઈસ્ત્રાએલ પાસે આવતું હતું (૧ શમુ. ૩:૧૯થી ૪:૧). આ બનાવ આપણને જણાવે છે કે શમુએલ પ્રબોધક પણ થયો અને એલી જે કાર્યો કરતો હતો તે તેણે ઉપાડી લીધાં. વળી ધીરે ધીરે કરારના મધ્યસ્થીનાં કાર્યો પણ પ્રેરણા આપનાર પ્રબોધક તરીકે તેણે સંભાળી લીધાં. તોપણ શમુએલના સમયમાં ધાર્મિક ક્રિયાકાંડો કરવાની યાજકોની જવાબદારીનો અંત આવ્યો નહિ. એ તો સ્પષ્ટ છે કે કેટલાક આગળ પડતા પ્રબોધકોએ ધાર્મિક ક્રિયાકાંડોની આ જવાબદારી ઉપાડી લીધી. તેમ છતાં ઈ.સ. પૂ. આઠમી સદીના મહત્વના પ્રબોધકોના સમયમાં પણ ઉત્તરના રાજ્ય ઈસ્ત્રાએલના બેથેલમાં વાર્ષિક પર્વોમાં ધાર્મિક ક્રિયાકાંડો યાજકો મારફતે થતા હતા.

આ રીતે પ્રબોધક જે કરારનો મધ્યસ્થી હતો તે અને યાજકો જેઓ આગાઉના ધાર્મિક કરારના મધ્યસ્થી હતા તે વચ્ચે આપણે બે સ્પષ્ટ તફાવતો જોઈએ છીએ. (૧) શરૂના જે યાજકો કરારના મધ્યસ્થીઓ હતા તેઓ વર્ષમાં એક વખત મધ્યસ્થ સ્થળ શીલોહ કે બેથેલમાં ઉત્સવ ઉજવતા હતા, જ્યારે ભવિષ્યવાણી કહેનાર પ્રબોધક મધ્યસ્થીને કોઈ સમય કે સ્થળનો બાધ ન હતો. તેઓને જ્યાં કંઈ પ્રભુનો આત્મા દોરે ત્યાં તેઓ સંદેશો આપતા હતા. (૨) શરૂના ધાર્મિક કરારના મધ્યસ્થી યાજકો પરંપરાગત નિયમો જે અગાઉની પેઢીએ આપ્યા હતા તે જાહેર કરતા હતા. જ્યારે ભવિષ્ય કહેનાર પ્રબોધક મધ્યસ્થી તે નિયમોનો અર્થ સમજાવતો. ઈશ્વર અને તેમની ઇચ્છા તથા ન્યાયીપણા વિષે વધુ પ્રકાશ તે પાડતો. તે સમયના ઐતિહાસિક સંદર્ભમાં મૂસાનો નિયમ તે લાગુ કરતો.

ઈ.સ. પૂ. ૯મી સદીનો મહાન પ્રબોધક એલિયા પ્રબોધક તરીકે અને કરારના મધ્યસ્થી તરીકે એમ બેવડી સેવા આપતો હતો. તેનો સંદેશો મૂસાના નિયમશાસ્ત્ર પર આધારિત હતો. યહોશુઆના સમયમાં શખેમ આગળ જે સંઘ ભેગો થયો હતો તેને કાર્મેલ પર્વત પર જે હરિફાઈ થઈ હતી તેની સાથે સરખાવી શકાય (યહોશુઆ ૨૪). એલિયા ઈસ્ત્રાએલના બધા લોકોને ઈશ્વર સાથેનો તેમનો સંબંધ અને કરાર તાજો કરવા જણાવે છે જેમ ઘણી પેઢીઓ અગાઉ યહોશુઆએ પણ કર્યું હતું. તેના પ્રત્યુત્તરમાં લોકોએ તેમના ઈશ્વર સાથેના સંબંધની ખાતરી જાહેરમાં આપી હતી (૧ રાજા. ૧૮:૩૯). એલિયાએ અર્પણો ચઢાવવાની વેદી બાંધવા ૧૨ પથ્થરો લીધા હતા, જેમ શખેમમાં યહોશુઆએ કરાર મુજબનું અર્પણ ચઢાવવા પથ્થરની વેદી બાંધી હતી.

ન્યાયાધીશોના શરૂના દિવસોમાં યાજકો દૈવી બાબતો કહેનાર પણ હતા. કોઈ પણ જાતના ચોક્કસ પ્રશ્નોનો ઉત્તર ઈશ્વરની ઇચ્છા પ્રમાણે છે કે નહિ તે જાણવા યાજકો એફોદનો ઉપયોગ કરતા. આ એફોદ એક પવિત્ર વસ્તુ હતી, જેમાંથી ચિઠ્ઠીઓ વડે ઉરીમ અને તુમ્મીમ નાખવામાં આવતાં હતાં. આગાઉના કેટલાક પ્રબોધકો યાજકો પણ હતા, જેઓ આ દૈવી સાધનનો ઉપયોગ કરતા ન હતા. આ પવિત્ર ચિઠ્ઠીઓનો જવાબ હા કે ના હોય.

હિબ્રૂ પ્રજામાં મંદિરની ભકિત કરવાની પ્રથા જેમ વધુ પ્રચલિત થતી ગઈ તેમ પવિત્ર ચિઠ્ઠીઓ નાખી જવાબ મેળવવાની વધુ જરૂર ઊભી થઈ. કેટલાકને આથી વધુ પ્રકાશ મળવા લાગ્યો જેથી તેઓ ઈશ્વરની ઇચ્છા પૂરેપૂરી રીતે સમજાવી શકે. આ રીતે પ્રબોધકોનું કાર્ય યાજક કરતાં જુદું હતું.

# પ્રકરણ ૩: ભવિષ્યવાણી ચળવળનો વિકાસ-તેની ટૂંક પશ્ચાદ્‌ભૂમિકા

આપણે ભવિષ્યવાણી ચળવળનો અભ્યાસ કરવાનું શરૂ કરીએ છીએ ત્યારે ક્યાંથી શરૂઆત કરવી તેની થોડી મૂંઝવણ ઊભી થાય છે. આ ચળવળની શરૂઆત કઈ જગાએથી થઈ તે માટેના ચોક્કસ પૂરાવા બાઈબલમાં ક્યાંય મળતા નથી. ખાસ તો આપણને ચકિત કરે એવા આશ્ચર્યકારક પૂરાવા મળતા નથી. એમ કહી શકાય કે શરૂઆતનો કાળ જેને આપણે પ્રથમ યુગ કહી શકીએ ત્યારે ભવિષ્યવાણી ચળવળનો ઉદ્‌ભવ થયો હોય. બીજા યુગમાં તેની ચમત્કારિક રીતે વૃધ્ધિ થઈ હોય અને તેની સંપૂર્ણ પરિપૂર્ણતા ત્રીજા યુગમાં થઈ હોય એમ કહી શકાય.

## <u>પ્રથમ યુગ</u>

ઈબ્રાહિમના સમયમાં અમુક વ્યક્તિઓ ઊભી થઈ જેઓ કેટલીક વખત પ્રબોધક તરીકે કાર્ય કરવા લાગી, તોપણ તેમનું મુખ્ય કર્તવ્ય ભવિષ્યવાણી કરવાનું ન હતું. બાઈબલમાં આપણે વાંચીએ છીએ કે આ શરૂઆતના પિતૃઓને ઈશ્વરે પ્રબોધકો તરીકે તેડયા હતા. ઉત્પત્તિ ૨૦:૭માં જ્યારે અબીમેલેખ રાજા સારાને ઈબ્રાહિમ પાસે પાછી મોકલે છે ત્યારે તેને દુઃખ થાયછે કે ઈબ્રાહિમે તેને પોતાની બહેન કહી. અબીમેલેખને બીક હતી કે તેનાં કૃત્યોને કારણે તેને શિક્ષા ભોગવવી પડશે. ઈશ્વર અબીમેલેખને કહે છે. ''તે પ્રબોધક છે; ને તારે સારુ તે પ્રાર્થના કરશે, ને તું જીવશે.'' એ રીતે ઈબ્રાહિમને અહીં પ્રબોધક તરીકે ઉલ્લેખવામાં આવ્યો છે. એ જ રીતે મૂસાને પ્રબોધક કહેવામાં આવ્યો છે; ''મૂસા જેને યહોવા મોઢામોઢ ઓળખતા હતા, તેના જેવો પ્રબોધક હજુ સુધી ઈસ્ત્રાએલમાં ઊઠયો નથી'' (પુન. ૩૪:૧૦).

મૂસા ભવિષ્યવાણી બાબતમાં ચાવીરૂપ વ્યક્તિ ગણી શકાય કારણ, ભવિષ્યવાણી કહેવાની શરૂઆત તેનાથી થઈ અને આ કલમો ઈશ્વર સાથેનો તેનો ગાઢ સંબંધ દર્શાવે છે અને ઈસ્ત્રાએલી લોકોના ઈશ્વરના મધ્યસ્થી તરીકે પ્રબોધકોને જાહેર કરે છે. એ દુઃખદ બાબત છે કે સામાન્ય રીતે આપણે મૂસાને નિયમશાસ્ત્ર આપનાર જ ગણીએ છીએ. ઈસ્ત્રાએલી લોકોના છૂટકારામાં તે નિર્ણયાત્મક ભાગ ભજવે છે; પરિણામે ઈસ્ત્રાએલ દેશની સ્થાપના થાય છે. તે ઈશ્વરની ઈચ્છા અને હેતુ માટે એક મધ્યસ્થી તરીકે ઊભો રહે છે. તે ઈશ્વર વતી

બોલનાર, ઈશ્વરનો મિત્ર અને ઈશ્વર સાથે વાત કરનાર હતો. મૂસાનું મુખ્ય કાર્ય ઇસ્ત્રાએલ લોકોનેછૂટકારો મળે તે હતું. તેના પછી જે પ્રબોધકો થયા તેમણે મૂસાનો આ વારસો ટકાવી રાખ્યો. ઇસ્ત્રાએલ સાથેનો ઈશ્વરનો કરાર મૂસાના કાર્યનું એક મુખ્ય અંગ ગણી શકાય; અને તેમાં ભવિષ્યવાણીનું રહસ્ય જોઈ શકાય છે. જે કોઈ પ્રબોધકો મૂસાના જેવું કાર્ય સંપૂર્ણ રીતે પૂરું કરેછે તે ઈશ્વરના સાચા મિત્રો છે.

પાછળથી જ્યારે કનાન દેશમાં હિબ્રૂ પ્રજા સ્થાયી થઈ ત્યારે તે પસંદ કરેલા પ્રદેશમાં ઈશ્વરે અમુક વ્યક્તિઓને ભવિષ્યવાણી કહેવા તેડ્યાં. કેટલાક પ્રબોધકોએ રાજ્યના જીવનની બીજી અગત્યની જવાબદારીઓ પૂરી કરી. આમાંના કેટલાકની ગણતરી ખાસ થઈ નહિ જ્યારે કેટલાક પ્રબોધકો બાઈબલમાં અનામી રહ્યા. દબોરાહ પ્રબોધિકા અને ન્યાયાધીશ હતી (ન્યા. ૪:૧૪). કોઈ અનામી પ્રબોધકે એલી યાજક અને તેના દીકરાઓનાં પાપો સામે પડકાર ફેંક્યો હતો (૧ શમુ. ૨:૨૭-૨૯). આવી તો ઘણી વ્યક્તિઓએ ઈશ્વરનાં વચનો તેમની પ્રજાને સમજાવ્યાંછે. જો કે તેઓ માટે પ્રબોધકનું બિરૂદ હંમેશ જોડવામાં આવ્યું નથી.

## બીજો યુગ

આના પછી એવો યુગ આવેછે જેને હિબ્રૂ લોકો ''અગાઉના પ્રબોધકો'' નો યુગ કહે છે. જૂના કરારમાં જે ઐતિહાસિક પુસ્તકો ગણવામાં આવે છે તેમાં આવા પ્રબોધકોનાં કામો અને સંદેશાનું વર્ણન કરવામાં આવ્યું છે. યહોશુઆ, ન્યાયાધીશો, શમુએલનાં બે પુસ્તકો અને રાજાઓનાં બે પુસ્તકોનો તેમાં સમાવેશ થાય છે. ઐતિહાસિક બનાવોની નોંધ અને રાજાઓનાં જીવનોનાં વૃત્તાંતોની સાથે સાથે આ પુસ્તકોમાં ભવિષ્યવાણીના શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે. તેઓએ શિક્ષણ આપ્યું કે ઈશ્વરના લોકો તરીકે ઇસ્ત્રાએલીઓમાં જે પાપો પ્રવર્તતાં હતાં તે ઈશ્વરની સમક્ષ જવામાં લોકોને માટે અડચણરૂપ થતાં હતાં. આ બધામાં ઈશ્વર જ સંચાલન કરનાર એક સમર્થ શકિત હતા. ઇસ્ત્રાએલી લોકોના ઇતિહાસમાં ઈશ્વરની ઇચ્છા આ બનાવો અને અનુભવ દ્વારા પ્રગટ થતાં હતાં. વળી તેમનો પાયાનો વિશ્વાસ પણ એ જ ઇશ્વરમાં જાહેર થતો હતો. અગાઉ જે દૃષ્ટાઓ હતા તેમણે તે સમયના રાજાઓના કાળમાં પ્રબોધકોને પોતાનું સ્થાન આપ્યું. ૧ શમુ. ૯:૯માં આપણે જોઈએછીએ, ''પૂર્વે ઇસ્ત્રાએલમાં કોઈ ઈશ્વરની સલાહ લેવાને જતો, ત્યારે તે કહેતો, કે ચાલો આપણે દૃષ્ટા પાસે

જઈએ; કેમ કે હમણાં જે પ્રબોધક કહેવાય છે તે પૂર્વે દ્દષ્ટા કહેવાતો હતો".

## ત્રીજો યુગ

ઈ.સ. પૂ. ૮મી સદીના મધ્ય ભાગમાં આમોસથી શરૂ કરીને ભવિષ્યવાણી આખરે પરાકાષ્ટાએ પહોંચી. આથી અધિકાર ચલાવતો પક્ષ, રાજાઓ, હાકેમોથી માંડીને સૌથી ગરીબમાં ગરીબ પ્રજા પર તેની ભારે અને અસાધારણ અસર પડી. પાછળના જે પ્રબોધકો થઈ ગયા તેમનો આ જમાનો હતો. આમોસ એ પ્રથમ પ્રબોધક હતો, જેના સંદેશા તેના પુસ્તકમાં નોંધવામાં આવેલા છે. આ પાછળના પ્રબોધકોને "લખનારા પ્રબોધકો" કહેવામાં આવે છે. કારણ કે તેમના જીવનના અનુભવો અને સંદેશા તેમના નામથી ઓળખાતાં પુસ્તકમાં તેમણે લખેલાં જોવા મળે છે.

અગાઉના સમય કરતાં આ યુગ દરમિયાન શિક્ષણ આપવાનો વિસ્તાર વધુ હતો. એક જ ઈશ્વર યહોવાને વિશ્વાસુ અને આજ્ઞાધીન રહેવાનું મુખ્ય શિક્ષણ ચાલુ રહ્યું. પણ તેમાં હવે નવી દિશા ઉમેરવામાં આવી. તે એ કે યહોવા ફક્ત કરારના જ ઈશ્વર હતા, એટલું જ નહિ, પરંતુ તેઓ આખા વિશ્વના પણ પ્રભુ હતા; કારણ લખેલું છે કે ઈસ્ત્રાએલ વિદેશીઓને પ્રકાશ આપનાર થશે (યશા. ૪૨:૬). ફરીથી આપણે યશા. ૪૫:૨૨, ૨૩માં વાંચીએ છીએ, ''હે પૃથ્વીના છેડા સુધીના સર્વ લોકો મારી તરફ ફરો, ને તારણ પામો કેમ કે હું ઈશ્વર છું ને બીજો કોઈ નથી. મેં સમ ખાધા છે... મારી આગળ સર્વ લોકો ઘૂંટણે પડશે, ને સર્વ જીભ સમ ખાશે". આ ઉપરાંત મનુષ્યનો બીજા મનુષ્ય સાથેનો સંબંધ, નૈતિક નિતીમત્તા, ગરીબો માટે દયા, અને જીવનની પવિત્રતા વગેરે બાબતો પર પ્રબોધકોએ ભાર મૂક્યો.

## ભવિષ્યવાણી ચળવળની પશ્ચાદ્દભૂમિકા

આપણે નિર્ગમનના પુસ્તક તરફ પાછા જઈએ. આમાં ઈસ્ત્રાએલી લોકોને ઈજિપ્ત દેશની ગુલામીમાંથી પાછા વળતા આપણે જોઈએ છીએ. નવા દેશમાં જવા માટે તેઓને અરણ્યમાંથી મુસાફરી કરવી પડી. જે પ્રમાણે એક બાળક પુખ્ત વયનો મનુષ્ય બને છે તેમ આ પ્રજા નવા દેશ તરીકે પ્રથમ પગલું ભરે છે. જ્યારે તેઓ ઈજિપ્તમાં હતા ત્યારે તેમણે આદિપિતા ઈબ્રાહિમ, ઈસહાક અને યાકૂબ વિષે ઘણું ઓછું સાંભળ્યું હશે. ઈજિપ્તના લોકોના જગિક વ્યવહારો અને માન્યતાઓ તેમણે અપનાવ્યાં હોવાથી અસલના આદિપિતાઓના જીવંત ઈશ્વર પર જે વિશ્વાસ હતો તે જરૂરથી નબળો પડી ગયો હશે. એ માનવા જેવી બાબત

છે કે જ્યારે તેઓએ ઈજિપ્ત દેશ છોડ્યો ત્યારે આ મૂર્તિપૂજક દેશના દેવોની મૂર્તિઓ પોતાની સાથે અરણ્યની આખી મુસાફરી દરમિયાન રાખી હશે (યહો. ૨૪:૧૪, ૧૫, ૨૩). તેઓની ૪૦ વર્ષની આ સફરમાં ઈશ્વરે મૂસાને તેમના આત્મિક આગેવાન તરીકે નીમ્યો હતો. ઈશ્વરે પોતાનો સંદેશો તેની મારફતે તેઓને પ્રગટ કર્યો હતો; તે ઉપરાંત તેમનો પવિત્ર કરાર ઈસ્રાએલ સાથે સ્થાપિત કર્યો હતો. ઈશ્વરે આ પ્રજાને દોરીને પોતાની હાજરીથી તેમનું રક્ષણ કર્યુ, તેઓને નીતિનિયમો આપ્યા, જે મારફતે તેઓમાં ન્યાય, ભલાઈ, જરૂરી નૈતિક ધોરણ આવ્યાં. આના કારણે તે પ્રજા ઈશ્વરના સાચા લોકો તરીકે વૃધ્ધિ પામી.

જ્યારે તેઓ ઈજિપ્તમાં હતા ત્યારે ઈજિપ્તના તાબેદાર હતા. તેઓને પોતાના સ્વતંત્ર કાયદા ન હતા. જો કે પરતંત્ર પ્રજા તરીકે તેમણે પોતાની સંસ્કૃતિ, વ્યવહાર અને કદાચ ભાષા ચાલુ રાખ્યાં હશે. તોપણ તેમને ઈજિપ્તના નાગરિકો તરીકેના સર્વ કાયદા કાનુન પાળવા પડ્યા હતા. હવે સ્વતંત્ર પ્રજા તરીકે, જ્યારે તેઓ ઈશ્વરે જે દેશ આપ્યો હતો તેમાં સ્થાયી થયા ત્યારે પોતાના કાયદા ઘડવા તેમને તૈયાર થવાનું હતું આથી ઈશ્વરે જીવન જીવવા માટેના પાયાના નિયમો આપ્યા. જીવનના દરેક ક્ષેત્ર માટે વ્યવહારિક નિયમો જેવા કે ખોરાક, સ્વચ્છતા, રોગો, સામાજિક જીવન, મહેમાનગીરી, પડોશી અને અજાણી વ્યક્તિ સાથેના સંબંધો, જમીનનો ઉપયોગ, કૌટુંબિક જીવન, વિશ્વાસ સહિતનું નૈતિક અને સારું જીવન, એકનિષ્ટતા, શાંતિ, ન્યાય, કોઈ ખૂન કરે તો તેના કાયદા, ચોરી, વ્યભિચાર, ભક્તિ, ક્રિયાકાંડ, ઉજવવાના તહેવારો, યાજક વર્ગ માટેના કાયદા વગેરે આપ્યા.

આ રીતે ઈશ્વરે તેમના લોકોને કનાન દેશમાં રહેવા માટે તૈયાર કર્યા. ઈશ્વરે તેમને પોતાના લોકો તરીકે પસંદ કર્યા હોવાથી તેમને આશીર્વાદ આપી વૃધ્ધિ પમાડી, રક્ષણ કરી તેઓને અન્ય પ્રજાઓ માટે આશીર્વાદિત અને પ્રકાશરૂપ થવા પસંદ કર્યા. તોપણ હંમેશ માટે ઈસ્રાએલી લોકો ઈશ્વરના કરારને વિશ્વાસુ રહ્યા નહિ. તેમણે ઈશ્વરના નિયમોની અવગણના કરી તેમનો ભંગ કર્યો. આ અનાજ્ઞાંકિતપણામાં ઘણી વખતે તેઓ લાંચ લેનાર અને વ્યભિચારી રાજાઓના રીતરિવાજો સ્વીકારી, મૂર્તિપૂજક બન્યા. તેમના આજ્ઞાભંગમાં બે મહત્વની બાબતો હતી.

<u>૧. ખેતી:</u> અરણ્યની ૪૦ વર્ષની મુસાફરીમાં ઈશ્વરે પોતાના લોકોનું રક્ષણ કર્યું હતું. કેટલીક વખત તો ચમત્કારિક રીતે તેમનો સંપૂર્ણ નાશ થતો અટકાવ્યો હતો. ઈશ્વરે તેમના શરીરની જરૂરિયાત માટે માન્ના, માંસ અને પાણી

પૂરાં પાડ્યાં હતાં. તેઓએ કદી પોતાનું અન્ન ઉપજાવ્યું ન હતું. ઈજિપ્તમાં પણ તેઓ તો ઈંટો પાડનાર હતા, તેથી ખેડૂત તરીકેનો તેમને અનુભવ ન હતો. જો કે ઘણા પાસે પાળેલાં ઢોર હતાં, જે દ્વારા તેમના ખોરાકની વધુ જરૂરિયાતો પૂરી પડતી, પણ આ ઢોરોનો ખેતીકામમાં ઉપયોગ નહોતો થતો.

કનાન દેશમાં પ્રવેશ કરતાં દરેક કુળને કુટુંબ પ્રમાણે જમીનના હિસ્સા આપવામાં આવ્યા હતા, તેથી તેમણે ખેતી કરવાની કળા શીખવાની હતી. તેઓ પ્રથમની જેમ હવે ભટકતી પ્રજા ન હતી. હવે તેઓ એક પ્રજા તરીકે સ્થાયી થયા હતા. પોતાનો ખોરાક ઉત્પન્ન કરવા તેમને મજૂરી કરવાની હતી. જે દિવસે તેમણે તેમની પ્રથમ ફસલ લણી ખાધું તે દિવસે માન્ના પડતું બંધ થયું. (યહો. ૫:૧૨).

ઈજિપ્ત કરતાં આ નવા દેશની આબોહવા જુદી હતી. ઇસ્ત્રાએલીઓને ઘણી નવી કળાઓ શીખવી પડી હતી, જેમાં જમીનમાંથી અન્ન કેવી રીતે પેદા કરવું તેનો સમાવેશ થાયછે. આ તેઓ માટે તદ્દન નવું જ જીવન હતું. અરણ્યમાં ઈશ્વરે તેમની નિત્યની જરૂરિયાતો માટે તૈયાર ખોરાક પૂરો પાડ્યો હતો; તોપણ શું આ જ ઈશ્વર તેમના માટે અનાજ ઉગાડવા શક્તિમાન હતા? શત્રુઓ સામે બચાવ કરનાર તેઓ સમર્થ ઈશ્વર હતા. શું તેઓ ખેતીવાડીના પણ પ્રભુ હતા? આવા ગુંચવણભર્યા પ્રશ્નો તેઓએ પડોશીઓ અને કનાની લોકોને જરૂર પૂછ્યા હશે. કનાનીઓ પેઢીઓથી આ દેશના અનુભવી ખેડૂતો હતા. ''આપણને વરસાદ કેવી રીતે મળશે, વરસાદનો પ્રભુ કોણ છે?'' એવું હિબ્રૂઓએ પૂછ્યું હશે. કનાનીઓએ જવાબ આપ્યો હશે કે ''તે તો સહેલી બાબત છે. અમારે ખાસ દેવો છે જેમને બઆલ કહેવામાં આવે છે. આ બઆલ કુદરતનું સંચાલન કરે છે. તે વરસાદ લાવે છે, જમીનમાંથી અનાજ પેદા કરે છે. તમે બઆલની પૂજા કરો''.

કનાની લોકો એવું માનતા હતા કે, આ વૃધ્ધિ અને ફળ આપતો દેવ સૂકી ઋતુમાં મૃત્યુ પામે છે. તે મૃત્યુમાંથી જીવતો થાય છે. કેટલાક લોકો એવું પણ માનતા હતા કે બઆલની પત્ની આશ્તારોથ તેને ફરીથી ઊઠાડતી હતી. કનાની લોકોની સમજ પ્રમાણે ઉનાળાની ગરમીમાં વનસ્પતિનો નાશ થવામાં અને ઠંડા મહિનાઓમાં તે નવી તાકાત સાથે ઊગી નીકળવાની પાછળ આ કારણ હતું.

આવા વિચારો હિબ્રૂ લોકોની સમજમાં ઉતરી જાય તેવા હતા. ઈતિહાસના પ્રાચીન સમયમાં સામાન્ય રીતે એવું માનવામાં આવતું હતું કે દરેક પ્રજાને પોતાના દેવો હોય છે, જેઓ લોકોના જીવન અને વિકાસ માટે જવાબદાર હોય છે. આ વિચારો અને માન્યતાઓની યોગ્યતા સ્વીકારવામાં ઈસ્ત્રાએલી લોકોને કોઈ મુશ્કેલી પડી નહિ. વરસાદ અને અનાજ માટે બઆલની પ્રાર્થના કરવાને બદલે બીજું કાંઈ જોખમ લેવા જેવું ખરું? બઆલની ભક્તિ કનાનીઓની ખેતી માટે સફળ રહેતી. તો શું તે ઈસ્ત્રાએલી લોકો માટે પણ મદદરૂપ ન થાય? તેઓએ વરસાદ માટે યહોવાની કદી પ્રાર્થના કરી ન હતી. કારણ અરણ્યની મુસાફરી દરમિયાન તેમને નિયમિત વરસાદની જરૂર નહોતી પડી.

આ સંજોગોમાં તેમના ઈશ્વર યહોવાની ઉપર આધાર રાખવાને બદલે ખેતી માટે તેઓ બઆલ તરફ ફર્યા તેમણે બઆલની ભક્તિ કરવા ધાર્મિક સ્થાનકો ઊભા કર્યાં. આ પ્રમાણેનું બેવડું વિશ્વાસુપણું ઈસ્ત્રાએલીઓને બીનવિશ્વાસુપણું અથવા યહોવાથી દૂર જવા જેવું લાગ્યું નહિ. કિન્તુ બઆલની પૂજા અને કનાનની મૂર્તિઓ તેમની પડતી અને અનાજ્ઞાંકિતપણાનાં મુખ્ય કારણ બન્યાં. ઈશ્વરના નિયમોનો ભંગ કરવો તે જ ઈશ્વરની ભક્તિ ન કરવી એવું થયું. વળી ઈશ્વર સાથે કરેલા કરારનો તે ચોખ્ખો ભંગ હતો. આ ઉપરાંત બઆલની પૂજા કરી કનાનીઓની જે ધાર્મિક વિધિ હતી તે તેઓએ સ્વીકારી. આમ કરવાથી ઈશ્વરના નિયમોનો ખુલ્લો ભંગ કર્યો અને તેઓએ અનૈતિક બાબતો કરી. આ બધી બાબતોને કારણે તેઓને પ્રબોધકોનો ભારે ઠપકો સાંભળવો પડ્યો હતો, તે વિષે હવે પછીના પ્રકરણમાં આપણે ચર્ચા કરીશું.

<u>૨. વિધર્મીઓ સાથેના લગ્ન સંબંધો:</u> ઈસ્ત્રાએલીઓ ઈશ્વરની આજ્ઞા ભંગ કરનાર થયા તેનું બીજું કારણ તેમની પડોશમાં રહેતાં વિધર્મી કુંટુંબો સાથેના લગ્ન સંબંધો હતું. ઈસ્ત્રાએલમાં રાજાશાહીની શરૂઆત થયા બાદ રાજાઓ ઘણી વખતે તેમની સત્તા દઢ કરવા પ્રયત્ન કરતા હતા. તે ઉપરાંત તેમની સીમાઓ મજબૂત કરી વધારતા હતા. ઘણી વખતે આજુબાજુનાં રાજ્યોના રાજાઓ સાથે શાંતિ માટે સંધિ કરતા હતા. શરૂમાં કેટલાંક રાજ્યોએ દુશ્મનાવટ કરી. આવાં રાજ્યો સાથે તમે શાંતિના કરાર કેવી રીતે કરી શકો? શાંતિ કરવા તેઓ બીજો એક રસ્તો અજમાવતા હતા અને તે તો લગ્ન સંબંધો હતા. ઘણા ઈસ્ત્રાએલી રાજાઓ, ખાસ કરીને રાજવી કુટુંબની પરદેશી સ્ત્રીઓ લાવ્યા. ઈસ્ત્રાએલના રાજા સુલેમાને ઘણી રાજકુંવરીઓ, પડોશી રાજાઓની દીકરીઓ સાથે લગ્ન કર્યા અને એમ એક મોટું જનાનખાનું ઊભું કર્યુ! આ પ્રમાણે કરી તેના રાજ્ય

માટે તે શાંતિ મેળવી શક્યો, કારણ કે તેવા રાજાઓ જો સુલેમાન સાથે લડાઈ કરે તો તેમની દીકરીઓને જ લડાઈનો ભોગ બનવું પડે અને તેમને નુકશાન થાય (૧ રાજા. ૧૧:૧-૬). સુલેમાને પોતે જ પોતાની સ્ત્રીઓની મૂર્તિપૂજાની રીતરસમો અપનાવી અને એ રીતે યહોવાની દષ્ટિમાં જે ભૂંડુ હતું તે તેણે કર્યુ (કલમ ૬).

બીજા ઘણા રાજાઓએ સુલેમાનનો દાખલો લઈ વિદેશી સ્ત્રીઓ સાથે લગ્નસંબંધો બાંધ્યા. ઈસ્ત્રાએલના આ રાજાઓની પત્નીઓ તેમની સાથે મૂર્તિઓ લાવી અને તેમના માટે મંદિરો ઊભા કર્યાં. તે ઉપરાંત પરદેશી યાજકો અથવા પૂજારીઓ પણ લાવી. આ રાજાઓએ તેમને ફક્ત તેમના દેવોની પૂજા કરવાની સ્વતંત્રતા આપી એટલું જ નહિ, પણ ઘણી વખત ઈસ્ત્રાએલી લોકો આવા વિદેશી દેવોની ભક્તિ કરે માટે ઉત્તેજન પણ આપ્યું. રાજાઓ અને હાકેમોની આ વિદેશી પત્નીઓની અસરને કારણે ઈસ્ત્રાએલી લોકોએ યહોવાની જે શુધ્ધ ભક્તિ કરવી જોઈએ તે કરી નહિ અને મૂર્તિપૂજાનું મોટું પાપ તેમનામાં પ્રવેશ્યું.

ઈસ્ત્રાએલીઓએ ઈશ્વર સાથે જે કરાર કર્યો હતો તે આવા સંબંધોને કારણે બગડતો ગયો અને ઈશ્વરની આજ્ઞાઓનો ભંગ થયો. આના કારણે અનાજ્ઞાંકિતપણું, અનૈતિક વ્યવહાર અને કરાર પ્રત્યે અવિશ્વાસુપણું તેમના જીવનમાં પ્રવેશ્યાં. આ સંદર્ભમાં જ ઈશ્વરે તેમના વતી બોલનાર પ્રબોધકો ઊભા કર્યા. આ પ્રબોધકો દૈવી દર્શનો પામી કહેવા લાગ્યા કે લોકોનાં આવાં કૃત્યો જ તેમને પાપ તરફ દોરી જાય છે. આ પ્રબોધકોએ ઈશ્વરના કરાર મુજબ આજ્ઞાધીન અને વિશ્વાસુ જીવન જીવવા તેમને પડકાર ફેંક્યો. આ રીતે ઈશ્વરનાં વચનો તરફ તાકીદે પાછા વળવાની જરૂરિયાત તે ભવિષ્યવાણીની ચળવળનું આદિ ઉદ્દભવસ્થાન હતું.

બેબિલોનના બંદિવાસના છૂટકારા બાદ ઘણાં વર્ષો પછી પરદેશી સ્ત્રીઓએ ઈસ્ત્રાએલી લોકોના ઈતિહાસમાં જે ભાગ ભજવ્યો હતો તેનું સ્પષ્ટ ચિત્ર પ્રબોધક એઝરાને દેખાયું. તેણે ખૂબ જ કડક થઈ અને કેટલીક વખત ઘાતકી પગલાં લઈ હિબ્રૂ લોકોમાં પવિત્રતા જળવાઈ રહે તે પર ભાર મૂક્યો. આ ત્યારે જ શક્ય બને જ્યારે વિશ્વાસ સાથે ધાર્મિક વ્યવહાર કરી પરદેશી સ્ત્રીઓને મૂકી દેવામાં આવે. આ કૃત્ય દેખીતી રીતે ક્રૂર હતું, પરંતુ જ્યારે તેઓને મૂકી દેવામાં આવી ત્યારે હિબ્રૂ લોકોમાં એક નવી ધર્મજાગૃતિ આવી, જેણે પેઢીઓ સુધી તે વિશ્વાસ જીવંત રાખ્યો.

આવા સમાન્ય વલણમાં જે સ્પષ્ટ દેખાઈ આવે એવો એક અપવાદ આપણે જોઈએ છીએ અને તે તો મોઆબી સ્ત્રી રૂથનો છે. તે નાઓમીની પુત્રવધૂ હતી જેણે ઈસ્ત્રાએલી લોકોને પોતાના લોકો તરીકે સ્વીકાર્યા હતા. રૂથે તેની મૂર્તિઓનો ત્યાગ કર્યો અને હિબ્રૂ લોકોના ઈશ્વર પર વિશ્વાસ કરી ઈસ્ત્રાએલની લાયક દીકરી બની. સામાન્યપણે એવું માનવામાં આવે છે કે રૂથના પુસ્તકની પાછળ એ બતાવવાનો હેતુ હોય કે બધીજ વિદેશી સ્ત્રીઓ એવી ખરાબ નહોતી અને હકીકતમાં મહાન અને અતિ લોકમાન્ય રાજા દાઉદની વડદાદી એક વિદેશી સ્ત્રી હતી જેના વંશમાં છેવટે ઈસુ ખ્રિસ્તનો જન્મ થયો.

# પ્રકરણ ૪: પ્રબોધકોનું તેડું

આપણે અગાઉ જોઈ ગયા તે પ્રમાણે જૂના કરારના પ્રબોધકો જુદી જુદી પશ્ચાદ્‌ભૂમિકામાંથી આવેલા હતા. કેટલાક રાજવી વંશના, કેટલાક યાજક વર્ગના, તો કેટલાક મજૂરી કરતા વર્ગમાંથી આવેલા હતા. આથી ભવિષ્યવાણી કહેવાનું ઈશ્વરનું જે તેડું તેઓને મળ્યું તે દરેક પ્રબોધક માટે જુદું હતું.

કોઈકે ઈશ્વરના તેડાની આવી વ્યાખ્યા આપી છે; એક જરૂરિયાત, તે જરૂરિયાત માટેની સભાનતા અને તે જરૂરિયાતને પૂરી કરવાની આવડત. આવી સેવા માટે જેઓને ઈશ્વરનું તેડું મળ્યું છે તેઓની નોંધો અને હેવાલોમાંથી આ બાબત સ્પષ્ટ થાય છે.

જરૂરિયાત : દરેક પ્રબોધકને, રાજકીય અથવા રાષ્ટ્રિય અંધાધૂંધી, કુદરતી આફત અથવા એક જાતનો તણાવ અથવા ભવિષ્યમાં આવનારી બાબતો, કે નૈતિક અધઃપતનના સમયે તેડું આપવામાં આવ્યું હતું. આ રીતે ઈશ્વર અને તેડું પામનાર સેવક વચ્ચે ખાસ પ્રકારનો સબંધ ઊભો થતો હતો. આવા સેવકને બેવડો ભાગ ભજવવાનો હતો. એક તો તે ઈશ્વરના પ્રતિનિધિ તરીકે બોલનાર, કોઈ ગંભીર જરૂરિયાતના સમયે લોકોને ઈશ્વરનો સંદેશો કહેનાર હતો અને બીજું તે લોકો વતી મધ્યસ્થી બની પ્રાર્થના કરનાર હતો.

સભાનતા : મોટા ભાગના કિસ્સાઓમાં પ્રબોધકને તેડું મળે તે પહેલાં કંઈક કહેવાની અથવા કરવાની જરૂર હોવાની સભાનતા તેને થાયછે. ઈસ્ત્રાએલી લોકોએ જે ધર્મત્યાગ કર્યો હતો અને ઈશ્વરના કરાર અને કાયદાનો ભંગ કર્યો હતો તેનું દુઃખદ ભાન તેઓને કરાવવાની જરૂર હતી. આ પ્રમાણે કરવામાં ઠપકો આપવાની જરૂર સખત નાપસંદગી અને ઈશ્વરે તે નિયમો આપ્યા હતા તેનો તેમણે ભંગ કર્યો હતો તે તથા ઈશ્વર સાથેના કરાર વિષે યાદ કરાવવાનું હતું. આંતરરાષ્ટ્રીય ચિત્ર, નૈતિક, ધાર્મિક, સાંસ્કૃતિક પરિસ્થિતિની ચોખ્ખી સમજ મેળવી તેની સમીક્ષા કરી ઈશ્વરની શિક્ષા તેઓને ભોગવવી પડશે તે કહેવાની કપરી ફરજ તેમણે બજાવવાની હતી. તેમની પોતાની ભવિષ્યવાણીનું પરિણામ જોઈ તેમના મનમાં નિરાશા અને દુઃખ ઊભાં થતાં હતાં. આથી તે લોકો વતી મધ્યસ્થી કરે છે. આમોસ પોકારી ઊઠે છે, ''હે પ્રભુ, યહોવા કૃપા કરીને ક્ષમા કરો, યાકૂબ કેમ કરીને નભી શકશે ?'' (આમો. ૭:૨). યર્મિયા

અને યશાયાને જ્યારે જરૂરિયાત ઊભી થાય છે ત્યારે રાજાઓ પ્રાર્થના કરવા વિનંતી કરે છે. (યર્મિ. ૧૪:૭-૯, ૧૯-૨૨).

<u>જરૂરિયાતને પહોંચી વળવાની કાબેલિયત:</u> વળી પ્રબોધકમાં એવી કાબેલિયત હોવી જોઈએ જેથી તે જરૂરિયાતને સમજે અને તેને પહોંચી વળે. તે માટે તેણે સદા તૈયાર રહેવું પડતું. ભવિષ્યવાણીની સેવા બજાવવા પ્રબોધકમાં પ્રભાવ પણ હોવો જોઈએ. ઊંટના વાળનાં બરછટ કપડાં પહેરનાર તથા જંગલના જીવનથી કસાયેલો માણસ જ આહાબ રાજા જેવા તોછડા અને બીનસમાધાનકારી રાજાનો સામનો કરવા અને આવનાર દુકાળ વિષે ચેતવણી આપવા તેની સામે ઊભો રહી શકે. ફક્ત એલિયા પ્રબોધક જેણે ગરમી, થાક, તરસ, ભૂખ, અને અરણ્યના જીવનનો અનુભવ કર્યો હોય તે જ તેવા રાજા સામે ઊભો રહી શકે.

જે વ્યક્તિ ધંધામાં પડેલી હોય અને બેથેલનાં બજારોમાં પોતાનું ઊન વેચવાનો અનુભવ મેળવ્યો હોય તે જ તેના જેવું કામ કરનાર બીજાના સંઘર્ષમાં ઉતરી શકે. આમોસ, જે બેથેલમાં સુંદર ઊનનો વેપારી હતો તેણે બીજા વેપારીઓની રૂશ્વતખોરી અને લોભ જોયાં. ઉચ્ચ વર્ગના આ વેપારીઓનું અવિશ્વાસપણું અને ગરીબો પર જે અત્યાચાર તેઓ કરતા હતા તે આમોસે નિહાળ્યાં. આ પ્રમાણે યહોવાએ તેમના પ્રબોધકોને બહુ જ કાળજી અને હોંશિયારીપૂર્વક પસંદ કર્યા જેથી તેઓ શું બોલવું તે જાણી શકે.

કેટલાક કિસ્સામાં ભવિષ્યવાણી કહેવા જે ચાવીરૂપ સંદેશો આપવાનો હોય તે અસરકારક રીતે કહી શકે એવા લાયક પ્રબોધકોને તેડયા. યર્મિયાને જે સંદેશો આપવાનો હતો તે સારાંશરૂપ ઈશ્વરે તેને જણાવ્યો. ઉપરાંતમાં તે સંદેશો કેવી રીતે રજૂ કરવો તે પણ કહ્યું ; ''ઉખેડવા તથા પાડી નાખવા, અને વિનાશ કરવા તથા ખંડન કરવા, તેમ જ બાંધવા તથા રોપવા સારુ મેં આજે તને નીમ્યો છે.'' (યર્મિ.૧:૧૦) યશાયાનું તેડું આપણને એક પડકાર સમાન લાગેછે. ''જા, ને આ લોકોને કહે કે સાંભળ્યા કરો, પણ ન સમજો, જોયા કરો, પણ ન જાણો, આ લોકોનાં મન જડ કર, ને તેમના કાન ભારે કર, ને તેમની આંખો મીંચાવ, રખેને તેઓ આંખોથી જુએ, કાનથી સાંભળે અને મનથી સમજે, અને પાછા ફરીને સાજા કરાય.'' (યશા. ૬:૯, ૧૦).

બધા જ પ્રબોધકોને પૂર્ણ સમયની સેવા માટે તેડયા ન હતા. કેટલાકને નિયત કરેલા સમય માટે ભવિષ્યવાણી કહેવા તેડયા હતા. વળી તેમને ચોક્કસ જગાએ સેવા કર્યા બાદ તેમના અગાઉના કાર્યમાં લાગુ રહેવા પાછા મોકલ્યા

હોય તેવું લાગે છે. આમોસ આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ગોવાળિયા અને ગુલરવૃક્ષોનો સોરનાર આમોસ ઈશ્વરનું તેડું સ્વીકારીને તે સંદેશો આપવા બેથેલ જાય છે. ત્યાં તેની જવાબદારી પૂરી કરી થોડા સમય બાદ તેના અગાઉના ધંધામાં ચાલુ રહેવા પોતાના પ્રદેશમાં પાછો જાયછે. યૂનાને ચોક્કસ કાર્યને માટે નિયત કરેલી જગાએ મોકલવામાં આવે છે. બીજા કેટલાકને પોતાના જીવનનું સ્વાર્પણ કરવાની સેવા માટે તેડયા અને આખરે તેઓ શહીદો થઈ મરણને ભેટે છે.

જૂના કરારના આ પ્રબોધકોને ઈશ્વરનું તેડું કેવી રીતે મળ્યું ? એ એક નોંધવા જેવી રસિક બાબતછે કે તેડા સમયે ઈશ્વર તથા પ્રબોધક એકલા હોય છે. વેસ્ટરમેન નામના એક લેખક આ પ્રમાણે લખે છે, ‘‘તેડા વિષે સાક્ષી આપનાર કોઈ બીજી મનુષ્ય વ્યક્તિ હોય નહિ એટલે પ્રબોધકના કાર્યની એક સંસ્થા તરીકે સ્થાપના કરી શકાય નહિ.”

કેટલાક પ્રબોધકોના બચપણ, કૌટુંબિક જીવન અથવા તેમને કેવી રીતે તેડું મળ્યું તે વિષેનું વર્ણન પણ જોવા મળતું નથી. આ લોકો વિષે ફક્ત આવું કહેવામાં આવ્યું છે, ‘‘યહોવાનું વચન આવ્યું કે‘‘ (હોશી. ૧:૨; યોએ. ૧:૧; યૂના. ૧:૧, મીખા ૧:૧; વગેરે). યહોવાનું વચન આ પ્રબોધકો પાસે કેવી રીતે આવ્યું તે પણ આપણે જાણતા નથી. કદાચ એવું કહી શકાય કે ઈશ્વર અને તેના પસંદ કરેલા સેવક વચ્ચે સીધેસીધો વાર્તાલાપ થયો હોય; કદાચ દૂતની મારફતે અથવા કોઈ દર્શન દ્વારા તેડું મળ્યું હોય. બીજા કેટલાકને પ્રકટીકરણથી ખાસ શબ્દો ઉચ્ચારી તેડવામાં આવ્યા હોય. આ રીતે ઈશ્વરે તેમના મહિમાનો પડદો ઉઘાડયો હોય. ન ભૂલાય એવા અનુભવ દ્વારા મૂસાને તેડું મળ્યું કે ઝાડવું બળતું હતું, પરંતુ તે ભસ્મ થતું ન હતું. તે એક જાતની દૈવી બીકમાં ઊભો રહ્યો, આ ભવ્ય પળોમાં તેણે ઈશ્વરનો મહિમા જોયો અને તેણે ઈશ્વરનું તેડું સાંભળ્યું. ઈશ્વરની પવિત્રાઈ અને મહિમા મારફતે યશાયાને દર્શન મળ્યું. જેથી તે ચકિત થઈ ગયો. આ તેડામાં તેણે સ્વાર્પિત સેવાને સ્વીકારી ભવિષ્યવચનો ઉચ્ચારવાનાં હતાં. એલિયાના અગ્નિરથો સ્વર્ગમાં જતા નિહાળી એલીશાને અણધાર્યા સંજોગોમાં તેડું મળ્યું. હોશીઆને પોતાના નિરાશ અને દુઃખદ કૌટુંબિક સંજોગોમાં ઈશ્વરનું તેડું આપવામાં આવ્યું. તેને ભાન થયું કે તેની નિરાશાજનક પરિસ્થિતિ મારફતે ઈશ્વર તેની સાથે વાત કરતા હતા કે જેથી ઇસ્ત્રાએલી લોકોના અવિશ્વાસુપણાનો તથા ઈશ્વરના પોતાના લોકો પ્રત્યેના વિશ્વાસુપણાનો સંદેશો તે લોકોને આપી શકે.

જૂના કરારમાં બધા પ્રબોધકોને જે તેડું મળ્યું તે એવું હતું કે જે નકારી શકાય નહિ અને એક રીતના એક દૈવી દબાણ હેઠળ તેને આધીન થવું પડે. કેટલાક સંજોગોમાં પ્રબોધકોની પોતાની ઇચ્છા વિરુધ્ધ તેમને તેડું આપવામાં આવેલું જે સ્વીકારવા તેઓ તૈયાર પણ ન હતા. પણ જ્યારે તેડું મળે ત્યારે પ્રબોધકોને એ સ્વીકારવું પડતું હતું કે ઈશ્વર જે કાર્ય બીજા માણસોથી ન થઈ શકે તે કરવા તેમને તેડે છે. તેડું હંમેશા સ્પષ્ટ, જરૂરી, અને અર્થવાળું હતું, તેમાં જરા પણ શંકાને સ્થાન ન હતું.

આમોસને લાગ્યું હશે કે તેનું તેડું એક જાતના દબાણથી તેની ઇચ્છા વિરુધ્ધ મળ્યું હતું. હા, સામાજિક, વ્યક્તિગત ન્યાય અને પ્રમાણિકતાને ધ્યાનમાં રાખી ભવિષ્યવાણી કરવામાં આવે તેની જરૂર છે તે તે જોઈ શક્યો હતો; કિન્તુ તેનો ધંધો અધિકારયુક્ત પ્રબોધકને હોવો જોઈએ એવો ન હતો. તે તો જમીન અને તેની પેદાશ સાથે સંકળાયેલો હતો. તેણે પ્રબોધક તરીકે કાર્ય કરવાની શરૂઆત કરી તે સમયે સાથી વેપારીઓ અને યાજકો જેઓ તેના કરતાં સામાજિક રીતે ઊંચી કક્ષાના હતા તેમની સાથે સખતાઈથી વર્તી તેઓને પડકાર આપવામાં તેને ઘણો ખચકાટ થયો હશે. તે જાણતો હતો કે આ નવી જવાબદારીમાં તેની મશ્કરી કરવામાં આવશે અને લોકો ખરાબ રીતે તેની સાથે વર્તશે. આથી જ્યારે અમાસ્યા યાજક તેને પ્રબોધક કહે છે ત્યારે આમોસ ઉત્તર આપે છે, ‘‘પ્રભુ યહોવા બોલ્યા છે, તો પ્રબોધ કર્યા વગર કોણ રહી શકે ?’’ (આમો. ૩:૮). તેથી અંદરખાનેથી તેની ઇચ્છા ન હોવા છતાં ઈશ્વરના ન નકારી શકાય એવા તેડાનો તે સ્વીકાર કરે છે.

કેટલીક વખત જ્યારે ઈશ્વર તેના સેવકને આવી સેવા માટે તેડે છે, ત્યારે તેને તેનું જીવન જીવવાની રીત, ધંધો કે કાર્ય બદલવું પડે છે. આમોસને ઘેટાંબકરાંના ટોળાં અને ખેતરમાંથી બોલાવવામાં આવે છે. યર્મિયાને લગ્ન ન કરવાનું અને મોજશોખ કરતા લોકો સાથે ભળવાનું બંધ કરવું પડે છે. કેટલીક વખત આવા તેડાને કારણે અતિશય નિરાશા, માનસિક ગમગીની, પોતાની સ્વતંત્રતા પર તરાપ અથવા નિષ્ફળ જવાની વૃતિ આવે ખરી. તોપણ એ સમયે ઈશ્વરના આ બહાદૂર સેવકો ઈશ્વરની આજ્ઞા માને છે. આવી આજ્ઞાધિનતાને લીધે તેમને દિલાસો, ખાતરી અને ઈશ્વરની સેવા પૂર્ણ હૃદયથી કરવાનો અનંદ પણ મળે છે.

ઈશ્વર તેમની રીતે પોતાનું તેડું એવી સ્પષ્ટ અને સમજી શકાય તે રીતે આપે છે કે જેથી જેમને તેડું આપવામાં આવ્યું છે તે લોકો કોઈપણ જાતની શંકા

વગર પોતાનું તેડું સમજી શકે છે. ઘણા લોકોના મનમાં એ પ્રશ્ન ઉપસ્થિત થાય કે "તો ઈશ્વર તરફથી મળતી આ પ્રેરણા શું છે? તેનો કેવી રીતે અનુભવ કરવામાં આવે છે? ઈશ્વરનું જ આ તેડું છે તે કેવી રીતે સમજી શકાય?" પ્રેરણાને જુદી જુદી રીતે પ્રાપ્ત કરી શકાય. કેટલીક વખત તે એકદમ તો કેટલીક વખત ધીમે ધીમે આવે છે. ક્યારેક આવી પ્રેરણાથી વ્યક્તિમાં લાગણીનો એવો ભારે ઉછાળો આવે કે જેથી તે પોતાનું સમતોલપણું પણ ગુમાવે. આવી લાગણીના ભારે ઉછાળા સિવાયની પ્રેરણામાં પણ માણસના મનની ઉત્તેજના તો હોય છે જ. ક્યારેક પ્રેરણા શબ્દોમાં દશ્ય રીતે વ્યક્ત કરી શકાયછે. કેટલાક કિસ્સામાં વાસ, સ્વાદ અને સ્પર્શ દ્વારા પણ જાણી શકાય છે. તોપણ આખા જૂના કરારમાં એ સ્પષ્ટ છે કે ઈશ્વરનું તેડું કોઈને તંદ્રામાં કે કૃત્રિમ નિદ્રામાં નાખી બળજબરીથી આપવામાં આવ્યું નથી. વળી ઈશ્વરે કોઈની પણ જાણ બહાર અને તેની સંપૂર્ણ ઈચ્છા વિરુધ્ધ તે ઠોકી બેસાડયું નથી.

હવે આપણે કેટલાક પ્રબોધકોના દાખલા લઈ તેમને કેવી રીતે તેડું મળ્યું તે જોઈશું.

<u>મૂસા:</u> મૂસાનો ઉછેર ઈજિપ્તમાં એક રાજકુંવર તરીકે થયો હતો. ત્યાંથી તે બીજા દેશમાં નાસી જાય છે અને ઘણા વર્ષો સુધી તેના સસરાનાં ઘેટાં એક ઘેટાંપાળક તરીકે સાચવે છે. તેના પોતાના હિબ્રૂ લોકો વિષે તેણે ઘણી વખત વિચાર્યું હશે, પરંતુ તેઓને છોડાવવાની જવાબદારી તેના શીરે આવશે, તે તેણે સ્વપ્નમાં પણ નહિ વિચાર્યું હોય. તોપણ ઈશ્વરનું તેડું એકદમ આવ્યું. તે એક બળતું ઝાડવું જુએ છે, પરંતુ તે ભસ્મ થતું ન હતું. તેણે સ્પષ્ટ રીતે ઈશ્વરનો અવાજ સાંભળ્યો અને તે સમજયો પણ ખરો. આ અવાજમાં પોતાના હિબ્રૂ લોકોને છોડાવવાની જવાબદારી ઉપાડવાનું તેડું હતું તેણે આ માટે શરૂમાં આનાકાની કરી, કારણ તે પોતાને લાયક ગણતો ન હતો. આખરે તે તેડાની આગળ નમી ગયો અને ઈશ્વરની આજ્ઞા માની.

<u>શમુએલ :</u> એક નાના બાળક તરીકે શમુએલ શીલોહના મંદિરમાં સેવા કરતો હતો ત્યારે યહોવાની સ્પષ્ટ વાણી તેની પથારીમાંથી તેણે સાંભળી. આ એક બીજો દાખલો છે જેમાં ઈશ્વર એક વ્યક્તિ સાથે સીધો વાર્તાલાપ કરે છે. શમુએલ ત્યારે નાનો હોવાથી ઈશ્વરના સંદેશામાં શું રહસ્ય સમાયેલું છે તે પૂરી રીતે સમજી શકયો નહિ. કિન્તુ મોટો થતાં તે વધુ સારી રીતે સમજયો અને ઈશ્વરનો હેતુ તેના જીવન મારફતે પૂર્ણ થાય માટે તે તેડું તેણે સ્વીકાર્યું.

<u>એલિશા:</u> શિક્ષક અને શિષ્યના વધતા સંબંધને કારણે એલિશામાં તીવ્ર ઈચ્છા જાગે છે કે તે એલિયાના પગલામાં પગ મૂકી ચાલે અને ઈશ્વરનું તેડું તેમના અધિકાર સાથે તેને પ્રબોધક તરીકે મળે.

<u>આમોસ :</u> આમોસને કેવી રીતે ઈશ્વરનું તેડું મળ્યું તે આપણે ચોક્કસ રીતે કહી શકીએ તેમ નથી. કીંગ જેમ્સ બાઇબલની આવૃત્તિ આ પ્રમાણે જણાવે છે, ''આમોસનાં વચન જે તેણે જોયાં'' (૧:૧) તેમાં ''જોયાં'' શબ્દ સૂચવે છે કે આમોસે ઈશ્વરનો અવાજ માત્ર સાંભળ્યો જ નહિ, પણ વધારામાં તે જ્યારે તેનાં ઘેટાં બકરાં ખેતરમાં ચરાવતો હતો ત્યારે દર્શન પણ થયું. પાછળથી તેના પુસ્તકમાં નોંધવામાં આવ્યું છે કે તેણે ઘણા દર્શનો જોયાં. એ શક્ય છે કે શરૂથી દર્શનોને કારણે તેડા વિષે તેને પ્રેરણા મળી હોય.

<u>યશાયા :</u> આ મહાન પ્રબોધકનું તેડું હૃદય હચમચાવી મૂકે તેવા મંદિરમાંના ઈશ્વરના દર્શન દ્વારા થયું; જ્યાં તે તેમની ભવ્યતા અને મહિમા નિહાળેછે, અને પોતે કેટલો બિનલાયક છે તેનું તેને ભાન થાય છે. પરંતુ ઈશ્વરે અંગારાથી તેના હોઠને સ્પર્શીને તેનાં પાપોની માફીની ખાતરી આપી પછી તેને તેડું આપ્યું, ''મારે સારુ કોણ જશે?'' (યશા.૬:૮).

<u>યર્મિયા :</u> ઈશ્વરે યર્મિયાને મૌખિક ખાતરી આપીને તેડયો. તે ઉપરાંત તેના મુખને અડકીને આ તેડાને વધુ ખાતરીપૂર્વકનું બનાવ્યું. એ એક વિચારવાની બાબતછે કે તેના મુખને ઈશ્વરે કરેલો સ્પર્શ કેવો લાગ્યો હશે. કિન્તુ ખરી રીતે તે સ્પર્શ ન ભૂલાય એવી લાગણીવાળો અનુભવ હતો.

હવે ફરીથી આપણે લાગણીના ભારે ઉછાળા સાથે આવતી પ્રેરણા જે દરમિયાન માણસ પોતાના શરીર ઉપરનો કાબૂ ગુમાવે છે અને તેનું મન સભાનપણે વિચાર કરી શકતું નથી તે વિષે જોઈએ. આવી ઘટનાઓ, બાહ્ય અને આંતરિક રીતે મનની સભાનતામાં નિર્ણય લેવામાં કેવો ભાગ ભજવે છે? શું પ્રેરણા મેળવવા માટેનું તે વાજબી ઉદ્દ્ગમસ્થાનછે? શું તે ઈશ્વરના પ્રકટીકરણનું ખાતરીદાયક માધ્યમ છે?

આ બાબતનો સૌથી પ્રથમ દાખલો આપણને શાઉલ રાજા અને તેની સાથેની પ્રબોધકની મંડળીની બાબતમાં જોવા મળે છે (૧ શમુ. ૧૦:૫,૧૦). આવા અનુભવ સમયે શરીરમાં વિચિત્ર પ્રકારના ફેરફારો થતા, જેવા કે શરીરમાં ઠંડી લાગવી, ચક્કર આવવા, હૃદયનો થડકાર વધવો, હાથની ધ્રૂજારી આવવી અથવા સામાન્ય કરતાં વધુ શક્તિ આવી હોય તેવું લાગવું. ઈસ્રાએલના

ઈતિહાસમાં શરૂના સમયમાં થઈ ગયેલા પ્રબોધકોના જીવનમાં એવો ઊર્મિશીલ અનુભવ જ તેમનું છેવટનું ધ્યેય બની જતું. બાઈબલ આપણને જણાવે છે કે આવા પ્રબોધકોએ પ્રબોધ કર્યો ખરો, પરંતુ એ શંકાશીલ બાબત છે કે તેમના ઊર્મિશીલ ઉચ્ચારણોથી સાંભળનાર પર કોઈ ખાસ અસર થઈ હોય. ક્યારેક વાજીંત્રો વગાડીને કે નાચવા દ્વારા આવો ઊર્મિશીલ અનુભવ પેદા કરવામાં આવતો (૧ શમુ ૧૦:૫). આવી પ્રવૃત્તિમાં ભાગ લેનાર માટે કદાચ તે ઊર્મિશીલ સમય આત્મિક રીતે અર્થવાળો રહ્યો હોય, પણ સાંભળનાર માટે તેનું ખાસ મૂલ્ય નહોતું.

ઈસ્ત્રાએલના ઈતિહાસના પાછલા સમયમાં કયારેક આવી ઊર્મિશીલ ઘટના ફકત પ્રસ્તાવના રૂપ થતી અને ત્યાર પછી ઈશ્વર તરફથી સાચું પ્રકટીકરણ થતું અને પ્રબોધક પોતાનો સંદેશો લોકો આગળ રજૂ કરતા.

ઊર્મિશીલ ઘટના શાંત પળોમાં પણ અનુભવી શકાતી હતી. દાખલા તરીકે એલિશા જ્યારે હઝાએલ સામે એક નજરે જોઈ રહે છે ત્યારે તેને ઊર્મિશીલ અનુભવ થાય છે અને તે આંસુ પાડવા લાગે છે. તેનું કારણ એ કે આત્મિક દોરવણી દ્વારા થોડા જ સમય બાદ જે થવાનું હતું તેનું દર્શન તેણે જોયું હતું (૨રાજા. ૮:૧૧-૧૨). એ જ પ્રમાણે એલિયા પણ ઈશ્વરનો અવાજ સાંભળી ઊર્મિશીલ થયો. તેણે ઈશ્વરને ભારે પવન, ધરતીકંપ, અગ્નિ અને આખરે એક કોમળ ઝીણા સાદ મારફતે તેની સાથે વાત કરતા સાંભળ્યા (૧ રાજા. ૧૯:૧૧-૧૩).

ઈશ્વરના તેડા સાથે પ્રબોધકને જે પ્રેરણા મળતી તેનાથી તેની વિચારશક્તિ નબળી પડતી નહિ કે, તેના મગજ અને લાગણીમાં ઈશ્વરના સંદેશા માટે કશો ગુંચવાડો ઊભો થતો નહિ. આંખો મીંચીને તેડાનો સ્વીકાર કરતો નથી, પરંતુ પૂરી સમજણથી કરે છે, તેના કહેવાની અસર પોતા પર અને સાંભળનારના જીવન ઉપર કેવી પડશે તે વિચારે છે. એ શક્ય છે કે જે વ્યક્તિને પસંદ કરવામાં આવે છે, તે માનસિક રીતે ત્યારે તણાવમાં હોય ; તોપણ તે સજાગ હોયછે અને તેડા વિષેની સ્પષ્ટ સમજણ, તેનું કારણ, અને આજુબાજુના વાતાવરણથી તે સભાન હોય છે. તેના જમાનામાં અસ્તિત્વ ધરાવતું સારું કે નરસું તે સ્પષ્ટ રીતે જુએ છે. તેના સમયમાં પ્રવર્તતી પરિસ્થિતિથી તે અળગો અથવા અલિપ્ત હોતો નથી. તે માર્મિક સંન્યાસી જેવો પણ હોતો નથી. ઉલટાનું તે પ્રેરણા વડે ઈશ્વરે જે તેડું આપ્યું તેનાથી તેની આંખ ખુલ્લી થાય છે. ઈશ્વર ખાસ કરીને આમોસને

પૂછે છે, "તું શું જુએ છે ?" (આમો. ૮:૨). ઈશ્વર પ્રશ્ન કરે છે, ત્યારે જ આમોસની આંખો ખુલેછે અને તે સામાન્ય બાબતો જેવી કે ઓળંબો, બાશાનની ગાયો જુએ છે. આ પ્રમાણે તેને ન્યાય અને આવનાર ન્યાયના દિવસ વિષે કહેવાની પ્રેરણા મળે છે.

હોશિયા પોતાના કુટુંબની દુઃખદ પરિસ્થિતિ મારફતે ઈશ્વરનો પ્રેમ અને સ્પર્શ અનુભવી શકે છે, અને ઈશ્વરના પ્રેમ વિષે ઉપદેશ કરવાની તેને પ્રેરણા મળે છે.

યશાયા પરમ પવિત્ર પરમેશ્વરને પોતાના રાજ્યાસનના ઉચ્ચ સ્થળે બેઠેલા નિહાળે છે અને ઈશ્વરના રાજ્યમાં તે પવિત્રાઈનો પ્રબોધક બને છે. હઝકિયેલે સૂકાં હાડકાંની ખીણ જોઇ અને ઇસ્ત્રાએલનું પરિવર્તન થઈ શકેછે એ આશારૂપ પ્રેરણા તેને મળે છે. મીખાહ પોતાના લોક ભ્રષ્ટ માર્ગે વળી ગયાં છે તે જુએ છે અને આશ્શૂરના લડાયક લોકોની વધતી જતી તાકાત જુએ છે. તે યહોવાના ન્યાયીપણાની જરૂરિયાત નિહાળેછે. યર્મિયાએ બદામડીનો ફણગો અને ઉકળતું હાંલ્લું જોયું તે ઉપરથી ઈશ્વરની શિક્ષાનો તે ઉપદેશ કરે છે.

ઈશ્વરના લાગણીશીલ અવાજથી પ્રબોધકોની આંખો ખોલવામાં આવી અને તેમના કાનો ઉઘાડવામાં આવ્યા. તેઓ ખચકાયા વગર હિંમત રાખીને ‘‘યહોવા આવું કહે છે.’’ શબ્દો વાપરી સાંભળનારાઓમાં ઈશ્વરના ભયની લાગણી ઉત્પન્ન કરતા હતા. ઈશ્વર પોતે જ તેમને સીધેસીધા સંબોધી રહ્યા હોય એવું સાંભળનારા અનુભવતા હતા.

## ભવિષ્યવાણીનો હેતુ શો ?

ઈશ્વરે પોતે જ આ ખાસ સેવાની સ્થાપના કરી તેની પાછળનો હેતુ શો હતો ? ઈશ્વરે આ વ્યક્તિઓને કયા પ્રકારનાં કાર્યો કરવા તેડયાં ? કંઈક અંશે આ પ્રશ્નનો જવાબ આપણને કયારનોય મળી ગયો છે. આગળ જતાં હવે પછીનાં પ્રકરણોમાં જ્યારે આપણે વ્યક્તિગત રીતે દરેક પ્રબોધકના જીવન વિષે વિચાર કરીશું ત્યારે આ બાબત વધારે સ્પષ્ટ થશે. પ્રબોધકોએ જે જુદા જુદા ભાગો ભજવ્યા તે હાલ પૂરતું ટૂંકમાં બતાવવું બસ છે.

૧. પ્રબોધકો પાસે રોજબરોજના જીવન વિષે સલાહ માગવામાં આવતી. દાખલા તરીકે એક કુટુંબના દીકરાને જીવતો કરવા એલિશાને કહેવામાં આવ્યું હતું. બીજા એક કિસ્સામાં સિરિયાના સેનાપતિ નામાનનો કોઢ દૂર કરવા તેને

કહેવામાં આવ્યું હતું. યશાયાને એક રાજાની જિંદગી લંબાવવા પ્રાર્થના કરવાનું કહેવામાં આવ્યું હતું.

૨. કેટલાક પ્રબોધકો ઐતિહાસિક હેવાલો ભેગા કરનાર હતા. આ રીતે પોતાના લોકોના બનાવોની નોંધ જાળવી રાખવાનું કાર્ય તેઓએ કર્યું હતું (૧ કાળ. ૨૯:૨૯).

૩. ભવિષ્યમાં થનાર બનાવો વિષે ભવિષ્યવાણી કહેવા માટે પ્રબોધકોને ઘણી વખત પ્રેરણા મળતી હતી. ભવિષ્યના બનાવો વિષે કહેવાનું આ કામ તે તેમનું મુખ્ય કાર્ય બની ગયું અને એટલે સામાન્ય રીતે પ્રબોધકો પાસે ભવિષ્ય વિષે કહેવાની અપેક્ષા રાખવામાં આવતી હતી. પરંતુ સાચી રીતે જોતાં તેઓ જે સંદેશો આપતા હતા, તેમાંથી જ ભવિષ્યમાં આવનારી બાબતો સ્પષ્ટ રીતે જોઈ શકાતી હતી અને તે માટે ભવિષ્યવાણી કરવાની જરૂર રહેતી નહિ.

૪. નૈતિક અને ધાર્મિક આગેવાનો તરીકે પ્રબોધકોએ તે સમયે પ્રવર્તતા પ્રશ્નો વિષે લોકોને સમજાવવાનું કાર્ય કરવાનું હતું. તેમના સમયના અન્ય સાથી સેવકો પોતાની ફરજ અદા ન કરતા હોય તો તેમને યાદ કરાવવાની ફરજ પણ તેઓ અદા કરતા હતા. ચાલુ સમયના રાજકીય અને સામાજિક પ્રશ્નો હલ કરવા તે ધાર્મિક અને નૈતિક ધોરણો લાગુ કરતો. આપણે એ બાબત પર પણ ખાસ ભાર દઈએ કે ઈશ્વર આ પ્રબોધકને તેમની ઇચ્છા પ્રમાણેનો સંદેશો કહેવા પ્રેરણા આપતા હતા.

૫. પાછળના સમયમાં થયેલા મોટા ભાગના પ્રબોધકો લેખકો હતા. પોતાને થયેલા અનુભવો અને જે સંદેશા તેમણે આપ્યા હતા તેની નોંધ તેઓ રાખતા હતા. શંકા વગર કહી શકીએ કે આમાંના કેટલાકને આવી નોંધો રાખવા મંત્રીઓ અથવા લહિયા રાખવા પડતા હતા. દાખલા તરીકે યર્મિયાને તેના જીવનમાં ઘણા બનાવો બન્યા તે અને તેમના સંદેશા નોંધવા લહિયો રાખવો પડયો હતો. યશાયા ૮:૧૬માં યશાયાના શિષ્યોનું જે વર્તુળ હતું તે વિષે કહેવામાં આવ્યું છે. શકય છે કે બીજા પ્રબોધકોને પણ તેમના શિષ્યોનું વર્તુળ હોય. આ શિષ્યો તેમના આગેવાનોના સંદેશા સંઘરી રાખવાનું કાર્ય કરતા હતા. કદાચને તેઓ તેમના આગેવાનના સંદેશા મોઢે યાદ રાખતા અને પાછળથી લખતા હશે. આ પ્રમાણે પ્રબોધકો એ જોતા કે ઈશ્વરના દૈવી વચનોની નોંધ રાખવામાં આવે. પોતાના સંદેશાની અને બનાવોની નોંધ રાખનાર તરીકે આમોસ પ્રથમ હતો. પોતાને નામે પુસ્તકો લખનાર આ પ્રબોધકોને સાક્ષી અને સંદેશા લખવા માટે ઈશ્વર તરફથી પ્રેરણા મળી હતી. જેથી કરીને તે વચનો આવતાં વર્ષો, હા,

પેઢીઓ અને સૈકાંઓ સુધી જળવાઈ રહે.

## સંદર્શનો અથવા પ્રકટીકરણના લખાણો

દાનિયેલ તથા પ્રકટીકરણનાં પુસ્તકો સંદર્શનો અથવા પ્રકટીકરણનાં લખાણોની કક્ષામાં મૂકી શકાય. તેઓ દર્શનો અને ચિહ્નોનો ઉપયોગ કરે છે. દાખલા તરીકે વિવિધ જાતનાં પ્રાણીઓ, દૂતો, શિંગડાં, રણશિંગડાં, સ્વર્ગમાંનાં ચિહ્નો, વાદળ ઉપર સવારી કરતો માણસ, કોઈ વ્યક્તિ રાજ્યાસન પર બેઠેલી હોય, વગેરે. આવાં દર્શનો કેટલીક વખત દૂતોની મધ્યસ્થી દ્વારા અપાતાં હતાં.

સંદર્શનોનાં પુસ્તકો, જે લોકો સતાવણી, પડતી દશા અને જૂલમ ભોગવી રહ્યા હતા તેઓને દિલાસો, આશા અને ખાતરી આપવા લખવામાં આવ્યાં હોય એવું લાગે છે. એ આશા એટલા માટે જાહેર કરવામાં આવી કે ઈશ્વરના હાથમાં ભવિષ્યછે અને ઇતિહાસને બદલી શકવાની તેમનામાં સત્તાછે. જેઓ સતાવણી સહન કરી રહ્યા છે તેમને શાંતિ અને છૂટકારો આપવાની આશા તે આપે છે.

દાનિયેલનું સંદર્શનો પરનું લખાણ પ્રબોધકોનાં બીજાં પુસ્તકો કરતાં જુદું છે. તોપણ જૂના કરારમાં તેનું અગત્યનું સ્થાન છે. તેનું કારણ એ છે કે તેમાં ઇતિહાસની ઉપર જેનો કાબૂ છે તેવા ઈશ્વર પર પૂરો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. આ એ ઈશ્વર છે જે તેમનાં વચનો માટે વિશ્વાસુ છે અને આખરે તો તેઓ સમગ્ર સૃષ્ટિના પ્રભુ છે. ઈશ્વરની અનંતકાલિક કૃપા, તેમનો ન્યાય અને યોગ્ય શિક્ષા ભવિષ્ય કહેવામાં એક અગત્યનો ભાગ ભજવે છે. આમાંનું કેટલુંક નજીકના ભવિષ્યમાં અને મોટા ભાગનું તે પછીના ભવિષ્યમાં પૂરું થાય એમ લાગે છે.

યહોવાના જે ખાસ પસંદ કરેલા પ્રબોધકો છે તેમણે પોતાના લોકો વિષે ઘણા ભવિષ્યકથનો કહેલાં  છે. તેમના જમાનામાં જે રાજકીય અને નૈતિક અધઃપતન થયું હતું તેના પરિણામરૂપ આવા બનાવો બનશે એવું તેઓએ જાહેર કર્યું.

‘‘તમે મારી પાસે પાછા આવ્યા નહિ એમ યહોવા કહે છે. ....એ માટે હે ઇસ્રાએલ, હું તને એમ જ કરીશ’’ (આમોસ. ૪:૧૦,૧૨).

# પ્રકરણ ૫ : પ્રબોધકોએ આપેલું શિક્ષણ

ઈશ્વર તરફથી પ્રબોધકોને જે સંદેશા મળ્યા તે મોટા ભાગે દશ્ય રીતે મળ્યા. આને કારણે, કોઈ પણ જાતની શંકા વગર તે અધિકારયુક્ત હતા તે પૂરવાર થાય છે. વળી આ સંદેશાના અધિકારયુક્ત હોવાની ખાતરી માત્ર સાંભળનારને જ નહિ પણ પ્રબોધકોને પોતાને પણ થતી. આમ છતાં જે શબ્દો કોઈ પણ જાતના દશ્ય સાધનો વગર બોલવામાં આવતા હતા તેમના પર પણ ઈશ્વરના અધિકારની મહોર તો હતી જ. પ્રબોધકો એ માનતા હતા કે આ દૈવી શબ્દોમાં હેતુલક્ષી ભાવાર્થ હતો. તે શબ્દો જોવા, સાંભળવા, ચાખી જોવા, અને સ્પર્શ કરવાનું એક સાધન હતું. યર્મિયાએ ઈશ્વરને એમ કહેતા સાંભળ્યા, ''જો મેં મારાં વચન તારા મુખમાં મૂક્યાં છે'' (યર્મિ. ૧:૯). હઝકિયેલે એક હાથ લંબાયેલો જોયો, જેમાં ઓળિયું પકડી રાખવામાં આવ્યું હતું. તેને હૂકમ કરવામાં આવ્યો કે તે આ ઓળિયું ખાય અને તેને હજમ કરે.

તે સમયના ઈસ્ત્રાએલી લોકોની માન્યતા પ્રમાણે માણસના બોલાયેલ શબ્દો સ્વાભાવિક રીતે અસરકારક શક્તિ પૂરી પાડતા હતા. માણસના બોલાયેલ શબ્દોમાં માણસના આત્માની પૂરેપૂરી શક્તિ રહેતી. એટલે જ જ્યારે માણસ આશીર્વાદના કે શાપના શબ્દો ઉચ્ચારતો ત્યારે હકીકતમાં તે સાંભળનાર માટે સારા ભાવિ કે માઠા ભાવિને નિપજાવતો. આથી તે સમયના ઈસ્ત્રાએલી લોકોમાં સર્વશક્તિમાન એવા ઈશ્વરનો શબ્દ ખૂબ જ અસરકારક શક્તિ સમાન હતો. ''ઈશ્વરે ગર્જના કરી એટલે પૃથ્વી પીગળી ગઈ'' (ગી.શા. ૪૬:૬). ''જેમ વરસાદ અને હિમ આકાશથી પડેછે... તથા વાવનારને અનાજ તથા ખાનારને અન્ન આપ્યા વિના પાછાં ફરતાં નથી તે પ્રમાણે મારું વચન... સફળ થશે... તે સફળ થયા વિના ફોકટ મારી પાસે પાછું વળશે નહિ'' (યશા. ૫૫:૧૦, ૧૧).

જે પ્રમાણે પ્રબોધકો દૈવી શબ્દો ઉચ્ચારે છે, તેવી જ રીતે દૈવી સામર્થ્ય પણ દશ્ય રીતે મળતું જોવામાં આવેછે. જ્યારે યર્મિયા એ જૂઠા પ્રબોધક હનાન્યાને ચેતવણી આપી કે તે આ વર્ષમાં જ મૃત્યુ પામશે, કારણ કે તેણે યહોવાની વિરુધ્ધ ફિતુરી વચનો કહ્યાં હતાં, ત્યારે આ ભવિષ્યકથન ફકત હનાન્યાના મૃત્યુ વિષે જ કહે છે તેમ નહિ, પણ તે શા માટે મરશે તેનું કારણ પણ આપે છે. જ્યારે હઝકિએલે સૂકાં હાડકાંને સજીવ થવાની આજ્ઞા કરી ત્યારે તેઓ ઈશ્વરના દૈવી શબ્દો અને તેમની તાકાત વડે સજીવ થયાં. આ કારણે જ ઈસ્ત્રાએલી લોકોને પ્રબોધકોની બીક લાગવા લાગી અને તેઓ તેમને માન આપવા લાગ્યા. તોપણ

ઘણી વખત તેમણે આવી ચેતવણીઓ ગણકારી ન હતી. તેઓ જાણતા હતા કે સર્વશક્તિમાન પ્રભુ તેમના દૈવી શબ્દો વડે જે સારું અને ખરાબ થવાનું છે તે આ પ્રબોધકો મારફતે ઉચ્ચારે છે.

પ્રબોધકોનાં ભવિષ્યવચનો ઘણા સ્વરૂપમાં આપણી પાસે આવે છે. તેમાંનાં કેટલાંક ઉપદેશ દ્વારા જાહેર જગાઓમાં કહેવામાં આવ્યાં જેમ કે આમોસનાં વચનો. તો ક્યારેક ખાનગી ઘરોમાં કે થોડા માણસોની સમક્ષ, જેમ કે હઝકિયેલના કિસ્સામાં, કયારેક ભવિષ્યકથનો વ્યક્તિગત રીતે રાજાઓ અને હાકેમોને સંબોધીને કહેવામાં આવતાં, જેમ કે એલિયા અને યશાયાની બાબતમાં. પ્રબોધકોનાં કેટલાંક કથનો ગીતો અને પ્રાર્થનાઓ મારફતે સ્તુતિ કરવા કે આનંદ માણવા અથવા પોતાના ગુના માટે શિક્ષા થશે તે જણાવવા કહેવામાં આવ્યાં હતાં. કેટલાક વચનો ધાર્મિક અને નૈતિક બાબતોની ચર્ચા કરવાના હેતુ ને ધ્યાનમાં રાખી આપવામાં આવ્યાં હતાં. કેટલીક વખત આ સંદેશો બનાવ તરીકે અથવા દૃષ્ટાંત તરીકે આવતો હતો, તો વળી કેટલીક વખત ફિલસુફીભર્યા ડહાપણના શબ્દો વડે પણ તે આપવામાં આવતો હતો.

તોપણ એ યાદ રાખીએ કે ઈસ્રાએલી પ્રજા માટેની ઈશ્વરની જે ચિંતા હતી તે આ બધાં પ્રબોધકોનાં પુસ્તકોમાં સ્પષ્ટ જોવા મળે છે. પ્રભુના સંદેશા કેટલીક વખત દયાભાવવાળા અને ઈસ્રાએલી પ્રજા વેશ્યાની જેમ ભટકી ગયેલી હતી તેને વાળવાની ભાવનાવાળા હતા. વળી તે પસ્તાવો કરવાની જરૂરિયાતવાળા, ઠપકાવાળા, રૂદનવાળા અને દરેકનો ન્યાય થશે તે જાહેર કરનાર પણ હતા. કેટલીક વખત તે સંદેશા દિલાસો, આશા અને સારા ભવિષ્યનું વચન આપનાર હતા.

ભવિષ્યવાણીની આ ચળવળ ત્રણ જુદા જુદા ઐતિહાસિક સમયોમાં જોવા મળે છે. બંદીવાસના સમય પહેલાં, બંદીવાસના સમય દરમિયાન અને બંદીવાસમાંથી છૂટકારા પછીના સમયમાં. આ બધા સમયો દરમિયાન ઈશ્વરે જે કરાર ઈસ્રાએલી પ્રજા સાથે કર્યો હતો તેને લોકો વિશ્વાસુપણે વળગી રહે એવું તે ઈચ્છતા હતા. આ મુદ્દો તે મુખ્ય હતો. ત્રણેય ઐતિહાસિક સમયોને ધ્યાનમાં રાખી આપણે થોડો સારાંશ જોઈએ.

બેબિલોનના બંદીવાસ પહેલાંના સૈકાઓમાં, જ્યારે ન્યાયાધીશો અને પાછળથી રાજાઓ ઈસ્રાએલ ઉપર રાજ કરતા હતા ત્યારે તેઓ પર પાડોશી કનાનના લોકોની સંસ્કૃતિનો ઘણો પ્રભાવ હતો તે આપણે જોઈએછીએ. પોતાના

પાડોશીઓની સાંસ્કૃતિક અને ધાર્મિક બાબતો બહુ સહેલાઈથી તેમણે સ્વીકારી લીધી હતી. આથી કરીને જ આ સમયના પ્રબોધકોના ઉપદેશમાં પસ્તાવો કરવો, ઠપકો આપવા અને ન્યાય વિષે શિખામણ આપવાનું મજબૂત શિક્ષણ જોવા મળે છે. આશીર્વાદ અને ઉદ્ધારનાં વચનો ત્યારે જ પૂરાં થાય જ્યારે તેઓ પસ્તાવો કરી ઈશ્વરને સાચી રીતે વિશ્વાસુ રહે.

બંદીવાસના સમય દરમિયાન એક પ્રજા તરીકે ઈસ્ત્રાએલી લોકોને કચડી નાખવામાં આવ્યા હતા. યહૂદિયાના રાજ્યને ખંડિયું રાજ્ય બનાવવામાં આવ્યું હતું. ઘણા આગેવાનોને પરદેશી રાજ્યોમાં કેદીઓ તરીકે લઈ જવામાં આવ્યા હતા. જેઓને પકડીને બંદીવાસમાં લઈ જવામાં આવ્યા હતા તેઓ અને જેઓને વતનમાં પડતા મૂકવામાં આવ્યા હતા તેઓ સર્વ ભાંગી પડ્યા હતા. તેમના મનની સ્થિતિ જાણે હંમેશ માટે ગમગીન થઈ ગઈ હતી. આ સમય દરમિયાન પ્રબોધકોએ ખાસ કરીને દિલાસો અને ઉત્તેજન આપતા સંદેશા આપ્યા હતા.

બંદીવાસમાંથીછૂટકારા પછીના સમયમાં યરુશાલેમનું મંદિર જેનો નાશ કરવામાં આવ્યો હતો તેને તથા સમગ્ર સમાજને નવી રીતે બાંધવાનાં હતાં. હવે પ્રબોધકોનું મુખ્ય કાર્ય સમાજને બાંધવાનું, બંદીવાસમાંથી પાછા આવેલાને ઉત્તેજન આપવાનું અને તેમનું નૈતિક તથા ધાર્મિક જીવન પુનઃસ્થાપિત કરવાનું હતું. તે ઉપરાંત ભવિષ્ય માટેનાં જે વચનો આપવામાં આવ્યાં હતાં તે આશાસહીત પૂરાં થશે જ એ બતાવવાનું હતું.

## પ્રબોધકોએ શીખવેલાં ગહન સત્યો

ઈસ્ત્રાએલનો આખો ઈતિહાસ જોતાં એ વાત સ્પષ્ટ થાય છે, કે સત્યનો સ્વીકાર કરવાની લોકોની તૈયારીના પ્રમાણમાં ઈશ્વરે પોતાને ધીમે ધીમે તેમની આગળ પ્રકટ કર્યા હતા. ઘણા અનુભવો મારફતે અને પોતાના પસંદ કરેલા સેવકોના પ્રબોધ મારફતે ઈશ્વરે ક્રમિક રીતે પોતાનો હેતુ તથા યોજના પોતાના લોકોને પ્રગટ કર્યા. આ બધા મારફતે ઇસ્ત્રાએલી લોકો આવનાર મસીહ, કે જે ઈશ્વરનું પૂરેપૂરૂં પ્રકટીકરણ છે તે જાણે માટે તેઓને તૈયાર કરવામાં આવી રહયા હતા. ઈસ્ત્રાએલીઓ ઈશ્વરપિતા યહોવા સંબધી જાણતા હતા. યહોવા સંબંધીના તેમના આ જ્ઞાનનો ઈસુ ખ્રિસ્તે પોતે જે નવાં સત્યો શીખવવા માગતા હતા તે માટે પૂર્વભૂમિકા તરીકે ઉપયોગ કર્યો. આને કારણે ઈસુ ખ્રિસ્તે તેઓને

એ સમજાવવાની જરૂર નહોતી કે, ૧. ફક્ત એક જ ઈશ્વર છે ૨. તે ઈશ્વર પવિત્ર અને ન્યાયી પ્રભુ છે. ૩. વિશ્વને ઈશ્વરે ઉત્પન્ન કર્યુ તેથી તે તેમની માલિકીનું છે. ૪. ઈશ્વરે જ મનુષ્યને બનાવ્યું છે. ૫. ઈશ્વર ઇચ્છે છે કે માણસ તેમની સાથે અને અન્ય મનુષ્યો સાથે પ્રેમના સંબંધમાં રહે.

પ્રબોધકોના શિક્ષણમાં માણસને બનાવવામાં આવ્યું ત્યારથી માંડીને જે ગૂઢ પ્રશ્નો પૂછવામાં આવે છે તેના જવાબો મળે છે, જેમ કે,

(૧) ઈશ્વર કોણ છે? તેમનું સ્વરૂપ કેવું છે? તેમનાં લક્ષણો કયાં છે?

(૨) ઈસ્ત્રાએલી લોકોના ઈશ્વર યહોવાનું અન્ય દેવોની સરખામણીમાં શું સ્થાન છે?

(૩) તેમના ઈસ્ત્રાએલી લોકો માટે ઈશ્વરનો હેતુ શો છે? તે ઉપરાંત વિશ્વના વિધર્મી લોકો માટે તેમનો હેતુ શો છે?

(૪) માણસ કોણ છે? તેનું અસ્તિત્વ કોને આભારી છે અને છેવટે તેમણે કોને વિશ્વાસુ રહેવું જોઈએ?

(૫) ઈશ્વર તેમના લોકો પાસેથી કેવાં કૃત્યો અને ધોરણોની અપેક્ષા રાખે છે? આજના સમયના લોકો પાસેથી કેવાં ધોરણોની અપેક્ષા રાખે છે?

(૬) ઈશ્વરને આધીન થઈને જીવવાનો શો બદલો મળશે?

(૭) તેથી ઉલટું, અનાજ્ઞાંકિતપણાનું પરિણામ કેવું હશે?

આ પ્રબોધકો મોટા ભાગે કૌટુંબિક અને સામાજિક જીવન જીવનારા હતા. સામાન્ય રીતે તેમનું જીવન સાધુ કે સન્યાસી જેવું ગુઢ ન હતું. તે ઉપરાંત જે શિક્ષણ તેઓ આપતા હતા તે રહસ્યભર્યુ ન હતું. તેઓના મનમાં ઈશ્વર ફક્ત એક આંતરિક પ્રકાશ કે આત્મિક શાંતિ આપનાર જ ન હતા, પણ તેથી વિશેષ હતા. ઈશ્વર ઇતિહાસના પ્રભુ છે, જેઓ બાહ્ય બનાવો દ્વારા પોતાને પ્રગટ કરે છે. ઈસ્ત્રાએલના પ્રભુ બીજા દેશોના દેવો જેવા ન હતા.

બીજા વિધર્મી દેવો લગ્ન કરતા, શારીરિક જાતીય સંબંધો રાખતા, બાળકો પેદા કરતા. કેટલાક દેવો અસ્થિર, અભિમાની અને ઘાતકી હતા. ઘણાં

બીન-ઈસ્ત્રાએલી માબાપોએ તેમની સંસ્કૃતિ પ્રમાણે પોતાનાં દીકરા અથવા દીકરીનાં નામ તેમના કોઈ દેવ અથવા દેવીના નામ પરથી આપ્યાં હતાં જેનો અર્થ ''ફલાણા દેવનો દીકરો'' કે ''ફલાણા દેવની દીકરી'' એવો થતો. કોઈ પણ ઇસ્ત્રાએલી તેમના પવિત્ર ઈશ્વર સાથે આવો સંબંધ સહન કરી શકે નહિ. પ્રભુ યહોવાને અન્ય દેવોની જેમ શારીરિક સંબંધોથી ઉત્પન્ન થયેલાં બાળકો ન હતાં. એવો કોઈ પૂરાવો નથી જેમાં માબાપોએ પોતાના કોઈ દીકરાનું નામ ''યહોવાનો પુત્ર'' રાખ્યું હોય. યહોવાને માલિક અને પ્રભુ તરીકે માન આપવામાં આવતું હતું અને મનુષ્ય ઈશ્વરનો સેવક હતો.

યશાયા પ્રબોધકના પુસ્તકના પાછલા ભાગમાં ઈશ્વર એ પિતા છે એવા સંદર્ભો થોડી જગાએ જોવા મળે છે (યશા. ૬૪:૮) જેનો ભાવાર્થ છે ઉત્પન્ન કરનાર પિતા અથવા સરજનહાર ઈશ્વર. માલાખી. ૧:૬માં પિતા અને ધણી શબ્દો સાથે સાથે વાપરીને મનુષ્યની ઈશ્વરને માન આપવાની અને તેમની આજ્ઞા માનવાની ફરજ ઉપર ભાર મૂક્યો છે.

જ્યારે બીજા વિધર્મી દેવો વિષે જૂના કરારનાં લખાણોમાં આપણે અવારનવાર વાંચીએ છીએ ત્યારે આપણને કદાચ એવો સવાલ થાય કે, શું જૂના કરારના લેખકો ઈશ્વરથી ઉતરતી કક્ષાના બીજા દેવો અસ્તિત્વમાં હતા એવું માનતા હતા? આ તપાસવા સિનાઈ પર્વત ઉપર યહોવાએ જે આજ્ઞાઓ આપી હતી તે જોઈએ.

''તારો પ્રભુ યહોવા હું છું, મારા સિવાય તારે કોઈ અન્ય દેવો ન હોય. તું તારે સારુ કોઈ કોતરેલી મૂર્તિ ન કર, તું તેઓની આગળ ન નમ, ને તેઓની સેવા ન કર (નિર્ગ. ૨૦:૨-૫).'' આ પ્રમાણે સ્પષ્ટ આજ્ઞા આપવામાં આવી હતી કે યહોવા, હા, તેમની એકલાની જ સેવા કર. પણ આ આજ્ઞામાંથી એ સ્પષ્ટ થતું નથી કે બીજા નાના દેવોનું અસ્તિત્વ ન હતું. ઈશ્વરની એ આજ્ઞાઓ સ્પષ્ટ હતી કે ઇસ્ત્રાએલના પ્રભુ યહોવાને સંપૂર્ણપણે તમે વિશ્વાસુ રહો. કેટલાક અભ્યાસીઓ માને છે કે બીજા દેવોનું અસ્તિત્વ હતું, જેનો ઇસ્ત્રાએલી લોકો નકાર કરતા નથી. મૂસાના સમય બાદ ઘણી પેઢીઓ સુધી ઇસ્ત્રાએલીઓ તેમના ઘરોમાં હાથે બનાવેલા બીજા ધર્મોના દેવો રાખતા હતા.

યહોશુઆનું પુસ્તક સ્પષ્ટ કરે છે કે કનાન દેશમાં પ્રવેશ કરવાને સમયે ઇસ્ત્રાએલી લોકોએ હાથે બનાવેલી ઘણી મૂર્તિઓ પોતાની પાસે રાખેલી. એટલે યહોશુઆ તેઓને જણાવે છે કે ઈજિપ્તમાંથી લાવેલી આ મૂર્તિઓનો તમે ત્યાગ

કરો, અને ફક્ત યહોવા એકલાની જ સેવા કરવાનું તમે નક્કી કરો. મૂસાએ તો યહોવાનું સર્વોપરીપણું એટલું બધું સ્વીકાર્યુ હતું કે તેને મન અન્ય દેવોની કંઈ ગણના ન હતી. તોપણ આપણે ગીતશાસ્ત્રમાં અન્ય દેવો અંગે ઘણી જગાએ જોઈએ છીએ (ગી. શા. ૯૫:૩,૯૬:૪, ૫; ૯૭:૭, ૯). આ લખાણોથી દેખાઈ આવેછે કે તેના લખનારા બીજા દેવોના અસ્તિત્વમાં માનતા હતા. જો કે આ દેવો તાકાત વગરના હતા, પરંતુ તેમનું અસ્તિત્વ તો હતું. તોપણ પ્રભુ યહોવા, સઘળું ઉત્પન્ન કરનાર, રાજાઓના રાજા, સર્વ વિધર્મી દેવો કરતાં ઘણા મહાન હતા. એ એક હકીકત હતી કે ઈસ્ત્રાએલી લોકોએ અન્ય દેવો અને તેમની મૂર્તિઓ સંઘરી હતી. મૂર્તિપૂજા કરી તેને મહત્વ આપવાનું ઠેઠ બાબેલના બંદીવાસ સુધી ચાલ્યું હતું.

તોપણ પ્રબોધકો સ્પષ્ટ રીતે બીજા દેવોને ધુત્કારે છે અને તેમનું અસ્તિત્વ સુધ્ધાં નકારે છે. યશાયા ૪૪, ૪૫ અને ૪૬ અધ્યાયોમાં ઈશ્વરની મહાનતા વિષેનું વર્ણન, તેમનાં અદ્દ્ભૂત કાર્યો અને અન્ય દેવો જે મનુષ્યના હાથની બનાવટ છે તેનો નકાર કરવાનું કહેવામાં આવ્યુંછે. આ ઉપરથી આપણે જોઈએ છીએ કે પ્રબોધકો ખાતરીપૂર્વક માનતા હતા અને જાહેર કરતા હતા કે ફક્ત એક જ ઈશ્વર છે અને તેમના સિવાય બીજા દેવો હોઈ શકે જ નહિ!

પ્રબોધકોએ જે ઈશ્વર વિષે ઉપદેશ આપ્યો, તે ઈશ્વરનાં લક્ષણો ક્યાં છે? તેમણે યહોવાને ઉત્પન્ન કરનાર, અનંતકાલિક, બુધ્ધિશાળી, નૈતિક, સર્વશક્તિમાન, જેમણે તેમની મહાન શક્તિ પ્રમાણે સઘળું સર્જન કર્યુ. પ્રબોધકોએ તેમને મહાન ઈશ્વર તરીકેનું માન આપ્યું. તેઓ આખી પૃથ્વી અને સ્વર્ગના રાજા હોવા છતાં માનવજાત સાથે સંબંધ રાખવામાં નમ્ર અને માયાળુ છે!

<u>ઈશ્વર પવિત્ર</u>છે. ''પવિત્ર, પવિત્ર, પવિત્ર છે સૈન્યોના પ્રભુ યહોવા'' (યશા. ૬:૩).

<u>ઈશ્વર સર્વથી પર</u> છે. તેમણે આકાશ તથા પૃથ્વીનું સર્જન કર્યુ, પણ તે પોતે પોતાના સર્જનથી પર છે. તે એક વ્યક્તિ છે, જીવનથી ભરપૂર છે, વ્યક્તિગત સંબંધ રાખનારછે. તે કાર્યશીલ બને છે અને પોતાનાં કામ પ્રગટ કરે છે. આ એવા ઈશ્વર નથી કે જેમનો અનુભવ માણસની ચેતનાના ઊંડાણમાં જ થાય અને જે દ્વારા માણસ શાંતિ અને સચેતનાની લાગણીઓ અનુભવે.

પ્રબોધકોએ જે ઈશ્વરની વાત કરી તે એવા અવર્ણનીય ઈશ્વર નહોતા. ગૂઢ વિદ્યામાં માનનાર તાંત્રિકો માટે ત્વમ્ અને અહમ્ ઈશ્વર અને માનવી, કોઈક રીતે એક બની જાયછે અને માનવીનું સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી. જ્યારે પ્રબોધકોએ જે ઈશ્વરની વાત કરી તે માનવીથી સ્વતંત્રછે, માનવીથી પરછે અને માનવી સાથે અંગત સંબંધ રાખે છે.

ઈશ્વર મહિમાના પ્રભુ છે. આ એક એવી બાબત છે જે માનવી ભાષામાં વર્ણવી શકાય નહિ. તેમનામાં અવર્ણનીય પ્રકાશ, ઝગઝગાટ, અકથ્ય સામર્થ્ય, સત્તા, ભવ્યતા તથા ભયાનક ધાક બેસાડે તેવી મહાનતા છે.

ઈશ્વર ન્યાયી છે. તે સર્વ સારાં વાનાંનું ઉદ્ભવસ્થાન અને પોતે આપેલાં વચનો વિશ્વાસુપણે પૂર્ણ કરનાર છે. તે ભૂંડાઈને ધિક્કારે છે, પણ સારાને ચાહે છે. તે મનુષ્યને સારું શું અને ખોટું શું તે પ્રગટ કરે છે. પ્રબોધકો આવનાર ન્યાય, સારાપણું, ગરીબોને દાન, તેમનો બચાવ, વિધવાઓને તથા દબાયેલાંને મદદ, કૌટુંબિક સંબંધોમાં પ્રેમ અને વિશ્વાસુપણું, લોભનો વિરોધ કરી સાદા જીવન વિષે કહે છે. પ્રબોધકોએ સામાજિક ભૂંડાઈઓ જેવી કે અપ્રમાણિકતા, અનૈતિકતા, અન્યાય અને જૂલમ સામે પોતાનો અણગમો દર્શાવેલાંછે. તેઓને મતે આ ભૂંડી બાબતો આત્મિક અધ:પતનનાં ચિહ્નો હતાં. પ્રબોધકોએ એ વાત પર ભાર મૂક્યો કે ઈશ્વરની સાચી ભક્તિ અને ઈશ્વરની ઇચ્છા પ્રમાણેની આજ્ઞાધીનતાને પરિણામે માણસો માણસો વચ્ચેના સંબંધોમાં સૌજન્ય સ્થપાશે. જે ઈશ્વરની ભક્તિ તેઓ મંદિરમાં કરતા હતા તે જ ઈશ્વર પોતાના લોકોને જીવનમાં દોરવણી આપનાર, સંભાળ લેનાર, દિલાસો આપનાર, માફ કરનાર, પુન:સ્થાપિત કરનાર, અને બદલાણ કરનાર ઈશ્વર હતા. આ રીતે મનુષ્ય ઈશ્વરની સાચી ભક્તિ મારફતે બીજાઓ સાથેના સંબંધમાં કેવી રીતે જીવવું તે શીખે છે.

ઈશ્વર માયાળુ છે. તે ન્યાયી અને માયાળુ છે. વ્યક્તિ પાપ કરે છે ત્યારે ન્યાયી ઈશ્વર શિક્ષા કરે છે. તોપણ જ્યારે પાપી પસ્તાવો કરે છે ત્યારે ઈશ્વર અવશ્ય માફી બક્ષે છે. તારણ માટેની આશા હંમેશાં રાખી શકાય. શિક્ષા તે છેવટનું ધ્યેય નથી. પણ શિક્ષા પાછળનો હેતુ એ છે કે માણસ સજાગ થાય અને ઉધ્ધાર પ્રાપ્ત કરી પોતાના સર્જનહાર સાથેનો સંબંધ પુન:સ્થાપિત કરે. ઈશ્વરની

દૃષ્ટિમાં ધનવાન, ગરીબ, હાકેમ, યાજક, સર્વ સરખા છે અને જે કોઈ પસ્તાવો કરે તેમને માફ કરવા તે તત્પર છે.

ઈશ્વર આસ્થાવાન પ્રભુ છે. ઈશ્વર પોતે જ કહે છે. ''હું આસ્થાવાન ઈશ્વરછું''(નિર્ગ.૨૦:૫). મનુષ્ય જો અન્ય દેવો આગળ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે તો પ્રભુ તે સહન કરી લેશે નહિ. ઈસ્ત્રાએલી લોકો તેમને જ વિશ્વાસુ રહે એવું ઈશ્વરે હમેશાં ઇચ્છયું છે. પ્રભુ અવિશ્વાસુપણું કદી સહન કરતા નથી.

પ્રબોધકોનું શિક્ષણ ઈશ્વરનાં લક્ષણોના વર્ણન પૂરતું મર્યાદિત ન હતું, તેમાં બીજી માન્યતાઓ અને વિચારોનો સમાવેશ થાય છે. આમાંની ઘણી માન્યતાઓ ભવિષ્યકથનો તરીકે ઉદ્ભવી હતી. પ્રબોધકોને ભવિષ્ય વિષે જાણવા દૈવી સૂઝ હતી. તેમના સમયના લોકોનાં વલણો તથા વ્યવહારનું ભવિષ્યમાં શું પરિણામ આવશે તે તેઓ સ્પષ્ટ રીતે જોઈ શકતા.

પ્રબોધકોના શિક્ષણમાં પાંચ મુખ્ય વિચારો દેખાઈ આવે છે.

**૧. ઈશ્વર અને ઈસ્ત્રાએલી પ્રજા વચ્ચેનો કરાર.**

ઉત્પત્તિના પુસ્તકની શરૂની બીનાઓ ઇબ્રાહિમને ઈશ્વરે આપેલાં વચનો, એ વચનોને આધારે ઈશ્વરે તેમના પસંદ કરેલા લોકો સાથે કરેલો કરાર જોવામાં આવે છે. આ કરારથી ઈશ્વર અને ઈસ્ત્રાએલી પ્રજા વચ્ચે એક ખાસ સંબંધ સ્થાપિત થાય છે. ઈશ્વર તેમના લોકો પર પ્રેમ કરી, તેમનું રક્ષણ કરશે અને તેમને આશીર્વાદ આપશે અને તેમના લોકો ઈશ્વરની સર્વોપરિતા સ્વીકારી તેમને આધીન થશે અને તેમને વિશ્વાસુ રહેશે. ઈસ્ત્રાએલ જ્યારે ઈજિપ્તની ગુલામીમાંથી મુક્ત થાય છે ત્યારે એક સ્વતંત્ર પ્રજા બને છે. તે સમયે ઈશ્વર તેમને સ્પષ્ટ નિયમો તથા આજ્ઞાઓ આપે છે અને એ રીતે આ કરારનો અર્થ સ્પષ્ટ કરે છે.

પરંતુ તે શરૂઆતના દિવસોમાં પણ, જ્યારે ઈશ્વરનાં વચનો અને આજ્ઞાઓ હજુ સવારના ઝાકળ જેવાં તાજાં હતાં, ત્યારે ઈસ્ત્રાએલીઓએ અવારનવાર કરારનો અનાદર કર્યો, ઈશ્વરની આજ્ઞા માની નહિ અને મૂર્તિઓ અને પાછળથી કનાન દેશની મૂર્તિઓ તરફ તેઓ વળ્યા. આ રીતે ઈશ્વર સાથેના કરારસંબંધનો તેમણે ભંગ કર્યો. ઈસ્ત્રાએલી પ્રબોધકોના દુઃખ અને અશાંતિનું આ મોટામાં મોટું કારણ હતું. આને લીધે તેમના શિક્ષણમાં આ મુખ્ય બાબત

રહી. ઈશ્વરે તેમના પિતૃઓ સાથે જે કરાર કર્યો હતો તે વિષે પ્રબોધકો ઘણી વખત યાદ કરાવતા હતા. તે ઉપરાંત કરારભંગથી શું પરિણામ આવશે તે તરફ તેમની આંગળી ચીંધતા હતા.

**૨. ઈશ્વરે નિયત કરેલા સમયની, યહોવાના દિવસની માન્યતા.**

પ્રબોધકો એ બાબતમાં માન્યતા ધરાવેછે કે યહોવાનો એક દિવસ આવશે જ્યારે પ્રભુ પોતાના લોકોને દરેક દુશ્મનોથી છોડાવશે અને તેમને શાંતિ તથા સમૃધ્ધિ આપશે (આમો. ૩:૧૪; ૫:૧૮; હોશિ. ૨:૧૪-૨૩; ૫:૯; યશા. ૨:૧૨; ૭:૧૮-૨૦; ૧૨:૧૨; ૧૩:૯; ૧૭:૭; ૧૯:૨૧; ૩૦:૧૯-૨૬; વગેરે).

- અ. તે સમય ન્યાય આપવાનો હશે; અંધકારભર્યો દિવસ હશે, અજવાળાનો નહિ.
- બ. ભૂંડાં કાર્યો કરનારને શિક્ષા કરવામાં આવશે.
- ક. ઈસ્ત્રાએલીઓની હાર માટે આશ્શૂર એક સાધનરૂપ થશે.
- ખ. જેઓ પસ્તાવો કરશે તેમને પુનઃસ્થાપિત કરવામાં આવશે.
- ઘ. પશ્ચાતાપ પર જ સમૃધ્ધિનો આધાર રહેશે.

**૩. આવનાર એક ન્યાયી રાજાની માન્યતા**

તે નવો રાજા કોણ છે કે જે ન્યાયીપણાથી રાજ્ય કરશે? (યશા. ૯:૬, ૭; ૧૧:૧-૯). એવું એક આદર્શ રાજ્ય સ્થાપિત થશે અને બધી પ્રજાઓ ઈસ્ત્રાએલની આગેવાની સ્વીકારશે. યહોવા પોતે જ તેમના લોકો મધ્યે માનપાત્ર મનાશે. આ રાજાને ઘણી વખત ન્યાયીપણાનો અંકૂર તરીકે સંબોધવામાં આવે છે (યર્મિ. ૨૩:૫; ૩૩:૧૫; યશા. ૬૦:૨૧).

**૪. બચેલા થોડા વિશ્વાસુઓની વાતમાં માન્યતા**

ઈશ્વર પોતાના લોકોને સંપૂર્ણ રીતે નષ્ટ કરશે નહિ. પોતાના લોકો મારફતે દુનિયાના સઘળા લોકોને આશીર્વાદિત કરવાની ઈશ્વરની યોજના છે. ઈશ્વરની અનંતકાલિક કૃપામાં જે શેષ બાકી રહ્યો હશે તે તેમના તરફ ફરશે અને તેમને પુઃસ્થાપિત કરવામાં આવશે. તેઓ વૃધ્ધિ પામશે અને તેમની સેવા કરશે (આમો. ૩:૧૨; ૫:૧૫; મી. ૨:૧૨; ૪:૭; ૭:૧૮; યશા. ૧:૯; ૧૦:૨૦-૨૩; ૧૧:૧૧; ૩૭:૩૧; વગેરે).

## ૫. પવિત્ર નગરની માન્યતા

ઈ.સ. પૂ. ૮મી સદીમાં ઈશ્વરની ભક્તિ કરવાનું સ્થળ યરુશાલેમ હતું. તે દાઉદ રાજાનું હતું, જ્યાંથી રાજકીય વહીવટ થતો હતો અને કરારકોશ પણ ત્યાં રાખવામાં આવ્યો હતો. આથી સ્વાભાવિક રીતે ઈસ્ત્રાએલી લોકો આ શહેરને અભેદ્ય માનતા. તેઓ માનતા કે યહોવા હમેશાં તેનું રક્ષણ કરશે અને તેને જીતી લેવામાં આવે કે તેનો નાશ થાય એવું તે ક્યારેય નહિ થવા દે. આશ્શૂરનાં સૈન્યોએ સમરૂનનો નાશ કર્યો, પરંતુ યરુશાલેમ પર હુમલો કરવામાં આવ્યો છતાં તેને હરાવી શક્યા ન હતા. તેથી પૃથ્વી પર રાજ્ય કરવા માટેનું ઈશ્વરનું કેન્દ્ર યરુશાલેમ થશે (યશા. ૨:૪; ૨૪:૨૩; ૨૯:૫-૮; મી. ૪:૧-૩; વગેરે). આદર્શ ભક્તિ અને આદર્શ મંદિર ફરીથી ઊભું કરાશે. તે સમયે ઘણા ભૌતિક લાભો જેવા કે ફળદ્રુપ જમીન અને તેમાંથી પુષ્કળ અન્ન ઉત્પન્ન થશે. આદર્શ રાજા તે રાજ્યમાં રહેશે અને તેના વડા તરીકે રાજ કરશે. વળી એ એક પવિત્ર શહેર હશે.

કેવી રીતે અને ક્યારે આ અનંતકાલિક રાજ્ય સ્થાપિત થશે તે સ્પષ્ટ દર્શાવવામાં આવ્યું નથી. તોપણ લોકોની આશાઓ તથા સ્વપ્નો સાચાં હતાં, કારણ કે પ્રબોધકોની ભવિષ્યવાણીનો અંત આવ્યો તે પહેલાં પેઢીઓ સુધી તે જીવંત રહ્યાં હતાં.

જ્યારે આપણે જૂના કરારનાં ભવિષ્યવાણીનાં પુસ્તકો વાંચીએ છીએ ત્યારે આ બધા વિષયો સામાન્ય રીતે સ્પષ્ટ તરી આવે છેઃ માણસના પાપ પર સતત ભાર મૂકવામાં આવ્યો છે. તે ઉપરાંત ઈશ્વરનાં વચનો અને તેમની શિક્ષા વિષે પણ વાંચીએ છીએ. તોપણ એ વાત સ્પષ્ટ રીતે ધ્યાનમાં રાખીએ કે દરેક પ્રબોધકે પોતાની આગવી રીતે જુદો જુદો ભાર મૂક્યો છે. જે જુદી જુદી બાબતો પર ભાર મૂકવામાં આવ્યો છે તેનો સારાંશ આપણે જોઈએ.

દબોરાહઃ લડાઈના સમયની પ્રબોધિકા

શમુએલઃ લોકોને છૂટકારો આપનાર યહોવાનો પ્રબોધક

નાથાનઃ ઈશ્વરને સન્માન આપનાર અને માણસનું પાપ જણાવનાર પ્રબોધક

એલિયાઃ યહોવાને સંપૂર્ણ રીતે વિશ્વાસુ રહેનાર પ્રબોધક

એલીશાઃ માણસો પ્રત્યે માયાળુપણું અને અનુકંપા બતાવનાર પ્રબોધક

આમોસઃ ઈશ્વર બલિદાનો નહિ, ન્યાય ઇચ્છે છે તેવું કહેનાર પ્રબોધક

હોશિયાઃ યહોવા એવા ઈશ્વર છે જે પોતાના લોકોને ચાહે છે અને તેઓ ઇચ્છે છે કે તેમને પાછા જીતવામાં આવે, એવું કહેનાર પ્રબોધક

યશાયાઃ પહેલા ભાગમાં (અધ્યાય ૧-૩૯) યહોવા પવિત્ર ઈશ્વર છે અને પોતાના લોકોમાં પવિત્રાઈની અપેક્ષા રાખે છે એવું શીખવે છે. અને બીજા ભાગમાં (અધ્યાય ૪૦-૬૬) ઈશ્વરને તારણ આપનાર અને પોતાના લોકો માટે દુઃખ સહન કરનાર તરીકે રજૂ કરે છે.

મીખાહઃ યહોવા બલિદાનો ઇચ્છતા નથી, પરંતુ દયા, ન્યાયીપણું અને નમ્રતા ઇચ્છે છે એવું શીખવનાર પ્રબોધક

સફાન્યાઃ યહોવાના દિવસનો પ્રબોધ કરનાર પ્રબોધક

યર્મિયાઃ લોકો વ્યક્તિગત રીતે ધાર્મિક બને તે કહેનાર પ્રબોધક

નાહૂમઃ નિનવેહના નાશ વિષે ભવિષ્ય ભાખનાર પ્રબોધક

હબ્બાકૂકઃ સમાજમાં નવો વિશ્વાસ લાવનાર પ્રબોધક

હઝકિયેલઃ વ્યક્તિગત જવાબદારી, જાગૃતિ અને છૂટકારાનો પ્રબોધક

હાગ્ગાય અને ઝખાર્યાહઃ નવા મંદિરને બાંધનારા અને આશા આપનાર પ્રબોધકો.

માલાખીઃ હૃદય અને જીવનના સ્વાર્પણનો ઉપદેશ કરનાર પ્રબોધક

યૂના: વિદેશીઓમાં મિશનરી તરીકેની ફરજ બજાવનાર પ્રબોધક

ઓબાદ્યા, યોએલ અને ઝખાર્યા: ભવિષ્યવાણીનાં પુસ્તકો લખનાર પ્રબોધકો

દાનિયેલ: સંકટના સમયમાં આશા આપનાર પ્રબોધક.

# ભાગ ૨

# પ્રકરણ ૬: વ્યક્તિગત પ્રબોધકોનો અભ્યાસ

## શરૂના પ્રબોધકો

પુનર્નિયમનું પુસ્તક નિયમોના પુસ્તકમાંનું એક ગણવામાં આવેછે. તેમાં ઈસ્રાએલના રોજબરોજના જીવનમાંના કાયદા અને કાનુનોનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. તે ઉપરાંત અનાજ્ઞાંકિતપણા વિષે ચેતવણી પણ આપવામાં આવી છે. પુસ્તકના લગભગ અંતમાં ૩૨ અને ૩૩ અધ્યાયોમાં તેના લોકોને શીખવવાના હેતુથી મૂસાને પ્રેરણારૂપ એક કવિતા આપવામાં આવે છે. ઈ.સ. પૂ. ૧૧મી સદીમાં તે કવિતા રચવામાં આવી હોય એવું માનવામાં આવે છે. પાછળના પ્રબોધકોએ જે ભવિષ્યવાણીઓ ભાખી હતી તેના જેવી જ પણ સાચા ભવિષ્યવચનના સંદર્ભમાં કવિતાના રૂપમાં આ ગીત જોવા મળે છે. પાછળના વર્ષોમાં ભૌતિક અને આધ્યાત્મિક સંદર્ભમાં ચોક્કસ રીતનું દષ્ટિબિંદુ તેમાં જોવા મળે છે.

ઈશ્વરની ભલાઈ અને વિશ્વાસુપણા માટે કવિતાની શરૂઆતમાં ઈશ્વરનો મહિમા ગાવામાં આવ્યો છે. ઈશ્વરનું પોતાના લોકો પ્રત્યે વિશ્વાસુપણું અને ઈશ્વરના લોકોનું ઈશ્વર તરફ બિનવિશ્વાસુપણું સાથે સાથે રજૂ કરાયાં છે. ઈજિપ્તની ગુલામીમાંથી તેમને છૂટકારો આપ્યો હતો તે ઈશ્વરનાં મહાન કાર્યો અને તેની સંભાળ વિષે આ કવિતામાં વર્ણનછે. તોપણ ઈસ્રાએલના ધર્મત્યાગને કારણે ઈશ્વર તેમને શિક્ષા કરશે તે ચેતવણી પણ આપવામાં આવી છે. આ કવિતામાં ઈશ્વરનું વિશ્વાસુપણું અને ઇસ્રાએલ માટે તારણની આશા પણ વ્યક્ત કરવામાં આવ્યાં છે.

યહોશુઆના પુસ્તકમાં ઈસ્રાએલી લોકો તેમના કુળ પ્રમાણે નવા દેશ કનાનમાં સ્થાપિત થાય છે તે નોંધવામાં આવ્યું છે. તેમની જીતો, હારો અને દરેક કુળને ક્યાં રહેવાનું હતું તેનું વર્ણન આપ્યું છે. યહોશુઆ તેના પૂરોગામી મૂસાની માફક તેના જીવનનાં આખરનાં વર્ષોમાં ઈસ્રાએલી લોકોને લંબાણથી ઉદ્દબોધન કરે છે, જેને અધિકારયુક્ત ભવિષ્યકથન ગણી શકાય.

યહોશુઆ ઈસ્રાએલી લોકોને ઉપદેશ આપે છે કે ઇબ્રાહિમના સમયથી ઈશ્વરે જે કરાર પોતાન લોકોની સાથે કર્યોછે તે કરારને તેઓ વિશ્વસુપણે વળગી રહે. ઇબ્રાહિમને જે વચનો ઈશ્વરે આપ્યાં હતાં તે યહોશુઆ યાદ કરાવે છે. તે

ઉપરાંત ઈજિપ્તમાંથી છૂટકારો અને જે આશીર્વાદ ઈશ્વરે આપ્યા હતા તે અને બલામનો પણ ઈશ્વરે પોતાના લોકોને આશીર્વાદ આપવા કેવો ઉપયોગ કર્યો હતો તે જણાવે છે. ઈશ્વરે જે વિજયો આપ્યા હતા તે, ભેટ તરીકે આપેલો નવો દેશ, તેઓના ઉપયોગ માટે તૈયાર શહેરો, ઘરો, દ્રાક્ષાવાડીઓ, જૈતુન વૃક્ષો, કૂવા વગેરે આપ્યાં હતાં તે પણ યાદ કરાવે છે.

યહોશુઆ ચેતવણી આપે છે કે જો ઈશ્વરના નિયમોને તેઓ આધીન નહિ રહે તો તેઓ પોતે જ તેમના જીવન માટે નિષ્ફળતા અને દુઃખો લાવશે. પડોશીઓ સાથેના અઘટિત સંબંધો અને આંતરજ્ઞાતિય લગ્નો તેમની પડતી લાવશે. આખરે તે લોકોને પડકાર આપે છે કે તેઓ ઈશ્વર સાથેનો કરાર તાજો કરે અને ફક્ત તેમની જ સેવા કરે. બાઈબલની નોંધ આપણને સ્પષ્ટ રીતે જણાવે છે કે તે યહોશુઆનું લખેલું વકતૃત્વ હતું. ઈશ્વર સાથેના કરારની દેખીતી સાબીતીરૂપ ત્યાં એક પથ્થર ઊભો કરવામાં આવે છે.

યહોશુઆના સમય બાદ એવો સમયનો ગાળો હતો જ્યારે ન્યાયાધીશોએ રાજ કર્યુ જેમની પસંદગી સામાન્ય રીતે લોકોના વડીલો કરતા હતા. તો કેટલાકને સીધેસીધા ઈશ્વર તરફથી તેડવામાં આવ્યા હતા. કેટલાક કિસ્સામાં આવી વ્યક્તિ ભવિષ્યવાણી પણ ભાખતી હતી. મોટા ભાગના ન્યાયાધીશો પાડોશી જાતિઓ સાથે યુધ્ધ લડવામાં અને દરરોજના જીવનની બાબતો માટે દોરવણી આપનાર આગેવાનો હતા. આમાં સ્પષ્ટ રીતે બે ન્યાયાધીશો પ્રબોધકો તરીકે આગવા તરી આવે છે. તે હતાં દબોરાહ (ન્યા. ૪:૪) અને શમુએલ. રાજકીય અશાંતિના સમયમાં પાડોશી પ્રજાઓ ઈસ્ત્રાએલ ઉપર ચઢાઈ કરતી હતી ત્યારે દબોરાહ અને શમુએલે આગેવાની પૂરી પાડી હતી. ન્યાયાધીશોના બીજા અધ્યાયમાં ઈસ્ત્રાએલી પ્રજાએ ઈશ્વરના નિયમો તોડીને ફરીથી એક વખત ભૂંડાઈ આચરી અને મૂર્તિપૂજા તરફ તેઓ વળ્યા તે આપણે જોઈએ છીએ. કોઈક વખત પરદેશી પ્રજા ઈસ્ત્રાએલ પર જીત મેળવે એવું પણ ઈશ્વર થવા દેતા હતા.

દબોરાહઃ તે ન્યાયાધીશ અને પ્રબોધિક હતી. તેણે કનાનીઓ પર જીત મેળવી શકાશે એવી પ્રબોધવાણી ઉચ્ચારી હતી. તે અને બારાક ઈસ્ત્રાએલના દશ હજાર સૈનિકો સાથે જાય છે અને તેમના દુશ્મનોને હરાવે છે.

એક અનામી અને અજાણ્યો પ્રબોધકઃ ન્યાયાધીશોના પુસ્તક ૬:૮-૧૦ માં જોવા મળેછે. તેણે ઈસ્ત્રાએલનાં મૂર્તિપૂજાનાં પાપો વિષે તેમને ઠપકો આપ્યો હતો. તે બાદ મિદ્યાનીઓને હરાવવા ઈશ્વર ગિદીઓનને મોકલે છે.

બીજો અનામી પ્રબોધક (૧ શમુ. ૨:૨૭-૩૬): જેણે બીક રાખ્યા સિવાય બહાદૂરીથી એલી યાજકને ઠપકો આપ્યો હતો. કારણ કે એલી યાજક તેના દીકરાઓના ખરાબ વર્તન તરફ બેદરકાર રહ્યો હતો. તેણે ભવિષ્યવચન ભાખ્યું કે એલીના દીકરા મૃત્યુ પામશે અને તેમની જગા પૂરવા યાજક વર્ગનો કોઈ વારસદાર રહેશે નહિ. એલીની જગા પૂરવા ઈશ્વર બીજા કોઈ એક પ્રબોધકને પસંદ કરે છે.

શમુએલ: શમુએલ યાજકવર્ગના લેવી કુટુંબનો હતો. યાજક, ન્યાયાધીશ, પ્રબોધક અને ઈશ્વરના સંદેશવાહક તરીકે તેનું ગજબનું માન હતું અને લોકો પર તેનું ઘણું પ્રભુત્વ હતું. એમ કહી શકાય કે શમુએલથી પ્રબોધકોની શરૂઆત થઈ. આ એક નવો યુગ હતો જ્યારે ઈશ્વરે ચોક્કસ વ્યક્તિઓને તેમના સંદેશા ભવિષ્યવાણી તરીકે નીડરતાથી કહેવા નીમ્યા. શમુએલના સમયમાં જ પ્રબોધકોની મંડળીઓની શરૂઆત થઈ. આ મંડળીઓ અને તેમાંના પ્રબોધકોને તાલીમ આપતી શાળાઓની સ્થાપનામાં કદાચ શમુએલ સાધનરૂપ હતો. આ તાલીમશાળા શરૂમાં રામાહમાં અને પાછળથી બેથેલ, યરીખો, ગીલ્ગાલ અને કદાચ બીજી જગાઓએ ખોલવામાં આવી. શમુએલ અને પાછળથી એલિયા અને એલિશાએ આવી શાળાઓમાં નિયમો અને તેમનું અર્થઘટન શીખવ્યાં હશે.

શમુએલ બાળક હતો ત્યારથી ઈશ્વરની સેવા કરવા તેનું અર્પણ કરવામાં આવ્યું હતું. જ્યારે તે નાનો હતો ત્યારે ઈશ્વરે તેની સાથે દર્શન દ્વારા વાત કરી અને એલી યાજક સંબધીનો સંદેશો આપ્યો. એલીના કુટુંબ માટે આ સખત ભારે ન્યાય હતો; પરંતુ ઈશ્વરે શમુએલને તે સંદેશો એલીને જણાવવા જબરી હિંમત આપી. તે સમયે ઘણા ઓછા પ્રબોધકો હતા અને દર્શન તો હતું જ નહિ. યાજક વર્ગના આગેવાનો આમાં મદદરૂપ થતા નહિ. તેના પોતાના લોકોના છૂટકારા માટે શમુએલને ભારે બોજ હતો. તેની પોતાની ઈચ્છા ન હોય છતાં લોકોની માગણીના દબાણને લીધે રાજા આપવા બાબત તેણે સંમતિ આપી, પરંતુ એ શરતે કે જે વ્યક્તિ રાજા તરીકે પસંદ કરવામાં આવે તે યહોવાનો મનગમતો માણસ હોવો જોઈએ (૧ શમુ. ૧૩:૧૪). શમુએલની ઈચ્છા હતી કે આ રાજા ઈસ્ત્રાએલનાં ૧૨ કુળોને તેમની સ્વાતંત્ર્યની લડતમાં એક કરી શકશે.

તેના લોકો શમુએલને માન આપતા હતા, કારણકે તેઓએ જોયું કે તે જે ભવિષ્ય વચનો ઉચ્ચારે છે તે સાચાં પડે છે. તેઓને એવું લાગ્યું કે તે ઈશ્વરનો સાચો સેવક છે. તોપણ દુ:ખ સાથે નોંધવું પડે છે કે તેના પોતાના જ દીકરાઓ

ખરાબ રીતે વર્તતા હતા. આ કારણે શમુએલના દીકરાઓનો લોકોએ નકાર કર્યો અને તેઓએ રાજાની માગણી કરી (૧ શમુ. ૮:૧-૫) કે તે તેમને દોરે. આથી શમુએલે શાઉલનો રાજા તરીકે અભિષેક કર્યો. યહોવાના યાજક અને પ્રબોધક તરીકે તેણે લોકોને ચેતવણી આપી કે તેઓ મૂર્તિઓની પૂજા કરવાથી પાછા ફરે. તેણે પલિસ્તી લોકો પર વિજય મળે માટે તેમને પ્રોત્સાહન આપ્યું. એક ન્યાયાધીશ તરીકે તે લોકોના ઝઘડાની પતાવટ કરતો અને યાજક તરીકે ઈશ્વરની મદદ મળે માટે અર્પણો ચઢાવતો.

શાઉલને રાજા થયાને બહુ સમય થયો ન હતો એટલામાં તેણે યહોવાની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યુ અને તે બીનકાબેલ માલૂમ પડ્યો. શમુએલે ભવિષ્યવાણી ઉચ્ચારી કે ઈશ્વર શાઉલને રાજા તરીકે નકારશે. તે બાદ શમુએલ દાઉદનો રાજા તરીકે અભિષેક કરે છે (૧ શમુ. ૧૬:૧-૧૩).

<u>નાથાન:</u> અહીં આપણે એવા એક પ્રબોધકને જોઈએ છીએ જેને રાજાના આત્મિક સલાહકાર તરીકે તેડવામાં આવ્યો હતો. દાઉદની તીવ્ર ઇચ્છા હતી કે તે યહોવાનું મંદિર બાંધે, પરંતુ નાથાન પ્રબોધક તેને એથી વિરુધ્ધની સલાહ આપે છે. પાછળથી દાઉદ બાથશેબા સાથે વ્યભિચારના પાપમાં પડે છે. તે ઉપરાંત તેના પતિને લડાઈમાં મારી નંખાવે છે. આ સમયે નાથાન પોતાના જીવના જોખમે બહાદૂરીથી, આમંત્રણ ન મળ્યું હોવા છતાં દાઉદ રાજાની હજૂરમાં હાજર થઈ વેધક દૃષ્ટાંત કહી દાઉદને તેના ગંભીર પાપનું ભાન કરાવે છે. રાજાના પાપનો તિરસ્કાર કરી તેને ઠપકો આપવો તે સાચા પ્રબોધકનું કાર્ય હતું. તેણે ચપળતા અને હોશિયારીથી એવી રીતે રજૂઆત કરીકે રાજાને પોતાના પાપનું ભાન થાય છે અને તે પસ્તાવો કરે છે. તોપણ પાપ શિક્ષા લાવે છે. દાઉદના વ્યભિચારી સંબંધથી જન્મેલો દીકરો મૃત્યુ પામે છે (૨ શમુ. ૧૧-૧૨ આધ્યાય).

૧ રાજા ૧ થી ૨૨ અધ્યાયોમાં સામાન્ય ઓછા જાણીતા અને અનામી પ્રબોધકો વિષે કહેવામાં આવ્યું છે. શીલોની અહિયા બે નોંધપાત્ર ભવિષ્યવાણી ઉચ્ચારે છે. પ્રથમ એ હતી કે યરોબઆમ, સુલેમાન રાજાના એક અધિકારીનો દીકરો, ઈસ્ત્રાએલનાં દશ કુળો પર રાજ કરશે અને બીજી એ હતી કે જે અહિયા યરોબઆમની પત્નીને કહે છે કે તેમનો પુત્ર મૃત્યુ પામશે અને યરોબઆમનાં પાપોને કારણે રાજ્યના ભાગ પડશે.

અહિયાના સમયમાં જ બીજો એક પ્રબોધક, જેનું નામ શમાયા હતું તે થઈ ગયો. તેણે સુલેમાનના પુત્ર રહાબઆમને ચેતવણી આપી કે તે ઈસ્ત્રાએલના

કુટુંબ સાથે લડે નહિ (૧ રાજા. ૧૨:૨૨-૨૪).

બીજો એક પ્રબોધક જે જાણીતો ન હતો અને તેનું નામ પણ આપવામાં આવ્યું નથી તેનો ઉલ્લેખ ૧ રાજા ૧૩:૧-૩૩માં છે. તે યરોબઆમને તેના પાપ વિષે તથા તેણે જે મૂર્તિઓ માટે વેદી બાંધી હતી અને તેના લોકોને તે મૂર્તિઓની પૂજા કરવા ઉત્તેજન આપતો હતો, તે વિષે તેને મોઢામોઢ જણાવે છે. યહોવાએ યરોબઆમને શિક્ષા કરી અને તેનો હાથ સુકાઈ ગયો. આ વેદી ફાટી અને તેના પરની રાખ વેરાઈ ગઈ. પાછળથી જ્યારે પ્રબોધકે રાજાની વિનંતિથી પ્રાર્થના કરી ત્યારે યરોબઆમનો હાથ સાજો થઈ ગયો. આ પ્રબોધકની સચ્ચાઈ અને નિસ્વાર્થતા ત્યારે દેખાય છે જ્યારે તેણે રાજાના મહેમાન થઈ તેના ઘેર જવાની ના પાડી, કારણ કે તે રાજાની મહેરબાની અને તેનો અહેસાન પોતા પર ચઢાવવા માગતો ન હતો. તોપણ દુઃખ સાથે જણાવવું પડે છે કે પાછળથી એક જૂઠા પ્રબોધકે રાજાના ઘેર જઈ મહેમાન થવા દબાણ કર્યું ને તેને કહ્યું કે તેમાં કશું ખોટું નથી, પરંતુ ઈશ્વરે આજ્ઞાભંગને લીધે તેને શિક્ષા કરી.

યરોબઆમ પછી આવેલ રાજા બાઅશા મૂર્તિપૂજક હતો. તે સમયે હનાનીનો દીકરો યેહુ પ્રબોધક હતો. તેણે મૂર્તિપૂજાને કારણે બાઅશાને ઠપકો આપ્યો. વળી એક બીજો અનામી પ્રબોધક આહાબ રાજા અને એલિયાની સમયે જોવા મળે છે. તેણે ભવિષ્ય ભાખ્યું કે સિરિયાના લોકો સાથેની લડાઈમાં આહાબ જીત પામશે. મીખાયા નામનો પ્રબોધક પણ આહાબ રાજાના સમયમાં થઈ ગયો. ખૂબ જ વિરોધ વચ્ચે ઈશ્વરનાં સત્ય વચનો નિડરતાથી કહેવા માટે તે જાણીતો છે. ૪૦૦ જૂઠા પ્રબોધકોના વિરોધ વચ્ચે મીખાયા દૃઢ રહ્યો (૧ રાજા. ૨૨:૭:-૨૮). રાજા તરફથી તેને માન સંપાદન થાય છે. તોપણ જે ભવિષ્યવચનો તે રાજાને કહે છે તેનો રાજા અનાદર કરે છે જેને કારણે તેને માઠાં પરિણામ ભોગવવાં પડે છે.

એલિયાઃ આ સમયમાં એલિયા એક આગળ પડતો અને ઘણી સારી છાપ પાડતો પ્રબોધક હતો. આહાબ રાજાના સમયે તે થઈ ગયો (૧ રાજા. ૧૮મો અધ્યાય). માથ્થી અને માર્કની સુવાર્તાઓમાંથી જણાય છે કે કેટલાક લોકો ઈસુ ખ્રિસ્તને એલિયા સાથે સરખાવતા હતા અને માનતા હતા કે તે સજીવ થઈને આ પૃથ્વી પર ફરીથી આવ્યોછે. (માથ્થી. ૧૬:૧૪; માર્ક. ૬:૧૪). પ્રભુ ઈસુ પણ એલિયા વિશે કહે છે અને યોહાન બાપ્તિસ્મા કરનારને એલિયા સાથે સરખાવે છે (માથ્થી. ૧૧:૧૪; ૧૭:૧૨). આપણે જ્યારે એલિયા અને

યોહાને કરેલાં કાર્યોની નોંધ લઈએ છીએ ત્યારે આપણી અજાયબી સાથે તેઓની વચ્ચે જે કેટલીક સમાન બાબતો હતી તે વાંચવા મળે છે. એક જ જાતના આત્મા અને શક્તિ સાથે બન્નેનો અભિષેક કરવામાં આવ્યો હતો. બન્નેનું અરણ્યમાં તેમ જ સખત અને ખરબચડી જગાઓમાં એક સરખું સાદું જીવન હતું. બન્ને રાજાઓને તેમનાં પાપ વિષે કહેવા અને ઠપકો આપવા નીડર હતા. મરણ સુધી ન્યાયીપણાના ઉપદેશકો તરીકે તેઓ વિશ્વાસુ રહ્યા. બન્ને બરછટ વાળવાળાં ચામડાંનાં વસ્ત્રો પહેરતા હતા.

એલિયા તે બધા પ્રબોધકો કરતાં અનોખો હતો. તે એક આદર્શ પ્રબોધક હતો. આપણે તેને રૂપાંતરના પહાડ પર ઈસુ ખ્રિસ્ત અને મૂસા સાથે જોઈએ છીએ. મૂસા નિયમના પ્રતિનિધિ તરીકે અને એલિયા પ્રબોધકોના પ્રતિનિધિ તરીકે ત્યાં જોવા મળે છે. યાકૂબ તેના પત્રોમાં જણાવે છે કે એલિયા સ્વભાવે આપણા જેવો માણસ હતો, તોપણ તેને જીવતા પ્રભુ પર અને પ્રાર્થના પર એટલો બધો વિશ્વાસ હતો કે ઘણી વખતે તેણે પોતાનું જીવન હોડમાં મૂક્યું હતું.

યરદન નદીની પૂર્વ દિશામાં આવેલા ગિલઆદના તિશ્બીનો તે રહીશ હતો. તે એક અજાણી, અપ્રસિધ્ધ અને અણઘડ જાતિનો હતો. ગિલઆદના ખરબચડા ગાઢ જંગલવાળા પહાડો જે સુમસામ ઝરણાં, ખીણો અને જંગલી જનાવરોથી ભરપૂર હતાં તેવી જગાના લોકોમાં તે રહેતો હતો. આ પ્રમાણે જંગલી પ્રદેશની કઠીનતામાં તે ઉછરેલો અને તેનાથી ટેવાયેલો હતો.

એલિયાના સમયમાં બઆલની ભક્તિ અને યહોવાની ભક્તિ એવાં એકબીજા સાથે ભળી ગયાં હતાં કે તેમને છૂટાં પાડી શકાય તેમ ન હતું. જન્મ અને મરણનાં રહસ્યો માણસ માટે હંમેશ ઈંતેજારીનો વિષય રહ્યાંછે. ઇસ્ત્રાએલી લોકો એમ માનતા હતા કે ખેતરોની અને પશુઓની ફળદ્રુપતાનો આધાર માણસના ધાર્મિક વિધિઓ તથા ક્રિયાકાંડો પર હતો. બઆલની પૂજા કરતા લોકોની માન્યતા પ્રમાણે દર વર્ષે જયારે વનસ્પતિ સુકાઈ જાય ત્યારે તેમનો પુરુષ દેવ મૃત્યુ પામે છે. ભૂગર્ભના લોકો તેના માટે શોક કરતાં, પરંતુ વસંત ઋતુ આવતાં તે દેવ ફરીથી લગ્ન કરતો અને નવી વનસ્પતિ ઉગતી. આ લોકોનું એક કહેવાતું પવિત્ર કાર્ય ખાનગી વેશ્યાપણું હતું, જે નવાઈ લાગે તેવી બાબત નથી.

ઈસ્ત્રાએલનો રાજા આહાબ અને તેની સ્ત્રી ઇઝેબેલ મૂર્તિપૂજાને ઉત્તેજન આપનારાં હતાં. ઈઝેબેલ સીદોનના રાજાની દીકરી હતી. તે આશતોરેથને

ભજનારી હતી અને આહાબે સમરૂનમાં તેના માટે એક મંદિર પણ બાંધ્યું હતું. તે સ્ત્રી ઈસ્ત્રાએલના ઈશ્વર યહોવાને સહન કરી શકતી ન હતી! પહેલી વાત એ કે યહોવા તે એવા ઈશ્વર છે જેમની મૂર્તિ હોતી નથી. બીજું કે સ્વતંત્રતા અને મોજશોખની જગાએ આ ઈશ્વર વિશ્વાસુપણું અને આજ્ઞાધિનતા માગતા હતા. તે ઉપરાંત યહોવા ન્યાયના ઈશ્વર હોવાથી સામાન્ય લોકો પાસેથી અને એ જ રીતે રાજાઓ પાસેથી સારી વર્તણૂંકની અપેક્ષા રાખતા હતા. નાબોથે પોતાની દ્રાક્ષાવાડી વેચવાની ના પાડી અને જ્યારે આહાબ રાજા ઘણો નિરાશ થઈ ગયો ત્યારે ઇઝેબેલ તેના એવા વર્તન માટે ધૂવાંપૂવાં થઈ જાય છે.

ઇઝેબેલ આહાબને કહેછે, શું તું રાજા નથી? મારા બાપ સિદોનના રાજા હતા અને તે રાજાના દૈવી હકમાં માનતા હતા. જો તારે દ્રાક્ષાવાડી જોઈતી હોય તો હકથી લઈ લે અને તેની કિંમત પણ ચૂકવીશ નહિ. શું તું નાબોથની વાડી પૈસા આપીને પણ લઈ શકતો નથી? તું કેવા પ્રકારનો રાજા છે? (કાલ્પનિક વાર્તાલાપ, પરંતુ ૧ રાજા ૨૧:૭ આધારિત).

ઇઝેબેલે યહોવાના ઘણા પ્રબોધકોને મારી નંખાવ્યા. કેટલાક પ્રબોધકો ગૂફાઓમાં સંતાઈ ગયા. બઆલના નામે ઊંચા સ્થળોએ વેદીઓ બાંધવામાં આવી. મૂર્તિપૂજાને કારણે બીજાં ઘણાં પાપો જેવાં કે વ્યભિચાર અને વેશ્યાગીરી શરૂ થયાં. જાતીય સંબંધો રાખી મંદિરોમાં વેશ્યાપ્રવૃત્તિ શરૂ કરી. આ રીતે બઆલની કૃપા હાંસલ કરી શકાયછે અને તે તેમનું અનાજ પકવે છે, જેથી દેશ ફળદ્રુપ થાય છે એવું આ લોકો ઇસ્ત્રાએલીઓને મનાવતા હતા.

એલિયાના સમયમાં આવું વાતાવરણ પ્રવર્તતું હતું. ઈશ્વરના નિયમોને બાજુ પર રાખી લોકો પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે, લોભ રાખે અને અન્યાય આચરે ત્યારે જેમ સાચા પ્રબોધકો કરે તેમ એલિયા પણ વિશ્વાસુપણે ઈશ્વરનાં વચનો પ્રગટ કરે છે. તે એ જાણતો હતો કે ઇઝેબેલે સેંકડો પ્રબોધકોને મારી નંખાવ્યા હતા. તોપણ એલિયા જીવના જોખમે બહાદૂરીથી આહાબ રાજાને આવનાર ભારે દુકાળ વિષે ચેતવણી આપવા જાય છે. ઈશ્વરે તેને કોઈ પ્રકારનું દર્શન અથવા ચેતવણી આપ્યાં હોય જેનાથી તેનામાં આત્મવિશ્વાસ ઉત્પન્ન થયો હોય. સાચા પ્રબોધકની અદાથી તે ઓચિંતો, વણનોતર્યો અને જીવતા ઈશ્વરના અધિકાર સાથે જે ભારે કટોકટી આવવાની છે તે જાહેર કરવા આહાબ રાજા પાસે પહોંચી જાય છે. તેણે જઈને ઈશ્વરે જે અધિકાર તેને આપ્યો હતો તે આ શબ્દોમાં જણાવે છે. ''ઇસ્ત્રાએલના પ્રભુ યહોવા જેમની સંમુખ હું ઊભો છું'' (૧ રાજા. ૧૭:૧). એલિયાને ઈશ્વરનું આ કાર્ય કરવા તદ્દન સ્પષ્ટ તેડું મળે

છે; પરંતુ સામાન્ય મનુષ્યને બીક લાગે તેમ તેને પણ લાગે છે. તે જાણતો હતો કે તેનો જીવ જોખમમાં છે તેથી તે ત્યાંથી નાસી છૂટી સંતાઈ જાય છે.

ઇઝેબેલના ક્રોધને કારણે જેમ બીજા પ્રબોધકોને મારી નાખવામાં આવ્યા હતા તેમ તેની બાબતમાં થાય તેવું તે ઇચ્છતો ન હતો. તે કરીથ નાળું જે યરદનની પૂર્વમાં આવેલું હતું ત્યાં આરામ કરે છે અને જ્યારે નાળાનું પાણી સુકાઈ ગયું ત્યારે તે ઈશ્વરની દોરવણી મુજબ સારફાથ જાય છે. અહીં એક વિધવા બાઈએ તેની સંભાળ લીધી. આ વિધવા બાઈને એલિયાની હાજરીથી ઉત્તેજન મળ્યું. તે અને તેનો દીકરો તેમના વિશ્વાસને કારણે ભૂખમરાથી બચી ગયાં. એક સમયે એલિયા માટે કાગડા ખોરાક લાવતા હતા. આ પ્રમાણે ભૂખમરામાં સપડાયેલી વિધવા બાઈ અને કાગડાઓએ દુકાળનાં ભયાનક વર્ષોમાં એલિયાને જીવતો રાખ્યો. પેલી વિધવા બાઈના મૃત્યુ પામેલા દીકરાને સજીવ કરીને એલિયાએ બીજો ચમત્કાર કર્યો (૧ રાજા. ૧૭:૨૨).

જ્યારે પ્રભુનું વચન ફરીથી એલિયા પાસે આવે છે ત્યારે તે સમરૂનમાં જાય છે. તેણે હિંમતથી ઈશ્વરની આજ્ઞા માની અને ક્રોધાયમાન રાજા આહાબ, જેણે તેને ઘણા મહિનાઓ સુધી શોધ્યો હતો તેની પાસે તે ગયો. આ પછી કાર્મેલ પહાડ પર જે હરિફાઈ થઈ હતી તે નાટ્યાત્મક બનાવની વિગત આવે છે (૧ રાજા. ૧૮:૨૦). આ સ્થળે એલિયા ચમત્કારિક રીતે ઈશ્વરની શક્તિનું દર્શન કરાવે છે. કેવી રીતે તે બઆલના પ્રબોધકોની મશ્કરી કરે છે અને તેઓ પ્રાર્થના સાથે પોતાનાં શરીરો હથિયારોથી ઘાયલ કરે છે તે આપણે જોઈએ છીએ. તેમના પછી એલિયાનો વારો આવ્યો, જેણે ઈશ્વરની શક્તિ વડે વિજય મેળવી પરચો કરાવ્યો. તેણે વેદીની આજુબાજુ ખાઈઓ ખોદાવી અને બલિદાન તથા વેદીને પૂરેપૂરી પાણીથી ભરી. બીજાને અશક્ય લાગે એવી બાબત ઈશ્વરે કરી અને ઉપરથી અગ્નિએ પડીને સર્વ ભસ્મ કર્યું. તેને તો શંકા વગર ખાતરી હતી કે ઈશ્વર તેની પ્રાર્થનાનો જવાબ આપશે.

અહીં એલિયા શું સાબિત કરવા માગતો હતો? તે પૂરવાર કરવા માગતો હતો કે પ્રભુ શક્તિશાળી ઈશ્વર છે, એટલું જ નહિ પરંતુ તેઓ આકાશો, વરસાદ, તોફાનો અને પૃથ્વીના પણ પ્રભુ છે. ઈસ્રાએલના પ્રભુ યહોવા એકલા જ તોફાન સર્જાવી શકે છે અને વરસાદ લાવી અનાજ પકવીને જમીન ફળદ્રુપ કરે છે. બઆલ અનાજ ઊગાડી જમીન ફળદ્રુપ કરે છે તે માન્યતા ખોટી હોવાનું એલિયા સાબિત કરે છે. લોકોએ વિશ્વાસથી તેનો પ્રત્યુત્તર આપ્યો અને ત્યાં મોટી જીત થઈ. પરંતુ આ જીતની અસર કામચલાઉ હતી, કારણ કે થોડા જ

સમય બાદ લોકો મૂર્તિપૂજા અને બઆલની ભક્તિ તરફ પાછા વળ્યા. બેબિલોનના બંદીવાસ પછી જ હિબ્રૂઓએ બઆલની પૂજા કરવી મૂકી દીધી. એલિયા પોતાના જીવના બચાવ માટે ફરીથી ઇઝેબેલની કરડી નજરથી ગભરાઈ જાય છે અને તે સિનાઈ પહાડ, જે કાર્મેલ પર્વત કરતાં ઘણો દૂર હતો ત્યાં નાસી જાયછે. એલિયાને પૂરેપૂરી ખાતરી ન હતી કે લોકો ઈશ્વરને વિશ્વાસુ રહેશે. તેને બીક હતી કે તેઓ, વિશેષ કરીને ઇઝેબેલની ઈશ્વરની મશ્કરી પછી મૂર્તિપૂજામાં પડી જશે. આથી એલિયાને એકલવાયાપણું લાગે છે અને તે નિરાશ થઈ જાય છે.

તેણે ઈશ્વરની શક્તિ અને તેમના વિજય માટે ફરીથી ખાતરી માગી. એ શક્ય છે કે તેને મોટો હોરેબ પર્વત, જેને ઈશ્વરનો પર્વત કહેવામાં આવે છે તે યાદ આવ્યો હોય જ્યાં મૂસાને યહોવાએ નિયમો આપ્યા હતા. આ એ જ જગા હતી જ્યાંથી ઈશ્વરે ગર્જના, વીજળી, ધૂમાડો અને અગ્નિ દ્વારા ઉતરી મૂસાને પોતાની ઓળખ આપી હતી (નિર્ગ. ૧૯:૧૬-૧૮). એલિયાએ આવું જ કાંઈ પોતાના માટે થાય એવી આશા રાખી હશે. તોપણ જેમ મૂસા સાથે ઈશ્વર આશ્ચર્યકારક રીતે બોલ્યા હતા તેમ કરવાને બદલે ઈશ્વરે એલિયા સાથે કોમળ ઝીણા સાદ મારફતે બોલવાનું પસંદ કર્યુ. આ પ્રમાણે એલિયાને ખાતરી થઈ કે ઈશ્વર તેમનું સામર્થ્ય અને અધિકાર ફક્ત કુદરતી આશ્ચર્યજનક કૃત્યો દ્વારા જ નહી, પરંતુ ગૂફાની શાંતિમાં હિંમત, દિલાસો અને રક્ષણ પૂરાં પાડે છે.

ઈતિહાસના આ સમયે યહોવા વિષે જે જૂનો ખ્યાલ હતો તે અને જે નવો ખ્યાલ ઉપસી રહ્યો હતો ત્યાં આવીને આપણે ઊભા છીએ. ઈશ્વરે એલિયાને પવન, અગ્નિ અને ધરતીકંપનો પરચો તો કરાવ્યો હતો, પરંતુ હવે તેઓ એક કોમળ ઝીણા સાદ મારફતે તેની પાસે આવે છે. ફક્ત આશ્ચર્યજનક રીતે જ ઈશ્વરની હાજરી અમુક જગા પૂરતી કોઈ પર્વત ઉપર અથવા બલિદાન દ્વારા જ હંમેશા અનુભવાતી નથી. યહોવા એવા ઈશ્વર છે જે તેમના લોકો પાસે તેમણે કરેલા ખાસ કરાર અને વ્યક્તિગત સંબંધને કારણે નૈતિકતાની આશા રાખે છે. આથી એમ કહી શકાય કે ઈ.સ. પૂ. ૮મી સદીમાં અને ત્યાર પછીના સમયમાં થયેલા બીજા પ્રબોધકો જેમણે તેમના સમયની નૈતિક બાબતો અંગે પ્રબોધ કર્યો, તેમનો એલિયા પુરોગામી હતો.

એલિયાને આ પ્રમાણે આશ્વાસન મળેછે અને સમરૂન પાછા જવા તેનામાં હિંમત આવે છે. અહીં તે એક બીજા રાજાનો અભિષેક કરે છે. નાબોથને મારી નાખ્યા પછી રાજાએ તેની વાડી લઈ લીધી હતી. આહાબમાં જે લોભ અને

ખૂનનું પાપ હતું તે જણાવવા એલિયા બીજી વખતે હિંમતથી રાજા પાસે આવે છે. ઈઝેબેલ એ માનતી હતી કે રાજા કોઈ પણ વ્યક્તિની મિલકત તેના સાચા માલિકની છે કે નહિ તે જોયા સિવાય તેના દૈવી અધિકારથી લઈ શકે છે. દ્રાક્ષાવાડીનો માલિક નાબોથ તેને કાયદા પ્રમાણે વારસામાં મળેલી દ્રાક્ષાવાડી રાજાને ન આપે તે તેનો હક હતો (ગણના. ૩૬:૭-૯). એલિયાએ ભવિષ્ય ભાખ્યું કે આહાબના રાજ્યનો અંત તેના ભયંકર મૃત્યુથી આવશે. ફરીથી આહાબના દીકરા અહાઝયાને એલિયાએ કહ્યું કે, તેના મૂર્તિપૂજાના પાપને કારણે તે મૃત્યુ પામશે.

એલિયા વિવિધતાભર્યું જીવન જીવ્યો હતો. તેને જોખમો, બીકો, આશ્ચર્યજનક બનાવો, અને નિરાશાઓનો સામનો કરવો પડ્યો હતો. અને સૌથી છેલ્લે અજાયબ રીતે તેની કારકિર્દી પૂરી થયેલી આપણે જોઈએ છીએ. ઈશ્વરે બદલારૂપ તેને સ્વર્ગમાં લઈ જવા અગ્નિરથ મોકલ્યો (૨ રાજા. ૨:૧-૧૨).

એલિશાઃ એલિશા એક ખેડૂત હતો. ઈશ્વરે તેને ખેતીનું કામ મૂકી દઈને એલિયાના અનુયાયી થવા તેડ્યો. ઈશ્વરના સેવક થવાનો નિર્ણય તેણે તેના કુટુંબને કહ્યો અને એક બળદનું બલિદાન ચઢાવી તેના નિર્ણયને જાહેર કર્યો.

એલિયાએ નિયમ અને ન્યાય વિષે લોકોને શીખવ્યું હતું. એલીશાએ અનુકંપા, ઉધ્ધાર અને ઈશ્વરની કૃપા વિષે લોકોને દોરવણી આપી. એલિયામાં જે દૈવી શક્તિ હતી તેનો બમણો હિસ્સો એલિશાને મળ્યો હતો, અને ઈશ્વરના એ સામર્થ્ય વડે તેણે ઘણા ચમત્કાર કર્યા હતા. એલિયા અરણ્યમાં રહેનાર વ્યકિત હતો અને તેણે તેનું જીવન એકલવાયું ગાળ્યું હતું. એલિશાને તેના લોકો મધ્યે રહેવાનું ગમતું હતું. લોકો તેને સન્માનપૂર્વક ચાહતા હતા. તે કુટુંબવાળો હતો અને ખેતરમાં કાર્ય કરવાનું તેને ગમતું હતું. સાથી ખેડૂતોના સહકારથી તે કાર્ય કરતો હતો. એલિયા અરણ્યનો ખરબચડો માણસ હતો. તે ચામડાંનાં વસ્ત્રો અને બરછટ ઝભ્ભો પહેરતો હતો. એલિશા પડકાર આપનાર, પ્રભાવશાળી હતો, જો કે માથે બોડો હતો. એલિયા ખોટાનો નકાર કરનાર અને તેને પડકાર આપનાર હતો. તે હિંસાના જમાનામાં જીવ્યો હતો, જેને કારણે તેનો જીવ જોખમમાં રહેતો હતો. તો એલિશા સમજાવનાર, શિક્ષક અને આત્માઓ જીતનાર હતો.

એલિયા રાજાઓની ટીકા કરતો અને તેમને ઠપકો પણ આપતો હતો. એલિશા જાણે રાજ્યનો રાજકુંવર હતો. તે રાજાઓનો મિત્ર હતો અને રાજમહેલમાં તેનાં વખાણ થતાં હતાં. એલિયામાં આગ જેવું સળગતું વ્યક્તિત્વ, ઝડપથી કાર્ય કરવાની તમન્ના અને પ્રખર તાકાત હતાં. એલિશા જરા નરમ અને સહાનુભૂતિ ધરાવનાર, સૂઝવાળો અને સીધોસાદો માણસ હતો. એલિયા નાટકીય ઢબે અને ઝડપથી દેખા દેતો હતો. એલિશા તેના લોકોમાં નિયમિત આવતો જતો હતો. આ રીતે બન્ને વચ્ચે વ્યક્તિત્વનો મોટો તફાવત હોવા છતાં એલિશા તેના ગુરૂ એલિયાનો વિશ્વાસુ શિષ્ય હતો. એલિયા જ્યારે આખરના દિવસોમાં પૃથ્વી પરથી જવાનો હતો ત્યારે બન્નેના ગાઢ સંબંધોને કારણે એલિશા વિશ્વાસથી કહે છે, ''કૃપા કરીને તારા આત્માનો બમણો હિસ્સો મને આપ". એલિશાના જીવન દરમિયાન ચાર રાજાઓ થઈ ગયા અને તેણે પ્રબોધક તરીકે ૫૦ વર્ષ સેવા કરી.

એલિશાના ચમત્કારો લોકોની નિત્યની જરૂરિયાતોને સ્પર્શતા હતા. તે કોઈ જરૂરિયાત જોતો અને તેને પૂરી પાડતો. ખારા પાણીને પીવાલાયક મીઠું પાણી એક નવા કોડિયામાં મીઠું નાખી બનાવ્યું. એક વિધવા બાઈનું દેવું ચૂકવવા તેને મદદરૂપ થયો અને પાડોશી પાસેથી ખાલી વાસણો માગી લાવવા કહ્યું. તે પછી બાઈ પાસે જે થોડું તેલ હતું તે આ વાસણોમાં નાખવા કહ્યું. તેલ તો પડ્યા જ કરતું હતું. અને તે તેલ વેચીને લેણદારોનું દેવું બાઈએ ભર્યું. એલિશાએ જે ખોરાક ખાઈ શકાય નહિ એવો હતો તેને આટો નાખીને સ્વાદીષ્ટ બનાવ્યો. થોડા જ ખોરાકમાંથી ઈશ્વરે તેને એકસો માણસો જમી શકે અને વધે એટલો ખોરાક પૂરો પાડ્યો. એક લાકડાં કાપનારની લોખંડની કુહાડી પાણીમાં પડી ગઈ હતી તે પાછી મેળવવા ઈશ્વરે તેને શક્તિ આપી. શૂનેમની એક સ્ત્રીને એલિશા માટે એટલું બધું માન હતું કે તેણે તેને માટે એક ઓરડી બનાવી હતી અને તેમાં જરૂરી સગવડ જેવી કે પલંગ, મેજ અને દીવી મૂક્યાં હતાં. તે પછી જ્યારે તે બાઈનો દીકરો મૃત્યુ પામ્યો ત્યારે એલિશાએ તેને જીવતો કર્યો હતો. નાઅમાન નામે એક સિરિયન સેનાપતિ જેને કોઢનો રોગ હતો તેને એલિશાએ સાજો કર્યો અને નાઅમાન યહોવા પર વિશ્વાસ રાખતો થયો.

તેના પુરોગામી એલિયાની પાસે રાજાઓ સલાહ માટે આવતા હતા અને તે ઈશ્વરનાં વચનો તેઓને કહેતો હતો. એલિશાએ પણ એ જ પ્રમાણે કર્યું. તેણે ઈસ્ત્રાએલ તથા યહૂદાહના રાજાઓને ભવિષ્ય ભાખી જણાવ્યું કે લડાઈમાં

મોઆબીઓ હારશે. એલિયાની જેમ એલિશાએ પણ પ્રબોધવાણી ઉચ્ચારી કે એક ભારે દુકાળ પડશે, જે સાત વર્ષ સુધી ચાલશે. સિરિયાના લોકોએ એલિશા પર હૂમલો કર્યો ત્યારે ઈશ્વરે દૈવી ઘોડા અને રથોથી તેનો બચાવ કર્યો. આ પ્રમાણે તેના વિશ્વાસનો બદલો મળ્યો. જ્યારે તે મરણપથારીએ હતો ત્યારે તેણે મોઆબને ભવિષ્યવચન કહ્યું કે તેઓ સિરિયાના લશ્કરને હરાવશે. એલિશા અંગે જે બાબતોની નોંધ લેવામાં આવી છે તે ૨ રાજા ૨ થી ૧૩ અધ્યાયોમાં મળી આવે છે.

# પ્રકરણ ૭: ઈ.સ. પૂ. ૮ મી સદીના પ્રબોધકો

ઈ.સ. પૂ. ૮ મી સદીમાં જ્યારે ઉઝિઝયા રાજા ઈસ્ત્રાએલ પર રાજ કરતો હતો ત્યારે ઈસ્ત્રાએલ અને યહૂદિયાનાં રાજ્યો ઘણા મજબૂત અને પ્રગતિમાન થયાં હતાં. તેમની આજુબાજુ જે બીજી જાતિઓ અને નાનાં રાજ્યો હતાં, તેઓ પર તેમણે કાબૂ મેળવ્યો હતો. બન્ને રાજ્યોએ લગભગ ૫૦ વર્ષ કે તેથી વધુ વર્ષો શાંતિ અને આબાદીમાં ગાળ્યા હતાં. લોકો હવે માનવા લાગ્યા હતા કે ઈશ્વર તેમના પર રાજીછે, તેથી તેમને સંપત્તિ અને શક્તિથી આશીર્વાદિત કર્યા છે.

ઈ.સ. પૂ.૮મી સદીમાં ઉત્તરમાં આવેલું આશ્શૂર તેની તાકાતમાં વધતું જતું હતું, જ્યારે ઈસ્ત્રાએલ લશ્કરી રીતે નબળુ પડયું હતું. આ સદીના મહાન પ્રબોધકો, જેવા કે આમોસ, હોશિયા, અને યશાયાએ જોયું કે ઈશ્વર પોતાના લોકોને શિક્ષા કરવા આશ્શૂરીઓને એક સાધન તરીકે વાપરવાના હતા. આ સમય ભવિષ્યવાણી કહેવાનો અને સખત શબ્દોમાં ઉપદેશ કરવાનો હતો. ઉપદેશનો ઉદ્દેશ ઈસ્ત્રાએલ પર આવનાર ઈશ્વરના ન્યાયનો હતો.

બીજાં રાજ્યોને હરાવી આશ્શૂરીઓ છેવટે ઉત્તરના રાજ્ય ઈસ્ત્રાએલને ખંડિયું રાજ્ય બનાવે છે. અને તેને નાશ પામેલી સ્થિતિમાં રહેવા દે છે. તેઓએ સમરૂન જીતી લીધું અને તેના કેટલાક આગેવાનોને બંદીવાસમાં લઈ ગયા. આ રીતે ઉત્તરમાં આ વેળા ઈસ્ત્રાએલ રાજ્યનો અંત આવી રહ્યો હતો. કારણ કે બંદીવાસમાં ગયેલાંએ આંતરજાતીય લગ્નો કર્યા અને એ રીતે એક પ્રજા તરીકેનું આગવું વ્યક્તિત્વ તેમણે ગુમાવ્યું. આશ્શૂરના રાજાઓએ આશ્શૂરીઓને ઈસ્ત્રાએલમાં રહેવા મોકલ્યા અને તેમણે જ પાછળ બાકી રહી ગયેલા ઈસ્ત્રાએલીઓ હતા તેમની સાથે લગ્નો કર્યા. આશ્શૂરીઓ તેમની સાથે તેમના દેવો લાવ્યા હતા. જો કે ઈસ્ત્રાએલીઓએ તેમને યહોવાની ભક્તિ કરવાનું શીખવ્યું, તોપણ તેમનો ધર્મ ખીચડી જેવો થઈ ગયો હતો. આ લોકો પાછળથી સમરૂનીઓ તરીકે ઓળખાયા.

તે પછી આશ્શૂરે દક્ષિણના યહૂદિયાના રાજ્યને વશ કર્યું. તેણે બળજબરીથી યહૂદિયાના રાજા પર દબાણ કરી તેમના દેવ આશ્શૂરની ખાસ વેદી યરુશાલેમમાં સ્થાપી અને આશ્શૂરીઓ જે રીતે ભક્તિ કરતા હતા તેમ કરવા કહ્યું.

૮મી સદીના પ્રબોધકો એ માનતા હતા કે પોતાના લોકોને શિક્ષા કરવા ઈશ્વર આશ્શૂરીઓને વાપરે છે (યશા. ૭:૧૭-૨૦). જો કે બાહ્ય રીતે આશ્શૂરીઓને એવું લાગતું ન હતું (યશા. ૧૦:૫-૧૨) જ્યારે આશ્શૂરીઓ પોતાની જીત માટે અભિમાન કરવા લાગ્યા અને ઈશ્વરે વિચાર્યું હતું તે કરતાં વધારે જુલમ કરવા લાગ્યા ત્યારે પ્રબોધકે જાહેર કર્યું કે આખરે યહોવા તેમને પણ શિક્ષા કરશે, તેનું કારણ ઈશ્વર પોતાનો હેતુ પૂર્ણ કરે છે, અને મનુષ્યના ઈતિહાસને પોતાના કાબૂમાં રાખે છે. આશ્શૂરીઓને શા માટે ઈશ્વર જીત અપાવતા હતા તે વિષે પ્રબોધકો સ્પષ્ટ રીતે લોકોને જણાવતા હતા. ઈશ્વરે તેમના લોકોને કેવી રીતે ન્યાયી જીવન જીવવું તે બતાવ્યું હતું, પરંતુ તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરી તેમણે ભૂંડાઈ આચરી. તેમણે ઈશ્વરની ઈચ્છા નકારી હોવાથી તેમના રક્ષણની ખાતરીનો હક તેમણે ગુમાવ્યો હતો. ભક્તિ કરવાની બાબતમાં, ઈશ્વરને વિશ્વાસુ રહેવામાં અને સામાજિક ન્યાયમાં ઈશ્વરના લોક નિષ્ફળ ગયા હતા. પોતાના માનવસંબંધોમાં જો તેઓ યોગ્ય વ્યવહાર ન કરે તો ઈશ્વર તેમની ભક્તિ કેવી રીતે સ્વીકારે? અને આશ્શૂરીઓ જેવાં વિધર્મી ક્રિયાકાંડો જે તેમણે સ્વીકારી લીધાં હતાં તે ઈશ્વર કેવી રીતે માન્ય રાખે? પ્રબોધકોએ લોકોનાં અભિમાન, ઘમંડ, સ્વીર્થીપણું અને લોભ વિષે પોકારી પોકારી કહ્યું.

ઈસ્ત્રાએલીઓને જ્યારે લાગ્યું કે ઈશ્વર તેમનું રક્ષણ નહિ કરે ત્યારે તેઓ ઈશ્વરથી દૂર જઈને બીજેથી એટલે કે આશ્શૂરીઓ અથવા તો ઈજિપ્ત પાસેથી મદદ મેળવવા પ્રયત્નો કરવા લાગ્યા. યશાયાએ પોતાના લોકો બીજી પ્રજાઓ સાથે સંબંધ રાખતા હોવાથી તેમને સખત રીતે ચેતવ્યા. તેણે આહાઝ રાજાને ચેતવણી આપી કે તેણે આશ્શૂર અથવા ઈજિપ્તની મદદ લેવી નહિ. ઈશ્વર પર વિશ્વાસ રાખવો એ એક જ તેમની આશા હતી. ઈશ્વર તેમનો ન્યાય પોતાની રીતે જ કરશે (યશા. ૭:૧૯; ૨૬:૩, ૪).

જો કે યશાયાએ ઈસ્ત્રાએલ માટે ભારે શિક્ષાની ભવિષ્યવાણી કરી હતી અને ઈશ્વર પણ જાણે તેમનો ભારે નાશ થવા દેવા માગતા હતા, તોપણ યશાયાને એ ખાતરી હતી કે ઈશ્વર સંપૂર્ણ રીતે ઈસ્ત્રાએલીઓનો નાશ કરશે નહિ. તેને આશા હતી કે યહોવા પોતાના લોકોમાં જેઓ ન્યાયી શેષ જેવા હતા તેઓને બચાવશે (યશા. ૧૦:૨૦; ૧૧:૧૧, ૧૨). આથી જ બચેલા થોડા વિષેનો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો. યશાયાના એક દીકરાનું નામ શઆર-યાશૂબ હતું (જેનો શબ્દશઃ અર્થ છે, ‘‘બચેલા થોડા પાછા આવશે’’). આમોસ અહીંતહીં બચી ગયેલા એક પગ વિષે અને સિંહના મોંમાંથી છોડાવેલ કાનના ટુકડા વિષે

જણાવે છે (આમો. ૩:૧૨). આ પ્રમાણે ઈસ્ત્રાએલમાં જે શેષ હશે તેમને ઈશ્વર છોડાવશે. શેષ વિષે બીજી જગાએ પણ જોવા મળે છે (યશા. ૧:૨૪-૨૮; ૯:૨-૭; ૧૧:૧૧, ૧૬; ૩૭:૩૧-૩૨; ૪૬:૩; આમો. ૫:૧૫; ૯:૮, ૧૧, ૧૨; મીખા. ૨:૧૨; ૪:૭, ૧૨; યર્મિ. ૨૩:૩; ૩૧:૭; ૪૦:૧૧; હઝ. ૬:૮; ૧૧:૧૬, ૧૭; યોએ. ૨:૩૨; સફા. ૨:૭-૯; ઝખા. ૮:૬-૮, ૧૨).

ઈસ્ત્રાએલના દુશ્મનો સામે લડવા આશ્શૂરની મદદ ન લેવા યશાયાએ યહૂદિયાના રાજાને વિનંતી કરી હતી ત્યારે તેઓએ તેની ચેતવણી ધ્યાનમાં લીધી નહિ. આથી યશાયાને લાગ્યું કે તેની ભવિષ્યવાણી અને શિક્ષણ લખાણમાં મૂકવાં જોઈએ. જાહેરમાં ઉપદેશ આપવાનું તેણે કદાચ બંધ કર્યું હશે. તેણે તેના અનુયાયીઓને શિક્ષણ આપવા પોતાની પાસે ભેગા કર્યાં. તેઓએ યશાયાના શિક્ષણને લખી લીધું અને તેના પર મહોર મારી. આ પ્રમાણે શિષ્યોએ ચોક્કસપણે યશાયાનું શિક્ષણ અને ભવિષ્યવાણી આવતી પેઢીઓની પેઢી સુધી સચવાઈ રહે એવું કર્યું. તેણે જે ન્યાયી શેષ વિષે કહ્યું હતું તે આ શિષ્યો શેષરૂપ બી તરીકે હતા. ઘણા વર્ષો પછી જ્યારે હિઝકીયા રાજાને તેણે કહ્યું કે તે આશ્શૂરીઓ સામે ઈજિપ્તની મદદ લે નહિ. પરંતુ તેને સમજાવવામાં તે નિષ્ફળ ગયો હતો. આથી યશાયાને તેની ભવિષ્યવાણી લખાણમાં મૂકવી પડી હતી (યશા. ૩૦:૮). તે ઈ.સ. પૂ. ૮મી સદીનો સમય હતો જ્યારે પહેલીવાર પ્રબોધકોએ તેમના ઉપદેશ અને ભવિષ્યવાણી લેખિત સ્વરૂપમાં મૂક્યાં. કેટલાંક લખાણો પ્રબોધકોએ પોતે લખેલાં તો કેટલાંક તેમના લહિયાઓએ અથવા શિષ્યોએ લખ્યાં હતાં.

આઠમી સદીના પ્રબોધકોના સમયથી શરૂ કરીને પ્રબોધકોના શિક્ષણ અને ભવિષ્યવાણીમાં એક ખાસ પ્રકારનો ફેરફાર જોવા મળે છે. શરૂના જે પ્રબોધકો થઈ ગયા તેઓ સ્પષ્ટ રીતે એકલા યહોવાની ભક્તિ પર વધુ ભાર મૂકતા હતા અને મૂર્તિપૂજાના તેઓ ભારે વિરોધી હતા. હવે ઈ.સ. પૂ. આઠમી સદી પછીના પ્રબોધકોએ ઈસ્ત્રાએલીઓમાં જે નૈતિક તથા સામાજિક દૂષણો લોકોમાં ઘૂસી ગયાં હતાં તે તેમની મૂર્તિપૂજાને કારણે હતાં એ વાત પર ભાર મૂક્યો. મૂર્તિપૂજાના રીતરિવાજો લોકોને પાપ તરફ અને પરિણામે નૈતિક જીવનના નાશ તરફ દોરી જતા હતા. આને કારણે આવેલાં ઘણા દૂષણોમાંનું એક તે વેશ્યાવૃત્તિનું દેખીતું પાપ હતું. જેઓ આ વિધર્મી વેશ્યાઓ પાસે જતા હતા અને તેઓનાં બાળકોને આ પાપમાં પાડી ખરાબ નમૂનો આપતા હતા તેમને હોશિયા પ્રબોધકે સખત ઠપકો આપ્યો હતો.

આ સદીના પ્રબોધકો જેવા કે યશાયા, હોશિયા, આમોસ અને મીખાહ જે પાપો લોકો ખાનગીમાં તેમનાં ઘરોમાં આચરતા હતા અને આખા સમાજમાં જે નૈતિક અધ:પતન થયું હતું તે તરફ હિંમતથી આંગળી ચીંધે છે. લોભ, સત્તા મેળવવાની ભૂખ, ગરીબોની સતાવણી,અન્યાય, વ્યભિચાર, છેતરીપીંડી, દારુ અને છાકટા થવું, વગેરે પાપોની તેઓ સખત રીતે ઝાટકણી કાઢે છે. પ્રજાના આગેવાનો, રાજાઓ, યાજકો અને વેપારીઓમાં જે ભારે પાપો આ પ્રબોધકો જુએછે, તેથી તેઓ સ્વાભાવિક રીતે પુષ્કળ દુઃખ અનુભવેછે. એટલે એ નવાઈની વાત નથી કે પ્રબોધકોએ તેમની ભક્તિ અને રીતરિવાજોનો હિંમતથી નકાર કર્યો, કારણ કે તેમની આ ભકિત ખાલી અને અર્થ વગરની હતી. ઈશ્વરની સાચી ભક્તિને પરિણામે લોકોનાં જીવનોમાં પવિત્રાઈ, નૈતિકતા અને સામાજિક શુધ્ધતા આવવી જોઈતી હતી. પવિત્ર જીવનના ચાવીરૂપ શબ્દો તો દયા, ન્યાય અને ન્યાયીપણું છે. તમે દેવળમાં જઈ ભક્તિ કરો તેથી ધાર્મિકતા આવતી નથી. તેમાં તો તમારું પવિત્ર, નૈતિક અને ઈશ્વરની મરજી મુજબનું સીધું નિત્યનું જીવન હોવું જરૂરી છે.

આઠમી સદીના આ પ્રબોધકો માટે ઘણું ઘણું લખી શકાય, પરંતુ આપણે ફક્ત સારાંશ જ જોઈ ગયા. આ સર્વમાં એક બાબત આગવી તરી આવે છે કે આ પ્રબોધકો અજોડ હતા. તેમના સંદેશાઓએ ત્યારના, અત્યારના અને આવનાર સમય માટે એક આગવું સ્થાન મનુષ્ય ઈતિહાસમાં પ્રાપ્ત કરેલુંછે. મેં આ સમયની ભવિષ્યવાણી વિષે જાણી જોઈને ઓછું લખ્યું છે. મારી ઇચ્છાછે કે આ વિષયનો અભ્યાસ કરવા ઇચ્છનાર બીજાં પુસ્તકોનો ઉપયોગ કરી ઝીણવટથી શીખે. આ આઠમી સદીની ભવિષ્યવાણીઓ પર ઘણા પુસ્તકો લખવામાં આવેલાં છે.

## યશાયાના પુસ્તકના દેખીતા બે ભાગ

હાલના આપણા બાઇબલમાં યશાયાના ૬૬ અધ્યાયો છે. બાઇબલ અભ્યાસીઓ એ સ્પષ્ટ રીતે જોઈ શકે છે કે પ્રથમના ૩૯ અધ્યાય અને બાકીના ૨૭ અધ્યાય વચ્ચે સ્પષ્ટ તફાવત દેખાય છે. પ્રથમના ૩૯ અધ્યાય આઠમી સદીના ઐતિહાસિક સંદર્ભમાં લખાયેલાં છે. આ ગાળામાં આશ્શૂર યહૂદિયાને રંજાડતું હતું. યરુશાલેમ શહેર ભયમાં હતું, તોપણ યશાયા લોકોને જણાવે છે કે જો તેઓ પસ્તાવો કરશે તો નાશમાંથી બચી જશે (યશા. ૧:૨૪-૨૬; ૪:૩-૬). પાછળના ૨૭ અધ્યાયો બીજાં બસો વર્ષો પછીના ઐતિહાસિક સંદર્ભમાં લખાયેલાં લાગે છે. યરુશાલેમ શહેર ખંડિયેર થઈ ગયેલું છે. લોકોને બંદીવાસમાં લઈ

જવામાં આવ્યાછે. ઈરાનનો રાજા કોરેશ હવે દેખીતો વિજયી રાજાછે. આશ્શૂરે તેની તાકાત ગુમાવી દીધી છે. બંદીવાસીઓ થોડા સમયમાં જ પોતાના વતનમાં પાછા જનાર છે. બેબિલોનના યહૂદીઓના જીવન વિષે અધ્યાય ૪૦થી ૫૫માં જોવામાં આવેછે. ૫૬થી ૬૬ અધ્યાયોમાં યહૂદીઓ જ્યારે પાછા આવ્યા ત્યારનું વર્ણન જોવા મળે છે. આખરના ૧૧ અધ્યાયોમાં ઈશ્વર, જે મહાન વિશ્વાસ અને ભવિષ્યની આશાછે તે જોવા મળેછે. ૪૦થી ૫૫ અધ્યાયોમાં લેખક યરુશાલેમમાં જેઓ પાછા વળ્યા હતા તેમને ઉત્તેજન આપે છે. તો ૫૬ થી ૬૬ અધ્યાયોમાં યરુશાલેમમાં જેઓ વસતા હતા તેવા યહૂદીઓને ભવિષ્યવચનો મારફતે ચેતવણી અને સુચનો આપે છે કે તેઓ તેમના ઈશ્વરને વિશ્વાસુ રહે.

યશાયાના પુસ્તકનો બીજો ભાગ તેમાં આવતાં ''સેવકનાં ગીતો'' થી ખાસ જાણીતો છે. ''સેવક'' શબ્દ જુદી જુદી બે રીતે વાપરવામાં આવ્યો છે. કેટલાક ફકરાઓમાં ઈશ્વરની આખી પ્રજાને સેવક તરીકે સંબોધવામાં આવી છે (યશા. ૪૧:૮). તો બીજી જગાએ ઈશ્વરના લોકો વતી અમુક હેતુ પૂર્ણ કરવા એક વ્યક્તિનો સેવક તરીકે ઉલ્લેખ છે. વળી આ સેવકને દુઃખ સહન કરવું પડશે એવું વર્ણન છે. બંદીવાસમાં લઈ જવાયેલા લોકોમાં એવા યહૂદીઓ પણ હતા જેઓ ઈશ્વર તરફ પૂરા વિશ્વાસુ હતા અને એટલે આવી શિક્ષાને પાત્ર ન હતા. તોપણ એવા વિશ્વાસુ યહૂદીઓને સાથી યહૂદીઓ સાથે સહન કરવું પડ્યું હતું. સહન કરનાર સેવકો તરીકેની તેમની ભૂમિકા બીજાઓ માટે ઉત્તેજનદાયક હતી. એમ લાગે છે કે આ પશ્ચાદ્‌ભૂમિકામાંથી જ ''સહન કરનાર સેવકની'' છાપ ઊભી થઈ હોય. ઘણાં વર્ષો પછી ઈસુ ખ્રિસ્તે આ ભૂમિકા પૂરી કરી, ફક્ત પોતાના લોકો માટે જ નહિ, પરંતુ આખા વિશ્વના લોકો માટે તેમણે સહન કર્યુ. એ રીતે જ ભવિષ્યવાણીઓ સહન કરનાર સેવક વિષે ભાખવામાં આવી હતી તે છેવટે ઈસુ ખ્રિસ્તમાં પૂર્ણ થઈ.

બીજી એક નોંધપાત્ર બાબત આપણે યશાયાના આ બીજા ભાગમા જોઈએ છીએ તે એ કે ઇસ્ત્રાએલના ઇતિહાસમાં એક નવું નિર્ગમન અને નવો યુગ શરુ થાય છે. બેબિલોનનો બંદીવાસ યહૂદીઓને ઇજિપ્તમાં જે જુલમ સહન કરવો પડ્યો હતો તેની સાથે સરખાવવામાં આવે છે. બેબિલોનમાંથી યરુશાલેમમાં પાછા વળવું તે વચનના પ્રદેશમાં પ્રવેશ કરવા જેવું છે. તોપણ યહોશુઆના સમય કરતાં આ પ્રસંગ વધુ આનંદદાયક હતો. કારણ એક નવો કરાર અને સિયોનની સંપૂર્ણ પુનઃસ્થાપના હતી. આ આશ્ચર્યજનક બનાવને કારણે આખું જગત તાજુબ થશે અને ઈશ્વરની સર્વોપરિતા સ્વીકારવામાં આવશે. કારણ ઉધ્ધાર

સર્વ મનુષ્ય જાતને માટે છે. યશાયાના બીજા ભાગની શરૂઆત આ વિષયથી થાય છે અને તેનો અંત પણ તે વાતથી આવે છે (યશા. ૪૦:૧-૯; ૬૫:૧૭-૨૫; ૬૬:૧૮-૨૪).

યશાયાના બીજા ભાગમાં ભવિષ્યવાણી ભાખવાની રીતરસમમાં નવીનતા જોવા મળે છે, જેને ટાઈપોલોજી- -સમાનાર્થી કહેવામાં આવે છે. ભૂતકાળમાં જૂના કરારમાં જે બનાવો બની ગયા હતા તેને ભવિષ્યમાં થનાર બનાવો સાથે જોડવામાં આવેછે. આ પ્રમાણે ભૂતકાળની બાબતો ભવિષ્યમાં જે ભવિષ્યવચનો પૂર્ણ થવાનાં હતાં તેની આગાહીરૂપ જોવા મળેછે. જૂના કરારમાં એવી ઘણી બાબતો નોંધવામાં આવી છે જે ભવિષ્યમાં પૂર્ણ થનાર ઐતિહાસિક બનાવો તરફ અંગુલીનિર્દેશ કરે છે. જેમ કે મૂસા મારફતે ઈશ્વરના લોકોનો ઈજિપ્તની ગુલામગીરીમાંથી છૂટકારો, પ્રભુ ઈસુ ખ્રિસ્ત મારફતે થનાર માનવજાતના પાપમાંથી છૂટકારાની વાત સૂચવે છે.

આ મુદ્દા પરના જે ભાગો છે તે સારાંશરૂપ જોઈએ.

૧. ઈસ્ત્રાએલને આપેલાં વચનો

અ. ઈબ્રાહિમનો વંશજ યાકૂબ જેને ઈસ્ત્રાએલ કહેવામાં આવ્યો તેને ઈશ્વર પસંદ કરે છે (યશા. ૪૧:૮, ૫૧:૧, ૨).

બ. ઈસ્ત્રાએલે પાપ કર્યુ તેમ છતાં ઈશ્વર તેના વંશજોને આશીર્વાદ આપવાનું ચાલુ રાખેછે. ઈશ્વરે તેમને નવો દેશ આપ્યો હતો (યશા. ૪૩:૨૭-૪૪:૫; ૪૮:૧૮, ૧૯; ૫૪:૧-૩ આને ઉત્પત્તિ ૨૮:૧૩, ૧૫ સાથે સરખાવો). આ ઉપરાંત મળેલા આશીર્વાદોમાં બીજી પ્રજાઓને પણ ભાગીદાર થવાનો લાભ મળે છે (યશા. ૪૨:૬, ૭ ને ઉત. ૧૨:૨, ૩ સાથે સરખાવો).

૨. ઈજિપ્તમાંથી છૂટકારો

અ. સામર્થ્યવાન ભૂજો વડે ઈશ્વરે તેમના લોકોને છોડાવ્યા. ઈજિપ્તમાંથી નાસી છૂટવાનું ઘણી ઉતાવળમાં હતું. ઈશ્વર ફરીથી તેમના લોકોનો છૂટકારો કરશે અને પ્રજાઓ તેમનો મહિમા અને સામર્થ્ય જોશે. પણ આ નવો છૂટકારો એવી ઉતાવળમાં નહિ હોય (યશા. ૪૦:૫,૧૦; ૫૧:૯; ૫૨:૧૦, ૧૨).

બ. યહોવા તેમની આગળ ચાલનાર આગેવાન તથા પાછળ ચાલનાર રક્ષક હતા (યશા. ૫૨:૧૨). વળી ઈશ્વરે પોતાના લોકોનું અગ્નિસ્તંભ અને મેઘસ્તંભથી રક્ષણ કર્યુ (નિર્ગ. ૧૩:૨૧, ૨૨ને ૧૪:૧૯, ૨૦ સાથે સરખાવો).

ક. લાલ સમુદ્ર આગળ યહોવાએ તેમના લોકોને લડાઈમાં વિજય આપ્યો તેમ ફરીથી ઈસ્ત્રાએલના સર્વ જુલમગારો પર જીત મેળવશે (નિર્ગ. ૧૫:૩; ૧૪:૨૮; ૧૫:૧૦, ૨૧ અને યશા. ૪૨:૧૩; ૪૩:૧૬, ૧૭, ૪૯:૨, ૨૬; ૫૧:૯, ૧૦, ૨૨, ૨૩).

ખ. જે પ્રમાણે મરિયમે રાતા સમુદ્ર પાસે છૂટકારો મળ્યા બાદ નાચતાં નાચતાં ગીત ગાયું તેવી જ રીતે નવા નિર્ગમન પછી વિજયનાં ગીતો ગાઈ ઉજવણી કરવામાં આવશે (યશા. ૪૨:૧૦-૧૩ ને નિર્ગ. ૧૫:૨૧ સાથે સરખાવો).

૩. અરણ્યમાંથી મુસાફરી

અ. ઈસ્ત્રાએલી લોકો અરણ્યમાંથી વચનના પ્રદેશમાં મુસાફરી કરી શકે માટે યહોવાએ માર્ગ તૈયાર કર્યો (યશા. ૧૧:૧૬, ૪૦:૩-૫; ૪૨:૧૬; ૪૩:૧૯).

બ. યહોવાએ અરણ્યમાં ખોરાક તથા પાણી પૂરાં પાડ્યાં (નિર્ગ. ૧૭:૨-૭; યશા. ૪૧:૧૭-૨૦; ૪૩:૧૯-૨૧; ૪૮:૨૧; ૪૯:૧૦). જે સમયે નવો કરાર સ્થાપિત કરવામાં આવશે ત્યારે અરણ્યનું રૂપાંતર થશે. (યશા. ૪૯:૯-૧૧).

ક. નવું નિર્ગમન નવા કરારની સાથે આવશે (યશા. ૫૪:૧૦; ૫૫:૩ ને નિર્ગ. ૨૪:૭, ૮ સાથે સરખાવો).

૪. વચનના પ્રદેશમાં ફરીથી પ્રવેશ

યહોશુઓના સમયમાં ઈસ્ત્રાએલી કુળોએ જે પ્રમાણે જમીનની વહેંચણી કરી હતી તે જ પ્રમાણે આ નવા ઈસ્ત્રાએલી લોકોનું એક ટોળું એકત્ર કરવામાં આવશે (યશા. ૬૦:૧-૭).

આ બધા મુદ્દા ઈશ્વરવિદ્યાને ધ્યાનમાં રાખી લેખકે ખાતરીપૂર્વક લખ્યા છે કે ઈશ્વર એકલા જ સર્વોપરી છે અને તે નવી દુનિયામાં તેમના હેતુ અજાયબ રીતે પૂર્ણ કરશે. યશાયા બીજી પ્રજાઓ, તેમની મૂર્તિઓ જેમને ભૂત અને ભવિષ્ય વિષે કશું જ્ઞાન નથી, તેમ જ તેમનામાં કશું જ સર્જવાની શક્તિ નથી તેમને તુચ્છકારે છે. હકીકતમાં તે જાહેર કરે છે કે તેઓ દેવો છે જ નહિ! યહોવા એકલા જ ઈતિહાસના સાચા સર્વોપરી સરજનહાર છે. આ પુસ્તકના લેખકની

દૃષ્ટિએ ઈસ્રાએલનો બધો ઈતિહાસ ધીમેથી પણ સ્થિર રીતે વહેતા એક ઝરણાં સમાનછે. આ ઝરણું વૃધ્ધિ પામી આખરે પરાકાષ્ટાએ પહોંચશે અને બધી પ્રજાઓ તથા ઈસ્રાએલ ઈશ્વરનો મહિમા નિહાળી કબૂલ કરશે કે તે જ એકલા સર્વોપરી છે (યશા. ૬૦:૩, ૬૬:૧૮-૨૩).

જેમ ભૂતકાળમાં ઈશ્વરે ભવ્ય રીતે પોતાના લોકને ગુલામીમાંથીછૂટકારો આપ્યો, અરણ્યમાં તેમને દોરી ખોરાક પૂરો પાડી તેમની સંભાળ રાખી, વચનનો પ્રદેશ આપ્યો, દુશ્મનો ઉપર જીત અપાવી અને આ બધા આશીર્વાદો તેમને આપ્યા. તેમ જ, યશાયા જણાવેછે કે, ઈશ્વર પોતાના લોકોને ફક્ત બેબિલોનના બંદીવાસમાંથી જ નહિ, કિન્તુ પાપના બંધનમાંથી પણ મુક્તિ આપશે. ઈતિહાસ અને ઈસ્રાએલનું ભાવિ યહોવાના હાથમાંછે. બેબિલોનના બંદીવાસને કારણે તેઓ વિશ્વાસમાં જરા ઢીલા પડ્યા અને શંકા લાવવા લાગ્યા કે ઈશ્વરમાં સામર્થ્ય છે કે નહિ. શું ઈશ્વરે તેમને તજી દીધા છે? પરદેશી પ્રજાઓના દેવોએ જાણે કે ઈસ્રાએલી પ્રજા પર જીત ન મેળવી હોય? પણ ઈશ્વરે પોતાનો મહિમા ગુમાવ્યો નહોતો. યશાયા પોતાના લોકોનો ઈશ્વર પરનો વિશ્વાસ જાગૃત કરે છે કે આ ઈશ્વર તો ભૂતકાળના ઈતિહાસના અને ભવિષ્યનાં વચનોના પ્રભુ છે. આ પ્રબોધકે ખાતરી આપી કે ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ વધુ મહિમાવાન થશે.'

યહૂદીઓએ જ્યારે ઈજિપ્ત છોડ્યું ત્યારે તેમને ઉતાવળમાં તે છોડવું પડ્યું હતું, પરંતુ તેઓને વચન આપવામાં આવ્યું છે કે જ્યારે તમે બેબિલોનને છોડશો ત્યારે તમારે ઉતાવળથી નીકળવાનું નથી (યશા. પ૨:૧૨). જ્યારે તેઓ બેબિલોન છોડશે ત્યારે શાંતિ અને આનંદમાં નીકળશે. પ્રથમ નિર્ગમન વખતે મુસાફરીમાં તેઓએ જે જોખમો અને ત્રાસ તથા બડબડાટ અનુભવ્યો હતો તેને બદલે આ વખતે તેઓ માટે ઈશ્વરની સ્તુતિ કરતાં અને ગાયનો ગાતાં વિશ્વાસથી આગેકદમ કરવાનો આ સમય હશે અને આ સ્તુતિના પડઘા ડુંગરો તથા પહાડો પર પડશે. નવો કરાર અનંતકાલિક હશે અને તે કૃપાનો કરાર હશે.

જો કે આ નવાછૂટકારા તથા નવા કરારનો વિષય ભૂતકાળના ઈજિપ્તમાંથી થયેલા છૂટકારા તથા તે સમયના બનાવો સાથે વણી લેવામાં આવ્યો છે, છતાં યશાયા એ સ્પષ્ટ કરેછે કે આ સમયે લોકો ભૂતકાળમાં કરેલું તેમ પોતાની જૂની રહેણીકરણી તરફ પાછા નહિ વળે. યશાયા તે વાત પર ભાર મૂકેછે કે આ મહાન બનાવ હશે જે નવી રીતે વણાયો હશે તથા સંપૂર્ણ નવસર્જન હશે (૪૮:૬-૭).

# પ્રકરણ ૮: ઈ.સ. પૂ. સાતમી સદીના પ્રબોધકો

ઈ.સ. પૂ. સાતમી સદીના પાછળના ભાગમાં બે પ્રબોધકો બહાર આવે છે, તે નાહૂમ અને સફાન્યા જેઓ યહૂદિયાના રહીશો હતા. આ બન્ને પ્રબોધકોની ભવિષ્યવાણી મોટા ભાગે સખત શબ્દોમાં ઉચ્ચારાયેલી હતી. પોતાના લોક અને બીજી પ્રજાઓ પર ઈશ્વરનો ન્યાયચૂકાદો આવશે તે વાત તેઓ જાહેર કરે છે.

## સફાન્યા

સફાન્યા રાજા હિઝકિયાના વંશનો હોય એવું લાગે છે. રાજા હિઝકિયા પ્રબોધક યશાયાના સમયમાં થઈ ગયો. સફાન્યા યરુશાલેમ શહેરનો રહીશ હોઈ કદાચ મંદિરના કર્મચારીઓ સાથે સંકળાયેલો હોય. તેણે ઘણી મૂર્તિપૂજા, લાંચરૂશ્વત, પવિત્ર યરુશાલેમમાં અને રાજમહેલમાં પ્રવર્તતી હિંસા નિહાળી હતી. સાતમી સદીના શરૂના ભાગમાં યહૂદિયામાં મનાશ્શેહ નામનો એક રાજા થઈ ગયો, જેણે તેના પિતા હિઝકિયાએ જે સારાં કાર્યો કર્યા હતાં તે ઉલટાવી નાખ્યાં અને મૂર્તિપૂજા માટે ઉચ્ચસ્થાનો સ્થાપિત કર્યા. તે ઉપરાંત મંદિરમાં જ આશ્શૂરી ભક્તિસેવા માટે અશેરાહની મૂર્તિ બેસાડી (૨ રાજા. ૨૧:૫-૭). આની સાથે ન ટાળી શકાય તેવા વિદેશી રીતરિવાજો, દુષ્ટાત્માની સેવા, અને મેલી વિદ્યા શરૂ થયાં. આવા રીતરિવાજોનો કેટલાક લોકોએ વિરોધ કર્યો, જે કારણે ઘણી ખૂનામરકી થઈ અને આશ્શૂરીઓએ ઈસ્ત્રાએલી લોકો પર ઘાતકી રીતે મૂર્તિપૂજા કરવા દબાણ કર્યુ. એટલી હદ સુધી કે મનાશ્શાહે તેના પોતાના દીકરાને વેદી પર હોમ્યો. આ પ્રમાણે મનાશ્શાહના ૫૫ વર્ષના લાંબા ગાળામાં દેશમાં પરિસ્થિતિ વધુ બગડતી ગઈ. એ પછી તેના દીકરા આમોને ફક્ત બે વર્ષ રાજય કર્યુ અને તેનું ખૂન કરવામાં આવ્યું. સાતમી સદીના પાછળના ભાગમાં આમોન પછી યોશિયા રાજા થયો. તેણે ઘણા ધાર્મિક સુધારા કર્યા અને મંદિરમાં સાચા ઈશ્વરની ભક્તિ શરૂ કરવામાં આવી. તે ઉપરાંત તેણે મંદિરનું સમારકામ કરાવ્યું. સફાન્યાની ભવિષ્યવાણીઓ યોશિયાના આ ધાર્મિક સુધારા થયા તે પહેલાં ભાખવામાં આવી હોય એવું લાગે છે.

## પુસ્તકના મુખ્ય વિષયો

સફાન્યાની ભવિષ્યવાણીઓ યહોવાનો જે દિવસ આવનાર હતો તે વિષયની આસપાસ વણાયેલી હતી. આ આવનાર દિવસની માન્યતા ઘણી પેઢીઓથી ચાલી આવતી હતી. આમોસે આ વિચારનું જુદી રીતે અર્થઘટન કર્યું છે. તેણે રજૂઆત કરી કે તે ઈશ્વરના ન્યાયનો દિવસ હશે, આનંદ અને વિજયનો દિવસ નહિ. આમોસની માફક સફાન્યા તે દિવસને ન્યાયનો દિવસ ગણે છે.

સફાન્યાના પુસ્તકનો સારાંશ આ છેઃ

૧. ઈશ્વર સમગ્ર પૃથ્વી પર રાજ કરે છે.

૨. યહૂદિયાના લોકોએ પોતાના ઈશ્વરની સેવા વિશ્વાસુપણે કરી નથી.

૩. અધિકારીઓ બંડખોર અને ભ્રષ્ટ હતા.

૪. ઈશ્વરની શિક્ષાનો સમય આવી રહ્યો છે જ્યારે યહુદિયામાં લડાઈનો સાદ સંભળાશે.

૫. બીજી પ્રજાઓને પણ તેમનાં ખરાબ કૃત્યોને કારણે શિક્ષા થશે.

૬. યહુદિયામાં તે સમયે નમ્ર અને આધીન ''શેષ'' જોવા મળશે તેઓ ઈશ્વરના નિયમોમાં જીવશે.

પોતાની આસપાસ જે કાંઈ થઈ રહ્યું હતું તેનાથી પ્રબોધક લાગણીવશ થઈ જાય છે. આથી તેની ભવિષ્યવાણી અને ન્યાયમાં કઠોરતા જોવા મળે છે. સફાન્યાના મતે સૌથી મોટા યહોવા હતા, જે પવિત્રાઈ તથા ન્યાયના ઈશ્વર હતા. ઈશ્વર એવું ઇચ્છેછે કે તેમની ભક્તિ કરનારા સર્વ તેમની આજ્ઞાને અનુસરે. સફાન્યાના માનવા પ્રમાણે જે કાંઈ ભ્રષ્ટતા પ્રવર્તતી હતી તેમાંથી બહાર આવવાનો સખત શિક્ષા સિવાય બીજો કોઈ માર્ગ ન હતો.

રાજાઓ પોતે જ લોકોને મૂર્તિપૂજા અને હિંસા કરવા ઉત્તેજન આપતા હતા. આને કારણે પ્રબોધક નિરાશા અનુભવે છે. બીજા કેટલાક અનામી પ્રબોધકો હતા, જેમણે મનાશ્શાહ રાજાને ઈશ્વરની શિક્ષા વિષે ચેતવણી આપી હતી, પણ રાજાએ તે ધ્યાનમાં લીધી ન હતી.

સફાન્યાએ આમોસની જેમ ઈશ્વરનો દિવસ જેને ન્યાયનો દિવસ કહેવામાં

આવે છે તે વિષે લોકોને કહ્યું, પરંતુ આમોસે ગરીબો અને પીડીતોની દશા વિષે જે કહ્યું હતું તેવું સફાન્યાએ કહ્યું નહિ. એમ લાગે છે કે તે રાજવી કુળમાંથી આવેલો હોવાથી હાકેમો અને રાજ્યના અધિકારીઓ સાથે વધુ સંબંધમાં હતો અને સામાન્ય લોકોની શું હાલત છે તે તેણે જોઇ નહિ હોય. જો કે તે આમોસના પુસ્તક વિષે અને યશાયાની ભવિષ્યવાણીઓ વિષે અવશ્ય જાણતો હતો.

પહેલા અધ્યાયમાં સફાન્યા તેના સાંભળનારાઓને જાણે કે યરુશાલેમની સફર કરાવે છે. શરૂઆત થાય છે મંદિરથી, પછી ધાબા ઉપરની વેદીઓ, ત્યાર પછી રાજાનો મહેલ, વેપારી કેન્દ્રો અને છેવટે જે લોકો પોતાની આબાદીને કારણે ઈશ્વરથી દૂર હતા તેમની શેરીઓમાં ઘૂમાવે છે. તે લોકોને જાહેર કરેછે કે ઈશ્વરનો દિવસ આવી રહ્યો છે. તે આવશે ત્યારે મનુષ્ય, પ્રાણી, પક્ષી, માછલાં વગેરે ઈશ્વરના ક્રોધને કારણે ભસ્મ થશે.

બીજા અધ્યાયમાં ઇસ્ત્રાએલની ચારે બાજુ જે રાજ્યો આવેલાં હતાં તેમને આમોસની માફક તુચ્છકારવામાં આવેલાં આપણે જોઈએછીએ. પલિસ્તીઓનાં નગરો મોઆબ અને આમ્મોન જૂના સમયમાં જેમ સદોમ અને ગમોરાહનો નાશ થયો હતો તેવાં થશે. ઈથોપિયા અને ઈજિપ્ત પણ નાશ પામશે, આશ્શૂર અને તેનું પાટનગર નિનવેહ ઉજ્જડ થશે. આમોસને મતે બીજી પ્રજાઓ પર ઈશ્વરના ક્રોધનું કારણ તે તેમનો જુલમ, સતાવણી, ગુલામોનો વેપાર, છેતરપીંડી, હિંસા, સ્ત્રીઓ અને બાળકો પર ગુજારવામાં આવતા ગુના હતું. જ્યારે સફાન્યા પ્રમાણે તેમના નાશનું કારણ તેમનો ગર્વ, બડાઈ અને ઈશ્વરના લોકો તરફ દુશ્મનાવટ રાખવી તે છે (સફા. ૨:૧૦).

ત્રીજા અધ્યાયમાં જે ચિત્ર આપણે જોઈએછીએ તે તદ્દન જુદુંછે. યરુશાલેમ પર જે શાપ આવનાર હતો તે હવે બાકી રહેલા શેષને માટે ઈશ્વરના તારણમાં ફેરવાઈ જાય છે. હવે ત્યાં આનંદ સાથે ગીતો સંભળાય છે. આ બાકી રહી ગયેલો શેષ મસીહ યુગનો આનંદ, તારણ અને શાંતિ ભોગવશે. આ શાંતિ બીજી પ્રજાઓ પણ અનુભવશે, જેમાંના કેટલાકનું બદલાણ થશે (સફા. ૩:૯). આ પ્રમાણે ન્યાયની સાથે કૃપા મળશે. પ્રભુનો પ્રેમ હંમેશાં ટકી રહે છે.

## નાહૂમ

નાહૂમ સફાન્યાનો સમકાલીન હતો. તે પણ યહૂદિયાનો રહીશ હતો. તે જે શહેરમાં રહેતો હતો તે યહૂદિયાના ક્યા ભાગમાં આવેલું હશે તે વિષે કશું

ચોક્કસ જાણવા મળતું નથી. તે યહૂદિયામાં દક્ષિણ-પશ્ચિમમાં આવેલા ગાઝા વિસ્તારમાં હોય કે ઉત્તર ભાગમાં હોય.

છસો વર્ષ સુધી ભૂમધ્ય સમુદ્રના પ્રદેશના લોકોને આશ્શૂરના જુલમ નીચે જીવવું પડ્યું હતું. આશ્શૂરનાં સૈન્યો ઘણાં બળવાન અને ભય પમાડે તેવાં ઘાતકી તથા નિર્દય હતાં. સાતમી સદીમાં ઈસ્ત્રાએલ અને યહૂદિયા પણ આશ્શૂરના જુલમી અમલ નીચે હતાં. આશ્શૂરીઓ ઈસ્ત્રાએલી લોકોને ગરીબ બનાવી મોટી રકમ ખંડણીમાં લેતા હતા.

હિઝકિયા જ્યારે રાજા હતો ત્યારે તેણે આશ્શૂરીઓને હરાવવા ઈજિપ્ત અને બેબિલોન સાથે સંધિ કરી હતી. જો કે યશાયાએ આની વિરુધ્ધ ચેતવણી આપી હતી કે એક દિવસ બેબિલોન યહૂદિયા પર રાજ્ય કરશે. હિઝકિયાએ આશ્શૂરને ખંડણી આપવા ના પાડી. આશ્શૂરે તેની સત્તા અને વિસ્તાર ખૂબ વધારી દીધા હતાં. તેણે ઈજિપ્ત જીતી લીધું. આની સામે ઈજિપ્તે બળવો કર્યો અને પોતાની સ્વતંત્રતા પાછી મેળવી. જે વિસ્તાર એક સમયે આશ્શૂરે છીનવી લીધો હતો તે બેબિલોનના લશ્કરે જીતીને પાછો મેળવ્યો. અને ઈ.સ. પૂ. ૬૧૨માં નિનવેહને સખત રીતે હરાવી તેનો નાશ કર્યો. નિનવેહ કિલ્લાવાળું એક મજબૂત શહેર હતું.

એમ લાગે છે કે નાહૂમ ઈ.સ. પૂ. સાતમી સદીના પાછળના ભાગમાં જીવી ગયો. બેબિલોનની વધતી જતી સત્તાને સમયે તેની નબળા પડવાની શરૂઆત થઈ ચૂકી હતી તે તે સ્પષ્ટ રીતે જોઈ શક્યો.

## પુસ્તકની રચના અને તેનો વિષય

નાહૂમનું પુસ્તક કવિતાના રૂપમાં લખવામાં આવ્યું છે. જો કે કોઈ કોઈ જગાએ કવિતાનું જે સ્વરૂપ હોવું જોઈએ તે જોવા મળતું નથી. તોપણ આખું પુસ્તક કવિતાના રૂપમાં હોવાનું ગણી શકાય. આમોસ, મીખાહ અને યશાયાનાં પુસ્તકોમાં ઈશ્વરના સ્વભાવનો જેવો ખ્યાલ જોવા મળેછે તેવો નાહૂમમાં મળતો નથી. નાહૂમ ઈશ્વરને બદલો લેનાર ઈશ્વર તરીકે રજૂ કરે છે, જે ભૂંડું કરનારને શિક્ષા કરે છે. ઝનૂનથી ભાર દઈને તે ભવિષ્યવાણી ઉચ્ચારે છે કે નિનવેહનો નાશ થશે, અને તેને કેવી શિક્ષા ભોગવવી પડશે તે વિગતવાર જણાવે છે. હાલની ભાષામાં એમ કહી શકાય કે ''આખરે નિનવેહને બદલો મળ્યો ખરો!'' ભૂંડાઈનો બદલો મળવો જ જોઈએ ને! નાહૂમ તે પણ બતાવે છે કે ઇતિહાસ

ઈશ્વરનાં હાથમાં છે અને નિનવેહનો નાશ કરનાર પણ તે જ છે. યહોવા ન્યાય કરનાર પ્રભુ છે.

સૈન્ય અથવા લશ્કરવાદનો વિરોધ કરનાર પુસ્તકોમાં આ આગવું છે. લશ્કરવાદ અથવા લશ્કરી તાકાત પોતાનો જ નાશ નોતરે છે. આખરે યોગ્ય શિક્ષા થશે અને જુલમગારોનો અંત આવશે. જેમના પર તેઓ હૂમલો કરી જુલમ કરે છે, તેઓ જ તેમના દુશ્મનો બની જાય છે. જુલમગારો લાંચિયા, લંપટ, દારૂડિયા અને ખોટી સલામતીમાં માનનાર થાય છે અને એક એવો દિવસ આવે છે જ્યારે તેમણે જેમના પર જુલમ કર્યો હતો તેઓના હાથે જ તેમનો નાશ થાયછે. ઈસુ ખ્રિસ્ત એક વખત તેમના શિષ્યોને સ્પષ્ટ શબ્દોમાં કહે છે, “જેટલા તરવાર પકડે છે, તેઓ સર્વ તરવારથી નાશ પામશે” (માથ્થી. ૨૬:૫૨). આશ્શૂરીઓ અને નિનવેહના અત્યાચારથી નાહૂમને એટલો બધો જે ખૂબ જ રોષ ચઢે છે તે તેના શબ્દોમાં સચોટ તથા નાટયાત્મક શબ્દોમાં વ્યક્ત થાય છે.

નાહૂમના પૂસ્તકમાં પ્રેરણાત્મક અને નૈતિક શિક્ષણ ઓછું જોવા મળે છે. બીજા પ્રબોધકોએ જે નૈતિક ધોરણો નક્કી કર્યા હતાં તે આ પુસ્તકમાં ખાસ જોવા મળતાં નથી. યહુદિયાના લોકોને સારું જીવન જીવવા બાબતના પડકારો અહીં જોવા મળતા નથી. તે ઉપરાંત નિનવેહ નાશ પામશે ત્યારે બીજી પ્રજાઓ પાલેસ્ટાઈન પર કબજો મેળવશે. તે સમયે શું થશે તેની ચેતવણી સુધ્ધાં પણ આપવામાં આવી નથી. આમાં ઈસ્ત્રાએલ અથવા યહૂદિયાનો ઈશ્વર કેવો ન્યાય કરશે તે જણાવવામાં આવ્યું નથી કે લોકો પોતાનાં પાપો માટે પસ્તાવો કરે એવી શીખામણ કે ઉપદેશ નથી.

<u>અધ્યાય ૧.</u>

ઈશ્વરમાં જે તાકાત અને શક્તિ છે તે તથા તેમનો અધિકાર સમુદ્રો, વાદળો, તોફાનો, નદીઓ, પર્વતો અને આખી પૃથ્વી પર છે તે નાહૂમ જણાવે છે. જો કે ઈશ્વર ક્રોધ કરવામાં ધીમા છે, પરંતુ પાપની વહેલા કે મોડા શિક્ષા કરે છે. આ શિક્ષા ટાળી શકાય જ નહિ. ઈશ્વર પાસેથી કોઈ છટકી શકે નહિ કે તેમની સામે કોઈ લડી શકે નહિ. પાલેસ્ટાઈન દેશના ઈશાન અને પશ્ચિમ ભાગમાં બાશાન અને કાર્મેલ પર્વત આવેલાછે. લબાનોન તેનાં મોટાં ઝાડને માટે જાણીતું છે. નાહૂમ યહૂદિયા માટે થોડો દિલાસો લાવે છે. તે કહે છે કે જેઓ ઈશ્વર પર વિશ્વાસ કરે છે તેમના માટે યહોવાની ભલાઈ એક મજબૂત કિલ્લા સમાન છે.

તોપણ પાપ માટે તે બદલો લેનાર ઈશ્વરછે તે બાબત પર તે વિશેષ ભાર મૂકેછે. ‘‘ઝૂંસરી ભાંગી નાખીશ અને બંધનો તોડી નાખીશ’’ તે નાહૂમ તથા યર્મિયાનાં જાણીતાં વાક્યો છે (નાહૂ ૧:૧૩ અને યર્મિ ૩૦:૮).

## અધ્યાય ૨.

બેબિલોનનું લશ્કર નિનવેહ સામેની લડાઈમાં નદીઓના ઉઘાડેલ દરવાજામાં થઈને રાજાના મહેલ તથા ઈસ્તારના મંદિરમાં પ્રવેશ કરે છે. જે રાણીને બંદીવાસ તરીકે લઈ જવામાં આવે છે તે આશ્શૂરની દેવી ઈસ્તાર હોઈ શકે. તેની પાછળ તેના પૂજનારા આવેછે. એક સમય એવો હતો જ્યારે નિનવેહે ઘણા દેશોને જીતી લૂંટ કરી હતી. હવે તેના પોતાના ખજાના ખાલી કરવામાં આવે છે. તેનું સઘળું ધન અને માલમિલકતનો નાશ કરવામાં અને તેને ખંડિયેર સ્થિતિમાં મૂકવામાં આવે છે. આશ્શૂરના ઈતિહાસમાં આ ચઢાઈનું આબેહૂબ વર્ણન કરતા દસ્તાવેજી પુરાવા મળી આવે છે. ૧૧ અને ૧૨મી કલમમાં નિનવેહને સિંહ અને તેના બચ્ચાં સાથે સરખાવવામાં આવે છે જે બીજાને લૂંટી લાવેછે અને તેમના શિકારને મારી નાખેછે. હવે આ સિંહ પર જીત મેળવવામાં આવી છે. એમ કહેવાય છે કે આશ્શૂરની દેવી ઈસ્તાર સિંહણ પર સવારી કરતી હતી.

## અધ્યાય ૩

શા માટે નિનવેહને સજા થવી જોઈએ ? તેનાં કારણો આ રહ્યાં. તેણે બીજા ઘણા લોકોને મારી નાખ્યા હતા. તેણે બીજાને લૂંટયા, છેતર્યા અને તેમનો શિકાર કર્યો. એક વેશ્યાની જેમ તેણે બીજાઓને જાળમાં નાખી તેમને જીતી લીધાં, અને ઘણી ઊંચી કિંમત માગી. હવે તેને યોગ્ય શિક્ષા મળશે. જેમ ઈજિપ્ત નગરનો-આમોન જેને થેબેસ પણ કહેવામાં આવે છે તે આશ્શૂરીઓના હાથમાં ઈ.સ. પૂ.૬૬૩માં પડયું હતું. ઈજિપ્તની મોટી નદી નાઈલ જે એક મોટી દિવાલસમ હતી તેનાથી પોતાના દુશ્મનો સામે રક્ષણની આશા તેણે રાખી હતી. પરંતુ તે આશા નિષ્ફળ નીવડી હતી. આવું નિનવેહ માટે થાયછે. નાહૂમ મશ્કરી કરીને નિનવેહના લોકોને કહે છે કે તેઓ મોટા પ્રમાણમાં ઈંટો પકવે, તેમના કિલ્લા મજબૂત કરે, ઘેરા વખતે પુષ્કળ પ્રમાણમાં પાણી તૈયાર રાખે, કિન્તુ એ બધું કશા જ કામમાં આવવાનું નથી ; અને આખરે નિનવેહનો નાશ થશે.

## હબાક્કૂક

હબાક્કૂકના જીવન વિષે આપણને ઘણું જાણવા મળે છે. તેના પુસ્તક મારફતે આપણને ખબર પડે છે કે તે તેના સમયમાં જે પરિસ્થિતિ પ્રર્વતતી હતી તેનું બારીકાઈથી નિરીક્ષણ કરનાર હતો. જે કપરા સમયમાં તે જીવી ગયો તેના કારણે તે વિમાસણ અને વ્યથા અનુભવે છે. હબાક્કૂક નામનો અર્થ ''કુસ્તી કરનાર'' થાય છે.

## વિષય

આ પુસ્તકમાં ત્રણ બાબતો જોવા મળે છે. ઈશ્વર અને પોતાની વચ્ચેના વાર્તાલાપના સ્વરૂપમાં હબાક્કૂક પોતાના મનની અશાંત પરિસ્થિતિ વ્યક્ત કરે છે. કારણ કે તેણે અસમાનતા અને અવ્યવસ્થા જોઈ. શા માટે રાજસત્તા ચલાવતો વર્ગ યહૂદિયા પર સતત અન્યાય અને ક્રૂરતા આચરે છે ? ન્યાયીઓને સહન કરવું પડે છે, જ્યારે ભૂંડું આચરનારની પ્રગતિ થાય છે તે આ વિશ્વના માલિક ઈશ્વર કેવી રીતે ચાલવા દે ? (ગીત. ૭૩). હબાક્કૂક હિંમતથી ઈશ્વર આગળ પોતાના પ્રશ્નો રજૂ કરે છે. ઈશ્વર તેને તે સમજવામાં સહાય કરે છે કે છેવટે ઈશ્વરનો આખરી વિજય થશે અને તેને વિશ્વાસમાં મજબૂત કરે છે.

બીજો વિષય છે ખાલદીઓ વિરુધ્ધની ધમકીઓ અંગેનો. લૂંટફાટ માટે ગુનેગાર, જુલમ, અને મૂર્તિપૂજાને કારણે ખાલદીઓ વિરૂધ્ધ ધમકીઓ ઉચ્ચારવામાં આવી છે.

ત્રીજો મુદ્દો ગીતશાસ્ત્રમાં આવતાં ગીતો જેવા એક ગીતના સ્વરૂપમાં છે જેમાં ઈશ્વર પોતાને અને તેમની શક્તિને પ્રગટ કરે છે. તે તેમનાં લોકોને મદદ કરે છે અને તેઓને છોડાવે છે. છેવટે આશ્વાસન આપતું વિધાન છે જેમાં જણાવ્યું છે કે જે વ્યક્તિ ઈશ્વરને ઓળખે છે તેને ઈશ્વરમાં સામર્થ્ય અને આનંદ મળે છે, ભલે આ જગતનાં વાનાંની તેને ખોટ હોય.

## અધ્યાય ૧

હબાક્કૂક ઈશ્વર સાથે વાર્તાલાપ કરે છે. પોતાના લોકોનાં પાપો જેવાં કે ચોરી, તકરાર, અમાયાળુપણું વગેરેથી તે મુંઝાઈ જાયછે. આ પાપો માટે તેઓને ક્યારે શિક્ષા થશે ? ઈશ્વર દિવ્ય દર્શન આપી તેને જણાવે છે કે યહૂદિયા કરતાં પણ ખરાબ એવી પ્રજાને શિક્ષા કરવાના સાધન તરીકે તે વાપરશે. એક બીજો

પ્રશ્ન પણ પૂછવામાં આવેછે કે શા માટે ઈશ્વર બેબિલોનને શિક્ષા કર્યા વગર જવા દે છે? બેબિલોનવાસીઓ જેમ મચ્છીમાર મચ્છી પકડે તેમ માણસોને પકડે છે અને તેમને ગળી જાય છે.

## અધ્યાય ૨

હબાક્કૂક જ્યારે ચોકીદારના બુરજ ઉપર ઊભો હતો ત્યારે ઈશ્વર તેને જવાબ આપે છે. ઈશ્વર હબાક્કૂને સ્પષ્ટ રીતે લખવા આજ્ઞા કરે છે કે દોડતાં દોડતાં સંદેશો લઈ જનાર પણ વાંચી શકે એ પ્રમાણે તે લખે કે ઈશ્વરની ઇચ્છા અને તેમના શબ્દોછેવટે પૂર્ણ થશે. મનુષ્ય ઇચ્છેછે કે તેની જરૂરિયાતો તાત્કાલિક મળે, પરંતુ ઈશ્વરને પોતાનું સમયપત્રક હોય છે.

હબાક્કૂકને ફરીથી ખાતરી આપવામાં આવે છે કે છેવટે ખોટું અને ભૂંડુ ટકી શકશે નહિ. શુધ્ધ જીવન જીવી ઈશ્વરને વિશ્વાસુ રહેનાર ન્યાયીની જીત થશે. કલમ ચાર ઘણી જાણીતી છે, કારણ કે માર્ટિન લ્યુથરને તે કલમ પોતાના ઉધ્ધાર માટે ચાવીરૂપ માલૂમ પડી હતી. વિશ્વાસ શબ્દનો અહીં મોટા ભાગે વિશ્વાસપણું એ અર્થ છે. આનો અર્થ શુધ્ધ અને ન્યાયી જીવન જીવવામાં ખંત રાખવો તે પણ થઈ શકે (રોમ. ૧:૧૭ ને ગલ. ૩:૧૧ સાથે સરખાવો). પાઉલ પ્રેરિત તેના આ પત્રોમાં હબાક્કૂકમાંથી ટાંકે છે. પાઉલ આ કલમને વિશ્વાસથી જીવેલું જીવન એક પ્રગતિજનક ક્રિયા છે અને તેમાંથી ફળ ઉત્પન્ન થાય છે એ અર્થમાં રજૂ કરે છે. ઈશ્વરના વિશ્વાસમાં વિશ્વાસુપણે જીવવું એ સાચું જીવન છે અને તે વિજ્ય લાવેછે. આથી જ હબાક્કૂક કહેછે, ''ગમે તે થાય પણ જે ન્યાયી છે તેણે ઈશ્વર સાથેના કરારને મજબૂત રીતે વળગી રહેવું ઈશ્વરના સમયે આપણું ન્યાયીપણું પૂરવાર થશે, અને ન્યાયી માણસ પોતાના વિશ્વાસથી જીવશે (હબા. ૨:૩, ૪ નો મુકત અનુવાદ). પ્રભુ ઈસુએ જે કહ્યું હતું તે લૂક ટાંકે છે;''તમારી ધીરજથી તમે તમારા જીવને બચાવશો'' (લૂક. ૨૧:૧૯).

## પાંચ અફસોસ

૧. જુલમ કરનારને અફસોસ. એ વ્યક્તિને કદી સંતોષ થતો નથી. તે છેતરપીંડી કરનાર અને લોભી હોય છે (હબા.૨:૫-૨૦).

૨. જે વ્યક્તિ અન્યાયથી દ્રવ્ય મેળવીને પોતાના માટે રાજમહેલ જેવાં મકાનો બાંધે છે અને તેમાં ચોરેલું ધન સંઘરે છે તેને અફસોસ છે (૨:૯-૧૧).

૩. રક્તપાત કરીને જે વ્યક્તિ નગર બાંધેછે તેને અફસોસછે. તે મજૂરોનું મહેનતાણું અટકાવી રાખે છે. કલમ ૧૪ ખાસ જાણીતી છે જે આપણને યાદ કરાવેછે કે આખરે નબૂખાદનેસ્સાર અથવા એલેક્ઝાંડર વિશ્વવિજેતા નહિ હોય, પરંતુ ઈશ્વર પોતે જ હશે. આખી પૃથ્વી ઈશ્વરના મહિમા અને તેમના જ્ઞાનથી ભરપૂર થશે ત્યારે તે દૈવી રાજ્ય સ્થાપિત થશે. કલમ ૧૭ આની સાથે બંધબેસતી આવે છે. એ નગરો લબાનોનનાં જંગલોમાંથી સુંદર લાકડાં લાવી બનાવવામાં આવ્યાં હતાં, પરંતુ હવે તેઓનો નાશ થયો છે.

૪. મદ્યપાન કરીને જે મિજબાનીઓ માણે છે તેઓને અફસોસ. ઈશ્વરે તેમના માટે શિક્ષાનો પ્યાલો તૈયાર રાખેલો છે.

૫. જેઓ મૂર્તિપૂજા કરેછે તેઓને અફસોસ. આ મૂર્તિઓ તેના ભજનારને કશું શિક્ષણ આપતી નથી; તેમ જ તેમના માટે કશું કરતી નથી. કલમ ૨૦ બીજી એક ખૂબ જાણીતી છે, જેનો ઘણી વખતે ભક્તિસભામાં ઉપયોગ કરવામાં આવે છે; ‘‘યહોવા પોતાના પવિત્ર મંદિરમાં છે; આખી પૃથ્વી તેમની આગળ ચૂપ રહે.’’ ઈસ્રાએલના મહાન ઈશ્વર મૂર્તિઓ કરતાં જુદા છે ; તેમનું રહેઠાણ સ્વર્ગમાં છે અને આખી પૃથ્વી તેમને એકલાને જ ભજે એવી તેમની ઈચ્છા છે.

## <u>અધ્યાય ૩</u>

આ પ્રાર્થના અને ગીત છે. હબાક્કૂક ઈશ્વરને તેમાન અને પારાનમાંથી આવતા જુએ છે. આ પ્રદેશ સિનાયની ઉત્તરમાં છે. ઈશ્વર ઝગમગતા પ્રકાશમાં પૃથ્વી તથા દેશોને ધ્રૂજાવતા આવે છે. ઈસ્રાએલ વતી લડનાર ઈશ્વર તેમના પક્ષમાં છે. અને પ્રબોધક નમ્ર અને શાંત બની વિશ્વાસથી તેમની રાહ જુએ છે. ભલે તેની પાસે આ જગતનાં વાનાં અને આશીર્વાદ ન હોય પણ પ્રબોધક તેનો વિશ્વાસ ઈશ્વરમાં પ્રગટ કરેછે. તે માનેછે કે ઈશ્વર તેનું સામર્થ્ય અને આનંદ છે. કેટલીક વખત આપણે જોઈ કે સમજી શકતા નથી, પરંતુ આપણે વિશ્વાસ સાથે ઈશ્વર પ્રેમ કરવો જોઈએ. તે કદાચ આપણને ભૌતિક આશીર્વાદ ન આપે, પરંતુ આપણને ઈશ્વર મળે એ જ પૂરતું છે.

# પ્રકરણ ૯ : બંદીવાસનો સમય

## ઓબાદ્યા

ઓબાદ્યાનું પુસ્તક જૂના કરારમાં નાનામાં નાનું પુસ્તક છે, જેમાં ફક્ત ૨૧ કલમો છે. તેના લેખક બાબતમાં કોઈ માહિતી ઉપલબ્ધ નથી અને તેની ઓળખ ચોક્કસ રીતે આપી શકાય તેમ નથી. તે કોણ હતો, તેની જન્મભૂમિ કઈ હતી અને તે કયા સમયે જીવી ગયો તે આપણે જાણતા નથી. અદોમીઓમાં યરુશાલેમનો નાશ તથા તેના કબજા સમયે જે ધિક્કારપાત્ર વર્તાવ હતો તે વિષે આપણે અહીં જોઈએ છીએ. એમ લાગે છે કે ઈ.સ. પૂ. ૫૮૬ ની સાલમાં નબૂખાદનેસ્સારે યરુશાલેમનો કબજો લીધો હતો તેનો અહીં સંદર્ભછે; કારણ કે તેનું વર્ણન આ બનાવ સાથે બંધબેસતું આવે છે. અગાઉ પણ આવા બનાવો બન્યા હતા, જ્યારે યરુશાલેમ પર ચઢાઈ કરવામાં આવી હતી. એવું પણ શક્ય છે કે ઈ.સ. પૂ. આઠમી સદીમાં આહાઝ જ્યારે રાજ્ય કરતો હતો ત્યારે અદોમીઓએ યરુશાલેમ પર ચઢાઈ કરી હતી તેનો અહીં સંદર્ભ હોય. તે સમયે પણ અદોમીઓ આ શહેરમાંથી ઘણા બંદીવાસીઓને લઈ ગયા હતા.

## ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિકા

આ પુસ્તક અદોમ પર જે શિક્ષા આવી પડવાની છે તે અંગેનું છે. અદોમીઓ યાકૂબના ભાઈ એસાવનાં વંશજો હતા જે પેલેસ્ટાઈનના દક્ષિણ ભાગમાં અને મૃત સરોવરની દક્ષિણે રહેતા હતા. અદોમીઓ અને ઈસ્ત્રાએલીઓની વચમાં ઘણા લાંબા સમયથી દુશ્મનાવટ હતી. યહોશુઆના સમયમાં જ્યારે ઈસ્ત્રાએલીઓને કનાનમાં જવા સારુ અદોમમાંથી પસાર થવાનું હતું, ત્યારે અદોમે તેમને રસ્તો આપ્યો ન હતો. દાઉદ રાજાના સમયે યહૂદિયાએ તેના પર સત્તા ચલાવી હતી અને રાતા સમુદ્ર સુધી એક વેપારી માર્ગ તૈયાર કર્યો હતો; પરંતુ અદોમે યહૂદિયા વિરુધ્ધ બળવો કર્યો અને યરુશાલેમ શહેર પર ચઢાઈ કરી કેટલાકને કેદી તરીકે તેઓ લઈ ગયા હતા; અને જે વેપારી રસ્તો હતો તે કાપી નાખ્યો. યરુશાલેમની પડતી થઈ તેના લીધે અદોમીઓ ઉલ્લાસ અને હર્ષાનંદમાં આવી જઈ લૂંટફાટ ચલાવેછે. ઈ.સ. પૂ. ૫૮૬ માં યરુશાલેમની પડતી પછી અદોમીઓએ તેમનો પ્રદેશ વધાર્યો. તેમણે દક્ષિણ યહૂદિયા કબજે કર્યુ અને ત્યાંથી આગળ વધી હેબ્રોન સુધી ચઢાઈ કરી. નવા કરારના જમાનામાં તેઓ અદુમીઓ તરીકે ઓળખાતા હતા. હેરોદીઓ જેઓના વિષે આપણે નવા

કરારમાં વાંચીએ છીએ તે અદુમીઓ હતા (માર્ક ૩:૮).

સામાન્ય રીતે આ બન્ને પ્રજાઓ વચ્ચે દેખીતો તફાવત હતો. ઈસ્ત્રાએલીઓ ધાર્મિક પ્રજા હતી જેઓ યહોવાને,પોતાના ઈશ્વર તરીકે માનતા હતા. તેઓ પ્રબોધકોએ કહેલી ભવિષ્યવાણીઓ પ્રમાણેનું એક રાજ્ય ઊભું કરવાની ઝંખના રાખતા હતા. તેથી ઉલટું અદોમીઓ એ એક જગિક પ્રજા હતી. તેઓ ભૌતિક લાભો મેળવવા પ્રયત્ન કરતા હતા. તેઓને ઈશ્વર માટે માન હતું નહિ, અને તેઓ તેમના દુશ્મનો સાથે ક્રૂરતાથી વર્તતા હતા.

**વિષય**

ઓબાદ્યાને અદોમીઓ માટે ઘૃણા હતી. તેમનાં ભૂડાં કાર્યોને કારણે તે તેમના પર વેર વાળવા તૈયાર હતો. પહેલી સાત કલમોમાં બીજાને લૂંટતા અદોમીઓમાં જે અભિમાન અને અક્કડપણું હતાં તે જોવા મળે છે. હવે એવો સમય આવશે કે જ્યારે તેમને બીજાના હાથોએ સહન કરવું પડશે. તેઓને લૂંટવામાં આવશે, લડાઈમાં હાર ભોગવવી પડશે. આગળ જતાં કલમ સાતથી નવમાં ભવિષ્યવાણી કહેવામાં આવે છે કે અગાઉના જે સાથીદારો હતા, તેઓ જ અદોમ વિરુધ્ધ ઊઠશે અને પોતાના દેશમાંથી તેમને કાઢી મૂકશે. કલમ ૧૦-૧૪માં લેખક જણાવે છે કે અદોમે યરુશાલેમ પર જે લૂંટ ચલાવી હતી તેમાં તેઓ ભાગીદાર થાય છે. યરુશાલેમના લોકો નાસી જઈ રહ્યા હતા તેમને પકડવામાં અદોમીઓએ બેબિલોનના લોકોને સહાય કરી હતી. આ રીતે કલમ ૧૫થી ૨૧ પ્રમાણે તેમનો ચોક્કસ ન્યાય થવાનોછે. યહોવાનો દિવસ યોગ્ય શિક્ષાનો દિવસ થશે. યહૂદિયા અને ઈસ્ત્રાએલ બન્ને રાજ્યો ભેગાં મળીને અદોમનો નાશ કરશે અને કલમ ૨૧ પ્રમાણે તે યહોવાનું રાજ્ય થશે. આ ભવિષ્યવાણીની સચ્ચાઈ તે પછીના ઈતિહાસમાં પૂર્ણ થયેલી જોવા મળે છે. પાંચમી સદીમાં આરબોએ અદોમીઓને તેમના દેશમાંથી હાંકી કાઢ્યા હતા.

આખા પુસ્તકનો સૂર શિક્ષાનો અને ધિક્કારથી ભરેલો હોય તેમ લાગે છે, તોપણ આખરમાં તે આશા ઉત્પન્ન થાયછે કે આવનાર રાજ્ય ઈશ્વરનું હશે અને યહોવા તેના પર રાજ કરશે.

**હઝકિયેલ**

હઝકિયેલનું પુસ્તક જૂના કરારમાં લાંબા પુસ્તકોમાંનું એક છે અને એ રીતે હઝકિયેલની ગણતરી મુખ્ય પ્રબોધકોમાં થાયછે. હઝકિયેલ યાજક વર્ગમાંથી

આવે છે અને એમ લાગે છે કે તે જ્યારે જુવાન હશે ત્યારે યરુશાલેમના મંદિરમાં તેણે સેવા બજાવી હશે, પણ તેના જુવાની કાળમાં, જ્યારે યરુશાલેમને જીતી લેવામાં આવ્યું ત્યારે, ઉચ્ચ વર્ગના બીજા જુવાનો સાથે ઈ.સ. પૂ. ૫૯૭માં તેને પણ બેબિલોનના બંદીવાસમાં પકડીને લઈ જવામાં આવ્યો હોય. આ સમયે યરુશાલેમના મોટા ભાગના આગેવાનોને પણ બંદીવાસમાં લઈ જવામાં આવ્યા હતા.

હઝકિયેલ નામનો અર્થ છે ''ઈશ્વર બળ આપે છે''. આ દેખીતી રીતે જ યોગ્ય છે, કારણ હઝકિયેલનો સંદેશ તે આશા, સામર્થ્ય, વિશ્વાસુપણું અને ઈશ્વરના વચનની ખાતરી બાબતનો છે. લગભગ ઈ.સ. પૂ. ૫૯૩ માં, એટલે કે યહૂદિયાને બંદીવાસમાં લઈ ગયાનાં પાંચ વર્ષ બાદ, હઝકિયેલને ભવિષ્યવાણી કહેવા માટે ઈશ્વરનું તેડું મળે છે. તેણે આ સેવા લગભગ ૨૨ વર્ષ સુધી બજાવી.

ઘણા અભ્યાસીઓ માને છે કે હઝકિયેલ થોડાં વર્ષ માટે યરુશાલેમમાં પાછો આવ્યો હશે અને ઈ.સ. પૂ. ૫૮૮માં જ્યારે શહેરને ઘેરો ઘાલવામાં આવ્યો હતો ત્યારે તે ત્યાં હાજર હશે (૧૧:૧-૧૩ અને અધ્યાય ૨૪). એવા સંકેતો મળે છે કે યરુશાલેમના લોકોને તેણે એ સમયે ભવિષ્યવાણી કહી હોય. તે પછી બેબિલોનમાં તે પાછો વળે છે અને બંદીવાસીઓ મધ્યે તેની સેવા ચાલુ રાખે છે. મોટા ભાગના અભ્યાસીઓ માને છે કે ત્યાર પછી તે કદી ફરી પાછો પોતાના વતન યહૂદિયામાં આવ્યો નહતો. તેનો સમકાલીન યર્મિયા, તેની સેવા અને નામ વિષે તથા તે યરુશાલેમ પાછો આવ્યો હતો કે નહિ તે વિષે કશું લખતો નથી. યર્મિયા કે હઝકિયેલ તેમનાં લખાણોમાં એકબીજા વિષે કશું જ લખતા નથી. એમ લાગે છે કે તે બન્નેમાં યર્મિયા ઉંમરમાં મોટો હશે. બન્ને પ્રબોધકોના સંદેશા એકબીજાથી જુદા પડે છે. મંદિરમાં સેવા કરવા અંગે તેઓ વિરોધાભાસી વિચારો ધરાવે છે.

એવો પણ મત વ્યક્ત કરવામાં આવે છે કે હઝકિયેલે યરુશાલેમમાં જેઓ બાકી રહી ગયા હતા તેમને સંબોધીને નહિ પણ તેમના વિષે ભવિષ્યવાણી કહી હોય. બેબિલોન અને યહૂદિયા વચ્ચે વેપાર અને સામાજિક સંબંધો હોવાથી યહૂદિયામાં જે કાંઈ થાય તે બેબિલોનમાં વસતા લોકો જાણી શકતા હતા. યરુશાલેમની પડતી થઈ તે પહેલાં હઝકિયેલે તે બાબતમાં ભવિષ્યવાણી ઉચ્ચારી હોય અથવા તેણે તે અંગે સાંભળી પાછળથી પણ લખ્યું હોય.

હઝકિયેલ બેબિલોનના બંદીવાસીઓ મધ્યે રહેતો હતો અને તેમનો તે વગદાર આગેવાન હતો. તે પોતાના જ ઘરમાં રહેતો હતો. બંદીવાસીઓ ઘણી વખતે તેની પાસે શિખામણ, દિલાસો અને ખાતરી મેળવવા જતા હતા. તેનાં લખાણો સાહિત્યની દૃષ્ટિએ વખાણવામાં આવતાં હતા; તોપણ તેના સંદેશા લોકપ્રિય ન હતા અને લોકો તેનો સારી રીતે સ્વીકાર કરતા ન હતા. હઝકિયેલ પોતાના સંદેશાની નોંધ રાખવામાં કાળજી રાખતો હતો. તેણે સંભાળપૂર્વક તેનાં લખાણો ભેગાં કર્યાં હતાં. આથી જ તેનાં લખાણો આજે પણ બાઈબલમાં અગત્યના ભાગરૂપ બન્યાં છે.

હઝકિયેલના સંદેશા બેબિલોનના બંદીવાસીઓ તેમ જ યહૂદિયામાં જે શેષ રહી ગયા હતા તેમના માટે હતા. બીજા શબ્દોમાં કહીએ તો તે આખી ઈસ્ત્રાએલી પ્રજા માટે હતા. તોપણ બેબિલોનના બંદીવાસી આગેવાનો તથા યુવાનોએ શરૂમાં તેમનો વિરોધ કર્યો હતો. જે જૂઠા પ્રબોધકો જૂઠી ભવિષ્યવાણી કરતા હતા કે પેલેસ્ટાઈન દેશમાં જલદી પાછા જવાશે, તેમનું તેઓ સાંભળીને વધુ માનતા પણ હતા. તેના સંદેશાના સક્રિય વિરોધને કારણે તે જાહેર જગાઓમાં બોલવાનું ટાળતો હતો એવું લાગે છે. આ પ્રમાણે હોવાથી લોકો તેને મળવા તેના ઘેર જતા હતા. છેવટે તેનું સાંભળનાર લોકોએ તે સંદેશા સાચા અને વાજબી હોવાનું કબૂલ્યું હતું.

બેબિલોનનો બંદીવાસ ઘણાં વર્ષો પહેલાં શરૂ થયો હતો. આશરે એકસો વર્ષ પહેલાં આશ્શૂરીઓએ ઈસ્ત્રાએલના રાજ્ય પર હલ્લો કર્યો હતો. તેમણે સમરૂન શહેરનો નાશ કરી લોકોને બેબિલોનના બંદીવાસમાં લઈ ગયા હતા. તે પછી ૫૯૭ની સાલમાં યહુદિયાના રાજ્ય પર હૂમલો કરી તેમને બંદીવાસમાં લઈ ગયા હતા. ત્યાર પછી ઈ.સ. પૂ. ૫૮૬માં યરુશાલેમ શહેર પર બીજો હૂમલો કરી તેમણે શહેરનો પણ નાશ કર્યો હતો અને એમ કહેવાય છે કે ફક્ત શક્તિ વગરના રહેવાસીઓ જ ત્યાં રહી ગયા હતા. વળી એમ માનવામાં આવે છે કે બંદીવાસ એટલો બધો ખરાબ ન હતો. લોકો પર જુલમ ગુજારવામાં આવતો ન હતો અને તેમને પોતાનાં રહેઠાણોમાં રહેવાની છૂટ હતી. તેઓ પોતાનાં મકાનો બાંધી શકતા હતા. ખેતી કરી શકતા હતા. તે ઉપરાંત સાથે મળીને ભક્તિ કરી શકતા હતા. તેઓને પોતાની ભાષામાં બોલવાની છૂટ હતી. તેઓ તેમનાં સામાન્ય કામો અને રીતરિવાજો પાળી શકતા હતા. બેબિલોનનું જીવન એકંદરે સગવડતાવાળું ગણી શકાય તેવું હતું. પોતાના દેશમાં હતા તે કરતાં અહીં સારી ખેતી કરી ઊપજ મેળવતા હતા, કારણ ત્યાં નહેરોની અને સિંચાઈની સગવડ હતી.

આવી સર્વ સગવડ અને પ્રગતિ હોવાં છતાં યહૂદિયાના લોકોએ તેમના ઈશ્વર પરનો જે વિશ્વાસ હતો તે ગુમાવ્યો હતો. તેમના વતનમાં પાછા જવાનું મળશે એ આશા પણ તેમણે ગુમાવી હતી.

બંદીવાસના સમય સુધી વિશ્વના ધર્મો તેમની સરકાર સાથે સંકળાયેલા હતા. પોતાની સરકારનો જે ધર્મ હોય તે સિવાય કોઈ સ્વતંત્ર ધર્મ હતો નહિ. કોઈપણ ધર્મ સરકારના ટેકા અને રક્ષણ વગર વૃધ્ધિ પામી શકતો ન હતો. જો સરકારનો નાશ થાય તો ધર્મનો પણ અંત આવે.

ઘણા દેશોમાં રાજાઓ તેમની પ્રજા માટે દેવો પસંદ કરતા હતા. જે રાજા જેણે દેવ સ્થાપ્યો હોય તે મૃત્યુ પામે તો દેવને પણ લોકો ભૂલી જતા. નવા દેવો ઊભા થતા અને અવારનવાર તેમનો નાશ થતો હતો. રાજ્યનો નાશ થાય તો દેવ રહી શકે તે તેમની કલ્પના બહારની બાબત હતી. આથી જ્યારે યહૂદિયાનો નાશ થયો ત્યારે જાણે યહોવાનો પણ અંત આવ્યો એવું લોકો માનવા લાગ્યા. યહૂદીઓ માટે આ નિરાશાની બાબત હતી. તેઓ એમ માનતા હતા કે તેમની સૌથી પ્રિય બાબત તેમણે ગુમાવી  છે. અહીં પરદેશી રાજ્યમાં હોવાને કારણે તેમને એમ લાગતું હતું કે ઈશ્વરે તેમને મૂકી દીધા છે. યહોવાનું વર્ચસ્વ હવે રહ્યું નથી અને વિશેષમાં બેબિલોન દેશમાં તો નહી જ. આજુબાજુ અન્ય પરદેશી દેવો હોવાથી યહોવા કરતાં દેખીતી રીતે તેઓ બળવાન લાગતા હતા. સ્તુતિ કરવા માટે જાણે ઈશ્વર જ ન હતા. તેમના અગાઉના જીવનમાં મંદિર તેમની ઈશ્વરભક્તિનો એક મહત્વનો ભાગ હતું. પરંતુ તે પણ હવે હતું નહિ. આથી મંદિર વગર અને પોતાના પવિત્ર વતનથી દૂર હોવાથી તેઓએ વિશ્વાસ ગુમાવ્યો હતો. તેમનામાં જે ખોટી આશા હતી કે થોડા સમયમાં તેઓ યરુશાલેમ પાછા વળશે તે વર્ષો જતાં ઓછી ને ઓછી થવા લાગી.

ઈશ્વરે આવા સમયે હઝકિયેલને બોલાવ્યો, જેણે જીવતા પ્રભુનું દર્શન જોયું. તે એવા ઈશ્વર છે જેમને સર્વ દેશોના ભાવિ પર સત્તા અને અધિકાર છે. આ ઈશ્વર તેમના લોકોને આપેલું વચન પૂર્ણ કરશે કે તેઓને એક દિવસ યરુશાલેમમાં પાછા લાવવામાં આવશે. હઝકિયેલે પ્રબોધ કર્યો કે ઈશ્વરે તેમના લોકોને મૂકી દીધા નથી. તે એવા દેવ નથી કે પરિસ્થિતિ કે આકસ્મિક બનાવો અનુસાર બદલાતા રહે. તેઓ તો સર્વ સૃષ્ટિના સરજનહાર  છે. જે બનાવો દરરોજ બનેછે તેના પર તેમની સત્તાછે. સર્વ દેશો તથા પ્રજાઓ તેમની હકુમતમાં છે જેમાં યહૂદિયાના લોકોનો પણ સમાવેશ થાય છે. અધ્યાય ૧૦ અને ૧૧માં

હઝકિયેલ એક દર્શન જુએ છે, જેમાં ઈશ્વર તેમના રથમાં બેસીને યરુશાલેમથી બેબિલોન જાય છે.

## હઝકિયેલના શિક્ષણમાં બીજી બાબતો પર ભાર

હઝકિયેલ, જે યહુદિયાની નિયમ મુજબની ભક્તિમાં ગરક થયેલો હતો, તે માનતો હતો કે યહોવા આખી પૃથ્વી પર સત્તા અને અધિકાર ચલાવે છે એટલું જ નહિ પણ યહોવા પવિત્ર ઈશ્વર છે. ઈસ્ત્રાએલનું પાપ ઈશ્વરની પવિત્રાઈને લાંછનરૂપ હતું. હઝકિયેલ ઈશ્વરને મહિમાવંત અને પવિત્ર ઈશ્વર તરીકે રજૂ કરે છે. ઈસ્ત્રાએલનાં પાપની શિક્ષા લોકોએ ભોગવવી જ જોઈએ, કારણ કે યહોવાની પવિત્રાઈ અને મહિમાનું તેથી ખંડન થાય છે. એ તો ઈશ્વરનું કૃત્ય હતું કે તેમણે યહૂદીઓ પર બંદીવાસ આવવા દીધો અને યરુશાલેમનો પણ નાશ થયો. આવું હોવા છતાં હઝકિયેલ ઈસ્ત્રાએલી લોકોને આશા આપતો જ રહ્યો. તે જણાવે છે કે ઈશ્વર લોકોને તેમનાં પાપોમાંથી શુધ્ધ કરીને પોતાના લોકો તરીકે ફરીથી તેમને સ્થાપિત કરશે. પોતાના લોકો માટેની યોજના અને હેતુમાં ઈશ્વર કદી નિષ્ફળ ગયા નથી. ઈસ્ત્રાએલના દુશ્મનોએ કાલ્પનિક વાતો કહી તેમને ટોણાં માર્યા. પરંતુ ઈશ્વર પોતાના લોકોને મોડે મોડે પણ બંદીવાસમાંથી પેલેસ્ટાઈનમાં પાછા લાવી સ્થાપિત કરશે. આ સ્થાપિત થવું ઈશ્વરના પવિત્ર નામને ખાતર હશે. હઝકિયેલ અવારનવાર ઈશ્વરના નામને વ્યક્તિ તરીકે રજૂ કરે છે, માત્ર કોઈ દેવના તખલ્લુસ તરીકે નહિ.

હઝકિયેલના શિક્ષણમાં બીજી એક બાબત પર ભાર મૂકવામાં આવે છે તે વ્યક્તિગત જવાબદારી છે. આ બાબત યહૂદી ધર્મના વિચારોમાં પ્રગતિ સૂચવે છે. આ પહેલાંના પ્રબોધકો આખો દેશ અંને તેના સમગ્ર લોકોને ધ્યાનમાં રાખી વિચારતા હતા. કિન્તુ હઝકિયેલ વ્યક્તિગત શુધ્ધતા પર વિશેષ ભાર મૂકે છે. દરેક માણસ વ્યક્તિગત રીતે ઈશ્વરની આગળ જવાબદાર છે (અધ્યાય ૧૮).

હઝકિયેલના પુસ્તકમાં બીજો એક ચાવીરૂપ શબ્દ ''આત્મા''છે. ઈશ્વરના સાધન તરીકે આત્મા હઝકિયેલને ઈશ્વરના સંદેશાનું પ્રકટીકરણ કરે છે. આ આત્મા મારફતે તે ઈશ્વરનું તેડું સાંભળે છે (૨:૨). આત્મા, જે દર્શનો થવાનાં હતાં તેમાં તેને દોરી જાય છે (૩:૧૨, ૧૪; ૮:૩; ૧૧:૨૪; ૩૭:૧; ૪૩:૫-૭). હઝકિયેલ આત્મામાં બોલે છે. (૧૧:૫). સૂકાં હાડકાં જે વિખરાયેલાં હતાં તેમની સજીવ કરવામાં આત્માનું સામર્થ્ય ભાગ ભજવે છે (૩૭:૯). આ રીતે આપણે જોઈએ છીએ કે હઝકિયેલ ઈશ્વરના આત્માનો જે સિધ્ધાંત છે તેને

અસ્તિત્વમાં લાવેછે અને પાછળથી નવા કરારમાં આ જ સિધ્ધાંત વૃધ્ધિ પામેછે.

ચોથો વિષય જેના પર આ પુસ્તકમાં ભાર મૂકવામાં આવ્યોછે, તે ધાર્મિક વિધિ અને ભક્તિ છે. પોતાની યુવાનીમાં તે યાજક હોવાને લીધે યરુશાલેમના મંદિરમાં ભક્તિ કરવાનો હૃદયસ્પર્શી અનુભવ તેણે કરેલોછે. તેને ખાતરી થાય છે કે ધાર્મિક વિધિ અને નિયમિત ભક્તિ વગર લોકો ઈશ્વર પરનો વિશ્વાસ ગુમાવી બેસશે. ઈશ્વર પરનો વિશ્વાસ ધાર્મિક વિધિઓ, અર્પણો અને બલિદાન દ્વારા વ્યક્ત થાય છે એવું તે માનતો હતો. ન્યાયીપણું અને નૈતિકતા મૂસાના નિયમોની આજ્ઞાધિનતાની સાથે સાથે જાય છે. ધાર્મિક વિધિઓ સાચી રીતે કરવા તે તેના મતે ખૂબ અગત્યનું હતું. હઝકિયેલ મૂસાના નિયમો જાણતો હતો. હકીકતમાં યહૂદી લોકોએ બંદીવાસમાં જતી વખતે શમુએલ, નાથાન અને બીજાઓએ લખેલાં પુસ્તકો ઉપરાંત આમોસ, હોશિયા, યશાયા, મીખાહ, નાહૂમ, સફાન્યા અને હબાક્કૂકનાં પુસ્તકો પણ તેમની સાથે લીધાં હતાં. કદાચ યર્મિયાનાં કેટલાંક લખાણો પણ સાથે લીધાં હોય.

બંદીવાસ પહેલાં યહૂદિયાના લોકો મંદિરને મુખ્ય કેન્દ્ર માનતા હતા. યોશિયા રાજાએ યરુશાલેમ શહેરમાં ભક્તિ કરવા કેન્દ્રસ્થાન સ્થાપ્યું હતું. પરંતુ હવે બંદીવાસમાં મંદિર વગર તેઓ યહોવાની ભક્તિ કરી શકે નહિ એવું તેઓને લાગતું હતું. તેઓ એમ માનવા લાગ્યા કે ઈશ્વરમાં હવે શક્તિ રહી નથી અને તેમને નિષ્ફળ કર્યા છે. આવી સ્થિતિમાં તેમનો વિશ્વાસ કેવી રીતે ચાલુ રહે? તોપણ આપણે હઝકિયેલને યહૂદી લોકોને મળતો, શિક્ષણ આપતો અને ઈશ્વરના સંદેશાનું પ્રકટીકરણ કરતો જોઈએ છીએ. ઈસ્ત્રાએલી લોકો નિયમશાસ્ત્રનાં, ઈતિહાસનાં અને આ પહેલાંના પ્રબોધકોનાં જે પુસ્તકો તેમની સાથે લાવ્યા હતા તેમનો અભ્યાસ કરતા હતા. ધીમે ધીમે તેમનું સાથે ભેગા મળવું ભક્તિસભામાં ફેરવાઈ ગયું તેઓ ગીતો ગાવા, અભ્યાસ કરવા અને પ્રાર્થના કરવા લાગ્યા. આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે સભાસ્થાનની શરૂઆત થઈ. બંદીવાસ પછીના વર્ષોમાં સભાસ્થાન, બાઇબલ અભ્યાસ, ભક્તિ અને શિક્ષણ આપવાનું કેન્દ્ર બન્યું. ફરીથી બંધાયેલું મંદિર અર્પણો ચઢાવવાની અને ધાર્મિક વિધિઓ કરવાનું મુખ્ય કેન્દ્ર બન્યું. પણ વિશ્વાસુ લોકોએ સભાસ્થાનોમાં નિયમિત ભક્તિસભા માટે ભેગા મળવાનું ચાલુ રાખ્યું.

આ રીતે ઈશ્વર પરનો તેમનો વિશ્વાસ ફરીથી સ્થાપિત થયો. હઝકિયેલના શિક્ષણ મારફતે તેઓને ખાતરી થઈ કે હજુ પણ ઈશ્વર તેમની કાળજી રાખે છે.

તેઓને એ બાબતનું પણ ભાન થયું કે તેમણે ઈશ્વર વિરુધ્ધ પાપ કર્યુંછે અને હવે નિયમની આધિનતામાં આવી સાચું જીવન જીવવું જ જોઈએ.

હઝકિયેલના શિક્ષણનો પાંચમો વિષય ઈશ્વરના રાજ્ય અંગેનો છે. ઈશ્વરના એક આદર્શ રાજ્યનું અને ભવિષયમાં આવનાર એક આદર્શ રાજાનું એક નમૂનેદાર ચિત્ર પુસ્તકના આખરના ભાગમાં ખડું થતું જોવામાં આવે છે.

## હઝકિયેલના પુસ્તકનો વિગતવાર અભ્યાસ

શિક્ષણ માટે હઝકિયેલના પુસ્તકને મુખ્ય ચાર વિભાગમાં મૂકી શકાય. ૧થી ૨૪ અધ્યાયોમાં તેને ભવિષ્યવાણી કહેવાની સેવા માટે તેડવામાં આવે છે ત્યાંથી શરૂ કરીને યહૂદિયા તથા યરુશાલેમ શહેર માટેની ભવિષ્યવાણી રજૂ કરે છે. અધ્યાય ૨૫થી ૩૨માં હઝકિયેલ બીજાં રાજ્યો અને ખાસ કરીને તૂર અને ઈજિપ્ત વિરુધ્ધ ભવિષ્યવાણી ઉચ્ચારે છે. અધ્યાય ૩૩થી ૩૯માં ઈસ્ત્રાએલ જે રાજ્ય તરીકે સ્થાપિત થઈ રહ્યું હતું તે અને દાઉદના વંશમાં જે નવા રાજ્યનું નિર્માણ થવાનું હતું તે તથા મસીહ આવવાની જે આશા હતી તે વિષે વાત કરે છે. ઈસ્ત્રાએલને નવું હૃદય અને નવો આત્મા આપવામાં આવશે અને તે પરદેશી રાજ્યો પર વિજય મેળવશે. આખરે અધ્યાય ૪૦થી ૪૮માં પરાકાષ્ટા આવે છે, જેમાં પુનઃસ્થાપિત સમાજનું દર્શન, તેની સાથે ફરીથી શરૂ થયેલ મંદિરની ભક્તિસભા, યાજક વર્ગના અને જમીન અંગેના કાયદાની વાત છે.

પહેલો અધ્યાય સુંદર કાવ્યમય પ્રતિકોમાં રજૂ કરાયો છે. હઝકિયેલમાં એક સાચા કલાકારનું માનસ ઉપસી આવે છે. એ શક્ય છે કે તેણે બેબિલોનનાં પરદેશી મંદિરોમાં જે સુંદર કોતરણી કામ જોયું હશે તેનાથી તે પ્રભાવિત થયો હશે અને તેણે તે વિષે અભ્યાસ પણ કર્યો હોય. યરુશાલેમના મંદિરમાં આવી કોતરણી કરવા દેવામાં આવી ન હતી. તે જ્યારે તંદ્રાવસ્થામાં હતો ત્યારે તેને કદાચ આ અર્ધ મનુષ્ય અને અર્ધ પ્રાણીઓની પ્રતિમા દેખાઈ હશે જે પ્રતિમાઓમાં ઈશ્વરનું સર્જન, પ્રાણીઓ, પક્ષીઓ, મનુષ્યજાત અને સર્વ કુદરતનું પ્રતિબિંબ પડતું તેણે જોયું હશે. એ દ્વારા ઈશ્વરની શક્તિ તેમ જ મહિમા પ્રગટ કરતું સિંહાસન જોવા મળેછે. ઈશ્વર પોતાનું જીવન, હલનચલન અને કાર્ય પોતાના સર્જન દ્વારા વ્યક્ત કરે છે. હઝકિયેલે જે પૈડાનું દશ્ય જોયું તે આનું આબેહૂબ પ્રતિક છે. જુદી જુદી, સમજણમાં પણ ન આવે એવી પ્રતિમાઓ આ પુસ્તકમાં જોવા મળે છે, તેનાથી એક સામાન્ય છાપ ઉપસ્થિત થાય છે કે તે દ્વારા હઝકિયેલ આપણને ઈશ્વરનો પ્રેરણાજનક મહિમા તથા શક્તિ દર્શાવે છે.

અધ્યાય ૨ અને ૩માં હઝકિયેલને ભવિષ્યવાણી કહેવા માટે જે આશ્ચર્યજનક અનુભવ સાથે ઈશ્વરનું તેડું મળેછે તે વિષે આપણે વાંચીએછીએ. આખા પુસ્તકમાં તેને ''મનુષ્યપુત્ર'' તરીકે સંબોધવામાં આવ્યો છે. આનો અર્થ એવો થઈ શકે કે તે ''પોતાના લોકોનું પ્રતિનિધિત્વ કરનાર'' કહી શકાય. જે કાર્ય તેને કરવાનું હતું તે સહેલું ન હતું. તે સાચે જ મુશ્કેલ, નિરાશાજનક અને કેટલીક વખત ફળહીન પણ લાગે. શું થોડું જ અથવા બિલકુલ પરિણામ નહિ! બંડખોર લોકો તેનું સાંભળશે નહિ અને તેનો અમલ પણ કરશે નહિ. હકીકતમાં તેના સાંભળનારા તરફથી તો તેને વિરોધ અનુભવવાનો હતો. ઈશ્વરે તેમના શબ્દો ઓળિયાના રૂપમાં હઝકિયેલને આપ્યા અને તેને તે ખાઈ જવા જણાવ્યું. આ સંદેશો તેને ફક્ત મોઢેથી કહેવાનો હતો એટલું જ નહિ પણ તેનો તેને અનુભવ કરવાનો હતો. તેને ઈશ્વરના શબ્દોની મીઠાશ ચાખવાની હતી, પરંતુ તે મીઠાશ આત્મામાં કડવાશના રૂપમાં ફેરવાઈ જાય છે (હઝ. ૩:૧૪). બીજાને તે કહે તે પહેલાં ઈશ્વરનો જીવંત શબ્દ તેના વ્યક્તિત્વનો એક અંતરતમ ભાગ બને તે જરૂરી હતું. શરૂમાં ઓળિયું મધ જેવું મીઠું લાગ્યું (૩:૩); પરંતુ પાછળથી તેને કડવાશનો અનુભવ થાયછે, જે ખ્યાલ આપેછે કે તે સંદેશો તો ઈશ્વરની સખતમાં સખત શિક્ષાનો સંદેશો હતો.

આવનાર અનર્થ વિષે લોકોને ચેતવણી આપવા પ્રબોધકે ચોકીદાર થવાનું હતું (૩:૧૭). હબાક્કૂક તથા યશાયાને પણ આવું ચિત્ર જોવા મળે છે. વ્યક્તિગત જવાબદારીનો જે સિધ્ધાંત હતો તે હઝકિયેલ અહીં રજૂ કરે છે. આનો અર્થ એ કે દરેક વ્યક્તિ પોતાના જીવન અને નૈતિક વર્તાવ માટે જવાબદાર છે. આ મુદ્દો અધ્યાય ૧૮માં પણ જોવા મળે છે. હકીકતમાં ધાર્મિક સિધ્ધાંતમાં તે એક નવો પણ જરૂરી ખ્યાલ છે.

અધ્યાય ૩માં આત્માએ પ્રબોધક પર જે બંધનો મૂક્યાં હતાં તેની હારમાળા અહીંથી શરૂ થાય છે. એ શક્ય છે કે આ તેના સાચા અનુભવો હતા, જેમાંથી આત્માની દોરવણી મુજબ તેને પસાર થવાનું હતું. આત્માના કેટલાક બનાવો ફક્ત પ્રતિકાત્મક રૂપમાં જ હોય. કલમ ૪:૮ પ્રમાણે તેને રસ્સાથી બાંધવામાં આવે છે, જેનો અર્થ એમ થઈ શકે કે લોકોએ તેને બોલતો રોક્યો હોય. આખા પુસ્તકમાં હઝકિયેલ અવારનવાર પોતાના મુંગાપણાના સમયો વિષે લખે છે. કદાચ આ તેની શારીરિક નબળાઈ હોય અથવા તો કેટલાક કિસ્સામાં સામાન્ય બાબતો અને વાર્તાલાપ તે ટાળતો હોય, કારણ તેના લોકો ભવિષ્યવાણીના સંદેશા સંભળવાનું નકારતા હતા.

પ્રતિક તરીકે હઝકિયેલને જે અનુભવ થયા, જેવા કે અમુક સમય સુધી એક પડખે પડી રહેવાનું, પછીથી બીજા પડખે પણ એમ જ રહેવાનું, તેને મળતો મર્યાદિત ખોરાક, માથું મુંડાવવું, કેટલાક વાળને બાળવા તે બધાને યરુશાલેમમાં પ્રવર્તતી નાશ અને ઘેરાની પરિસ્થિતિ સાથે સરખાવી શકાય. વળી દુકાળ, ક્ષય, રોગ અને આગથી ઘણાં રહેવાસીઓ નાશ પામ્યાં હતાં. વાળ બાળવાનો અર્થ એવો પણ હોય કે મનુષ્યભક્ષ કરવા જેવી પરિસ્થિતિ પણ આવી હોય. યરુશાલેમનાં પાપોને કારણે આવાં ભયંકર દુઃખો આવતાં હતાં. ખાસ કરીને મૂર્તિપૂજાનું પાપ, જેનો કદી સંપૂર્ણ રીતે નાશ કરવામાં આવ્યો ન હતો. જો કે કેટલાક રાજાઓએ તેને બંધ કરવા પ્રયત્નો કર્યા હતા.

હઝકિયેલના પુસ્તકમાં આ વાક્ય પણ અવારનવાર આવે છે; "ત્યારે તમે જાણશો કે હું યહોવા છું" આ વાક્ય ૫૪ વખત આ પુસ્તકમાં આવે છે (હઝ. ૬:૭, ૧૫; ૭:૨૭; વગેરે).

હઝકિયેલના તેડા અને મળેલા દર્શન પછી એકાદ વર્ષમાં લોકોના વડીલો તેના ઘરમાં ભેગા મળવા લાગ્યા. લોકોએ હવે માન્યું કે ઈશ્વરની ઇચ્છા તેની ભવિષ્યવાણી પ્રમાણે અવશ્ય પૂરી થશે, કારણ કે તે ઈશ્વરપ્રેરિત છે.

૮માં અધ્યાયમાં હઝકિયેલ નોંધે છે કે આત્મા તેને યરુશાલેમમાં લાવે છે, જ્યાં તેણે જોયું કે ઘણા વિધર્મી ક્રિયાકાંડો આચરવામાં આવતા હતા, જે શરમજનક અને ઈશ્વરને પસંદ ન પડે એવા હતા. તે સમયે સુલેમાને બાંધેલું મંદિર હકીકતમાં ત્રણ મકાનોના જુથમાં હતું. બહારની પરસાળો જેમાં ભક્તિ કરવામાં આવતી હતી તે અંદરના પવિત્રસ્થાનની સાથે જોડાયેલી ન હતી. વિધર્મી ક્રિયાકાંડો આ બહારની પરસાળોમાં નહિ, પરંતુ પવિત્ર મંદિરના અંદરના ભાગમાં કરવામાં આવતા હતા. પરસાળની અંદર આવેલી દિવાલમાં જે કાણું હતું તે એ દર્શાવેછે કે કેવી ખાનગી રીતે આવી ક્રિયાઓ કરવામાં આવતી હતી. કદાચ એવું હોય કે યોશિયાના ધાર્મિક સુધારા પછી કરારને તાજો કર્યો હોવાથી, લોકો ખુલ્લામાં મૂર્તિપૂજા કરતાં શરમાતા હતા. સુધારા પછી પણ મૂર્તિપૂજાની ક્રિયાઓ ખતમ કરી દેવામાં આવી ન હતી. વિધર્મી દેવોની સેવા જેવી કે વનસ્પતિના દેવ તામુઝની અને બેબિલોનવાસીઓના સૂર્યદેવની સેવા મુખ્ય હતી. આગેવાનો, કદાચ યાજકો પણ, બેબિલોનના દેવોની ભક્તિ કરવા દોરાતા હતા. તેઓ પણ એવું માનવા લાગ્યા કે તેમના ઈશ્વર યહોવા સંજોગોને આધીન થઈ નબળા પડી ગયા છે. અને બેબિલોનના દેવો મજબૂત થયા છે.

અધ્યાય ૯માં હઝકિયેલ યરુશાલેમ અને તેના રહેવાસીઓના નાશની ભવિષ્યવાણી ઉચ્ચારે છે. આમાં જેઓના કપાળ ઉપર નિશાની હશે તે બચી જશે. આ ચિહ્ન, હિબ્રૂ મૂળાક્ષરોનો જે છેલ્લો અક્ષર છે, તે મૂળમાં વધસ્તંભના આકારનો હતો. પ્રકટીકરણ ૭:૩માં આવા જ નિશાન વિષે કહેવામાં આવ્યું છે. વિશ્વાસ કરનારી મંડળીના જેઓ હશે તેમના કપાળ ઉપર આવી નિશાની તેઓ નાશમાંથી બચી જાય માટે કરવામાં આવશે. ઈસુ ખ્રિસ્તના મૃત્યુની નિશાની તરીકે વધસ્તંભનું નિશાન ઘણું મહત્વનું છે; કારણ કે તે ઉધ્ધારનું પ્રતિક છે.

અધ્યાય ૧૦માં ફરીથી આપણને સુંદર કાવ્યાત્મક પ્રતિકો દ્વારા ઈશ્વરના ગૌરવનું ભવ્ય વર્ણન જોવા મળે છે. અધ્યાય એકમાં જેવું વર્ણન આવે છે, તેના જેવું જ આ છે; પરંતુ અહીં આપણે ઈશ્વરના ગૌરવને મંદિરમાંથી જતું રહેતું જોઈએ છીએ.

અધ્યાય ૧૧માં યરુશાલેમમાં જેઓ બાકી રહી ગયા હતા તેઓ અભિમાનથી કહે છે કે અમે તો માંસ જેવા છીએ, જ્યારે જેઓને બંદીવાસમાં લઈ જવામાં આવ્યા હતા તેઓ તો મૃત સૂકાં હાડકાં સમાન છે, કારણ કે તેમને ફેંકી દેવામાં આવ્યા હતા. હઝકિયેલ જેઓ બાકી રહી ગયેલા હતા તેમને ઈશ્વરનો સંદેશો ભવિષ્યવાણી તરીકે સંભળાવે છે કે તેમને પણ તેમનાં દુષ્કૃત્યો અને હિંસાને લીધે મૃત્યુ, બંદીવાસ અને શિક્ષા મળશે. આ સાથે જેઓ બંદીવાસમાં ગયા હતા તેમના માટે પણ પ્રબોધક આશાનો સંદેશો જણાવે છે કે ઈશ્વર તેમને તેમના વતનમાં પાછા લાવશે અને તેમની સાથેનો કરાર પુનઃસ્થાપિત કરશે. વળી તેમને નવું જીવન, નવું હૃદય અને નવો આત્મા આપશે. યર્મિયાના પુસ્તકમાં વિશેષ કરીને ૨૪ અને ૩૧ અધ્યાયોમાં આ વિચાર ઘણી વખતે જોવા મળે છે.

અધ્યાય ૧૨થી ૧૪માં જેઓ યરુશાલેમમાં તરવાર અને દુકાળથી બચી ગયા હતા તેમના નાશ વિષે કહે છે. હઝકિયેલ જૂઠા પ્રબોધકો જેઓ શાંતિ ન હોવા છતાં શાંતિ હોવાનું જણાવે છે તેમને ઠપકો આપી તેમની વિરુધ્ધમાં બોલે છે. આ પ્રબોધકો લોકોને છેતરતા હતા કે ઈશ્વર તેમને નાશ અને મૃત્યુમાંથી બચાવશે. આવા પ્રબોધકોને ઈશ્વર તરફથી શાંતિનો સંદેશો મળ્યો જ ન હતો. તેમના સંદેશા પર વિશ્વાસ રાખી શકાય નહી. ત્યાં સ્ત્રી જાદુગરો પણ હતી, જેઓ રૂમાલ અથવા કપડાંની ગાંઠ બાંધતી અને કહેતી કે તેમને જીવન અને મરણ પર સત્તા છે. અથવા તો તેઓ ગાંઠ છોડતી અને દર્શાવતી કે જેમના પર મુશ્કેલી આવી હોય તેમને તે મુક્ત કરી શકે છે. અયૂબ, નૂહ, અને દાનિયેલના જેવા ધાર્મિક માણસો યરુશાલેમમાં રહેતા હોય તોપણ લોકોએ એમ ન માનવું કે

આવા ધાર્મિક માણસોને આધારે તેઓ પોતાને બચાવી શકશે. ધાર્મિક માણસ પોતાની ધાર્મિકતાથી બીજાંને બચાવી શકે નહિ. હઝકિયેલ જાહેર કરે છે કે બચાવ અંગેની તેમની આશા ખોટી છે. યહૂદિયાનો રાજા સિદકિયા પણ બચી શકશે નહિ, તેને હાર ભોગવવી પડશે, કારણ કે તેણે બેબિલોનની વિરુધ્ધ બંડ કર્યુ અને ઈજિપ્તની મદદ લીધી.

૧૫થી ૧૭ અધ્યાયોમાં ઇસ્ત્રાએલને પ્રતિકોનો ઉપયોગ કરીને સમજાવવામાં આવ્યું છે. દાખલા તરીકે એક ફળહીન જંગલી દ્રાક્ષાવેલો જે બાળવા સિવાય બીજા કોઈ કામનો નથી. એક એવી દીકરી જે જન્મતાંની સાથે તજી દેવામાં આવેલી અને જેને યહોવાએ ઉછેરીને છેવટે પોતાની પત્ની તરીકે સ્વીકારી અને તેના ઉપર પ્રેમ કર્યો, એક દેવદાર વૃક્ષ જેની ડાળીઓ બેબિલોનના ગરૂડે સોરી નાખી છે. ઈશ્વરના લોકો ઈશ્વરના કરારને અવિશ્વાસુ નીકળ્યા છતાં, અને શિક્ષાને પાત્ર હોવા છતાં ઈશ્વર તેમને પુનઃસ્થાપિત કરશે, તેમનો કરાર તાજો કરશે અને આખરે તેમનું ઈશ્વર સાથે સમાધાન થશે. કરાર તાજો કરવાનું વચન પ્રબોધકોના સંદેશાઓમાં અને યર્મિયા જે બંદીવાસમાં હતો તેના સંદેશામાં પણ ઘણી વખત આવે છે.

૧૮માં અધ્યાયમાં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે અને તે છે બીજાઓના પાપોને કારણે સહન કરવાનું. અમારા પૂર્વજોના પાપોને કારણે શા માટે અમારે સહન કરવું પડે? બાપે ખાટી દ્રાક્ષા ખાધી અને પુત્રોના દાંત ખટાઈ ગયાના ઉદાહરણ મારફતે આ વિચાર સૂચવાયો છે.

સદીઓથી ઈસ્ત્રાએલીઓ યહોવાના કરારનો ભંગ કરતા હતા. તેઓએ તેમના નિયમોનો ભંગ કર્યો અને મૂર્તિપૂજા સાથે બીજાં પાપો કર્યા હતાં. હકીકતમાં તેઓ બંડખોર થયા હતા. નૈતિક રીતે ભ્રષ્ટ થયેલા તથા ઈશ્વરના નૈતિક અને ધાર્મિક વિધિઓનું તેમણે ઉલ્લંઘન કરેલું. બેબિલોનમાં બંદીવાસ તરીકે જવાનું સાચું કારણ તેમનું સામુહિક પાપ હતું. પાછલી થોડી સદીઓમાં અને સમયમાં ક્યારેક ક્યારેક તેઓએ પસ્તાવો કર્યો અને તેમના ભૂંડાં કૃત્યોથી પાછા વળ્યાં, પણ આ પસ્તાવો અને સુધારો સાચા અર્થમાં ટકી રહ્યો નહિ. તે કામચલાઉ નીકળ્યો હતો, કારણ કે તેમના નિત્યના જીવનમાં આજ્ઞાભંગ, મૂર્તિપૂજા, અનૈતિક વર્તાવ ઘર કરી ગયાં હતાં. તેમ છતાં હઝકિયેલ જણાવે છે કે દરેકનો ઈશ્વર સાથેનો સંબંધ વ્યક્તિગત છે. પોતાનાં પાપોની શિક્ષા પોતાને જ ભોગવવી પડે છે. દરેક વ્યક્તિને તેનો બદલો અથવા શિક્ષા તેણે જે રીતે વર્તણૂક કરી હશે તે પ્રમાણે મળશે.

અધ્યાય ૧૯માં બે દૃષ્ટાંતકથા છે. જે સિંહણ છે તે સિદકિયા રાજાની મા અને સિંહણનાં બે બચ્ચાં તે તેના બે દીકરા તે યહોઆહાઝ અને યહોયાકીન હતા. તેઓ બન્ને બંદીવાસમાં કેદી તરીકે ગયા, એક ઇજિપ્તમાં અને બીજો બેબિલોનમાં. બીજી કહેવત પણ સિદકિયાની માની છે, જે દ્રાક્ષાવેલો હતી અને તેની પર ડાળીઓ હતી. આ કુટુંબને ઉખેડી નાખવામાં આવ્યું હતું અને તેમના રાજકીય હક્કો છીનવી લેવામાં આવ્યા હતા. આ અધ્યાય રાજકીય કુટુંબ માટે વિલાપરૂપ છે.

અધ્યાય ૨૦થી ૨૪માં મૂસાના સમયથી ઇસ્ત્રાએલના ઇતિહાસની વિગતવાર માહિતી આપવામાં આવી છે. લોકોનું મુખ્ય પાપ મૂર્તિપૂજા હતું. પણ આ મૂર્તિપૂજાનું પાપ લોકોને બીજાં પાપો જેવાં કે વ્યભિચાર, ખૂન વગેરેમાં દોરી જાય છે. પ્રથમજનિત દીકરાને દેવોને બલિદાન તરીકે આપવાના રિવાજ વિષે અહીં કહેવામાં આવ્યું છે. એમ લાગે છે આમાંના ઘણા ઘાતકી અને ક્રૂર અત્યાચારો યોશિયાના સમયમાં જે સુધારા થયા ત્યારે બંધ થયા હોય. તોપણ બીજા એવા રીતરિવાજો હતા જે લોકોના જીવનમાં વણાઈ ગયા હતા જે મૂર્તિપૂજાના પાપ સાથે સંકળાયેલા હતા અને ઈશ્વરની આજ્ઞાથી વિરુધ્ધ હતા. તે ઉપરાંત ઘણાં સામજિક દુષણો અને પાપો તેઓ ખાનગીમાં આચરતા હતા. આમાં વ્યભિચાર, અજાણ્યા લોકો સાથેનો શરમજનક વર્તાવ, માબાપનું અપમાન, વિધવાઓની કાળજી રાખવાની બેદરકારી, શોષણગીરી અને લોભ, અપ્રમાણિકતા, લાંચરૂશ્વત, ધન અને સત્તાની ભૂખ, સાબ્બાથવારનો અનાદર જે વિષે પ્રબોધક આમોસે પણ કહેલું છે. આવાં પાપોને ઢાંકવામાં યાજકો પણ ગુનેગાર ગણી શકાય, કારણ કે આવી પાપીષ્ઠ વર્તણૂંક સામે તેમણે વિરોધ કર્યો નહિ.

૨૩માં અધ્યાયમાં હઝકિયેલ ઇસ્ત્રાએલે પરદેશી રાજ્યોની લશ્કરી મદદ લેવા બાબતના જે ખોટા નિર્ણયો કર્યા હતા તે જણાવે છે. એ પ્રમાણે કરીને તેમણે ઈશ્વરની શક્તિ અને તેમના મહિમાનું અપમાન કર્યુ હતું. વળી તેમના આવા વર્તન દ્વારા એ પણ સૂચવાય છે કે પોતાના ઈશ્વરમાં તેમને વિશ્વાસ ન હતો. ઈશ્વર જ વિજય આપી શકેછે તેથી બીજાં રાજ્યોની મદદ લેવાની જરૂર ન હતી.

અધ્યાય ૨૪માં ઉકળતી કઢાઈ જેમાં માંસ અને હાડકાં છે તે દૃષ્ટાંત મારફતે ઘેરા વખતે યરુશાલેમવાસીઓનું જે ભયંકર દુઃખ હતું તે જણાવે છે. હઝકિયેલ પોતાની પ્રિય પત્નીના મૃત્યુ વિષે પણ કહે છે. તેને મરણ પછી

રૂદનના જે વિધિઓ હોય છે તે પણ કરવા દેવામાં આવ્યા નહિ. આવી રીતે જ યરુશાલેમ જે મૂલ્યવાન નગરી હતી તેનો નાશ બેબિલોનવાસીઓ કરે છે. હકીકતમાં ઈશ્વરે તેમના આવેશમાં આ થવા દીધું અને તેને માટે શોક ન કરવાનું ઈસ્ત્રાએલીઓને કહેવામાં આવ્યું. કદાચ બંદીવાસીઓ ખુલ્લી રીતે શોક કરી શક્યા નહિ હોય, તેનું કારણ કે બેબિલોનના અધિકારીઓ તેમની વધુ સતાવણી કરે એવી તેમને બીક હતી. આ ચારેય અધ્યાયમાં એક વાક્ય ઘણી વખત આવે છે, ''તમે જાણશો કે હું પ્રભુ યહોવા છું.'' એક બાબત હઝકિયેલ ભાર દઈને ઈસ્ત્રાએલીઓને કહે છે કે તેમનાં પાપોને કારણે જ ઈશ્વરે બેબિલોનના લશ્કરને જીત અપાવી.

## હઝકિયેલના પુસ્તકનો બીજો ભાગ

૨૫થી ૩૨માં અધ્યાયમાં વિશ્વના જુદા જુદા દેશો વિરુધ્ધ હઝકિયેલ ભવિષ્યવાણી ભાખે છે તે જોવા મળે છે. આમ્મોનીઓ, મોઆબીઓ અને પલિસ્તીઓ ઈશ્વરના ગુસ્સાનું નિશાન બને છે, કારણ કે તેઓ ઈસ્ત્રાએલીઓ સાથે દગાથી વર્ત્યા હતા. અધ્યાય ૨૬થી ૨૮માં તૂર વિરુધ્ધ ભવિષ્યવાણી કરવામાં આવી છે અને કેવી રીતે તેની પડતી થઈ તે આપણને બતાવ્યું છે. તૂર એક મોટું વેપારી કેન્દ્ર હતું. તેની વેપારી પ્રવૃત્તિઓ, તેનું ધન, તેના અભિમાની રાજાનું ડહાપણ જેને કારણે તૂર પાપ અને દુષ્ટતામાં નાશ પામે છે. અધ્યાય ૨૯ થી ૩૨ ઈજિપ્તના નાશની વાત કરે છે. ઈજિપ્તે પોતાની વૃધ્ધિ કરવા માટે ઈસ્ત્રાએલ અને બીજા દેશો સાથે ખરાબ વર્તાવ કર્યો. યશાયા અને બીજા પ્રબોધકોએ ઘણી વખત આવા પરદેશી રાજ્યો સાથેના રાજકીય અને લશ્કરી જોડાણો સામે વિરોધ કર્યો હતો. ઈજિપ્તનો રાજા અક્કડ અને અભિમાની હતો, જે એમ માનતો હતો કે પોતે કુદરત અને ખાસ કરીને નાઈલ નદીનો દેવ છે.

## હઝકિયેલના પુસ્તકનો ત્રીજો ભાગ

હઝકિયેલના પુસ્તકના બીજા અને ત્રીજા ભાગ વચ્ચે છ વર્ષનો ગાળો છે. પુસ્તકના ત્રીજા ભાગમાં હઝકિયેલ હવે ઈસ્ત્રાએલની પુનઃસ્થાપના બાબત આગાહી કરે છે. યરુશાલેમની પડતી પછી બંદીવાસીઓ હઝકિયેલની ભવિષ્યવાણીઓ સ્વીકારે છે અને તેના સંદેશા વધારે ધ્યાનથી સાંભળે છે. ઈશ્વરે તેને જે સેવા માટે તેડયો હતો તેમાં તેને નવું જોમ મળે છે.એક ચોકીદાર તરીકે હવે સાંભળનારાઓને યાદ કરાવે છે કે ઈશ્વર દરેકને પોતપોતાનાં પાપો પ્રમાણે વ્યક્તિગત રીતે જવાબદાર ગણે છે. ચોકીદાર તરીકે દરેક વ્યક્તિને ચેતવે છે કે પાપનું પરિણામ ઈશ્વર તરફથી પોતે વહોરી લીધેલી શિક્ષા છે. સાથે સાથે તે એ

પણ કહે છે કે યરુશાલેમનો નાશ થયો હોવા છતાં બંદીવાસીઓએ નાસીપાસ થવાની જરૂર ન હતી. ભૂંડા માણસોના નાશથી ઈશ્વર રાજી થતા નથી. ઈશ્વરે ઈસ્ત્રાએલી પ્રજાને બંદીવાસમાં જવા દીધી અને કોઈ પણ જાતની સતાવણી સિવાય તેઓને ત્યાં રહેવા દીધા. આ સમય દરમિયાન ઈશ્વરે હઝકિયેલનું મૂંગાપણું લઈ લીધું અને હવે તેછૂટથી સાથી બંદીવાસીઓ સાથે સામાન્ય જીવન જીવીને તેમને સંબોધી ઉત્તેજન આપતો હતો.

હઝકિયેલ હવે જે રહેવાસીઓ યરુશાલેમ શહેરમાં રહી ગયા હતા તેઓ તરફ ફરે છે. મંદિરના નાશ પછી તેમનો જે વિશ્વાસ હતો કે મંદિર અભેદ્યછે તે તેમણે ગુમાવી દીધો હતો. તેમછતાં ઈબ્રાહીમનાં સંતાનો તરીકે તેઓ હજી પણ ઈશ્વરની કૃપાનો હક્ક માગે છે, પરંતુ તેઓ હજી પણ પાપોમાં જેવાં કે હિંસા, વ્યભિચાર, મૂર્તિપૂજા વગેરેમાં રચ્યાપચ્યા રહેવાથી ઈશ્વરના ક્રોધથી તેઓ બચી શકશે નહિ. જે રાજાઓ અને અધિકારીઓને યહૂદિયા પર રાજ્ય કરવા નીમ્યા હતા, તેઓ પણ બિનલાયક ઠર્યા હતા. તેઓ પોતાના લોકોને પાપ કરવા દોરે છે. પોતાના સ્વાર્થ માટે બેદરકારી દાખવી ઘેટાંનું શોષણ કરેછે. હવે ઈશ્વર પોતે જ ઘેટાંપાળક થવાનું વચન આપે છે. તે દાઉદના વંશજોમાંથી એકને ઘેટાંપાળક તરીકે નીમશે જે નબળાંઓની, અપંગોની, એકલવાયાંની, વિખરાઈ ગયેલાંની અને ભૂખ્યાંની સહાય કરશે. આ ભવિષ્યવાણી મસીહ જે આવનાર છે તેની છે. ભવિષ્યવાણીઓમાં "દાઉદના કુળનો" શબ્દો ઘણી વખત જોવા મળે છે. અને ખુદ દાઉદને તેના મૃત્યુ પહેલાં આ બાબત જણાવવામાં આવી હતી (૨ શમુ. ૭:૧૬).

અધ્યાય ૩૫ અને ૩૬માં હઝકિયેલ જે પ્રજાઓ ઈસ્ત્રાએલની આજુબાજુ રહેતી હતી તેમને આવનાર શિક્ષા વિષે જણાવે છે, કારણ કે તેઓ આ દેશ પર તેમનો હક્કછે અને ઈસ્ત્રાએલીઓ તેમના દુશ્મનોછે તેવું અભિમાનથી જણાવે છે. કિન્તુ ઈસ્ત્રાએલને પુનઃસ્થાપિત કરવામાં આવશે, તેઓ ઈશ્વરની માફી આપનાર કૃપાનો અનુભવ કરશે અને તેઓનું ઈશ્વરના લોકો તરીકે નવીનીકરણ થશે.

અધ્યાય ૩૭માં આપણે ખૂબ જ જાણીતું એવું ખીણમાંના સૂકાં હાડકાનું દૃષ્ટાંત વાંચીએ છીએ. બંદીવાસીઓ સ્વાભાવિક રીતે જ નિરાશ છે. તેમને આવી આશા જ નહતી કે ઈસ્ત્રાએલમાં પાછા ફરવાનું થશે. પરંતુ હઝકિયેલ ખીણમાંના આ સૂકાં હાડકાંમાં ફરીથી પ્રાણ આવે છે એવું દર્શન જૂએ છે. આ દૃષ્ટાંત ફકત યહૂદિયાના રાજ્યને જ નહિ, પરંતુ સમરૂનને પણ લાગુ પડે છે.

હકીકતમાં તે ભવિષ્યવાણી ઉચ્ચારે છે કે આ બન્ને રાજ્યો દાઉદના વંશજના એક રાજા હેઠળ ફરીથી એક થશે. આ ભવિષ્યવાણીનાં વચનો નવા કરારના સમયમાં પરિપૂર્ણ થાય છે અને આપણે ખ્રિસ્તની મંડળી સ્થપાએલી જોઈએ છીએ. આ તો "પવિત્ર પ્રજા અને રાજમાન્ય યાજક વર્ગ છે" (૧ પીત. ૨:૯,૧૦). પ્રબોધકનાં આ વચનો સાંભળનાર માટે તેમની જન્મભૂમિમાં આ બે રાજ્યોની પુનઃસ્થાપનાનો અર્થ વ્યક્ત કરે છે; તોપણ આ આખો અધ્યાય નવા કરારનું મહિમાવંત વચન છે, જે મારફતે સઘળા લોકો ઈશ્વરની માફી અને તેમના પુનઃસ્થાપન વિષે જાણશે. ઈશ્વરનું સ્વમાન પુનઃસ્થાપિત થશે, તેમનો મહિમા જણાવવામાં આવશે, તેમનું પવિત્ર નામ બુલંદ મનાશે, તે ઉપરાંત તેમની પવિત્રતા સર્વ સ્વીકારશે. સૌથી વિશેષ, સર્વ પ્રજાઓ તેમને ઈશ્વર તરીકે પીછાણશે. વળી સર્વ દેશો તેમના સામર્થ્ય અને મહિમાને માન્ય રાખશે. તેઓ હવે ઈસ્રાએલને શા કારણે બંદીવાસમાં જવું પડયું હતું તે સમજશે અને ઈસ્રાએલ પોતે પણ ઈશ્વરનાં કૃત્યો વિષે શીખશે. તે કૃત્યોમાં રહેલ ન્યાય અને ઈશ્વરની કૃપાનો તેઓ અનુભવ કરશે.

## હઝકિયેલના પુસ્તકનો ચોથો ભાગ

આ છેલ્લો ભાગ, અધ્યાય ૪૦ થી ૪૮, મંદિરના પુનઃસ્થાપન અને ઈસ્રાએલના ધાર્મિક જીવનની ભવિષ્યવાણી વિષે છે. હઝકિયેલ પોતે યાજક હોવાથી મંદિરથી બાંધણી, તેની ધાર્મિક વિધિઓ અને લોકોના જીવનમાં તે કેટલું મહત્વનું હતું તે જાણતો હતો. હવે તે ઈસ્રાએલની પુનઃસ્થાપના સાથે સ્વાભાવિક રીતે જ તે મંદિરની સેવાની પુનઃસ્થાપના જુએ છે. અધ્યાય ૧૦ અને ૧૧માં આપણે જોઈ ગયા કે યહોવા મંદિરમાંથી કેવી રીતે જતા રહ્યા ; હવે યહોવા તેમના મહિમા સાથે મંદિરમાં પુનઃપ્રવેશ કરે છે (૪૨:૧-૯).

અધ્યાય ૪૦ થી ૪૩ માં મંદિરને પુનઃસ્થાપિત કરવામાં આવ્યું તેની ઝીણવટભરી માહિતી જોવા મળે છે. આમાં તેની દીવાલનાં ચોક્કસ માપ, દરવાજા વગેરે વિગતો છે. અધ્યાય ૪૪ થી ૪૬માં ભક્તિ કરવાના જે નિયમો છે તે અને યાજકોએ તેમની ફરજો કેવી રીતે બજાવવી તેની પધ્ધતિ દર્શાવવામાં આવી છે. આ અધ્યાયો વચ્ચે આપણને તાજગી આપે એવો ૪૭મો અધ્યાય છે. તેમાં જીવન આપનાર યરદન નદી જે મૃત સમુદ્રમાં મળે છે તેની વિગતો આપી છે. પુસ્તકના અંતમાં જમીનની જે સીમાઓ છે તેનું વર્ણન જોવા મળે છે.

હઝકિયેલ ફકત મંદિરના પુનઃસ્થાપન અંગે જ નહિ, પરંતુ એક નવા આદર્શ રાજ્યની સ્થાપના વિષે તથા યાજકો અને વિશેષ કરીને રાજ્ય કરનાર વ્યક્તિ જે ન્યાય, ભલાઈ અને પ્રમાણિકપણે રાજ્ય કરશે તે વિષે જણાવે છે. ઈશ્વરના લોકોને પુનઃસ્થાપિત કરવામાં આવશે, તેઓની મધ્યે નવો કરાર હશે, તેમને નવું હૃદય અને નવો આત્મા આપવામાં આવશે. ઈશ્વરની આ જગત માટેની યોજનાઓ અને હેતુઓ પરીપૂર્ણ થશે. યોહાન, પ્રભુ ઈસુનો એક શિષ્ય, પાત્મસ બેટ પર બંદીવાસમાં હતો ત્યારે ઈશ્વરના રાજ્ય અંગેનું આવું જ ભવ્ય દર્શન નિહાળેછે. ''જુઓ, ઈશ્વરનો મંડપ માણસોની સાથેછે અને ઈશ્વર તેઓની સાથે વાસો કરશે'' (પ્રક. ૨૧.૩). ઈશ્વરની સમક્ષતા અને તેમનું રાજ્ય લોકો મધ્યે હશે એવું ચિત્ર રજૂ કરવામાં આવ્યુંછે. હકીકતમાં ઈશ્વરનું ગૌરવ મંદિરમાંથી નીકળી નગરમાં જાય છે અને તે નગરનું નામ ''યહોવા શામ્માહ'' એટલે ''યહોવા ત્યાં છે'' એવું છે (હઝ. ૪૮:૩૫). આજ બાબતને યર્મિયા ૩:૧૭ અને પ્રકટીકરણ ૨૧મા અધ્યાય સાથે સરખાવી શકાય. નગરને આપણે મંડળી, ઈશ્વરનો સમાજ, જેમાં વિશ્વના દરેક દેશ અને ભાષામાંથી લાવવામાં આવેલા લોક ગણી શકીએ.

હઝકિયેલ પુસ્તક પર સમજૂતી લખનાર એક લેખક એચ.એલ. એલિસન છેલ્લા આઠ અધ્યાયને ફકત મંદિરની ભક્તિ, તેના ધાર્મિક ક્રિયાકાંડો અને યરુશાલેમ શહેરની પુનઃસ્થાપના અંગે જ નહિ, કિન્તુ પ્રભુ ઈસુ ખ્રિસ્તના બીજી વખતના આગમન પછીનાં હજાર વર્ષના રાજ્યના અર્થમાં સમજાવે છે જ્યારે અનંતકાળ માટેના ઈશ્વરના રાજ્યની શરૂઆત થઈ હશે. પ્રકટીકરણ ૨૧:૨૨ જણાવે છે, ''તેમાં મેં મંદિર જોયું નહિ; કેમ કે સર્વશક્તિમાન પ્રભુ ઈશ્વર તથા હલવાન એ જ તે મંદિર છે.'' આ પ્રમાણે ઈશ્વરને મેળવવા અને તેમની સાથે સંગત રાખવા મંદિરના માધ્યમની જરૂર રહેશે નહિ.

તોપણ એ હકીકત છે કે હઝકિયેલ યોહાનની જેમ જ દૂરના ભવિષ્ય તરફ જુએ છે, જ્યારે એ મહાન શિલ્પીની ઈચ્છા અને હેતુ પૂરાં થયેલાં હશે. ઈશ્વર તેમના લોકોને માફી આપી પુનઃસ્થાપિત કરી સ્થિર કરશે અને તેમનું ગૌરવ તથા વૈભવ વિશ્વના સર્વ લોકોને જણાવશે.

# પ્રકરણ ૧૦ : યર્મિયા

બંદીવાસ સમયનો બીજો એક મુખ્ય પ્રબોધક યર્મિયા હતો. જે પ્રમાણે પ્રસ્તાવનામાં જણાવવામાં આવ્યું છે તેમ પ્રબોધકોમાં બીજાં પુસ્તકો કરતાં આ પુસ્તક વિષે વધુ વિગતવાર વિવરણ કરવાનું મેં પસંદ કર્યું છે.

## ઐતિહાસિક પશ્ચાદ્દભૂમિકા

ઈ.સ. પૂ. ૬૨૬માં યર્મિયાને પ્રબોધક થવાનું તેડું ઈશ્વર તરફથી મળે છે. તે સમયે યર્મિયા જુવાન માણસ હતો (યર્મિ. ૧:૨,૬). તે ઉત્તરમાં આવેલા અનાથોથ નામના ગામમાં હિલ્કિયા યાજકના કુળમાં જન્મ્યો હતો (૨ રાજા. ૨૨:૪માં જે વ્યક્તિ વિષે કહેવામાં આવે છે તે આ હિલ્કિયા નથી). આશ્શૂર એક શક્તિવાળી સામ્રાજ્ય બને છે. મનાશ્શાહ રાજાએ આશ્શૂરના લોકોની ભક્તિ કરવાના ઘણા માર્ગો અપનાવ્યા હતા. વળી પૂર્વના રહીશો આવીને ઈસ્ત્રાએલના ઉત્તરના ભાગમાં સ્થાપી થયા હતા. આથી ઈસ્ત્રાએલના ધર્મને હાની પહોંચી હતી. કારણ પૂર્વના દેશોના ધાર્મિક રીતરિવાજો સાથે લોકો ભળી ગયા હતા.

યોશિયા, જે હવે યહૂદિયાનો રાજા હતો તેણે યહૂદિયાનું રાજ્ય મજબૂત કર્યુ અને તેની સીમાઓ સમરૂન સુધી વિસ્તારી તેનો કબજો લીધો હતો. બેબિલોનના હુમલાને કારણે આશ્શૂર હવે દિવસે દિવસે નબળું પડતું જતું હતું. યોશિયાએ ધાર્મિક સાહિત્ય ભેગું કરીને તથા હોશિયા પ્રબોધકે લખેલાં ભવિષ્યવચનોને સ્વીકારીને યહૂદી વિશ્વાસ મજબૂત કર્યો.

યર્મિયાને પ્રબોધક તરીકેનું તેડું મળ્યા પછી ઘણાં વર્ષો બાદ મંદિરમાંથી એક પુસ્તક મળી આવ્યું. આ પુસ્તક પુનર્નિયમનું હોવાનું મનાય છે; જો કદાચ આખું પુસ્તક ના હોય તો તેનો મોટો ભાગ તો હશે જ. યોશિયા આ પુસ્તકના લખાણથી એટલો બધો પ્રભાવિત થયો કે તેણે ઘણા સામાજિક સુધારા શરૂ કર્યા. તેણે બઆલની ભક્તિ કરવાનાં ઉચ્ચસ્થાનોનો તેમ જ સમરૂનના બેથેલ પાસે આવેલું દેવસ્થાન, જે ઈસ્ત્રાએલીઓ માટે ભક્તિ કરવાનું મુખ્ય સ્થળ હતું તેનો નાશ કર્યો. યરુશાલેમના મંદિરમાં આશ્શૂરીઓનાં જે પવિત્ર પાત્રો હતાં તેમને દૂર કરીને મંદિરને ભક્તિ માટેનું કેન્દ્ર બનાંવ્યું. આને એમ પણ કહી શકાય કે તેઓ આશ્શૂરી શાસનથી સ્વતંત્ર થયા. પાછળથી યોશિયા પોતાનાં કૃત્યોથી અભિમાની થયો અને એમ માનવા લાગ્યો કે જે ઈશ્વરની ભક્તિ તેણે કરી છે તે તેમનો બચાવ કરશે, કિન્તુ તે જ્યારે ઈજિપ્ત સામે લડવા ગયો ત્યારે ત્યાં તે

યુધ્ધમાં માર્યો જાય છે. યહૂદિયાના લોકોએ આ સમયે યોશિયાના ઉત્તેજનને કારણે મજબૂત દેશાભિમાન જાગૃત કર્યું હતું.

યોશિયા પછી લોકોએ યહોઆહાઝને રાજા બનાવ્યો. ઈજિપ્તે તેને કેદ કર્યા અને તેને ઈજિપ્તમાં લઈ ગયા અને તેની જગાએ બીજાને રાજા બનાવ્યો. રાજકીય રીતે યહૂદિયા પર અમુક બંધનો હોવા છતાં તેઓ ધાર્મિક સુધારાને લીધે ઉત્સાહમાં હતા. તેઓ માનતા હતા કે મંદિર તેમના કબજામાં હોવાથી તેમને દૈવી મદદ મળશે. વળી તેઓ નિયમો પણ પાળતા હતા (યર્મિ ૭:૪;૮:૮). વધુ પડતા દેશાભિમાનને કારણે તેઓ યર્મિયાને મારી નાખવાના પ્રયાસ કરવા સુધી જાય છે કારણ કે તેણે એવી ભવિષ્યવાણી કરી હતી કે મંદિરનો નાશ થશે તેમ જ તેણે તેમની ભ્રષ્ટતા તથા ધાર્મિક દંભનો સ્પષ્ટ વિરોધ કરેલો (યર્મિ.૭ અને ૨૬ અધ્યાય).

આખરે એવું થયું કે યોશિયા અને યહોઆહાઝ રાજાઓનાં મૃત્યુ પછી તેમના પર હજુ ઈજિપ્ત રાજ્ય કરતું હોવાથી તેઓ પરદેશી રીતરીવાજો તરફ વળ્યા. આમાં યહોયાકીમ રાજાની ચઢવણી હોય તે બનવાજોગ છે જેના પ્રત્યે યર્મિયાએ અણગમો વ્યક્ત કરેલો (યર્મિ. ૨૨.૧૩-૧૯) ઈસ્ત્રાએલીઓના દેશાભિમાનને કારણે ઘણા પ્રબોધકોએ આશા આપી હતી કે નજીકના ભવિષ્યમાં તેઓ જરૂરથી સ્વતંત્ર થશે. (યર્મિ. ૬:૧૪, ૨૩:૧૬-૨૪; ૨૭:૧૪-૧૮;૨૮:૧-૪, ૧૧).

યોશિયાના સુધારા ભાગ્યે જ અમલમાં આવ્યા હતા. કારણ કે ભક્તિમાં ઈશ્વરનું અપમાન, લોકોના પરદેશી રીતરિવાજો, તેમના જીવન અને સંસ્કૃતિમાં એટલા બધા ઘર ઘાલી ગયા હતા કે લોકો તેમને પૂરેપૂરી રીતે મૂકી દઈ શકતા ન હતા. યહૂદિયાએ અનૈતિકતા, અપ્રમાણિકપણું, જૂઠા સોગંદ ખાવા, ખોટો લેવડદેવડનો વ્યવહાર, છેતરપીંડી અને વ્યભિચારના માર્ગો અપનાવ્યા હતા. યાજકોમાં પણ ભાગ્યે જ નૈતિક સિધ્ધાંતો જોવા મળતા હતા. આ યાજકો એટલી હદે જતા હતા કે તેઓ લોકોને ભૂંડાઈ કરવા ઉત્તેજન આપતા હતા, કારણ કે તે દ્વારા તેમને પાપાર્થાર્પણ મળતાં હતાં. તેમણે યોશિયાના સુધારા માન્ય રાખ્યા હતા; પરંતુ સ્વાર્થી કારણોને લઈને યાજકો તરીકે ફરીથી તેમને પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા. જે યાત્રાળુઓ ઉત્તરમાંથી અને બીજી જગાએથી ભક્તિ માટે આવતા હતા તેનો લાભ તેમને મળતો હતો; આમ છતાં તેમનાં ભૂંડા કાર્યો તેમણે તજયાં ન હતાં. (૨ કાળ. ૩૬:૧૪-૧૬)

ધર્મના કેન્દ્રીતપણાને લીધે તેમ જ ક્રિયાકાંડોના કારણે યહૂદી ધર્મ ઉપર વિપરીત અસર થઈ હતી. તેને કારણે યહૂદી ધર્મ યહૂદીયાના રાજ્યમાં કેન્દ્રિત થઈ ગયો હતો અને ઈશ્વરની ભક્તિ કરવી હોય તો યહૂદીયામાં જ થઈ શકે અને બીજે નહિ એમ તેઓ માનવા લાગ્યા હતા. જાણે ઈશ્વરની કૃપા મર્યાદિત થઈ ગઈ હોય ! જ્યાં સુધી તમે મંદિરમાં આવો નહિ ત્યાં સુધી તમે ઈશ્વર સાથે સંબંધ રાખી શકો નહિ તેમ તેઓ માનવા લાગેલા. આનો અર્થ એ કે તેમનો વિશ્વાસ મંદિર પૂરતો મર્યાદિત થઈ ગયો હતો જેનો આધાર અર્પણો અને ક્રિયાકાંડો પર હતો, ઈશ્વરની કૃપા પર નહિ. હકીકતમાં એમ કહી શકાય કે યોશિયા રાજાએ પીછેહઠનું પગલું ભર્યું. ઘણાં વર્ષો પૂર્વે આમોસ, હોશિયા, અને બીજા પ્રબોધકોએ જાહેર કર્યું હતું કે અર્પણ કરતાં આજ્ઞાધીનપણું સારું છે. તેમના ધાર્મિક ક્રિયાકાંડો પ્રમાણે અર્પણ કરવા કરતાં નૈતિક અને નિયમ મુજબ આત્મિક જરૂરિયાતો પ્રમાણે જીવન જીવવું વધારે સારું છે.

આવી કેન્દ્રીય સેવાથી લોકો પર જે વિપરીત ધાર્મિક અસરો પડી હતી તે યર્મિયાએ જોયું કે આથી અધઃપતનની અસર થઈ હતી. યર્મિયાને મતે ધાર્મિક વિશ્વાસ ઈશ્વરના પ્રકટીકરણ પર આધારિત હતો, તેને ટકાવી રાખવા કાયદા મુજબનું યાજકપણું કે મંદિર હોવું જરૂરી નથી. ઈશ્વરની ભક્તિ દરેક દેશમાં, અને બેબિલોનના બંદિવાસમાં, જ્યાં પરદેશી નિયમોને આધીન થવું પડે ત્યાં પણ થઈ શકે છે. યર્મિયાએ વ્યક્તિગત વિશ્વાસ અને વ્યક્તિગત રીતે ઈશ્વર સાથે સંબંધ રાખવા પર ભાર મૂકયો.

યર્મિયાએ જાહેર કર્યું કે મંદિરનો નાશ થશે. પરંતુ આ નાશથી ઈશ્વર પરનો જે વિશ્વાસ છે તેને તજી દેવાની જરૂર નથી. મંદિર તેમને માટે ઈશ્વરની સેવામાં મદદરૂપ થવાને બદલે વિઘ્નરૂપ બની ગયેલું. ઈશ્વર પરના સાચા વિશ્વાસને બદલે ક્રિયાકાંડોનું પ્રતીક બની ગયેલું.

## પ્રબોધક યર્મિયા

બેબિલોનના બંદીવાસમાં પહેલી અને બીજી વખતે જવાનું થયું ત્યારે, એટલે કે ઈ.સ. પૂ. ૬૨૪થી ૫૮૪ના ગાળામાં, યર્મિયાએ ચાળીસ વર્ષ સેવા કરી. જ્યારે સિદકિયા રાજા અને બીજાઓને ૫૮૬માં બેબિલોનમાં લઈ જવામાં આવ્યા ત્યારે યર્મિયા પ્રબોધકને પણ તેમની સાથે જવાનું કહેવામાં આવ્યું હતું. તેને વચન આપવામાં આવ્યું હતું કે તેઓ તેની સાથે માનથી વર્તાવ કરશે; પરંતુ તે તેમની સાથે જવાની ના પાડે છે અને યરુશાલેમમાં જેઓએ રહેવાનું પસંદ કર્યું

હતું તેમની સાથે રહે છે. તોપણ પછીથી તેના પર દબાણ કરવામાં આવેછે અને તેને ઈજિપ્ત જવું પડેછે. (૪૨:૧૯; ૪૩:૨, ૫, ૬). અહીં જેઓ તેના સંદેશાની વિરુધ્ધમાં હતા, તેઓ તેને મારી નાખે છે. આ પ્રમાણે પરંપરા પ્રમાણે તે શહીદ થાય છે.

યર્મિયાએ કદી લગ્ન કર્યુ ન હતું, કારણ કે ઈશ્વરે તેને તેમ કરવાની મના ફરમાવી હતી (૧૬:૨). આ પ્રબોધકના દુ:ખદ અનુભવો તો જુઓ. દુશ્મનાવટ, કનડગત, આવનાર સંકટો રોકવાની અશક્તિ, સાથીવિહોણું એકલું અને અટૂલું જીવન આ તેના જીવનના ખેદકારક અનુભવો હતા. તેને સામાન્ય રીતે ‘‘વિલાપ કરતો’’ પ્રબોધક ગણવામાં આવે છે તે યોગ્ય જ છે. દાનિયેલની બાબતમાં બન્યું તેમ મુશ્કેલીમાં અને સતાવણીથી કોઈ ચમત્કાર તેને બચાવી શક્યાં નહિ. તેણે ઉચ્ચારેલાં ભવિષ્યવચનોની મશ્કરી કરવામાં આવી હતી. કોઈ વખત તે જીવનથી કંટાળી જતો હતો (૨૦:૧૪-૧૮). તોપણ તે ચૂપ રહી શકતો નથી (૨૦:૮, ૯). તે કહે છે, ‘‘હું બોલ્યા વગર રહી શકતો નથી’’. ઈશ્વરનાં વચનો તેનામાં જાણે અગ્નિસમાન હતાં.

બેબિલોનના બંદીવાસને તાબે થવાને તે ઉત્તેજન આપતો હોવાથી યહૂદિયાના લોકોએ તેને કેદમાં નાખ્યો હતો (૨૦:૨, ૩, ૬). તે કુદરતી રીતે સ્વભાવનો ડરપોક, ટીકાઓથી ગભરાઈ જનાર હતો. પરંતુ તે જાણતો હતો કે તેનું તેડું દૈવી અને ઈશ્વર તરફથી છે (૧:૬, ૯). આથી તેને ઉપદેશ કરવા તથા સહન કરવા શક્તિ આપવામાં આવી હતી. તે રાજાઓ, અધિકારીઓ, યાજકો અને દેશના લોકો સામે કિલ્લાબંધ નગર, લોઢાના સ્તંભ અને પિત્તળના કોટ જેવો હતો (૧:૧૮). તે તેની માન્યતામાં દૃઢ, બોલવામાં નીડર અને સહન કરવામાં તૈયાર હતો. તોપણ અવારનવાર તે નિરાશ થયેલો અને જાણે બધું જ મૂકી દેવાની અણી ઉપર હોય તેમ લાગતો હતો.

## યર્મિયાએ આપેલું શિક્ષણ

યર્મિયાએ જાહેર કર્યુ કે મંદિરનો નાશ થશે, કારણ કે સાચા વિશ્વાસને બદલે તે બાહ્ય ક્રિયાકાંડોનું ચિહ્ન થયું હતું. તેણે એ પણ શીખવ્યું કે જે પરદેશી રાજા નિરંકુશ રીતે તેનો નાશ કરશે તે હકીકતમાં તો ઈશ્વરના ઈરાદા પૂરા કરવાના એક સાધનરૂપ થશે. બંદીવાસ ઈશ્વરની જ યોજના પ્રમાણે હતો, તેથી દુ:ખ અનુભવવાની જરૂર ન હતી. તેણે વિશેષમાં શીખવ્યું કે મંદિર વગર પણ બંદીવાસમાં ઈશ્વરને વફાદાર રહી તેમની સેવા કરી શકાય છે. તેણે જણાવ્યું કે

પહેલા બંદીવાસ પછી જેઓ યરુશાલેમમાં પાછળ રહી ગયેલા ધાર્મિક અને રાષ્ટ્રના આગેવાનો હતા તેમના કરતાં બંદીવાસીઓ ઈશ્વરને વિશેષ અને સારી રીતે ઓળખી શકે છે.

અધ્યાય ૨૪ મા બગડી ગયેલાં અંજીરના પ્રતીક દ્વારા જેઓ યહૂદિયામાં રહી ગયા હતા તેમનો અને સારાં અંજીર દ્વારા જેઓ બંદીવાસમાં ગયા હતા તેઓનો નિર્દેશ કરેછે. યાજકોને આ શિક્ષણ વિપરીત માન્યતાવાળું અને દેશદ્રોહી લાગ્યું; તેથી તેઓએ તેનો સખત વિરોધ કર્યો. યર્મિયા એમ માનતો હતો કે મંદિર હોવું જ એ જરૂરી નથી. સામાન્ય લોકોએ તેનો વિરોધ કર્યો, કારણ યર્મિયાનું કહેવું હતું કે રાષ્ટ્રીય દેશાભિમાન ગૌણ બાબત છે. આ રીતે લોકોએ તેને દેશદ્રોહી ગણી લીધો. મંદિર હોવાનો ઉપરછલ્લો વિશ્વાસ અને ભક્તિના રીતરિવાજો પોષવાનો ડોળ લોકોમાં જોવા મળતો હતો (૭:૪, ૯, ૧૦).

શું ચોરી, હત્યા, તથા વ્યભિચાર કરીને...અન્ય દેવો પાછળ ચાલીને...આ મંદિર...તેમાં પેસશો...ને કહેશો, આ...કામો કરવાની અમને છૂટ છે? મંદિરના આવનાર નાશ અંગે જણાવીને તથા ધાર્મિક માન્યતા તથા રીતરિવાજો વિષે કહીને યર્મિયા હકીકતમાં ઈશ્વર અંગેનો નવો દ્રષ્ટિકોણ રજૂ કરે છે. તેના પૂરોગામીઓ આમોસ, હોશિયા, મીખાહ અને યશાયા જે માન્યતા ધરાવતા હતા તેનું તે સમર્થન કરે છે.

યહોવા કુદરતના પ્રભુ છે (૫:૨૨).
યહોવા ઈતિહાસનાં પ્રભુ છે (૨૫:૯; ૨૭:૬; ૨૮:૧૪).
યહોવા સર્વવ્યાપી પ્રભુ છે (૨૩:૨૩).
બીજા રાષ્ટ્રીય દેવો કરતાં યહોવા ખૂબ જ મહાન પ્રભુ છે. તેમને બીજા દેશના દેવો કદી હરાવી શકે નહિ.

ઈ.સ. પૂ. આઠમી સદીની ભવિષ્યવાણીની ચળવળ જ્યારે હોશિયા, આમોસ અને મીખાહ ચીલાચાલુ ધર્મને બદલે ન્યાયી જીવન અને આધ્યાત્મિક ધર્મ પર સંદેશા આપી રહ્યા હતા તે સમય અને ત્યાર પછી ઘણા લાંબા સમય પછી પ્રભુ ઈસુ ખ્રિસ્ત, તેમના શિષ્યો અને પાઉલ પ્રેરિત ઈશ્વરના સાર્વત્રિક વિશ્વાસુપણા અને પ્રેમ પર શિક્ષણ આપે છે, તે બન્ને સમયગાળા વચ્ચે યર્મિયા એક પુલ સમાન બને છે. ઈ.સ. ૭૦માં જ્યારે મંદિર સંપૂર્ણ રીતે નાશ પામે છે ત્યારે ખ્રિસ્તની મંડળી આ સનાતન સત્યો સ્વીકારી લે છે.

પ્રભુ ઈસુએ બીજા પ્રબોધકોનાં પુસ્તકો કરતાં હોશિયા અને યર્મિયાનાં પુસ્તકોમાંથી વધુ વખત ટાંક્યું છે. તેઓએ જે બાહ્ય ભકિત છે તેથી આગળ વધીને આત્માની સ્વતંત્રતામાં સચ્ચાઈથી ઈશ્વરની ભક્તિ કરવા પર વધુ ભાર મૂક્યો છે (યો. ૪:૨૨-૨૪).

જો કે યર્મિયાની ઘણી ભવિષ્યવાણીઓ નિરાશાજનક સંદેશાથી ભરપૂર છે. તોપણ ઘણી જગાએ તે આશાના સંદેશા તરફ પણ લઈ જાયછે. તેની આશા મસીહ આવવાની આશા પર કેન્દ્રીત છે (યર્મિ. ૧૭:૨૫, ૨૬; ૨૩:૫-૮; ૩૦:૯, ૨૧; ૩૩:૧૪-૧૮). તેના સમયના નકામા રાજાઓ પછી દાઉદના કુળનો જે રાજા આવશે તે ન્યાયીપણાથી રાજ્ય કરશે. યરુશાલેમનાં ખંડેરોમાંથી એક નવું શહેર ઊભું થશે, જે ''યહોવા અમારું ન્યાયીપણું'' એ નામથી ઓળખાશે. એક નવો કરાર કરવામાં આવશે, જે જૂના કરાર કરતાં વધુ અસરકારક હશે, કારણ કે તે લોકોનાં હૃદયો પર લખવામાં આવશે (૩૧:૩૩).

## યર્મિયાની ઈશ્વરવિદ્યા

બીજા હિબ્રૂ પ્રબોધકોની માફક યર્મિયા ખરી રીતે ઈશ્વરવિદ્યાનો નિષ્ણાત ન હતો. તોપણ તેના સમયની સમસ્યાઓ તેણે હલ કરી, જેમાં ઈશ્વરવિદ્યાનું લાગુકરણ જોવા મળે છે.

## ઈશ્વર વિષેના ખ્યાલ

ઈશ્વર ગૌરવવાન અને સર્વોત્તમછે. યર્મિયાએ ઈશ્વરનું જુદાં જુદાં દૃષ્ટાંતો આપી વર્ણન કરેલુંછે. ઈશ્વર જીવતાં પાણીનો ઝરો છે (૨:૧૩). ઈશ્વર કુંભાર છે (૧૮:૧-૧૨). ઈશ્વર સૃષ્ટિના સરજનહાર છે અને તેમની સત્તા નીચે સર્વ ઈતિહાસછે (૨૭:૫). એક પતિ અથવા પિતાની જેમ ઈશ્વર પ્રેમ તથા ન્યાયના પ્રભુ છે (૨:૨; ૩:૧૯; ૩૧:૩). તે એકલા જ પ્રભુ છે, તેમના સિવાય અન્ય દેવો છે જ નહિ. યર્મિયાએ જીવતા ઈશ્વર વિષેનાં અનંતકાલિક સત્યો ખૂબ જ ખાતરીપૂર્વક જાહેર કર્યા. તોપણ તેના મનમાં કેટલીક શંકાઓ હતી. તેને ગુંચવણભર્યા પ્રશ્નોનો સામનો કરવો પડ્યો. કોઈક વખતે તેણે ઈશ્વરની સામે બળવો પણ પોકાર્યો. તોપણ ઈશ્વર પરના વિશ્વાસે વિજય મેળવ્યો અને તેને હિંમત આપી.

## વ્યક્તિ અને રાષ્ટ્ર

ઈસ્રાએલીઓના સમગ્ર ઈતિહાસમાં તેઓ અનાજ્ઞાંકિત માલૂમ પડ્યા છે; તોપણ ઈશ્વરે તેમને પોતાની પસંદ કરેલી પ્રજા તરીકે ગણી તેમની સાથેનો વ્યવહાર ચાલુ જ રાખ્યોછે (૨:૨૧; ૧૧:૧૫; ૧૨:૭-૧૦; ૧૩:૧૭; વગેરે). એક દિવસ ઈશ્વર જે સંબંધો બગડી ગયેલા છે તે ફરીથી સ્થાપન કરશે અને તેમને નવો કરાર આપવામાં આવશે.

આની સાથે યર્મિયાએ વ્યક્તિગત ધર્મ ઉપર ભાર મૂક્યો છે. ફક્ત મંદિરની હયાતી હોવી અને તેમાં નિયમિત અર્પણો ચઢાવવાં તેમાં જ આજ્ઞાધીનતા પૂરી થતી નથી. અર્પણો ચઢાવવા ઉપર જ ભરોસો રાખવો તે ખોટો વિશ્વાસ હતો. સુન્નત, ધાર્મિક ક્રિયાકાંડો અને રીતરિવાજો પૂરતાં ન હતાં. ઈશ્વર સાથે સંબંધ સ્થાપિત કરવા તો હૃદય પલટાની એટલે પસ્તાવાની જરૂર હતી.

## પાપ અને પસ્તાવો

યર્મિયાએ તેના સમયમાં સામાજિક અન્યાયો, ભૂંડાઈ તથા મૂર્તિપૂજા જોયાં. તેણે એ વાત પર ભાર મૂક્યો કે પાપનો જન્મ હૃદયમાંથી જ થાય છે. આનો એક જ ઈલાજ અને તે તો પસ્તાવો છે. પસ્તાવો એટલે પૂરી સભાનતા સાથે પાપમાંથી પાછા ફરી ઈશ્વર તરફ વળવું (૩:૧૨-૧૪; ૪:૧-૪; ૫:૨૩;૧૭:૯; ૧૮:૧૧).

## કાળાંતવિદ્યા (અંત સમયને લગતી વિદ્યા)

યર્મિયા યહોવાનો દિવસ આવતો જુએછે. બીજા પ્રબોધકોએ પણ આવા "દિવસ" અંગેનું બયાન કરેલું છે (૩૦:૮-૧૧). તે બે ભવિષ્યવાણી કરે છે. એક તો પરદેશી દેશોનો નાશ અને બીજી તેમનું બદલાણ તથા પુનઃસ્થાપના (૧૨:૧૪-૧૭; ૧૬:૧૯-૨૧). યરુશાલેમનું શહેર ફરી બંધાતાં અને યહૂદિયા તથા ઈસ્રાએલનું જોડાણ થતાં ઈશ્વરનાં લોકો માટે આદર્શ સ્થિતિ પ્રવર્તશે. યર્મિયાને ભવિષ્ય માટે મોટી આશાઓ હતી. આ આશામાં તેણે જમીન ખરીદી (૩૨:૧-૧૫); અને બંદીવાસીઓને તેણે નવી પરિસ્થિતિ તથા નવી હિલચાલ વિષે લખ્યું (૨૯:૧-૧૪; ૩૧:૩૧-૩૪). તેણે મસીહ જે રાજા તરીકે આવશે તેમના વિષે આગાહી કરી અને તે રાજા દાઉદના વંશજમાં ન્યાયી ડાળ બનશે (૨૩:૫, ૬; ૩૩:૧૫-૧૬).

## યર્મિયાના સંદેશાનો સારાંશ

૧. ઉત્તરની પ્રજાઓની જીતવાની તાકાત, બીક અને તણાવ જોઈને યર્મિયાને ખબર પડી કે જે દેશ જીતવાની અણી ઉપર છે તેને તાબે થયા સિવાય બીજો કોઈ માર્ગ નથી. બીજા દેશો સાથે સંધિ કરી પોતાની સ્વતંત્રતા પાછી મેળવવા યર્મિયાએ ઈસ્ત્રાએલને ઉત્તેજન આપ્યું નહિ.

૨. યર્મિયાએ યોશિયાના સુધારાનાં વખાણ કર્યા, તોપણ ધાર્મિક ભક્તિ કરવા જે કેન્દ્રીયપણું કરવામાં આવેલું, તેમાં તેણે નબળાઈ જોઈ.

૩. યર્મિયાએ બેબિલોનની વિરુધ્ધ ભવિષ્યવાણી ભાખી. યહૂદિયા પર આવનાર ઈશ્વરના ન્યાય અને મંદિરના નાશ વિષે લોકોને જણાવ્યું. ઈશ્વર યહૂદિયાનો તેમ જ બીજી પ્રજાઓનો પણ ન્યાય કરશે.

૪. યર્મિયાએ તેના સમયના જૂઠા પ્રબોધકો વિરુધ્ધ ઉપદેશ કર્યો.

૫. યર્મિયાએ બંદીવાસીઓ માટે આશા ઊભી કરી કે તેઓને પુનઃસ્થાપિત કરવામાં આવશે અને તેઓ જાણશે કે ખૂબ જ વિપરીત સંજોગોમાં પણ ઈશ્વર તેમને સહાય કરશે.

## યર્મિયાના પુસ્તકની વિષય ગોઠવણી

યર્મિયાના પુસ્તકમાં ભવિષ્યવાણીનાં ઉચ્ચારણો અને ઐતિહાસિક બનાવો સમય પ્રમાણે ગોઠવાયેલા જોવા મળતા નથી. કોઈ વખત થયેલા બનાવોની ઐતિહાસિક ક્રમ પ્રમાણે ગોઠવણી કરવામાં આવી છે. પરંતુ ઘણી વાર આવો ક્રમ તોડીને વિષયવસ્તુને આધારે ગોઠવણી કરવામાં આવી છે. જેમ કે અધ્યાય ૨૧થી ૨૩, ૩૦, અને ૩૧, ૪૧ થી ૫૧.

યર્મિયાના પુસ્તકમાં જુદી જુદી જાતનાં લખાણોનો સમાવેશ થાય છે.

૧. આત્મકથા જેવું-જેમાં પહેલા પુરુષ તરીકે પોતે લખેલાં લખાણો

૨. જીવનચરિત્ર જેવું-જે કદાચ તેના લહિયા બારૂખે લખ્યું હોય

૩. સંદર્શનો અને ભવિષ્યવાણીઓનું અન્ય લખાણ

યર્મિયાને પ્રબોધક તરીકેના તેડામાં ઘણો ભોગ આપવો પડ્યો છે. તેને લગ્ન કરવાનું જતું કરવું પડે છે. તે ઉપરાંત તેને ભાઈઓ તથા કુટુંબની સગવડ

જતી કરવી પડેછે (૧૨:૬, ૧૬:૨). પોતાના દેશમાં જે વિપત્તિઓ આવી હતી તેને કારણે લોકો જે શોક કરતા હતાં તેમાં તથા લગ્નની મિજબાનીઓમાં જેઓ મોજમઝા કરતા હતા તેમાં ભાગીદાર ન થવાનું તેને કહેવામાં આવે છે (૧૬:૫-૧૧). ઈશ્વરના એક સેવક તરીકે તેની લાગણીઓ પોતાના લોકો આગળ તે દર્શાવી શક્યો નહિ. બધાં કરતાં જુદી રીતે તેને વર્તવું પડેછે. તે બધા સાથે ભળી શકતો નથી. તેને લોખંડી કઠણ વલણ લેવું પડે છે. આના લીધે ગેરસમજો, સતાવણી, અને સખત વિરોધ તેને સહન કરવો પડેછે. ઈશ્વરની શિક્ષા અંગેની જે ભવિષ્યવાણીઓ તે કહેતો હતો તે માટે લોકો તેની હાંસી ઉડાવી તેને હસે છે.

એકલા ઈશ્વર જ તેને મદદ કરી શકે તેમ હોવાથી યર્મિયા એકાંતમાં તેમની આગળ રડેછે. આખા પુસ્તકમાં જુદી જુદી જગાએ એવા ભાગો આપણે વાંચીએ છીએ, જેમાં યર્મિયા તેનું એકાંતપણું અને હૃદયમાં જે ઘર્ષણ હતું તે વિષે કહે છે. તેથી પ્રાર્થનાઓ અને પ્રત્યાઘાતો ઘણી વખતે તેની કબૂલાતો તરીકે ગણવામાં આવે છે. અધ્યાય ૧૧થી ૨૦માં એવા ભાગો જોવા મળે છે, જેમાં તેના પાપોની કબૂલાતો કરતાં તે ઈશ્વર આગળ તેનું સહન કરવાનું, એકલાવાયાપણું અને તેની નિરાશાનું વર્ણન કરેછે. તેના મનની સર્વ લાગણીઓ તે ઈશ્વર પાસે લાવે છે. તે બીક અને શંકાના કારણે એક જાતના ઘર્ષણમાં આવે છે, "જે દિવસે હું જન્મ્યો, તે શાપિત થાઓ; જે દિવસે મારી માએ મને જન્મ આપ્યો તે દિવસ આશીર્વાદિત ન થાઓ (૨૦:૧૪)".

તેનાં મનમાં જે ઘર્ષણ હતું તે બહાર દેખાતું ન હતું, કારણ કે તે અણનમ અને કઠણ દેખાય છે. અહીં આપણને પવિત્ર વચનોમાં આશ્ચર્ય પમાડે એવી અસાધારણ બાબત જોવા મળે છે, કે યર્મિયા જેવો શક્તિશાળી પ્રબોધક તેના મનમાં જે શંકાની લાગણીઓ અને નિરાશા હતાં તે ઈશ્વર આગળ રજુ કરે છે. ઈશ્વર તેના એકલવાયાપણા અને હૃદયની વ્યથાથી પરિચિત હતા. આ એક અનોખો દાખલો છે કે ઈશ્વર જ્યારે આપણી શંકાઓ, બીકો, હા, આપણો ગુસ્સો પણ તેમની સમક્ષ લાવીએ તો, આપણને સહનશીલતા આપી આપણી સાથે સમજપૂર્વકનો વ્યવહાર કરે છે; ઈશ્વર આગળ આપણે દિલ ખોલીને વાત કરી શકીએ છીએ; તેઓ હમેશાં ધીરજવાન, માફી આપનાર અને અનુકંપા રાખનાર પ્રભુ છે.

આ બધી પરિસ્થિતિ મધ્યે યર્મિયા જાહેર કરે છે કે ભલે વિરોધ અને મુશ્કેલીઓ હોય, તોપણ પ્રબોધ કરવાનું તે જતું કરશે જ નહિ. ઈશ્વરના શબ્દો

તેના આત્મામાં અગ્નિની જેમ સળગતા હતા. શંકા અને નિરાશાનો સામનો કરતાં તેનો વિશ્વાસ અને સમર્પિતપણું વિજયી બને છે (અધ્યાય ૨૦).

એમ લાગે છે કે યર્મિયાએ આ કબૂલાતો ખાનગીમાં નોંધી હોય અને તેમને સાચવી રાખી બારૂખે પાછળથી પ્રકાશિત કરી હોય. યર્મિયાના જીવનમાંની ખરી સતાવણીઓ અધ્યાય ૨૬થી ૪૫માં નોંધવામાં આવી છે. બારૂખ યર્મિયાનો ખાનગી મંત્રી હતો. તે તેની સાથે રહેતો હતો અને ઘણી વખત યર્મિયા સાથે દુઃખ ભોગવતો હતો. જ્યારે તેણે લખેલી ભવિષ્યવાણીઓનું ઓળિયું રાજાએ બાળી નાખ્યું ત્યારે બારૂખને તે ફરીથી લખવું પડ્યું.

યર્મિયાની ભવિષ્યવાણીઓ જુદા જુદા વિષયો ઉપર હતીઃ

૧. દુકાળ વિષે (૧૪:૧-૨૨, ૧૫:૧-૪)..

૨. યહૂદિયાના રાજાઓ વિષે (૨૧:૧૧-૧૪; ૨૩:૧-૮).

૩. બીજા પ્રબોધકો વિષે (૨૩:૯-૪૦).

૪. ભવિષ્યની આશાઓ વિષે (અધ્યાય ૪૬થી ૫૧).

આખરે યર્મિયા અને બારૂખને યહૂદીઓએ દબાણ કર્યુ કે તેઓ તેમની સાથે ઈજિપ્ત આવે. આ પ્રમાણે જવાનું કારણ કે તેઓ બેબિલોનની દુશ્મનાવટથી નાસી જવા માગતા હતા. યર્મિયા ત્યાર પછી યહૂદિયામાં કદી પાછો આવ્યો નહિ. એમ માનવામાં આવે છે કે તે ઇજિપ્તમાં શહીદ થયો.

## પુસ્તકના સામાન્ય ભાગો

૧. પોતાના લોકો વિરુધ્ધની યર્મિયાની ભવિષ્યવાણીઓ (અધ્યાય ૧-૨૫).

અ. યર્મિયાનું તેડું (અધ્યાય ૧).

બ. યોશિયાના સમયથી યહૂદિયા અને ઈસ્ત્રાએલના લોકોને આપેલા સંદેશાઓ (અધ્યાય ૨-૬).

ક. યહોયાકીમ રાજાના વધુ સંદેશાઓ, જેમાં યરુશાલેમનો ખોટો ધર્મ, યર્મિયાના દિલનો વલોપાત, દુકાળ, રાજાઓ અને પ્રબોધકોની નિંદા (અધ્યાય ૭-૨૫).

૨. યર્મિયાનું જીવનચરિત્ર અને સંદેશાઓ (અધ્યાય ૨૬-૪૫).

અ. યર્મિયા તાબે થવા ઉપદેશ આપે છે (અધ્યાય ૨૬-૨૯).
બ. યર્મિયા આશાનો સંદેશો આપે છે (અધ્યાય ૩૦-૩૩).
ક. યરુશાલેમની પડતી પહેલાંના બનાવો (અધ્યાય ૩૪-૩૮).
ખ. યરુશાલેમની પડતી પછીના બનાવો (અધ્યાય ૩૯-૪૫).

૩. પરદેશી રાજ્યો જેવાં કે ઈજિપ્ત, પલિસ્તી, મોઆબ, આમ્મોનીઓ, અદોમ, દમસ્ક, હાસોર, કેદાર, એલામ અને બેબિલોન એ બધા વિરુધ્ધ ભવિષ્યવાણીઓ (અધ્યાય ૪૬-૫૧).

૪. ઐતિહાસિક પૂરવણી (૨ રાજા. ૨૪:૧૮-૨૫, ૨૭-૩૦ અને અધ્યાય ૫૨).

## યર્મિયાના પુસ્તકનું અભ્યાસિક વિવરણ

### અધ્યાય ૧

યર્મિયાની ભવિષ્યવાણીઓ લગભગ ચાળીસ વર્ષના ગાળામાં કરવામાં આવી. તેનો સમય ઈ.સ. પૂ. ૫૮૬થી ૬૨૬નો ગણવામાં આવે છે. ૧:૪-૧૦માં જણાવ્યા પ્રમાણે યુવાન વયે, આશરે વીસ વર્ષની ઉંમરે યર્મિયાને તેડું મળે છે. તેનો જન્મ થયો તે પહેલાં ઈશ્વરે તેને પસંદ કર્યો હતો. તે દેખીતી રીતે ડરપોક અને શરમાળ હતો, પરંતુ ઈશ્વરે તેમની હાજરીની ખાતરી આપી. યશાયા અને યર્મિયા બન્નેને ઈશ્વરે ભવિષ્યવાણી કહેવાની સેવા માટે તેડ્યા તે સમયે તે બન્નેના હોઠ અને મોંને ઈશ્વરના હાથનો સ્પર્શ થાય છે.

યશાયા તેના તેડાને સમયે તેનાં પાપ અને અશુધ્ધતાની વાત કરે છે અને ઈશ્વરનો દૂત તેના હોઠને સ્પર્શી તેને શુધ્ધ કરે છે. જ્યારે યર્મિયા તેની અશક્તિ અને બીક વિષે વાત કરે છે. ઈશ્વરે તેના મુખમાં પવિત્ર વચનો મૂક્યાં, જેથી બોલતી વખતે શું બોલવું તેની બીક તેને રહે નહિ. ૧:૧૦માં સ્પષ્ટ રીતે ઈશ્વરે યર્મિયાને શા માટે તેડ્યો તે જણાવ્યું છે. તેના તેડા પાછળ ઈશ્વરનો હેતુ ઈશ્વરની અધિકારયુક્ત નીમેલ વ્યક્તિ તરીકે ઉખેડવાનો, ખેંચી કાઢવાનો, નાશ કરવાનો, નાખી દેવાનો અને તેની જગાએ બાંધવાનો અને રોપવાનો હતો. યહૂદિયા, ઈસ્ત્રાએલ અને બીજા દેશોને સંબોધવાની ઈશ્વરે તેને સત્તા આપી.

યર્મિયાનો સંદેશો હમેશાં ઈશ્વરની શિક્ષા અને નાશ અંગેના ભવિષ્યકથનો કહેવાનો ન હતો, કિન્તુ તેમાં ફરીથી વાવવાની, ફરીથી બાંધવાની અને

ખંડરોમાંથી પુનઃસ્થાપનની આશા હતાં. યુવાન યર્મિયાને આ કામો પડકારરૂપ લાગ્યાં, કારણ તેમાં જોખમો, વિરોધો અને સહન કરવાનું હતું. તેને તે જવાબદારી ભારે લાગવાથી તે પાછો પડ્યો. પરંતુ ઈશ્વરે તેમની હાજરીની તેને ખાતરી આપી (૧:૮). જે વચનો યર્મિયાએ પ્રગટ કરવાનાં હતાં તે ઈશ્વરનાં જીવંત વચનો હતાં. આ વચનો હથોડા અને આગ સમાન હતાં. તેમાં પૂર્ણ સામર્થ્ય અને લોકના હૃદયમાં કાર્ય કરે તેવાં એટલે કે તેમને ભાંગી નાખે, પીગળાવી દે અને હૃદયોને ઘડે એવાં હતાં (૫:૧૪; ૨૩:૨૯).

બદામડીનો ફણગો અને ઉકળતું હાલ્લું જે કલમ ૧૧ અને ૧૩માં આવે છે તે ઈશ્વરના ન્યાયનાં ચિહ્નોછે. બદામડીના છોડ માટેનો હિબ્રૂ શબ્દ ''સંભાળ રાખજો'' માટેના હિબ્રૂ શબ્દને મળતો આવે છે. આ સરખામણીનો ઉપયોગ કરી યર્મિયા બદામડીના ફણગાને પોતાના લોકોની સંભાળ રાખનાર ચિહ્ન ગણે છે. ઉકળતું હાલ્લું તે ઈશ્વર તેમના લોકોને શિક્ષા કરે છે તેનું પ્રતીક છે. ઉત્તરમાંથી શક્તિશાળી રાજાઓ ઈસ્રાએલના લોકો પર ચડી આવશે (૧:૧૫). વળી ઈસ્રાએલનાં પાપો, જેવાં કે મૂર્તિપૂજા અને અનાજ્ઞાંકિતપણાને કારણે ઈશ્વર લોકોનો ન્યાય કરશે (૧:૧૬).

કલમ ૧૭ અને ૧૮ પ્રમાણે તેને ભારે જવાબદારી સ્વીકારવાની હતી. એટલે કે તેણે દુશ્મન જેવા લોકોને સંબોધવાના હતા. યર્મિયાએ એક કિલ્લાબંધ નગર, લોઢાના સ્તંભ, પિત્તળના કોટ સમાન થવાનું હતું. લોકો તેની સામે ટકી શક્યા નહિ, કારણ કે ઈશ્વર બચાવ કરનાર હતા.

## <u>અધ્યાય ૨</u>

યર્મિયા મૂસાના સમયે ઈજિપ્તમાંથી જે નિર્ગમન થયું અને ઈશ્વરે પોતાની પ્રજા ઇસ્રાએલને તેમના લોક થવા તેડું આપ્યું હતું એ યાદ કરે છે. કનાન દેશમાં પ્રવેશ કરતાં તે પ્રજા પોતાના ઈશ્વરને બદલે પાડોશીઓના દેવો સ્વીકારે છે. કેવી અસામાન્ય અને ન મનાય તેવી બાબત કે એક પસંદ કરેલી પ્રજા અન્ય દેવોને સ્વીકારે (૨:૧-૧૩)!

આપણને આંચકો આપે એવી એ બાબત છે કે એક પ્રજા પોતાના ઈશ્વરને બદલી બીજા દેવોની પૂજા કરે અને તે રીતે જીવતા પાણીના ઝરાને તજી, જેમાં પાણી ન રહે એવાં ભાંગેલાં ટાંકા અપનાવે છે (૧૧-૧૩)! જે નકામા દેવો તેમણે ભક્તિ કરવા સ્વીકાર્યા હતા તેના જેવા જ ઈસ્રાએલના લોકો નકામા

થયા છે (કલમ ૫). સાયપ્રસ ટાપુનું બીજું નામ કિત્તીમ છે અને કેદાર એ એક આરબ જાતિનું નામ છે (કલમ ૧૦). પૂર્વથી પશ્ચિમની પ્રજાઓને તમે તપાસી જુઓ, અને આવો આંચકો આપે એવું વર્તન કરનાર બીજી પ્રજા તમને જોવા મળશે નહિ. એવી પ્રજાઓ અથવા લોકો છે જેમના દેવો મૃત દેવો છે, તોપણ તેઓ તેમને બદલતા નથી. તે દેવો કશું જ ન આપતા હોવા છતાં તે લોકો તેવા દેવોને વિશ્વાસુ રહે છે.

ઈસ્ત્રાએલ સ્વતંત્ર પ્રજા તરીકે કનાનમાં પ્રવેશ કરેછે, પરંતુ હવે તે પ્રજા ગુલામ બની ગઈ છે. તેનાં પાપો અને અવિશ્વાસુપણાના કારણે તેઓ પોતે જ ધાર્મિક રીતે હારી જાય છે અને ગુલામીની શિક્ષા વહોરે છે. તેમની સમસ્યાઓનો ઉકેલ પરદેશી પ્રજા સાથે સંબંધ રાખવાથી આવતો નથી (કલમ ૧૪-૧૯). કલમ ૨૦થી ૨૯મા સાત ઉપમા જોવા મળે છે, જે ઈસ્ત્રાએલી પ્રજાનાં પાપો દર્શાવે છે :

૧. એવા બળદો જે કામ કરવાની તથા તેમના પર ઝૂંસરી મૂકવાની ના પાડે છે.

૨. એક વેશ્યા જે સાચા ઈશ્વરને અવિશ્વાસુ થાય છે અને જૂઠા દેવોને નમે છે.

૩. પસંદ કરેલો ઉત્તમ દ્રાક્ષાવેલો જે બદલાઈને જંગલી અને નકામો થઈ જાય છે.

૪. ગંદો ચહેરો એટલો બધો મલિન થઈ ગયોછે કે તેને ધોઈને સ્વચ્છ ન કરી શકાય.

૫. એક અશાંત જુવાન ઊંટ તેના ચાલક વગર ગમે તે દિશામાં ભટકે છે.

૬. એક જંગલી ગધેડી વાયુને ચૂસ્યા કરે છે અને ગધેડાની શોધમાં છે.

૭. એક ચોર કે જે ચોરી કરતાં પકડાય છે ત્યારે ભોંઠો પડે છે.

જ્યારે ઈસ્ત્રાએલને પાપને કારણે શરમ લાગેછે ત્યારે તે રક્ષણ મેળવવા કોશિશ કરે છે. તેમને ફક્ત એકાદ ઝાડ કે પથ્થર મળે છે ; પરંતુ તેઓ શિક્ષામાંથી તેમને બચાવી શકશે નહિ. ઈસ્ત્રાએલે તેના દુશ્મનો તરફથી રક્ષણ અને મુક્તિ શોધી, પરંતુ તેણે ઈશ્વરની આજ્ઞા માની નહિ તથા ઈશ્વરનું સર્વોપરીપણું સ્વીકાર્યું નહિ. કલમ ૨૯થી ૩૭માં ઈશ્વર જવાબ આપેછે કે ઈસ્ત્રાએલ નિર્દોષ હોવાનો

દાવો કરેછે (કલમ ૩૫) પરંતુ તેમનાં પાપો ઘણાં ગંભીરછે તેથી ઈશ્વર તેમની પર શિક્ષા લાવશે.

**<u>અધ્યાય ૩</u>**

આ અધ્યાયમાં ઈશ્વર પોતાના લોકોને, ઈસ્ત્રાએલ તથા યહૂદિયા બન્ને રાજ્યોને, પોતાના તરફ પાછા ફરવા હાકલ કરેછે. હોશિયાના પુસ્તકમાં આવી જાતની ઉપમા મળેછે. જ્યાં ઈસ્ત્રાએલ તેના ઈશ્વરને અવિશ્વાસુ થઈ વ્યભિચારી બને છે, અને પોતાના દેવો સ્થાપિત કરે છે. તેઓ તેમના દુશ્મનોથી બચવા ઈશ્વરનું શરણું તો શોધેછે (કલમ ૪, ૫); કિન્તુ તેમના હૃદયમાં સાચો પસ્તાવો હોતો નથી. ઈશ્વરે વરસાદ અટકાવ્યો (કલમ ૩) અને ઈસ્ત્રાએલને બંદીવાસમાં મોકલી તેમને શિક્ષા કરી (કલમ ૬-૯). તોપણ યહૂદિયા રાજ્યના લોકોએ આ ચેતવણી પર ધ્યાન આપ્યું નહિ અને પાપ કરે જ રાખ્યું. ઈ.સ. પૂ. ૭૨૨માં ઈસ્ત્રાએલને જીતી લેવામાં આવ્યું અને ઈસ્ત્રાએલીઓને બંદીવાસમાં લઈ જવામાં આવ્યા.

કલમ ૧૫થી ૧૮મા બાકીના અધ્યાય કરતાં જુદો વિચાર વ્યક્ત થયો છે જેમાં લોકોને ભવિષ્યમાં આવનાર ઈશ્વરના આશીર્વાદોની આશા આપવામાં આવી છે. કલમ ૧૬ બરાબર ૩૧:૩૧ જેવો વિચાર રજૂ કરે છે, જેમાં નવા કરાર વિષે કહેવામાં આવ્યું છે. એવો સમય આવશે જ્યારે લોકોને કરારના લેખિત નિયમો યાદ રાખવાની અથવા તેની અગત્યતા શીખવવાની જરૂર નહિ પડે, કારણકે લેખિત નિયમોની જગાએ એ હૃદયનો કરાર થશે, બધા લોકો ઈશ્વરને ઓળખશે.

કલમ ૩:૨૨ થી ૪:૪માં ઈશ્વર આગ્રહથી જણાવે છે કે લોકો તેમના તરફ પાછા ફરે, અધકચરા પસ્તાવાથી નહિ, પરંતુ સાચા હૃદયના પસ્તાવાથી; મોંની સેવાથી નહિ, પરંતુ મૂર્તિઓ તથા ભૂંડાઈને દૂર કરી સાચા અર્થમાં તેમની તરફ ફરે. તે પડતર જમીનને ખેડવાનું જણાવે છે. તે હૃદયની સુનત કરવાનું અને તેમના જીવનોમાં મૂર્તિરૂપ કે નકામી વસ્તુઓ છે તેને દૂર કરવાનું કહે છે (હોશિ. ૧૦:૧૨)

**<u>અધ્યાય ૪</u>**

જૂઠા પ્રબોધકોએ તેઓને ખોટી આશા આપી હોવા છતાં (૪:૯, ૧૦) આવનાર આખરી દિવસ, લડાઈ અને નાશનાં વાદળો તેમના પર ઘેરાયેલાંછે.

આશ્શૂરનું લડાઇનું ચિહ્‌ન સિંહ હતું (કલમ ૭). ઈશ્વર હવે આશ્શૂરના સૈન્યનો તેમના એક સાધન તરીકે ઈસ્ત્રાએલને શિક્ષા કરવા ઉપયોગ કરવાના છે. યર્મિયા તેના લોકોને વિનંતિ કરે છે કે તેઓ તેમનાં હ્રદયો ધૂએ અને ભૂંડાઇ દૂર કરી બચી જાય. જો તેઓ પાપોમાં જ ગરક રહેશે તો તેમના માટે સજા પણ એટલી જ નક્કી છે. યહૂદિયાએ પોતે જ પોતાની શિક્ષા વહોરી લીધી છે. યહૂદિયા હવે એક સાદે રણશિંગડાનો અવાજ સાંભળેછે, સાથે લડાઇની ભયંકર બીક, તેમના તંબૂઓ તથા રહેઠાણોનો નાશ અને તેમના દેશને ઉજ્જડ કરવામાં આવેછે, તે જુએછે (કલમ ૧૯-૨૧). યર્મિયા પોતે જ સમગ્ર દેશનો નાશ, શહેરોની પડતી, વેરાન વસ્તી વગરનો પ્રદેશ જોઇ વ્યથાથી ઘેરાઇ જાય છે. યહૂદિયા પોતાના નાશમાંથી બચવાના છેલ્લા ઈલાજ તરીકે પરદેશી પ્રજાઓને ખુશ રાખવા તેની હિંસા ઓછી કરવા પ્રાર્થના કરે છે, પરંતુ તેમનું કાંઇ વળતું નથી. કલમ ૩૧ પ્રમાણે તે ચીસો પાડે છે અને રડે છે.

## <u>અધ્યાય ૫</u>

યર્મિયા જ્યારે યરુશાલેમની ગલીઓમાં ન્યાયી પુરુષોની શોધમાં નીકળે છે ત્યારે તેને ગરીબમાં કે તવંગર અને શિક્ષિત લોકોમાં કોઇ ન્યાયી જોવા મળતું નથી. બધા જ ઈશ્વરના નિયમો વિષે બેદરકાર થઇ ગયા છે અને આજ્ઞાધિનતાની ઝૂંસરી સ્વીકારવાની ના પાડે છે (કલમ ૫). તે ઈશ્વરનું એવું ચિત્ર રજૂ કરે છે કે જાણે ઈશ્વર પોકારતા ન હોય,"હું તમને કેવી રીતે માફ કરું ? જ્યારે મેં તમને ખવડાવીને તૃપ્ત કર્યા, ત્યારે તમે વ્યભિચાર કર્યો " (કલમ ૭). જૂઠા પ્રબોધકો જૂઠું બોલીને લોકોને જણાવે છે કે કાંઈજ ખરાબ થવાનું નથી. તેઓએ ફક્ત મૂર્તિપૂજાના રીતરિવાજો અપનાવ્યા હતા એટલુંજ નહિ, પરંતુ મૂર્તિપૂજાને લીધે તેઓનું નૈતિક જીવન ભ્રષ્ટ થયેલું હતું અને તેઓ વ્યભિચાર આચરતા હતા (કલમ ૭ અને ૮ ને સફાન્યા ૧:૧૨ અને ૧૩ સાથે સરખાવો). જૂઠા પ્રબોધકોના શબ્દનું કાંઈજ વજન પડતું નથી ; પરંતુ યર્મિયાના મુખમાં ઈશ્વરના શબ્દો બળતા અગ્નિ સમાન હતા. ઘણા તીર માર્યા પછી એક પણ બાકી ન રહે ત્યારે દુશ્મન લોકોનું અનાજ ખાઇ જાય છે અને તેમના શહેરોનો નાશ કરે છે (કલમ ૧૬, ૧૭).

યર્મિયા એ બાબત તરફ ધ્યાન દોરે છે કે આવી ગંભીર પરિસ્થિતિ હોવા છતાં તમારા પેટનું પાણી પણ હાલતું નથી. તમો આંખો હોવા છતાં જોતા નથી અને કાનો છતાં સાંભળતા નથી. ઈશ્વરે તેમની અપાર કૃપામાં પવન, દરિયો

અને સમુદ્રને કાયમના માટે મર્યાદા ઠરાવી આપી છે. તે ઋતુ પ્રમાણે વરસાદ આપે છે અને સારી ફસલ થાય છે. તોપણ લોકોએ આ કૃપા તથા ઈશ્વરની મહાનતાની અવગણના જ કરી છે. ઈશ્વરને અનુપકારી બની તેઓ ભૂંડા કાર્યોમાં ખૂંપાઇ ગયા છે. તેમણે ગરીબોની હાંસી ઉડાવી તેમના પર જુલમ કર્યો છે. આ બધામાં તેમના આગેવાનો તથા યાજકોએ તેમને સંદતર ઊંધા માર્ગે દોર્યા છે. મૂર્તિપૂજા અને અનાજ્ઞાંક્તિપણાના ગંભીર પાપે ઇસ્ત્રાએલને એવાં હલકાં પ્રકારનાં પાપો કરવા પ્રેર્યા કે તેમની પોતાની પ્રજા સાથે ના અરસપરસના સંબંધો તૂટી ગયા. પાપીષ્ઠ યાજકો અને જૂઠા પ્રબોધકોની આગેવાની નીચે આખી પ્રજા ભ્રષ્ટ થઇ ગઇ.

## <u>અધ્યાય ૬</u>

દુશ્મનો ઘેટાંના ટોળાં સાથેના ઘેટાંપાળકો હોવાનો ડોળ કરી યરુશાલેમની તદ્દન નજીકની સિમાઓ પર આવ્યા અને માંહોમાંહે શહેર ઉપર હલ્લો કરવા ચર્ચા કરવા લાગ્યા (કલમ ૩ થી ૬). ઈશ્વર જાણે તેમને એવી સૂચના આપતા હોય કે માટીના મોટા ઢગલા કરી શહેરને ચારે બાજુ ઘેરો ઘાલો. સામાન્ય રીતે વહેતા ઝરણાનું પાણી તે તાજા અને શુધ્ધ પાણીનું પ્રતીક છે, જેમાં શક્તિ અને નવું જીવન સમાયેલું છે. પરંતુ કલમ ૭માં તે દેશમાં સતત આચરવામાં આવતી દુષ્ટતાના પ્રતીક તરીકે રજૂ કરવામાં આવ્યું છે. દુષ્ટતાએ જાણે કે લોકોના હૃદયમાં ઘર ન ઘાલ્યું હોય !

ઈશ્વર યર્મિયાને ફરીથી આજ્ઞા કરે છે કે તે જે શેષ લોકો યરુશાલેમમાં બાકી રહી ગયા હતા, તેમનામાં પસ્તાવાના પૂરાવા શોધે , કિન્તુ દુઃખ સાથે જોઇએ છીએ કે તેઓમાં પણ એવી કોઇ વ્યક્તિ મળતી નથી. પોતાના લોકોના હંમેશના અનાદરને કારણે ચિંતાતુર થઇ તે નિરાશા અને ગુસ્સામાં પોકારી ઊઠે છે. તે ઈશ્વરને તેમનાં પાપોને કારણે શિક્ષા કરવા કહે છે. નાનાથી માંડી મોટા પ્રબોધકો તથા યાજકો ગુનેગાર હોવાનું માલૂમ પડે છે, તેથી ઈશ્વર ચેતવણીરૂપ જવાબ આપે છે કે તેઓને શિક્ષા ભોગવવી જ પડશે. પાપના ઘા એટલા બધા ઊંડા છે કે તેમને રૂઝવી શકાય નહિ. જૂઠા પ્રબોધકો લોકોને જૂઠું વચન આપે છે કે તેમને શાંતિ મળશે, જ્યારે શાંતિ છે જ નહિ.

કલમ ૧૬થી ૨૧માં એવું લાગે છે કે આ લોકોએ ઈશ્વરની આજ્ઞાઓ માની નથી તે ગુના માટે ઈશ્વર તેમની આગળ ન્યાયચૂકાદો વાંચી સભળાવે છે.

જો કે તેમની બાહ્ય ભક્તિ મારફતે ઈશ્વરને ખુશ રાખવા તેઓ પરદેશથી લોબાન અને અગરુ મંગાવે છે, પરંતુ તેઓએ ઈશ્વરની આજ્ઞાઓનો સદંતર અનાદર કર્યો છે એટલે તેમનાં એ ખોટાં અર્પણો માન્ય રાખવામાં આવતાં નથી.

કલમ ૨૨થી ૨૬માં જણાવ્યુંછે કે ઘાતકી દુશ્મન ઉત્તરમાંથી ધનુષ્ય અને ભાલા ધારણ કરી આવશે જે લોકોને ભારે વ્યથામાં તથા તદ્દન નિઃસહાય પરિસ્થિતિમાં મૂકશે.

કલમ ૨૭થી ૩૦માં યર્મિયાનું તેડું ફરીથી સંસ્થાપિત કરવામાં આવે છે. ઈશ્વનનાં વચનો શુધ્ધ કરનાર અગ્નિ જેવાં બને છે અને તે પિત્તળ તથા લોઢારૂપ એવા કઠણ લોકો પાસે આવે છે, પરંતુ તેનો કોઇ અર્થ સરતો નથી. યર્મિયાને ભાન થાય છે કે તેઓ શુધ્ધ થઇ શકે તેમ નથી ! સીસુ ચાંદી સાથે ભેળવવામાં આવ્યું છે. તેને ગાળીને શુધ્ધ ચાંદી નીકળે એવા પ્રયત્નો કરવામાં આવે છે, પરંતુ મિશ્ર ધાતુ એટલી બધી અશુધ્ધ થઈ ગઈછે કે તેમાંથી ખરી ચાંદી જુદી કરી શકાય તેમ નથી.

## અધ્યાય ૭

આ અધ્યાયમાં યર્મિયાના બે ટૂંકાં સંદેશા આપવામાં આવ્યા છે. પ્રથમની પંદર કલમો મંદિર અંગેનો સંદેશોછે. યોશિયા રાજાના સુધારાના કારણે ભક્તિમાં કેન્દ્રીયપણું આવેલું હતું. આથી હવે લોકો શીલોહમાં ભક્તિ કરવા અથવા અર્પણ ચઢાવવા જતા ન હતા. તેમને ભક્તિ કરવા યરુશાલેમના મંદિરમાં જ આવવું પડતું હતું. આથી આ મંદિર નિયમિત ભક્તિ કરવાના એક પ્રતીકસમ બન્યું હતું, જ્યાં ઈશ્વરની હાજરી અને રક્ષણ હોય. લોકોને એમ લાગ્યું કે આ મંદિરની હસ્તીથી જ ઈશ્વરનું રક્ષણ મળે છે. મંદિર અંગેનો આ ફક્ત વહેમ જ હતો. લોકોએ બીજા ધર્મોના રીતરિવાજો તથા મૂર્તિપૂજા યહોવાની ભક્તિ સાથે સેળભેળ કર્યા હતાં. તેઓએ જાણીબૂઝીને ઘણાં ભ્રષ્ટ કૃત્યો કર્યા હોવાથી મંદિર તેમને બચાવી શકે જ નહિ. તેઓ વ્યભિચાર, ખૂન અને અવિશ્વાસુ રીતરસમો જેવાં પાપોમાં જીવન જીવતા હતા.

પ્રભુ ઈસુ ખ્રિસ્તે મંદિરને નાણાંવટીઓનાં બાજટો દૂર કરતાં લૂંટારાનું કોતર રહ્યું હતું, તેમ આ મંદિર પણ લૂંટારાનું કોતર થઈ ગયું હતું (માથ્થી ૨૧:૧૩). જ્યાં સુધી તેમના નૈતિક જીવનમાં ધરમૂળથી ઉગ્ર ફેરફારો ના આવે ત્યાં સુધી ઉધ્ધારની આશા રાખવી વ્યર્થછે. શીલોહમાં ઈશ્વરે જે પ્રમાણે કર્યું તેવું

જ યરુશાલેમના આ મંદિર માટે કરવામાં આવશે એવી ચેતવણી યર્મિયા તેમને આપે છે. પ્રબોધક શમુએલ અને યાજક એલીનું રહેઠાણ શીલોહમાં હતું. ત્યાં નાના મંદિર જેવું પણ હતું જ્યાં કરારકોશ રાખવામાં આવ્યો હતો. આ નાના મંદિરનો ઘણાં વર્ષો પૂર્વે નાશ કરવામાં આવ્યો હતો. ઈશ્વર હવે ચેતવણી આપે છે કે યરુશાલેમના મંદિરનો પણ નાશ કરવામાં આવશે. ફક્ત આટલું પૂરતું ન હતું, કિન્તુ જે પ્રમાણે ઈશ્વરે એફ્રાઈમના વંશજોને ઇસ્ત્રાએલ રાજ્યમાંથી ફેંકી દીધા હતા તે જ પ્રમાણે યહૂદિયાનું રાજ્ય પણ ખતમ થઈ જાય એવા ભયમાંછે. અધ્યાય ૨૬માં મંદિર અંગેનો આવો જ સંદેશો આપવામાં આવ્યો છે.

કલમ ૧૬ થી ૨૦માં યર્મિયાની નિરાશા જોવા મળે છે, કારણ ઈશ્વર તેને પોતાના લોકો માટે તે મધ્યસ્થી કરે તેવું પણ કરવાનું ના પાડે છે; અને જો તે પ્રાર્થના કરશે તોપણ તે સાંભળવામાં આવશે નહિ. યોશિયાના મરણ પછી મૂર્તિપૂજામાં ફરીથી એક વખત લોકો ગરક થઈ ગયા છે તે આ કલમોમાં જોવા મળે છે. આ મૂર્તિપૂજા આકાશની રાણી આશ્શૂરની દેવીની હોય એમ લાગે છે. યર્મિયા ૪૪:૧૭-૨૫માં આ આકાશની રાણીનું વિગતવાર વર્ણન કરે છે.

કલમ ૨૧થી ૨૬ એક બીજો ટૂંકો સંદેશો છે જે ઈશ્વર તેમના લોકોને આપે છે. યર્મિયાની સમજ પ્રમાણે દહનાર્પણ વિષે યહોવાએ મૂસાને આજ્ઞા આપી ન હતી, તેને એમ લાગ્યું કે કનાનીઓ પાસેથી આ રીતરિવાજો તેમણે અપનાવ્યા હતા.

કલમ ૨૭થી ૮માં અધ્યાયની કલમ ૩માં લોકોએ પાપથી ભરેલી જે રીતરસમો અપનાવેલી જેવી કે મંદિરની પરસાળમાં મૂર્તિઓ બેસાડવી, ઊચ્ચસ્થાનો પર દેવો માટે નાનાં મંદિરો બાંધવાં, અને હિન્નોમની ખીણમાં દીકરા અને દીકરીઓનાં બલિદાનો ચઢાવવા એ બધાંનો ઉલ્લેખ કરે છે. યહોવા હવે ચેતવણી આપે છે કે આ હિન્નોમની ખીણ લોકોનાં મુડદાંથી એવી ભરાઈ જશે કે તે ખીણનું નામ કતલની ખીણ કહેવાશે. આ મુડદાંને માનભેર દફનાવામાં પણ નહિ આવે. આકાશનાં પક્ષીઓ અને પૃથ્વી પરનાં પશુઓ તેમને ખાઈ જશે. આ બાબત ઇસ્ત્રાએલી લોકો માટે ખૂબ જ અપમાનજનક હશે. યહૂદિયાના રાજાઓ, અધિકારીઓ, યાજકો અને જૂઠા પ્રબોધકો પણ આવા શરમજનક અંતનો ભોગ બનશે.

## અધ્યાય ૮

યર્મિયા પોકારી ઊઠે છે, "આ નાશ કરવાની વિચાર્યા વગરની ઉતાવળ શા માટે ? જેમ ઘોડાઓ લડાઈમાં ઉતરી પડે છે તેમ" (૮:૪, ૬નો સરળ અનુવાદ). સામાન્ય રીતે જે વ્યક્તિ પડી જાય તે ફરીથી ઊભી થાયછે. જો કોઇ સચ્ચાઇથી દૂર જતું રહ્યું હોય તો પાછળથી શરમાઇને સચ્ચાઇ તરફ પાછું વળે છે. ઋતુ પ્રમાણે સ્થળાંતર કરતાં પક્ષીઓ પણ વધારે જાણે છે, કારણ કે તેમને ઉડવાના માર્ગની અને માળો ક્યાં બાંધવો તેની ખબર હોય છે. ફરીથી યર્મિયા તેના લોકો પર ગુસ્સા અને વિલાપમાં આવું જ ઉચ્ચારે છે. લોકો ખોટી રીતે જાણે શાંતિ હોવાથી ઘેરાઇ ગયા છે, પરંતુ હકીકતમાં શાંતિ છે જ નહિ. આ જ શબ્દો ૬:૧૩-૧૫માં જોવા મળે છે.

કલમ ૧૩ થી ૨૨માં યહોવા તેમના લોકો અને યર્મિયા વચ્ચે વાર્તાલાપ કરતા લાગે છે. લોકો વ્યથાના માર્યા પોકારી ઊઠે છે (૧૪થી૧૬). યહોવા ચેતવણી સાથે પ્રત્યુત્તર આપે છે કે તેઓ તેમની વચ્ચે સાપો મોકલશે (કલમ ૧૭). યર્મિયા શોકનો સૂર કાઢે છે (૧૮,૧૯). તે બાદ યહોવા પ્રશ્ને પૂછે છે, "તેઓએ મને શા માટે ઉશ્કેર્યો છે ? "યર્મિયા રૂદન સાથે જવાબ આપે છે કે કાપણી વીતી ગઈ છે, ઉનાળો સમાપ્ત થયો છે, તોયે મારા લોક તારણ પામ્યા નથી."

## અધ્યાય ૯

આ અધ્યાય યર્મિયાના વિલાપનોછે. પોતાના લોકો માટે ભારે વ્યથાનાં આંસુ પાડતો હોવાથી તેને "રડતો પ્રબોધક" કહેવામાં આવેછે. કલમ ૧૭ અને ૧૮માં વિલાપ કરતી સ્ત્રીઓ વિષે આપણે જોઇએ છીએ. વિશ્વની ઘણી સંસ્કૃતિઓમાં વિલાપ કરવામાં નિષ્ણાંત એવી સ્ત્રીઓને જેમના ઘેર વહાલાંનું મૃત્યુ થયું હોય તેમનાં ત્યાં વિલાપ કરવા બોલાવવામાં આવે છે.

## અધ્યાય ૧૦

• આ એક અતિ સુંદર કવિતા છે જેમાં સકળ સૃષ્ટિના સરજનહાર સ્વર્ગના પ્રભુ અને પૃથ્વી પરના દેવો જે મનુષ્યના હાથનું સર્જન છે તેઓમાં કેવો આભ અને જમીનનો ફેર છે તે દર્શાવ્યું છે. આ દેવો શક્તિ વગરના અને નકામા છે ! "તેઓથી ન બીઓ ; કેમ કે તેઓ ભૂંડું કરી શકે નહિ, તેમ જ ભલું પણ કરી શકે નહિ" (૧૦:૫).

તેથી ઉલટું યહોવા તો પૃથ્વી, આકાશો, વીજળી, ઝાકળ, વરસાદ ને સમુદ્રમાં તોફાનો સર્જનાર ઈશ્વર છે (૧૨, ૧૪). આવા ઈશ્વરને છોડી મૂર્તિઓની આગળ નમવું તે કેટલું અર્થહીન છે તે વાત યર્મિયા જણાવે છે. આ મૂર્તિઓ લાકડાની બનાવેલીછે. હથોડી અને ખીલીઓથી તેમને જોડવામાં આવે છે. અથવા તેઓ ચાંદી કે સોનાની બનાવેલી હોય, પરંતુ તેઓમાં શ્વાસ નથી (૧૦:૧૪).

યર્મિયાને એ બાબતનું પણ દુઃખછે કે તેના લોકોના પાળકો મૂર્ખછે અને ઈશ્વરની સલાહ લેતા નથી. આ જૂઠા પ્રબોધકો લોકોને ભવિષ્યની પ્રગતિ વિષે ખોટી આશા આપે છે.

## અધ્યાય ૧૧

ઈજિપ્તમાંથીછોડાવીને ઈશ્વરે તેમની સાથે જે પવિત્ર કરાર કર્યો હતો તે વિષે ઈશ્વર પ્રબોધક મારફતે પોતાના લોકોને યાદ કરાવે છે. નિર્ગમનના ૨૪માં અધ્યાયમાં પેલા મહાન દિવસે જ્યારે યહોવાએ તેમના લોક ઈસ્ત્રાએલ સાથે કરાર સ્થાપિત કર્યો તે વિષે આપણે વાંચીએ છીએ. આ બાબત નિર્ગમન ૧૯:૫-૮માં પણ જોવા મળે છે. જે કોઈ આ કરારનો ભંગ કરશે તેના પર શાપ આવશે તે વાત કલમ ૩માં ઈશ્વર યાદ કરાવે છે. આ શાપ વિષે પુનર્નિયમ ૨૭:૨૬માં પણ કહેવામાં આવ્યું છે.

પુનર્નિયમ ૪:૨૦ માં આ શબ્દોછે, "યહોવાએ તમને લોઢાની ભઠ્ઠીમાંથી એટલે મિસરમાંથી કાઢી આણ્યા છે." એવું માનવામાં આવે છે કે આ પુનર્નિયમનું પુસ્તક અથવા તેનો કોઈ ભાગ હિલ્કિયાને મંદિરમાંથી મળેછે અને શાફાન ચિટનીસ તેને રાજા પાસે લઈ જાય છે. આ શાફાન યર્મિયાનો મિત્ર હોવો જોઈએ. તેના દીકરા અહીકામે પ્રબોધકને મરણમાંથી બચાવી લીધો હતો (યર્મિ. ૨૬:૨૪). શાફાનનો બીજો પુત્ર એલઆસાહ બેબિલોનના બંદીવાસીઓને યર્મિયાનો પત્ર પહોંચાડે છે (૨૯:૩).

ઘણા અભ્યાસીઓ એ માન્ય રાખે છે કે યોશિયા રાજાએ મંદિરમાંથી પુસ્તક મળ્યા બાદ ઘણા સુધારા કર્યા, જેને યર્મિયાનો પાકો ટેકો છે. આ સુધારાની ચળવળો મંદિરમાં અર્પણો ચઢાવવા તથા ક્રિયાકાંડ કરવા પર ભાર મૂક્યો અને યરુશાલેમના મંદિરને યહોવાની ભક્તિનું કેન્દ્ર બનાવ્યું. તોપણ યર્મિયા માનતો હતો કે જે સુધારાઓ કરવામાં આવ્યા હતા તે વધુ પડતા મંદિર-કેન્દ્રીય હતા

અને કરાર પ્રમાણે જે નૈતિક બાબતો પર ભાર મૂકવો જોઈએ તે મૂકવામાં આવતો નહોતો. કલમ ૧૫માં યહોવા પોતે કહે છે, "મારા મંદિરમાં મારી પ્રિયાનું શું કામ છે ? કેમ કે તેણે ઘણાં ભૂડાં કાર્યો કર્યા છે. શું પ્રતિજ્ઞાઓ અને અર્પણ કરેલું માંસ આવતા નાશને અટકાવી શકશે ?" તેથી કલમ ૬ પ્રમાણે યહોવા યર્મિયાને યરુશાલેમના મહોલ્લામાં કરારની શરતો વિષે લોકોને કહેવા મોકલે છે, પરંતુ તેની સાથે ચેતવણી પણ છે કે જો તેઓ આજ્ઞાભંગ કરવાનું ચાલુ રાખશે તો ઈશ્વરની શિક્ષા થશે જ. કલમ ૯માં લોકોએ જે બળવો કર્યો તે વિષે વાંચીએ છીએ. આ બળવો રાજકીય નથી, પરંતુ તેઓ મૂર્તિપૂજાના માર્ગે વળી ગયા તે છે.

કલમ ૧૬માં ઈશ્વરના લોકોને લીલું, સુશોભિત તથા ફળ આપનારા જૈતવૃક્ષનું પ્રતીક આપવામાં આવ્યું છે. પરંતુ જેમ વીજળી ઝડપથી આવે છે અને જતી રહે છે તેમ આ વૃક્ષ સુકાઈ જશે અને અગ્નિથી નાશ પામશે.

કમલ ૧૮થી ૨૩માં યર્મિયા ૧૨:૬નો સમાવેશ કરો, તો યર્મિયાના પોતાના કુટુંબમાં તેની વિરુધ્ધ જે અણગમો હતો તે જોવા મળે છે. તે ઉપરાંત તેના પોતાના ગામના લોકો ભયંકર દુશ્મનાવટ રાખી તેની વિરુધ્ધ થઈ ગયા હતા તે ચિત્ર જોવા મળે છે. તેનાં પોતાનાં સગાં જ તેની વિરુધ્ધ કપટ કરે છે. જ્યારે તેને આ સાચું હોવાનું જણાયછે ત્યારે તે ઊંડી વ્યથા સાથે પોકારી ઊઠેછે, "દુષ્ટોના માર્ગ શા માટે સફળ થાય છે?" (૧૨:૧). યર્મિયા જ્યારે અનાથોથ ગયો હતો ત્યારે તેને ખબર ન હતી કે તેની જિંદગી સામે કાવત્રું રચવામાં આવ્યું છે. એમ લાગે છે કે ગામના યાજકોને યરુશાલેમના યાજકોએ ઉશ્કેર્યા હોય. યર્મિયા પોતે એક યાજકનો પુત્ર હોવા છતાં તેના સમયના યાજકો તથા જૂઠા પ્રબોધકો વિરૂધ્ધ ભવિષ્યવાણી તેણે કહી, જેનાથી તેણે તેમનો ગુસ્સો અને વિરોધ વહોરી લીધાં.

## અધ્યાય ૧૨

કલમ ૧થી૪માં પ્રબોધક યર્મિયાની મૂંઝવણના સમયની કરુણ કલ્પાંત કરતી ફરિયાદો સંભળાય છે. પોતાના ગામના જ લોકો તેની વિરુધ્ધ થઈ ગયા તેથી તેને કેટલું બધું દુ:ખ થયું હશે ? કિન્તુ તેઓ દેખિતી રીતે જૂઠા અને પાપી હતા. તેઓએ ઈશ્વરના કરારનો ભંગ કર્યો હતો. આ પ્રમાણે હોવાથી યર્મિયા વેર વાળવાના વલણમાં તેની લાગણીઓનો ઊભરો બહાર કાઢે છે. તે ઈશ્વરના

વિરોધીઓને શિક્ષા કરવા અને મારી નાખવા કહે છે. નૂહના સમયથી પૂછાતો જૂનો પ્રશ્ન તે પૂછે છે, "શા માટે દુષ્ટોની પ્રગતિ થાયછે?" આ પ્રશ્નનો જાતે કોઇ જવાબ મળતો નથી ! તોપણ આ જ અધ્યાયમાં યર્મિયાના વિલાપનો ઈશ્વર જવાબ આપે છે.

સૌથી પહેલાં તો કલમ ૫ અને ૬માં ઈશ્વર જાણે યર્મિયાને ઠપકો આપે છે. ઈશ્વર તેને કહે છે, યર્મિયા આ તો સતાવણીની શરૂઆત છે. યર્મિયાને હવે ઘોડાઓની સાથે હરિફાઇ કરવી પડશે, એટલે કે તેને લોકોનો વધુ વિરોધ સહન કરવો પડશે. યરુશાલેમના યાજકો તથા પ્રબોધકો અનાથોથમાં યર્મિયાની જે પ્રમાણે સતાવણી થઇ હતી તેથીયે વધુ સતાવણી કરશે.

કલમ ૭ થી ૧૭માં યહોવા પોતાના લોકોના જાણીજોઇને કરેલા આજ્ઞાભંગને કારણે અફસોસ વ્યક્ત કરેછે. પ્રેમની ભાષામાં ઇસ્ત્રાએલને ઈશ્વર ઘણાં નામો આપે છે જેવાં કે યહોવાનો વારસો, ઈશ્વરના આત્માને પ્રિય, સિંહ, કાબરચીતરું પક્ષી, ઈશ્વરની દ્રાક્ષાવાડી, મારો આનંદમય બાગ. ઇસ્ત્રાએલના પાડોશીઓએ જે ભયંકર વિનાશ કર્યો હતો તેથી ઈશ્વરને અફસોસ થાય છે. જો કલમ ૭ અને ૧૩થી ૧૫માં જણાવવામાં આવ્યું છે કે આ જે કાંઇ થયું છે તે ઈશ્વરથી થયેલું છે.

છેલ્લી ચાર કલમો ૧૪થી ૧૭માં એવો વિચાર રજૂ કરવામાં આવ્યો છે કે ઈશ્વર ઇસ્ત્રાએલની સીમાઓ પર જે પરદેશી રાજ્યો આવેલાં છે તેમને પણ પુનઃસ્થાપિત કરશે. યહોવા વચન આપેછે કે યહૂદિયા સાથે આજુબાજુના બીજા જેઓ બંદીવાસમાં ગયા હતા તેમને પુનઃસ્થાપિત કરવામાં આવશે. વળી જો તેઓ સાચા ઈશ્વરની આજ્ઞા માનતાં શીખશે તો તેઓને ઇશ્વરના લોકોમાં ભળી જવા દેવામાં આવશે અને તેઓ પણ ઈશ્વરના આશીર્વાદોના ભાગીદાર થશે.

## અધ્યાય ૧૩

આ અધ્યાય દ્રષ્ટાંતો તથા ચિહ્નરૂપી અર્થથી ભરપૂરછે. પહેલી અગિયાર કલમોમાં યહોવા ઇસ્ત્રાએલને એક કમરબંધ સાથે સરખાવે છે. ઈશ્વરનું ગૌરવ દર્શાવવા શણગાર તરીકે બગડ્યા વગરનો એક નવો કમરબંધ શરૂમાં પસંદ કરવામાં આવ્યો હતો. ઈશ્વરે પોતે તે કમરબંધ બાંધ્યો હતો, પરંતુ તે મોટો પથ્થર અને અન્ય કુદરતી પદાર્થોના સંપર્કમાં આવવાથી તેનું કપડું બગડી ગયું હતું અને નકામું થઇ ગયું હતું. આ રીતે ઇસ્ત્રાએલ બેવફા નીવડ્યું છે અને

આશ્શૂર તથા બેબિલોનના તથા તેમના દેવોના સંપર્કમાં આવવાથી દૂષિત થઇ ગયું છે, નકામું બની ગયું છે.

કલમ ૧૨થી ૧૭ બીજા એક ચિહ્ન વિષે જણાવે છે અને તે છે ઈશ્વરનો રોષ. જ્યારે લોકો વધુ પડતો દારૂ પીએછે ત્યારે તેઓ મૂર્ખતાભરી રીતે વર્તેછે; એકબીજા સાથે ઝઘડેછે અને કેટલાક કિસ્સામાં ખૂન કરેછે. આવું જંગલી વર્તન તેમના દારૂડીયાપણાના લીધે તેઓ કરેછે. યહોવા કહેછે કે તે પોતાના લોકોમાં આવી હિંસા અને નાશ આવતાં અટકાવશે નહિ.

યર્મિયા આ દુઃખદ ઘટનાઓ, જેવી કે લોકોનાં પાપ અને પાપનાં ભયંકર પરિણામને લીધે વિલાપ કરેછે. તે નિરાશ થઇને શોકસહિત રૂદન કરેછે, કારણ કે ઈશ્વરના લોકોને બંદીવાસમાં લઇ જવામાં આવ્યાં છે. "યહોવા મરણછાયા તથા ઘોર અંધકાર પેદા કરે તે પહેલાં યહોવા તમારા ઈશ્વરને માન આપો" એમ તેઓને પોકારીને જણાવે છે, પરંતુ તેઓ સાંભળતા નથી.

કલમ ૧૮અને ૧૯ કદાચ ૧૮ વર્ષની ઉંમરના રાજા યહોયાખીન અને તેની માને સંબોધીને લખવામાં આવી હોય તેમ લાગેછે. રાજમાતાનો તેના પર ખૂબ પ્રભાવ હતો. આ રાજાએ ફક્ત ત્રણ માસ (૨ રાજા. ૨૪:૮) રાજ્ય કર્યુ અને કદાચ યર્મિયાની ભવિષ્યવાણીથી પ્રભાવિત થઇ તે બેબિલોનને તાબે થયો હોય.

કલમ ૨૦થી૨૭માં યર્મિયા ફરીથી એક વખત પ્રતીકરૂપ ભાષા વાપરે છે, જેમાં યરુશાલેમને એક ભરવાડણની ઉપમા આપે છે, જેણે પોતાનાં ઘેટાંનો ત્યાગ કર્યો છે. હવે તે તેના એક વખતના કહેવાતા મિત્રો આશ્શૂરીઓના હાથે અપમાનિત થશે.

જે લોકો ભૂંડા માર્ગોમાં ખૂંપાઈ ગયાં છે, તેમનાં પાપોના ગુલામ થઈ ગયા છે, તેઓ તેમના માર્ગો બદલી શકતા નથી; જે પ્રમાણે હબશી પોતાની ચામડી કે ચિત્તો પોતાનાં ટપકાં બદલી ન શકે તેમ પાપી પાપનો ગુલામ થઈ જાય છે.

## <u>અધ્યાય ૧૪થી ૧૬ માં આવતી બાબતો</u>

૧. સુકાપણું અને કુદરતી પરિસ્થિતિનું વર્ણન. આ પણ ઈશ્વરે લોકોનાં પાપોને કારણે શિક્ષા તરીકે આવવા દીધું.

૨. ઉત્તર દિશા તરફથી ચઢાઈ, તરવારથી ઘણી ક્રૂરતા અને ખૂનામરકી.

૩. યહોવા પવિત્ર નગર યરુશાલેમ તેમ જ મંદિરનો નાશ કરે તથા લોકોને બંદીવાસમાં લઈ જવા દે, એવું માનવા જૂઠા પ્રબોધકો તૈયાર ન હતા.

૪. યર્મિયાનો વિલાપ અને ઈશ્વરને અરજ કે તેઓ તેના પર દયા રાખે.

યર્મિયાએ એવું ઇચ્છયું કે તેનો જન્મ જ ન થયો હોત તો કેવું સારું! (૧૫:૧૦). તેની સતાવણી અને નિંદા કરવામાં આવી. પોતાના લોકો તરફથી સતાવણી થઈ તેનું કારણ એ જ કે તેઓ માનતા હતા કે તે દેશદ્રોહી છે. તેણે જીત મેળવતી પ્રજા બેબિલોનને આધીન થવા લોકો પર દબાણ કર્યુ અને તેમનો વિરોધ કર્યો નહિ.

૫. વિલાપ અને સ્વદયાની સાથે સાથે યર્મિયાને ઊંડે તેના હૃદયમાં એક પ્રકારનો સંતોષ પણ હતો. ઈશ્વર તેને જે હૂંફ અને દિલાસો આપતા હતા તેમાં તેને આનંદ હતો. આનું ખરૂં કારણ એ કે ઈશ્વરનાં વચનોમાં તે વિશ્વાસુ રહ્યો હતો. ઈશ્વરનાં વચનો જેવાં હતાં તેવાં તેણે ખાધાં, તેમને પચાવ્યાં અને સમજીને લોકોને જાહેર કર્યા. આ વચનોથી તેને રોષ અને વેદના થયાં, તોપણ તે જાણતો હતો કે આ વચનો સત્ય છે અને યોગ્ય સમયે પૂરાં થશે. યહોવા પોતાની હાજરીની તેને ખાતરી આપે છે અને તેને દિલાસો આપી શક્તિ આપે છે. જો કે ઈશ્વર પોતાના સેવકને લગ્નનો આનંદ માણવાનું અને લગ્ન પણ ન કરવાનું જણાવે છે (૧૬:૧,૨). તેણે સાધુ જેવું જીવન જીવવાનું રહે છે. તોપણ યહોવા તેને સામર્થ્ય સાથે દિલાસો આપી વચન આપે છે કે તે કાંસાના કિલ્લા સમાન થશે અને જે લોકો દુષ્ટ તથા દયાહીન છે તેમનાથી તેને બચાવશે. હિંસા, તંગ વાતાવરણ, બીક, અને વિનાશમાં સુખી અને સુરક્ષિત કૌટુંબિક જીવન જીવવાની આશા રાખી શકાય નહિ (૧૬:૨-૪).

સામાન્ય રીતે જે વ્યકિત લગ્ન કરતી નથી અને જેને કુટુંબ હોતું નથી તેનું પણ સમાજમાં સ્થાન તો હોય છે જ. જેઓ રૂદન કરે છે તેઓની સાથે તે શોકમાં ભાગીદાર બને છે અને તેમના નિત્યના જીવનમાં ભળી જાય છે. જો કોઈ આનંદ કરે તો તેમની સાથે તે આનંદ કરે છે. પરંતુ પ્રબોધક યર્મિયા માટે એવું નથી. તેને માટે આવી રહેલ ઉત્સવો અને દુઃખદ પ્રસંગો કસમયના બિનજરૂરી લાગે છે. આ પ્રમાણે હોવાથી યર્મિયા જે સામાન્ય વ્યક્તિને હોવી જોઈએ એવી લાગણી પણ પ્રદર્શિત કરી શકતો નથી; કારણ કે તે યહોવાનો સેવક હોવાથી જેમની તે સેવા કરે છે તે પ્રભુને જ તે સંપૂર્ણપણે આધીન થાય છે.

હઝકિયેલની પ્રિય પત્ની ગુજરી ગઈ ત્યારે તે પણ શોક કરી શક્યો ન હતો, કારણ કે ઈશ્વરે તેને તેમ કરતાં રોક્યો હતો. હોશિયાને પણ અકથ્ય માનસિક દબાણમાંથી પસાર થવું પડ્યું હતું, કારણ કે જે સ્ત્રીને તે પરણ્યો હતો તે વેશ્યા હતી અને તેને અવિશ્વાસુ રહી.

૬. યર્મિયા ફરીથી આવનાર વિનાશ, શિક્ષા અને બંદીવાસ સંબંધી ભવિષ્યવાણી ઉચ્ચારે છે.

૭. યર્મિયા યહોવાની સ્તુતિનું ગીત ગાય છે (૧૯,૨૦). ઈશ્વર તેની એ સ્તુતિને માન્ય રાખે છે અને તેની ખાતરી તરીકે તેને સામર્થ્ય, તાકાત અને તેમનું પવિત્ર નામ આપે છે. અહીં તે તેના લોકોને જાહેર કરે છે કે ફક્ત યહોવા જ તેમના પ્રભુ છે. સ્તુતિને લાયક એવા દેવો મનુષ્ય કેવી રીતે બનાવી શકે? એવા દેવો નકામા છે અને તે સાચા દેવો નથી! હા, યહોવા તેમનું નામ, તેમની શક્તિ અને તેમનું સામર્થ્ય સંપૂર્ણ સત્ય તરીકે પ્રગટ કરશે (૧૬:૨૧).

## અધ્યાય ૧૭

કલમ ૧થી ૧૩માં જે લોકો ઈશ્વર પર વિશ્વાસ કરે છે અને જેઓ નથી કરતા તે બે વચ્ચેનો તફાવત બતાવવામાં આવ્યો છે. યર્મિયા કુદરતમાંથી ઉદાહરણો લઈને જે લોકો આજ્ઞા ભંગ કરનાર છે તેમને રાનમાંની બોરડી, અરણ્યમાંની સૂકી જગાઓ, ખારવાળા તથા વસ્તી વગરના દેશમાં વાસો કરનાર કહે છે. તેથી ઉલટું જેઓ યહોવા પર વિશ્વાસ રાખે છે તેઓ પાણીની પાસે રોપાયેલા વૃક્ષના જેવા થશે, જેનાં મૂળ ઊંડા હોય છે અને તે વૃક્ષ ફળ આપ્યા વગર રહેશે નહિ. આવું જ દ્રષ્ટાંત ગીતશાસ્ત્ર ૧ માં મળે છે. યર્મિયા આગળ વધીને જણાવે છે કે ફક્ત ઈશ્વર જ આ બે પ્રકારના લોકો વચ્ચેનો તફાવત જાણે છે. તેઓ દરેકના હૃદયને પીછાણે છે અને દરેક વ્યક્તિના જીવનમાં શું ફળ છે, તે જાણે છે.

બીજા એક દ્રષ્ટાંતનો યર્મિયા ઉપયોગ કરે છે તે છે તીતર પક્ષીનું જે પોતે મૂકેલાં નહિ એવાં ઈંડાં સેવે છે. તેનાં બચ્ચાં માને મૂકીને જતાં રહે છે અને સાથે રહેતાં નથી. આ જ પ્રમાણે અન્યાયથી દ્રવ્ય મેળવનાર છે. આ દ્રવ્ય તેને મેળવનારને છોડીને જતું રહેશે અને અંતે તેને મૂર્ખ ઠરાવશે.

કલમ ૧૪ થી ૧૮માં પ્રબોધકની ઊંડી જરૂરિયાતો અંગેનો પોકાર છે. તેને પોતાને ખાસ કોઈ અંગત મિત્ર ન હોવાથી દિલાસો મેળવવા તે ઈશ્વર તરફ

ફરે છે. તેના માઠા દિવસોમાં ફક્ત ઈશ્વર જ તેનો આશરો છે.

કલમ ૧૯ થી ૨૭માં યર્મિયાનો સંદેશો તેના બીજા સંદેશા કરતાં જુદો દેખાય છે. અહીં તે સાબ્બાથવારે ભક્તિસમયે મંદિરમાં જઈ ઊભો રહે છે અને ઉપદેશ કરે છે. સાબ્બાથવાર પાળવો તે હવે મહત્વની બાબત બને છે, અને ઈશ્વર યહૂદિયા તથા યરુશાલેમનો તે નિયમને આધીન રહીને ન્યાય કરશે તે જણાવે છે. વધુમાં તે કહે છે કે જો ઈશ્વરની આ આજ્ઞા તેઓ પાળશે તો દાઉદના વંશજોને ફરીથી રાજ્ય કરવા તે લાવશે. આ ઉપરાતં મંદિરમાં કરવાની ભક્તિ તથા અર્પણો ચઢાવવાના વિધિઓ પુનઃસ્થાપિત કરવામાં આવશે.

## અધ્યાય ૧૮

અહીં આપણે એક જીવંત દૃષ્ટાંત જોઈએ છીએ. યર્મિયા એક કુંભારને ઘેર જાયછે, જ્યાં કુંભાર વાસણ કેવી રીતે ઘડેછે તે નિહાળેછે. પ્રથમ પ્રયત્ને જે વાસણ તે ઘડતો હતો તે બગડી જાય છે. યહોવા યર્મિયાને બતાવે છે કે ઈશ્વર કુંભારછે અને ઇસ્રાએલનાં સંતાનો માટી છે. આનો અર્થ એ કે ઈશ્વર સર્વોપરી છે અને ઇસ્રાએલ તેમની માટી છે. યર્મિયા આગળ વધીને જણાવે છે, આ માટી પણ પોતાનું ભાવિ નક્કી કરી શકે છે. તે પ્રજા જો દુષ્ટતાથી ફરી અને તેમના માર્ગો સુધારે તો ઈશ્વરે શિક્ષા કરવાની જે ચેતવણી આપી છે, તેમાંથી તેઓ બચી જશે (કલમ ૮). આ પ્રમાણે માટીને વિચારવાની સ્વતંત્રતા આપવામાં આવીછે. જો માટી તેના બનાવનારને યોગ્ય પ્રત્યુત્તર આપશે તો બનાવનાર તે પ્રમાણે તેને ઘડશે. આમાં આપણે ફક્ત ઈશ્વરની સર્વોપરીતા જ જોતા નથી, કિન્તુ તેમના લોકો સાથે તેમની દૈવી ધીરજ પણ જોઈએ છીએ. જો માટી (ઇસ્રાએલી લોક) બંડખોર થાય અને કુંભાર જે જાતનું વાસણ ઘડવા વિચારે છે, તેને યોગ્ય પ્રત્યુત્તર નથી આપતી તો કુંભાર તેને ભાંગી નાખે છે અને ફરીથી ઘડે છે. જો તે પસ્તાવો કરે અને દુષ્ટતાથી ફરે તો કુંભાર તેને ઉપયોગી એવું સુંદર પાત્ર બનાવી શકે છે.

કલમ ૧૩થી ૧૭માં યર્મિયા ઇસ્રાએલનાં મૂર્ખતા કહી શકાય તેવાં અકુદરતી પાપો તરફ અંગુલીનિર્દેષ કરે છે. હેર્મોન પર્વત, જેને લબાનોન પણ કહેવામાં આવે છે, જે ૯૦૦૦ ફુટની ઊંચાઈ ધરાવે છે. તેનાં શિખરો સતત બરફ આચ્છાદિત રહે છે અને તેનાં ઝરણાંમાં હમેશાં ઓગળેલા બરફનું પાણી હોય છે; પરંતુ ઇસ્રાએલે તેનું જે મૂળ કર્તવ્ય હતું તેની વિરુધ્ધ વર્તન કર્યું છે. બીજા દેશો કે પ્રજાઓમાં ન સાંભળી હોય તેવી ભયંકર બાબતો તેણે કરીછે. તેમનું જે

મુખ્ય કર્તવ્ય ઈશ્વરની આજ્ઞા માનવી, તેમનો મહિમા કરવો અને તેમની સંગતમાં ચાલવું તેનો તેમણે ત્યાગ કર્યો છે. જૂના સમયના આજ્ઞાધિનપણાના માર્ગમાં ચાલવાનો તેમણે અનાદર કર્યો છે અને દેશમાં પાયમાલી આણી છે. તેઓનાં કૃત્યો એટલાં બધાં મૂર્ખતાથી ભરેલાં છે કે બીજાઓ તે સાંભળીને આશ્ચર્યચકિત થઈ પોતાનાં માથાં નમાવે છે અને ઈસ્રાએલ સામે નાપસંદગીનો સૂર કાઢે છે.

કલમ ૧૮ થી ૨૩માં યર્મિયા સામે એટલો બધો વિરોધ ઊભો થાય છે કે તેને બોલતો બંધ કરવા તેની સામે કાવતરું રચવામાં આવે છે. યાજકો, શાણા માણસો અને ઈસ્રાએલના બીજા પ્રબોધકો હવે દાવો કરે છે કે તેમના હોદ્દાની રૂએ તેમને અધિકાર તથા હક્ક મળવા જોઈએ. યર્મિયા ફરીથી ઈશ્વર તરફ દ્રષ્ટિ કરે છે અને એવા લોકો પર વેર વાળવા વિનંતી કરે છે. તેની પ્રાર્થના કડવી અને ક્રૂર છે, કારણ કે તેના વિચારોમાં તે ઇચ્છે છે કે બાળકો તથા સ્ત્રાઓ પણ દુકાળ અને તરવારથી માર્યા જાય. એ ઈશ્વરને પ્રાર્થે છે કે તેમને માફ ન કરવામાં આવે. બિચારો યર્મિયા! તેને કેટલું બધું સહન કરવું પડ્યું? તે ઉશ્કેરાટમાં જીવે છે, પરંતુ ઈશ્વરને સંપૂર્ણ વિશ્વાસુ રહી તેમનો સંદેશો પ્રગટ કરવા તે પૂરેપૂરો વચનબધ્ધ છે. તોપણ તેને આશ્ચર્ય થાય છે કે શા માટે તેને સહન કરવું પડે છે? લોકો માટે તે સારું જ કરવા ઇચ્છે છે. તેઓ ઈશ્વરના ક્રોધથી બચે માટે તે પ્રાર્થના કરે છે, કિન્તુ લોકોએ તો તેના જીવન માટે ખાડો જ ખોદ્યો. વિશ્વાસ અને સ્તુતિ કરવા તેના મનમાં એક જાતનું યુધ્ધ ચાલે છે. શંકા અને નિરાશાએ જાણે તેનો કબજો લીધો છે. આવી જાતનું તંગ વાતાવરણ અને બોજ સહન કરવા તે તૈયાર નથી એવું લાગે છે.

## અધ્યાય ૧૯

આ આખો અધ્યાય એક વાર ફરીથી હિન્નામની ખીણ જ્યાં લોકો તેમના દેવોને પોતાના દીકરા અને દીકરીઓનું અર્પણ ચઢાવતા હતા, તે વિષેની માહિતી આપે છે. આ અંગે આપણે અગાઉ ૭:૩૦-૩૪માં જોયું હતું. આમાંની કેટલીક કલમો આ બે અધ્યાયોમાં લગભગ સરખી છે; પરંતુ અધ્યાય ૧૯માં યર્મિયા પોતે તે ખીણની સફરે જાયછે અને ત્યાં લોકો જે મૂર્તિપૂજા અને તેના રીતરિવાજો પાળતા હતા તે નિહાળેછે. યર્મિયા સામાન્ય માણસોને જ નહિ, પરંતુ રાજાઓને ઉપદેશ આપેછે, કારણ તેઓ પણ આવા રીતરિવાજો પાળવામાં ગુનેગાર હતા. એમ લાગે છે કે તેમની પરદેશી સ્ત્રીઓ લોકોને મૂર્તિપૂજા કરવા પ્રેરે છે. યર્મિયા પોતાના હાથમાં જે માટલી હતી તે ભાંગી નાખીને યહોવા કેવી રીતે યહૂદીયાને

શિક્ષા કરશે તેનું ઉદાહરણ આપે છે. આ રીતે જ લોકો તથા શહેરને ભાંગી નાખવામાં આવશે, જેથી તેઓમાં ફરીથી સુધારો થઈ શકે નહિ.

એવું બન્યું હોય કે હિન્નોમની ખીણમાં દરવાજા પાસે જે સંદેશો તેણે આપ્યો હતો તે આગેવાનો તથા સામાન્ય લોકોએ ન સાંભળ્યો હોય. આથી યર્મિયા મંદિરના આંગણાંમાં જાય છે અને જે સંદેશો અગાઉ આપ્યો હતો તે જ એટલે કે ઈશ્વરની શિક્ષા વિષેનો સંદેશો તેમને આપેછે. આનું મુખ્ય કારણ એ કે લોકોએ પોતાની ગરદન અક્કડ કરીને ઈશ્વરનાં વચનો સાંભળ્યાં ન હતાં (કલમ ૧૫).

## અધ્યાય ૨૦

કલમ ૧થી ૬માં મંદિરનો એક યાજક જેણે યર્મિયાએ લોકોને જે સખત ઠપકો આપ્યો હતો તે સાંભળ્યો હતો તે હવે વેર લેવા યર્મિયાને પકડે છે. પરંતુ આ ધરપકડથી યર્મિયા પેલા યાજકને તથા તેના જેવા બીજાઓને ઠપકો આપવાનું ચાલુ જ રાખે છે. યર્મિયા હિંમતથી જણાવેછે કે આ યાજક તથા બીજા યાજકોને બંદીવાસમાં લઈ જવામાં આવશે, જ્યાં તેઓ મૃત્યુ પામશે.

કલમ ૭ થી ૧૮માં યર્મિયાએ જે કબૂલાતો કરી હતી તે નોંધવામાં આવી છે. તેના વિચારો ઊંડી નિરાશા, દયા માટેનો વિલાપ, દુશ્મનો વિરુધ્ધ વેર લેવાની તમન્ના તે કડવા શબ્દોમાં વ્યક્ત કરે છે. આ વિરોધના પોકારો વચ્ચે તે યહોવાની સ્તુતિ કરે છે, કારણ કે ઈશ્વરે તેને દુષ્ટોના હાથમાંથી બચાવ્યો છે (કલમ ૧૩). આ મિશ્ર પ્રત્યાઘાતો વચ્ચે તે હિંમત અને ખાતરીથી જાહેર કરેછે કે જો હું તે વિષે બોલીશ નહિ તો મારા હાડકાંમાં બળતો અગ્નિ સમાયેલો હોય એવી પીડા મારા હૃદયમાં થાયછે. મૂંગા રહેતાં મને કંટાળો આવેછે (કલમ ૯). કેવી અજાયબ જેવી તાકાત! કેવું સંપૂર્ણ સ્વાર્પણ કે નિરાશાના વખતમાં હોવા છતાં, જે દિવસે તે જન્મ્યો તે દિવસને તે શાપ આપેછે તેવે સમયે પણ તે આવી હિંમત બતાવે છે (કલમ ૧૪).

## અધ્યાય ૨૧

આ એક નોંધનીય બાબતછે કે જે યાજક પાશહૂરે યર્મિયાને પકડ્યો હતો તથા તેનો વિરોધ કર્યો તેને જ સિદકિયા રાજા યર્મિયા પાસે મોકલે છે કે જેથી રાજા યર્મિયાને પૂછે કે બેબિલોનનો રાજા નબૂખાદનેસ્સાર યરુશાલેમ શહેરને

ઘેરો ઘાલી તેના પર ચઢાઈ કરશે કે નહિ. રાજા સિદકિયાને આશા હતી કે યહોવા તેમના લોકોનો બચાવ કરશે, કારણ કે તેને ઈશ્વરનાં અદ્ભૂત કાર્યો પર વિશ્વાસ હતો (કલમ ૨). પણ યર્મિયા રાજાને હિંમતથી જવાબ આપે છે કે શરણે જવું તે જ ખરો ઉપાય છે. યહોવા પોતાના લોકોનું રક્ષણ કરવાને બદલે ઉપરથી તેમના દુશ્મનોની તરવાર મારફતે તેમની સામે લડશે એવું જણાવે છે. યરુશાલેમ શહેરમાં જેઓ છે તેઓ શરણે નહિ જાય તો તેમના માટે ત્રણ મોટી વિપત્તિઓ આવશે. અને આ ત્રણ વિપત્તિઓમાંથી જેઓ બચી ગયા હશે તેમને ચોથી વિપત્તિ સહન કરવી પડશે. મરકી, તરવાર અને દુકાળ, યરુશાલેમના રહેવાસીઓ માટે નિર્માણ છે. હકીકતમાં આ ભવિષ્યવાણી સાચી પડે છે અને લોકોને શહેરની આજુબાજુ બેબિલોનનાં લશ્કરોએ નાખેલો ઘેરો સહેવો પડે છે. જેઓને બંદીવાસમાં લઈ જવામાં આવ્યા હતા તેમની સાથે સારો વ્યવહાર કરવામાં આવે છે અને બંદીવાસીઓ યરુશાલેમમાં રહેલા લોકોની સરખામણીમાં સગવડભર્યુ જીવન જીવે છે.

ઈ.સ. પૂ. ૫૮૯માં યરુશાલેમનો આ ઘેરો ઘાલવામાં આવ્યો હતો. યર્મિયાએ કદાચ એ સમયે આ સંદેશો લખ્યો હોય.

## અધ્યાય ૨૨

૧થી ૪ કલમમાં લોકો પસ્તાવો કરે અને સાચું ન્યાયી જીવન જીવે એ માટે આજીજી કરવામાં આવે છે. મૂર્તિપૂજાના રીતરિવાજોને કાર ણે યહોવાનું નામ બદનામ થતું હતું એટલું જ નહિ, પરંતુ આ પાપને કારણે તેઓ લોકોને બીજાં પાપો જેવાં કે ગરીબો, વિધવાઓ અને અનાથો પર જુલમ, ખૂન, પરદેશીની પરોણાગત ન કરવી તેમાં દોરી ગયા હતા. આથી યહોવા પોતાના પવિત્ર નામે સોગંદ ખાય છે કે તેઓએ આ બધાં પાપો કર્યા હોવાથી દેશ ઉજ્જડ થઈ જશે અને બીજાને હસવાનું અને ઠઠ્ઠા કરવાનું કારણ બનશે, કારણ કે તેઓએ ઈશ્વરના કરારનો ભંગ કર્યો હતો.

ધનવાન અને સમૃધ્ધ લોકોએ પોતાનાં ઘર બળજબરીથી મજૂરી કરાવીને બાંધ્યાં હતાં. આ મજૂરોને ઘણા જ ઓછા પગારથી અને કેટલાક કિસ્સામાં કશા પગાર વગર કામ કરવું પડ્યું હતું. વળી અધિકારીઓમાં લોભ, અવિશ્વાસુપણું અને અન્યાય સામાન્ય થઈ પડ્યાં હતાં. યહોયાકિમે પોતાનો કીમતી મહેલ જબરદસ્તીથી મજૂરી કરાવીને બાંધવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ એ મોજશોખ

જોવા તે લાંબુ જીવી શક્યો નહિ. યરુશાલેમ પર બેબિલોનવાસીઓએ હુમલો કર્યો ત્યારે તે મૃત્યુ પામ્યો હતો.

યર્મિયાએ યહૂદિયાના રાજાઓની જાહેરમાં નિંદા કરી, જેમાં શિક્ષા અને બંદીવાસ વિષેની ચેતવણી હતાં. ''તેના વંશમાંનો કોઈ પુરુષ દાઉદના રાજ્યાસન પર બેસીને યહૂદિયામાં ફરીથી રાજ્ય ચલાવશે નહિ'' (કલમ ૩૦). બંદીવાસ લાંબો સમય ચાલ્યો, જેથી તે સમયે જેઓ જીવતા હતા તેઓ બંદીવાસ દરમિયાન જ મૃત્યુ પામ્યા અને બંદીવાસનો અંત જોયો નહિ.

## અધ્યાય ૨૩

યર્મિયા જૂઠા પ્રબોધકોથી ખૂબ જ મુંઝાઈ ગયો છે. અહીં જેમને પાળકો કહેવામાં આવેછે તેઓ યહૂદિયાના લોકોને ખોટી આશા આપેછે. તેઓ જણાવે છે કે બધું બરાબર છે, ગભરાવાની જરાપણ જરૂર નથી અને યહોવા હારમાંથી તેમનો બચાવ કરશે. ''તમારા પર કાંઈ વિપત્તિ આવશે નહિ'' એવું લોકોને ઉત્સાહપૂર્વક જણાવે છે (૧૬થી ૩૨). તેમનું આ એક જ પાપ ન હતું. પોતાના અંગત જીવનમાં ભ્રષ્ટતા હોવાથી તેઓ લોકને ખરાબ નમૂનો આપતા અને એ પ્રમાણે તેમને ખોટા માર્ગે દોરતા. તેઓ પોતે જ ખરાબ જીવન જીવતા; વ્યભિચાર કરતા, અવિશ્વાસુ થતા અને જૂઠું બોલતા હતા. આ પ્રમાણે તેઓ નકામા અને બીનઉપયોગી પાળકો હતા. યહોવા વચન આપે છે કે ઈસ્રાએલી લોકોને આસપાસના પ્રદેશોમાંથી ભેગા કરવામાં આવશે અને ઈશ્વરે પોતે નીમેલા પાળકો તેમને દોરશે તથા તેમની સંભાળ રાખશે (૧-૮). કલમ ૫ માં આવનાર મસીહ વિષેની ભવિષ્યવાણી છે. તેમને દાઉદના વંશના એક ન્યાયી અંકૂર કહેવામાં આવ્યા છે. તેઓ આવશે ત્યારે તે રાજા થઈને રાજ્ય કરશે, ડહાપણથી વર્તશે અને દેશમાં ન્યાય તથા નીતિ પ્રવર્તશે.

ઈશ્વરનાં વચનોને ફરીથી અગ્નિ સરખાં તથા ખડકને ફોડનાર હથોડા સાથે સરખાવ્યાં છે (કલમ ૨૯). જૂઠા પ્રબોધકોના સંદેશા ઈશ્વરની સલાહ મુજબના ન હતા, પરંતુ તેમનાં સ્વપ્નો અને મનના વિચારો તેમના પોતાના જ હતા. આથી યર્મિયા તેમને બોજરૂપ ગણી નકારે છે (કલમ ૩૩). તે આગળ વધીને જણાવેછે કે આ પ્રબોધકો ફક્ત ઈશ્વરને બોજરૂપછે એટલું જ નહિ, પરંતુ તેમને સાંભળનારાઓને પણ બોજરૂપ છે (કલમ ૩૬).

## અધ્યાય ૨૪

આ અધ્યાય આત્મકથારૂપછે, જે પ્રથમ પુરુષ એક વચન "હું" થી લખાયેલ છે. યરુશાલેમ શહેરની આગેવાન વ્યક્તિઓને બંદીવાસમાં લઇ જવામાં આવે છે ત્યારનો આ બનાવ છે. આ સમયે ઈશ્વર યર્મિયાને અંજીરની બે ટોપલીનું દર્શન આપે છે. એક ટોપલીમાં સારાં અંજીર હતાં અને બીજીમાં બગડી ગયેલાં હતાં. તે એટલાં સડી ગયેલાં હતાં કે ખવાય પણ નહિ (કલમ ૩). અંજીરની આ બે ટોપલીઓ સારા લોકો અને ખરાબ લોકોનાં પ્રતીકો છે. યર્મિયા સૂચવે છે કે સામાન્ય હિબ્રૂ માણસ સારાં અંજીર જેવા હતા, પણ તેમના ખોટા આગેવાનોના તેઓ ભોગ બન્યા હતા. આ એ લોકો હતા જે બંદીવાસીઓ બન્યા ; પરંતુ ઈશ્વરે તેમના પર દયા દર્શાવી. તેઓ બંદીવાસમાં સગવડથી રહ્યા અને એક દિવસે ઈશ્વર તેમને તેમના પ્રિય વતનમાં પાછા લાવે છે.

બીજી બાજુ જે આગેવાનો હતા તે બગડી ગયેલાં અંજીર જેવા હતા, જેમનો નાશ કરવામાં આવશે. આથી ઉલટું જેઓ યરુશાલેમની હાર અને ઘેરાવા પછી યરુશાલેમમાં બાકી રહ્યા હતા, તેમનું કહેવું એવું હતું કે યહોવાએ તેમને બંદીવાસમાં જતાં અટકાવીને તેમને સંપૂર્ણ નાશમાંથી બચાવ્યા છે, અને તેઓ એમ માનતા હતા કે જેઓ બંદીવાસમાં ગયા હતા તેમના કરતાં યરુશાલેમમાં બાકી રહેલાં પર ઈશ્વર વધારે કૃપા રાખતા હતા.

યર્મિયાને એવી આશા હતી કે બંદીવાસમાં આવેલા લોકો હવે યરુશાલેમથી તથા મંદિરથી જેને બંદીવાસ દરમિયાન નાશ થયો હતો, દૂર હોવાને કારણે યહૂદિયાના રાજાઓ, યાજકો અને પ્રબોધકોની ખોટી અસરથી બચી જાય. તેને આશા હતી કે હવે લોકો પસ્તાવો કરશે અને ઈશ્વર તરફ ફરશે. બંદીવાસીઓ તેમની સાથે ઘણા નિયમ અને અગાઉના પ્રબોધકોનાં લખાણો લઇ ગયા હતાં. તેઓએ ઇચ્છયું હશે કે ત્યાં જઇને તેમને વાંચશે અને અભ્યાસ કરશે. જો તે પ્રમાણે તેઓએ કર્યુ હોત તો જે શિક્ષા તેઓ ભોગવી રહ્યા હતા તથા જે બનાવો તેમના દેશ અંગેના થઇ ગયા તે વિષે તેઓ વધુ સમજી શક્યા હોત.

ન ખવાય એવાં અંજીર તે એવા લોકો હતા જે પસ્તાવો નહિ કરે અને બડાશ મારવાનું ચાલુ રાખશે કે ઈશ્વર તેમના પક્ષમાં છે. ૨૯:૧૭માં યહોવા ફરીથી બગડી ગયેલાં અંજીર વિષે કહે છે જેઓ બંદીવાસ આવ્યા પછી યરુશાલેમમાં બાકી રહ્યા. એ જ અધ્યાયમાં એવી આશા રાખવામાં આવે છે કે

બંદીવાસીઓ પોતાનના દેશમાં પાછા વળશે અને યહોવાની કૃપાનો અનુભવ કરશે. તેઓને ઈશ્વર તેમની યોજના પૂર્ણ કરે અને યહુદિયામાં પાછા લાવે ત્યાં સુધી ધીરજથી થોભવાનું હતું (૨૪:૫-૭).

## અધ્યાય ૨૫

૨૩ વર્ષ સુધી ભવિષ્યવાણી અને સતત ચેતવણી આપ્યા છતાં તેઓએ યર્મિયાનું સાંભળ્યું નહિ, તેથી એવો સમય આવ્યો જ્યારે તેમને બંદીવાસ સહન કરવો પડ્યો, જે ૭૦વર્ષ સુધી ચાલ્યો. ઈશ્વરનો રોષ ફક્ત યહૂદિયા દેશ પૂરતો ન હતો, પરંતુ બીજા પ્રદેશો જેમણે દુષ્ટતા કરીછે તેમને માટે પણ હતો. આખરે બેબિલોનને પણ ઈશ્વરની સજા ભોગવવી પડશે ; અને તે બીજા દેશોનો ગુલામ દેશ બનશે. ક્રોધનો પ્યાલો સર્વ દેશોને પીવા માટે આપવામાં આવ્યો છે.

## અધ્યાય ૨૬

આ અધ્યાયમાં ફરીથી મંદિર અંગેનો સંદેશો છે. આપણે સાતમા અધ્યાયમાં જોઈ ગયા તેના જેવો જ તેછે ; પરંતુ આમાં યાજકો તથા પ્રબોધકોએ જે પ્રત્યુત્તર આપ્યો તે જોવા મળે છે.તેઓ યર્મિયા પર અતિ ક્રોધિત થયા અને તેને મારી નાખવા તૈયાર થયા. યર્મિયાએ ઉચ્ચારેલી ભવિષ્યવાણી કે મંદિરનો નાશ થશે તે તેમને માટે કલ્પના બહારનું હતું. આ શક્ય જ કેવી રીતે બને ? એ એક આશ્ચર્યજનક બાબત છે કે જ્યારે યાજકો અને પ્રબોધકોએ રાજકર્તાઓ, અધિકારીઓ અને બીજા આગેવાનોને યર્મિયાને પકડીને મારી નાખવા બોલાવ્યા ત્યારે આ લોકોએ તો યર્મિયાને સહકાર આપ્યો, કારણ કે તેમણે જોયું કે તે તો યહોવાનાં આપેલાં વચનો જ બોલતો હતો, ત્યાં સુધી કે તેઓએ મીખાહ પ્રબોધકે જે વચનો કહ્યાં હતાં (મી. ૩:૧૨) તે ટાંકીને કહ્યું કે મીખાહે જે સંદેશો આપ્યો હતો તેના જેવો જ યર્મિયાનો સંદેશોછે. તોપણ મીખાહને નિરાશા અને અંધકારના સંદેશા માટે મોતની સજા કરવામાં આવી ન હતી. પણ બીજી એક વ્યક્તિ હતી જેને ઈશ્વરને નામે ભવિષ્યવાણી કહેવા માટે મારી નાખવામાં આવી હતી. આથી યર્મિયાની જિંદગી ખરેખર ભયમાં હતી ; પરંતુ તેના મિત્ર સાફાનના પુત્રે તેને મરણમાંથી બચાવી લીધો.

## અધ્યાય ૨૭

યર્મિયા આવનાર બંદીવાસ અંગેની ફરીથી આગાહી કરે છે અને યહૂદિયાના રાજા સિદકિયાને તેમ જ બીજા દેશો જે આજુબાજુની સીમા પર

આવેલા હતા તેમને બેબિલોનના રાજાના શરણે જવા જણાવે છે. તેમના માટે જીવતા રહેવાનો ફક્ત આ જ માર્ગ હતો ; નહિ તો તરવાર, મરકી અથવા દુકાળથી તેઓનો નાશ થશે. આ યહોવાની પોતાના લોકોને ચેતવણી હતી, નહિ કે કોઇ દેશદ્રોહીના શબ્દો. આ સમયે બીજા જૂઠા પ્રબોધકો લોકોને આશા આપી રહ્યા હતા અને ભવિષ્યવાણી કહેતા હતા કે તેમણે ઉત્તરના દુશ્મનો સાથે લડી લઇ વિજય મેળવવો જોઇએ. આ પ્રબોધકો એવું પણ ભાખતા હતા કે મંદિરનાં જે પાત્રો રાજા યહોયાકીમ સાથે બેબિલોનમાં લઇ જવામાં આવ્યા હતાં તે પણ થોડા સમયમાં પાછાં મળશે.

આ અધ્યાય લગભગ ઈ.સ. પૂ. ૫૯૪માં લખાયો હોય એમ લાગે છે. એ સમયે સિદકિયા અને પડોશી રાજ્યોના રાજાઓ બેબિલોનની સત્તાને ઉથલાવી નાખવા વિચારી રહ્યા હતા. આ માટેની યોજના ઘડવા માટે આ રાજાઓએ સિદકિયા પાસે યરુશાલેમમાં એલચીઓ મોકલ્યા હતા. કિન્તુ યર્મિયા આ સર્વને સલાહ આપે છે કે જેને ઈશ્વર પોતાનો દાસ કહે છે તે નબૂખાદનેસ્સારને તેઓ આધીન થાય (કલમ ૬). સિદકિયાને બળવો ન કરવા સમજાવવાનો યર્મિયા પ્રયાસ કરે છે, પરંતુ રાજા નબળો હોવાથી તેણે બીજા જૂઠા પ્રબોધકોનું સાંભળ્યું. પાછળથી સિદકિયા બેબિલોનની ઝૂંસરી નાખી દેવા નિષ્ફળ પ્રયત્ન કરે છે. યર્મિયા તેને આજીજી કરે છે કે યહોવાએ નબૂખાદનેસ્સાર રાજાને તે વિસ્તાર પર સત્તા આપી છે અને તે સ્વીકારવી જોઇએ, સિવાય કે ઈશ્વર પોતે તેને પાછી લઇ લે. યહોવાના ઘરનાં પાત્રો જલદીથી પાછાં મળવાનાં ન હતાં ; ઉલટાનું જો યહૂદિયા તાબે નહિ થાય તો મંદિરમાં જે બીજાં કીમતી પાત્રોછે તે પણ ગુમાવશે.

લોકો માટે તે નક્કી કરવું મુશ્કેલ હતું કે કોનું માનવું. ગિબીયોનનો પ્રબોધક હનાન્યા અને યર્મિયા બન્ને ખાતરીથી કહેતા હતા કે તેમનાં વચનો ખરાં છે અને તે યહોવા તરફથી છે. એ હકીકત હતી કે થાંભલા, સમુદ્ર, સ્તંભો અને બીજાં ઘણાં વાસણો બેબિલોનમાં લઇ જવામાં આવ્યાં હતાં. આ અંગેનો હેવાલ ૨ રાજા ૨૫:૧૩થી ૧૫માં મળે છે. સમુદ્ર તે મંદિરની પરસાળમાં રાખવામાં આવેલી કૂંડી હતી અને સ્તંભો સેવા માટેનાં સાધનો હતાં.

## <u>અધ્યાય ૨૮</u>

આ અધ્યાયમાં યર્મિયા અને ગિબીયોનના પ્રબોધક હનાન્યા વચ્ચેના સંઘર્ષની રજૂઆતછે. હનાન્યાનું કહેવું એવું હતું કે જે પાત્રો લઇ જવામાં આવ્યા

હતાં તે બે વર્ષમાં જ પાછાં મળશે, કારણ ત્યાં સુધીમાં બેબિલોનના રાજાની ઝૂંસરી ભાંગી નાંખવામાં આવી હશે. યર્મિયા એ વાત સ્વીકારે છે કે જો તે સાચું પડે તો અદ્‌ભૂત ગણાશે ; પરંતુ તે ચેતવણી આપે છે કે ખીરનો સ્વાદ ચાખ્યા પછી જ ખબર પડે કે ખીર કેવી છે. પણ યર્મિયા તેથી વિશેષ કાંઇ કહેતો નથી સિવાય કે બીજા એક પ્રસંગે બન્ને પ્રબોધકો એકઠાં મળે છે અને પહેલી વખતની મુલાકાતમાં હનાન્યાએ યર્મિયાની ખાંધ પરથી લાકડાની જે ઝૂંસરી ભાંગી નાખી હતી (૨૮:૧૦) તેને ઠેકાણે હવે લોખંડની ઝૂંસરી છે અને તે રીતે, યર્મિયા કહે છે, લોકોએ બેબિલોનના રાજાની ઝૂંસરી લેવી પડશે. યર્મિયાએ એ આગાહી પણ કરી કે એ જ વરસમાં પ્રબોધક હનાન્યા મરણ પામશે અને આગાહી પ્રમાણે હનાન્યા એ વરસમાં મરણ પામ્યો.

## <u>અધ્યાય ૨૯</u>

અહીં આપણે યર્મિયાએ જે પત્ર બેબિલોનના બંદીવાસીઓ પર લખ્યો હતો તે જોઇએ છીએ. એમાં તે આગ્રહ કરે છે કે લોકો શાંતિથી ઠરીઠામ થાય, ઘરો બાંધે, વાડીઓ બનાવે, લગ્ન કરે અને તેઓ તેમના વસવાટના દેશના લોકોની આબાદી માટે પણ પ્રાર્થના કરે. સીત્તેર વર્ષના ગાળા પછી બંદીવાસીઓ અને તેમના વંશજો યહૂદિયામાં પૂરી આશા તથા સારા ભવિષ્ય સાથે પાછા વળશે. ત્યાં તેઓ યહોવાને જાણશે કે તેઓ તેમનું જે કાંઈ હતું તે પાછું આપશે અને તેમને આશીર્વાદિત કરશે (૫,૬,૧૦-૧૬).

ઈ.સ. પૂ. ૫૯૮માં બંદીવાસની શરૂઆત થઇ તે પછી થોડાં વર્ષોમાં આ પત્ર લખવામાં આવ્યો હોય એમ લાગે છે. સાફાનના દીકરાઓમાંથી એકની સાથે આ પત્ર મોકલવામાં આવ્યો હતો. આ પુત્ર સિદકિયા રાજાનો સંદેશાવાહક હતો. એ શક્ય છે કે તેની મારફતે નબૂખાદનેસ્સારને ખંડણી પણ મોકલવામાં આવતી હોય.

આ રીતે યર્મિયા લોકોને શીખવતો હતો કે તેમનો વિશ્વાસ ફક્ત મંદિર, અર્પણો અને ભક્તિના રીતરિવાજો ઉપર ન હોવો જોઇએ. પરદેશમાં પણ તેઓ યહોવાની સ્તુતિ ગાઇ શકે છે. આ શિક્ષણ વાચકને ગીતશાસ્ત્ર ૧૩૭માં બંદીવાસીઓએ જે રૂદન કર્યુ હતું તે યાદ કરાવે છે ; "બેબિલોનની નદીઓને કાંઠે અમે બેઠા, અમે અમને સિયોનનું સ્મરણ થઇ આવ્યું ત્યારે અમે રડ્યા ; અને ત્યાંના ઝાડો ઉપર અમે અમારી સિતારો ટાંગી દીધી. કેમ કે ત્યાં અમને

બંદીવાસમાં લઈ જનારાઓએ ગીત ગાવાનું ફરમાવ્યું....સિયોનનાં ગીતોમાંનું કોઈ એક ગીત ગાઓ. પણ પારકા દેશમાં અમે યહોવાનું ગીત કેમ ગાઈ શકીએ? આ પત્ર એ સૂચવેછે કે બંદીવાસમાં યહૂદિયાના લોકોને કેદમાં પૂરવામાં આવ્યા ન હતા, પરંતુ તેમને સારી એવી સ્વતંત્રતા હતી.

પત્રનો બીજો ભાગ ચેતવણીરૂપ છે જેમાં જણાવવામાં આવ્યું હતું કે જૂઠા પ્રબોધકો લોકોને જે કહેતા હતા કે તેમને પોતાના વતનમાં જલદી પાછા જવાનું મળશે, પણ આ તો તેમની કેવળ કલ્પના જ હતી. તેમની આવી જૂઠી આશાઓથી છેતરાઈ ન જવા યર્મિયા લોકોને ચેતવે છે.

પત્રના ત્રીજા ભાગમાં લોકો માટે ભવિષ્ય ઉજળું છે તે જણાવવામાં આવ્યું છે, પરંતુ તેમણે થોડી ધીરજ રાખવી પડશે. એ આશા પૂરી થાય માટે તેઓને ૭૦ વર્ષ સુધી થોભવાનું હતું ; કારણ કે પોતાના લોકો માટે યહોવા યોજના કરી રહ્યા હતા. કલમ ૧૩ અને ૧૪ ખૂબ જાણીતીછે, જેમાં આશા અને ખાતરી આપવામાં આવી છે કે જેઓ સાચા ઈશ્વર પર વિશ્વાસ રાખશે, તેમના હકમાં તે પૂર્ણ થશે, અને મંડળીના ઈતિહાસમાં આ આશા સેંકડો વર્ષોથી જીવંત છે;"તમે મને શોધશો, ને તમે તમારા ખરા હ્રદયથી મને ઢુંઢશો ત્યારે હું તમને મળીશ."

કલમ ૧૬થી ૨૦ જૂના કરારના ગ્રીક અનુવાદ સપ્તતિમાં નથી અને એમ લાગે છે કે બંદીવાસીઓ પર યર્મિયાએ જે પત્ર લખ્યો હતો તેનો તે ભાગ નથી.

કલમ ૨૧અને ૨૨ બે જૂઠા પ્રબોધકો, આહાબ અને સિદકિયા, જેઓ બંદીવાસીઓ સાથે રહેતા હતા તેમના વિષેની છે. આ પ્રબોધકો લોકોને ખોટી આશાઓ આપી રહ્યા હતા કે તેમનો છૂટકારો જલ્દી થશે. યર્મિયા તેમનો નાશ જલ્દીથી થશે એવું જણાવે છે, કારણ કે તેમણે યહૂદિયામાં વ્યભિચાર આચરી ગંભીર પાપો કર્યાં હતાં ; અને હજુ બંદીવાસમાં પણ ઈશ્વરનાં વચનોનો તેઓ અવળો અર્થ કરી રહ્યા છે.

કલમ ૨૪ થી ૩૨માં યર્મિયાના બીજા પત્ર વિષે આપણે વાંચીએ છીએ. આ પત્ર બધા બંદીવાસીઓ પર સામાન્યરૂપે લખવામાં આવ્યો નથી,પરંતુ અમુક ચોક્કસ વ્યક્તિઓ જેવી કે શમાયા વિરુધ્ધ લખવામાં આવ્યો હતો. તે બંદીવાસના સમયે એક આગેવાન હોવો જોઈએ, કારણ કે તેણે યાજક સફાન્યા અને બીજા યાજકો જે યરુશાલેમમાં બાકી રહી ગયા હતા તેમને સંબોધીને લખ્યું હતું.

શમાયાએ સફાન્યાને ઠપકો આપ્યો હતો, કારણ કે તેણે યર્મિયાને પકડીને જેલમાં પૂર્યો ન હતો. શમાયાએ યર્મિયાનો પહેલો પત્ર વાંચ્યો હશે અથવા તે વિષે સાંભળ્યું હશે, આથી તેણે તેનો વિરોધ કર્યો હતો. તે ઉપરાંત યરુશાલેમના યાજકોને લખી યર્મિયાને શાંત પાડ્યો ; પરંતુ દેખીતી રીતે યાજક સફાન્યાએ યર્મિયાનો વિરોધ કર્યો હોય તેમ લાગતું નથી. તેણે તો ફક્ત શમાયાનો પત્ર લાવી યર્મિયાને વાંચી સંભળાવ્યો હતો. યર્મિયા હવે તેના બીજા પત્ર મારફતે જવાબ આપે છે અને શમાયાની ખોટી ભવિષ્યવાણીનો વિરોધ કરી આવનાર શિક્ષા વિષે ચેતવણી આપેછે. યહોવાની યોજના પ્રમાણે જ લોકોને પુનઃસ્થાપિત કરવામાં આવશે. તે સમય આવે તે પહેલાં શમાયાનું મૃત્યુ થાય છે.

## અધ્યાય ૩૦ અને ૩૧

આ બન્ને અધ્યાયને ભેગા મૂકી શકાય અને તેમને દિલાસા અને આશ્વાસનનું પુસ્તક ગણી શકાય. દુઃખ, મુશ્કેલી અને ઈશ્વરના ક્રોધ વચ્ચે યર્મિયાએ દુશ્મનોનું ઘણું સહન કર્યા બાદ, કેદખાનામાં પણ તે આશાનું કિરણ જુએ છે. તે માને છે કે તેણે બધું ગુમાવ્યું નથી. જે લોકોએ કંપારી અને ભયનો સાદ સાંભળ્યો છે (કલમ ૫) તેઓ એક દિવસે નૃત્ય સાથે સ્તુતિનાં ગીતો ગાવામાં જોડાશે (૩૧:૪). તેમનું શહેર, તેમનાં ઘરો, તેમનું મંદિર અને સંસ્કૃતિ પુનઃસ્થાપિત કરવામાં આવશે (૩૦:૧૮, ૧૯).

આ પુનઃસ્થાપનને લગતાં ચાર લક્ષણો તરી આવે છે : ૧. વર્તમાન સમયનાં દુઃખ અને વેદના પછી લોકોનો બચાવ થશે; આ તો શારીરિક પીડા અને સંતાપમાંથી છૂટકારો હશે (૫-૯). ૨. તેઓ ફક્ત શારીરિક દુઃખમાંથી બચી જશે એટલું જ નહિ, પરંતુ તેઓ "પોતાના દેશથી દૂર હોવાની વેદના"થી છૂટશે અને પોતાના વતનમાં પાછા આવી શાંતિમાં રહી શકશે (કલમ ૧૦). ૩. આ ઉપરાંત મનની જે આંતરિક અશાંતિછે તેથી બચી જવાશે ; અને તેમની આત્મિક તંદુરસ્તી પણ પુનઃસ્થાપિત થશે ; અને તેઓનાં પાપો માફ કરાશે (૧૪થી૧૭). ૪. છેવટે ઈશ્વરમાં તેઓ જીવિત થશે, એટલે કે તેમના ખોટા વહેમો અને મૂર્તિપૂજાના રીતરિવાજોથી તેઓ બચી જશે (૩૦:૨૨, ૩૧:૧-૪). યર્મિયાની આ દીર્ઘદૃષ્ટિ સંત પાઉલની પ્રભુ ઈસુમાં જે નવો જન્મ પામવા અંગેની ઈશ્વરવિદ્યાછે તેને બંધબેસતી આવેછે (૨ કરિં. ૫:૧૭). ૩૦:૧-૩માં આપણે યર્મિયા વિષે વાંચીએછીએ. એમ લાગેછે કે બારૂખના હસ્તે પુનઃસ્થાપના અંગેની વાત ટૂંકમાં આ પુસ્તકમાં લખવામાં આવી છે.

કલમ ૭થી ૯ ભવિષ્યકાળ વિષે જણાવે છે, જ્યારે બેબિલોનની ઝૂંસરી ભાંગી નાખવામાં આવશે અને દાઉદનો વંશ ફરીથી સ્થાપવામાં આવશે. બાઈબલના કેટલાક અભ્યાસીઓ એમ માને છે કે યર્મિયાના પુસ્તકમાં મસીહના વિષયને લગતાં કેટલાંક સ્પષ્ટ લખાણો યર્મિયાના પુસ્તકમાં જોવા મળે છે જેમ કે, ૧૭:૨૫, ૨૬; ૨૩:૫-૮;૩૦:૯-૨૧;૩૩:૧૪-૧૮. અત્યારની બધી કસોટીઓ હોવા છતાં યર્મિયા આગળ જોઈ યહોવાનું રાજ્ય નવી રીતે શરૂ કરવામાં આવશે તેવી મહાન આશા આપે છે.

યર્મિયા૩૦:૧૦-૧૧ યશાયા ૪૧:૮-૧૦, ૧૩, ૧૪; ૪૩:૧, ૫ ની યાદ કરાવેછે. કેટલાક અભ્યાસીઓ જણાવેછે કે આ બે કલમો યર્મિયાની લખેલી નથી પરંતુ યશાયાએ લખેલી છે. તોપણ તેમ હોવાનું લાગતું નથી. યશાયાના પુસ્તકમાં "મારો સેવક યાકૂબ" એ શબ્દો લખવાની યશાયાની આગવી લાક્ષણિકતા હતી. યર્મિયા આ જ કલમો ફરીથી ૪૬:૨૭, ૨૮માં લખે છે.

કલમ ૧૨ થી ૧૭માં બે વિરોધાભાસી વિચારો જોવા મળે છે. પહેલો વિચાર, જેમાં યહૂદિયાના જખમો એટલા ઊંડા છે કે તે સાજા કરી શકાય નહિ. આ માટે કોઈ દવા નથી. બીજા વિચારમાં યહૂદિયાને તેની તંદુરસ્તી પાછી મળશે તેવું વચનછે. કલમ ૧૪માં આશકોની જે વાત આવેછે તે યહૂદિયાએ જે લશ્કરી જોડાણો ર્ક્યા હતાં, જેમાં ઈજિપ્તના સૈન્યનો પણ સમાવેશ થાય છે, તે અંગેની છે.

કલમ ૧૮થી ૨૨ આપણને નિયમાનુસારની ભક્તિ ફરીથી શરૂ થશે એ યાદ કરાવેછે. પ્રબોધક અહીં દીર્ઘદષ્ટિથી જુએછે કે લોકોની સંસ્કૃતિ એક દિવસે પુનઃસ્થાપિત થશે. તે ઉપરાંત ગુમાવેલી શાંતિ અને નવું જીવન પાછું મળશે અને લોકોના આગેવાનો તેમના વતી કાર્ય કરશે (કલમ ૨૧). "તેમનો યુવરાજ તેઓમાંનો જ થશે, ને તેઓમાંથી તેમનો અધિકારી થશે; અને હું તેને મારી પાસે લાવીશ". હા, આ યાજકોછે, તો પણ તેઓ સામાજિક આગેવાની આપતા આગેવાનોછે. તેઓને ઈશ્વર સાથેના ખાસ સંબંધને કારણે પસંદ કરવામાં આવ્યા છે. તે ઈશ્વર સાથેનો સંબંધ નવા કરાર પ્રમાણે પુનઃસ્થાપિત કરશે (૩૦:૨૨, ૩૧:૩, ૩૧). ૩૧:૨૩, ૨૪ કલમો ૨૩:૧૯, ૨૦ સાથે બરાબર મળતી આવે છે.

## અધ્યાય ૩૧

કલમ ૨થી ૬ ઈજિપ્તમાંથી જે નિર્ગમન થયું તેના શરૂઆતના દિવસો વિષે હોય તેમ લાગે છે. તે સમયે તેઓ અરણ્યમાં ઈજિપ્તની તરવારથી બચી ગયા અને તેમને ઈશ્વરની કૃપાનો અનુભવ થયો (કલમ ૨). ઈશ્વરે ઈસ્ત્રાએલને દર્શન દીધું તે કદાચ મૂસાને સિયોન પર્વત પર જે દર્શન થયું તેના વિષેની વાત હોય તેમ લાગેછે. એક વખત ફરીથી તમે તમારા વતનમાં દાખલ થશો અને જે પ્રમાણે મરિયમ ઈજિપ્તમાંથી છૂટ્યા પછી ડફ વગાડી નાચી તેમ તમે નાચશો અને ઘરો બાંધી વાડીઓ રોપશો. સમરૂનનો પ્રદેશ પણ પુનઃસ્થાપિત કરવામાં આવશે.

કલમ ૮ અને ૯માં જણાવવામાં આવ્યું છે કે જે હિબ્રૂ લોકો બીજા દેશોમાં વેરવિખેર થઇ ગયા હતા તેઓ ફરીથી એકત્ર થશે. "નદીઓનાં પાણી " અને "સીધોમાર્ગ" શબ્દો યશાયાના પુસ્તકમાં વપરાયેલા જોવા મળેછે. તે ઉપરાંત ઘેટાંપાળક, ટોળું, ઈશ્વર પિતા છે અને એફ્રાઈમ પુત્ર છે તેવા શબ્દોનો પણ યશાયાએ ઉપયોગ કર્યો છે. કલમ ૩૧:૧૧માં યર્મિયાએ જે શબ્દો, જેવા કે ઉધ્ધાર અને યાકૂબ વાપર્યા છે તેનો યશાયાએ પણ ઉપયોગ કર્યો છે (યશા. ૪૦:૧૧).

કલમ ૧૫માં રાહેલ પોતાનાં છોકરાંને લીધે રડે છે અને દિલાસો લેવા ના પાડે છે, કેમ કે તેઓ હતાં નહોતાં થયાં છે. આ વાક્ય ફરીથી માથ્થી ૨:૧૮માં નોંધવામાં આવ્યુંછે. રાહેલને બે બાળકો હતાં, યૂસફ અને બેન્જામીન. બેન્જામીનનો જન્મ રામાહ જે બેથલેહેમ પાસે આવેલ છે ત્યાં થયો હતો. યર્મિયા કદાચ જે બાળકો બંદીવાસમાં ગુમાવવાં પડયાં હતાં અને તેને લીધે જે રૂદન કરવું પડ્યું હશે તેની સાથે સરખામણી કરે છે. આ બાળકો તરવાર, મરકી અથવા તો દુકાળના કારણે મૃત્યુ પામ્યાં હતાં. પરંતુ હવે પ્રબોધક તેમને અને આવતી પેઢીઓમાં પણ જે લોકો પસ્તાવો કરી પાછા ફરશે તેમને એવી ખાતરી આપી દિલાસો આપે છે કે યહૂદિયાના લોકો પસ્તાવો કરશે ત્યાર પછી તેમને પોતાના વતનમાં લાવી પુનઃસ્થાપિત કરવામાં આવશે. પસ્તાવો કર્યા સિવાય પુનઃસ્થાપના મળી શકે નહિ.

કલમ ૧૮માં જે લોકો ઈશ્વરને શોધે છે તેમનું પસ્તાવિક રૂદન સંભળાય છે. વળી પસ્તાવો કરી પાછા વળનારને યહોવા મદદ કરે છે. પસ્તાવો કરી

પાછા વળનાર શિક્ષણને આધીન થાય છે અને પોતે ભૂતકાળમાં જે પાપો કર્યા હતાં તેથી શરમની લાગણી અનુભવે છે.

કલમ ૨૦માં યહોવા લોકો પર પ્રેમ કરી માફી આપવા તથા પુનઃસ્થાપિત કરવા તૈયાર છે, તે આવે છે. આ જાતની અંતરની લાગણી ઈસુ ખ્રિસ્ત પણ યરુશાલેમના મંદિરને જોઇ રડીને દર્શાવે છે; "ઓ યરુશાલેમ, યરુશાલેમ, પ્રબોધકોને મારી નાખનાર...જેમ મરઘી પોતાનાં બચ્ચાંને પાંખો તળે એકઠા કરે છે...તેમ તારાં છોકરાં એકઠાં કરવાનું મેં ચાહયું, પણ તમે ચાહયું નહિ" (માથ. ૨૩:૨૭).

કલમ ૨૩થી ૩૦માં યર્મિયા પુનઃસ્થાપિત થયેલા યહૂદિયા દેશનું ચિત્ર આપે છે, જેમાં ન્યાયીપણું અને ન્યાય પ્રવર્તશે. ખેડૂતો અને પશુનાં ટોળાં સંતોષ પામી શાંતિથી જીવશે અને લોકો ખરા ઈશ્વરની ભક્તિ કરશે. એક સમયે જે દેશ વેરાન થઇ ગયો હતો તે ફરીથી લોકોથી ભરાઇ જશે. "બાપોએ ખાટી દ્રાક્ષા ખાધી, ને પુત્રોના દાંત ખટાઇ ગયા" આ શબ્દો હકઝિયેલ ૧૮:૨માં પણ મળે છે. બંદીવાસીઓએ તેમનાં પિતૃઓનાં પાપોને લીધે શિક્ષા ભોગવી તે અહીં સાચું પડતું લાગે છે. પરંતુ જ્યારે પોતાના દેશમાં બધું જ પાછું મળે છે, ત્યારે આમ નહિ હોય. ત્યારે દરેક વ્યક્તિ પોતાનાં પાપોને લીધે વ્યક્તિગતરૂપે જવાબદાર હશે. અહીં આપણે જોઇએ છીએ કે ઈશ્વર તેમના લોકો સાથે નવો કરાર કરવાની ખાતરી આપે છે. આ ફકરામાં યર્મિયાના ધાર્મિક વિચારો પરાકાષ્ટાએ પહોંચે છે. જૂના કરારનાં મહાન વચનોમાંનું આ એક છે. ફરીથી આ વચન હિબ્રૂ ૮:૮-૧૨ અને ૧૦:૧૬, ૧૭માં વાંચવા મળેછે. છેલ્લા ભોજન સમયે પ્રભુ ઇસુ ખ્રિસ્તે પોતાના શિષ્યો આગળ આ જ જાતના વિચારો રજૂ કર્યા હતા અને સંત પાઉલ પણછેલ્લા ભોજનની આ વાત ૧ કરિંથી ૧૧માં અધ્યાયમાં કરે છે.

યર્મિયાને માટે સિનાઇ પહાડ પર જે જૂનો કરાર કરવામાં આવ્યો હતો તે નિયમનો કરાર હતો ; પરંતુ નવો કરાર નિયમ પર આધારિત નહિ હોય. આ નવા કરારમાં ઈશ્વરના નિયમો જે તેઓ જાણતા હતા તેનું પાલન કરવા માટે વિશિષ્ટ પ્રકારનું ઉત્તેજન અને શક્તિ તેઓને મળશે. પાપની માફી આપવાનું વચન અને યહોવા વિષેનું જ્ઞાન લોકોને ઈશ્વરના નિયમો જાણવા તથા પાળવા નવી પ્રેરણા આપશે. આ હકીકત વ્યક્તિગત રીતે દરેકને લાગુ પડે છે કે નવા કરારમાં તેઓ ભાગીદાર થશે. આ નવો કરાર ઈશ્વરે ઇસ્રાએલ સાથે કરેલા અગાઉના કરારનું માત્ર પુનરાવર્તન નહિ હોય. આ નવો કરાર પથ્થરની શિલા

પર નહિ, કિન્તુ પ્રત્યેક વ્યક્તિના હૃદયમાં લખાયેલ હશે. આ પુનઃસ્થાપન ફક્ત લોકો પોતાના દેશમાં પાછા જાય એવું સામાન્ય પુનઃસ્થાપન નહિ હોય, પરંતુ ઈશ્વર સાથેનો જે સંબંધ તૂટી ગયો હતો તે પણ ફરીથી સ્થાપિત થશે.

કલમ ૩૫થી ૪૦ એક સુંદર કવિતાના રૂપમાં છે. ઈશ્વરના લોકો માટે તેમાં વેધક અર્થ સમાયેલો છે. આ નવો કરાર સૂર્ય, ચંદ્ર અને કુદરતની બીજી કાયમી બાબતો જે સદા ટકનાર છે તેના જેવો છે. સર્વશક્તિમાન મહાન ઈશ્વર, આ પૃથ્વી અને સ્વર્ગના અધિકારી તેઓ જ ફક્ત સ્વર્ગનું માપ, પૃથ્વીની ઊંડાઈ માપી તેના પર મહોર મારી શકે કે તેમનાં વચનો અને કરાર સદાસર્વકાળ માટે છે. જે પ્રમાણે સ્વર્ગનું માપ કાઢી શકાય નહિ તેમ યહોવાની કૃપા અને તેમની માફી અમાપ છે, જેનો કદી અંત આવશે નહિ.

કલમ ૩૮ થી ૪૦ નવા કરાર અંગેના ભવ્ય ફકરા પછી લગભગ અતિસામાન્ય લાગે છે. યર્મિયા યરુશાલેમને ફરીથી બાંધી તેને વિસ્તૃત કરવા અંગેની થોડી વિગતો આપે છે.

## અધ્યાય ૩૨

આ અધ્યાયના ત્રણ ભાગ છે : ૧. જુદા જુદા બનાવો કયા સમયે અને સ્થળે થયા હતા તેનું વર્ણન (૧-૫). ૨. યર્મિયા ખેતર ખરીદે છે તેની વાત (૬-૧૫) અને ૩. યર્મિયાની પ્રાર્થના અને ઈશ્વરનો પ્રત્યુત્તર (૧૬-૪૪).

કલમ ૧ થી ૫ઃ સિદકિયા રાજાના સમયમાં યરુશાલેમને ઘેરો ઘાલવામાં આવ્યો હતો ત્યારે યર્મિયા કેદખાનામાં હતો. આ બનાવ ઈ.સ.પૂ. ૫૮૮માં બન્યો હતો. યર્મિયા જ્યારે યરુશાલેમથી પોતાના ઘેર જઈ રહ્યો હતો ત્યારે તેને પકડવામાં આવ્યો, કારણ કે દરવાજા પાસે જે ચોકીદારો હતા તેઓએ માન્યું કે તે દગો દઈ બેબિલોનવાસીઓના શરણે જઈ રહ્યો છે. ૩૭:૧૧-૨૧માં આ વાત આવે છે. તેને યહોનાથાન નામની એક વ્યક્તિના ઘરમાં અંધારી કોટડીમાં કેદ કરવામાં આવ્યો હતો, પરંતુ યર્મિયાની વિનંતીને કારણે તેને ચોકીદારના વરંડા પાસે બદલવામાં આવ્યો. આ જગા એવી હતી જે મહેલના વિસ્તારમાં હતી અને તેને થોડી છૂટછાટ પણ આપવામાં આવી હતી. સાચી વાત તો એ હતી કે સિદકિયા યર્મિયા પ્રત્યે મિત્રતાભર્યુ વલણ રાખતો હતો અને તેની સલાહ લેતો હતો. તોપણ એમ લાગે છે કે પ્રબોધકને તેણે ઠપકો આપ્યો હોય, કારણ કે તેણે આપેલી સલાહ તેને ગમી લાગતી નથી. યર્મિયાનો આ સંદેશો ૩૪:૨-૪માં મળે છે.

કલમ ૬થી ૧૫: યર્મિયાને અગાઉથી ખબર પડી ગઇ હતી કે તેનો પિત્રાઇ ભાઈ તેનું ખેતર વેચાતું લેવા કહેશે. તેથી જ્યારે તેનો પિત્રાઇ ભાઇ તેને વિનંતિ કરવા આવ્યો ત્યારે યર્મિયાને ખાતરી થઇ ગઇ હતી કે આ તો યહોવાના સાચા શબ્દો છે. તે ઉપરાંત આ ખેતર વેચાતું લેવા જે લેવડદેવડ કરવી પડે તેનું કારણ પણ મનમાં તેણે વિચાર્યુ. લેવીય ૨૫:૨૪, ૨૫માં જે નિયમ લખાયેલો હતો તેની એ યાદ કરાવે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જો જમીન વેચવાની થાય તો નજીકનો સગો તે વેચાતી લે જેથી તે કુટુંબમાં જ રહે. હનામએલને પૈસાની જરૂર પડી હશે અને યર્મિયાને કોઇ આવકનું સાધન હશે. યર્મિયાએ બે નકલો બનાવી. એક દસ્તાવેજને તેણે મહોર મારી અને બીજી નકલ ઉઘાડી રાખી. આવા દસ્તાવેજો અને અધિકારયુક્ત કાગળો અને જમાનામાં મોટાભાગે માટીની કોઠીઓમાં મૂકવામાં આવતા હતા, જેથી તેમને સાચવી રાખી શકાય.

કલમ ૧૬ થી ૨૫માં એક જાહેર પ્રાર્થના છે જેમાં ઈસ્ત્રાએલના ઇતિહાસનો સારાંશ જોવા મળે છે. ઈશ્વર સંબંધીના ઘણાં સુંદર વર્ણનો જેવાં કે સ્વર્ગ અને પૃથ્વીનું સર્જન, તેમનો પ્રેમ (કલમ ૧૮), કાર્યો પ્રમાણે બદલો આપવા સમર્થ પ્રભુ (કલમ ૧૯), મનુષ્યનાં સર્વકામોનું જ્ઞાન ધરાવનાર, ઈસ્ત્રાએલને ઇજિપ્તની ગુલામમાંથી છોડાવનાર (કલમ ૨૦, ૨૧)અને તેમને દુધમધની રેલછેલવાળો દેશ આપનાર (કલમ ૨૨, ૨૩) વગેરે ભાગોનો તેમાં સમાવેશ કરવામા આવ્યો છે.

આ પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં ઈશ્વર ઇસ્ત્રાએલે ભૂતકાળમાં જે પાપો કર્યા હતાં અને તેઓ ઈશ્વરને અનાજ્ઞાંકિત રહ્યા હતા તે તેમને યાદ કરાવે છે અને જણાવેછે કે તેમણે ઇશ્વરને કોપ ચઢે તેવાં કામ કર્યાછે તેથી તેમણે શિક્ષા ભોગવવી જ રહી. પરંતુ અધ્યાયને અંતે ઈશ્વર આ બંદીવાસીઓને પોતાના વતનમાં પાછા લાવવા વચન આપે છે જ્યાં તેઓ સહીસલામત રહી શકશે અને તેઓ પુનઃસ્થાપિત લોક થશે. તેઓ ઈશ્વર સાથે નવા કરાર પ્રમાણે ખરો સંબંધ રાખી શકશે.

## અધ્યાય ૩૩

યર્મિયાને હજુ ચોકીમાં કેદ કરી રાખવામાં આવ્યો હતો. ભવિષ્યમાં આવનાર આશીર્વાદોની વાત કરે છે જેવા કે, લોકો ફરીથી દરરોજનું જીવન જીવતા થઇ જશે, લગ્ન કરશે, ભક્તિ તરફ વળશે, તેમનાં ઘેટાં બકરાં રાખશે

અને ફરીથી ઘરો બાંધશે અને મંદિરની લેવીય નિયમો મુજબની યાજકોની ભક્તિ પુન:સ્થાપિત થશે. વળી દાઉદના કુળના રાજાઓ રાજ કરશે. આ ભાગ ગ્રીક આવૃતિ સપ્તતિના અનુવાદમાં મળતો નથી. તોપણ યહૂદિયામાં નવા કરાર અંગેના તથા યહોવા સાથેના નવા સંબંધ સાથે નવું જીવન જીવવાના યર્મિયાના વિચાર સાથે તે સુસંગત છે.

## અધ્યાય ૩૪

યર્મિયા ફરીથી સિદકિયા રાજાને બેબિલોનવાસીઓને તાબે થવા આગ્રહ કરે છે, કારણ કે યરુશાલેમ પર મોટો ઘેરો ઘાલવામાં આવ્યો હતો. તે જણાવે છે કે રાજાને જીવતો બેબિલોનમાં લઇ જવામાં આવશે અને તેને મારી નાખવામાં નહિ આવે, પરંતુ તે શાંતિથી મૃત્યુ પામશે (કલમ ૫). તે ઉપરાંત લોકો તેના મૃત્યુ સમયે સુંગધી દ્રવ્યો બાળશે તથા મહાન રાજાનેછાજે તેવાં મૃત્યુગીત ગાશે.

કલમ ૬થી ૨૨માં લોકોના મનની અસ્થિરતાનો ખ્યાલ દાસો તથા ગુલામો સાથેના તેમના વ્યવહારથી દેખાય છે. સૌ પ્રથમ બેબિલોનવાસીઓનો સામનો કરવામાં તેઓ ગુલામોને છોડી મૂકે છે, જેથી તેઓ ચળવળમાં તેમને મદદરૂપ થાય. પરંતુ જ્યારે બેબિલોનવાસીઓ સામે યહૂદિયાને મદદ કરવા ઈજિપ્તનું લશ્કર આવ્યું ત્યારે બેબિલોનવાસીઓએ શહેર પરનો ઘેરો હળવો કર્યો. ત્યારે યરુશાલેમ શહેરના લોકોને એમ લાગ્યું કે તેઓ વિજય મેળવશે. આથી તેમણે ગુલામો સાથે જે કરાર કર્યો હતો તેનો ભંગ કરી તેમને ફરીથી પોતાના ત્યાં રાખ્યા. યર્મિયા આવી જાતનું બદલાતું વલણ અને જૂઠા સમ સામે જાહેરમાં વિરોધ કરે છે. ગુલામોને છોડી મૂક્યા તે સારું કાર્ય હતું, કારણ કે યહોવા પણ તેને ઉત્તેજન આપે છે.

## અધ્યાય ૩૫

રેખાબીપુત્રોએ દારૂપીવાની ના પાડી એ ઉપરથી યહૂદીઓની એક જાત એ જમાનામાં કેવું જીવન જીવતી હતી તેનું ચિત્ર અહીં જોવા મળે છે. તેઓ વણઝારા જેવી ભટકતી જાતિના હતા જેઓ એક જગાએ ઠરીઠામ થઇ ખેતી કરવામાં માનતા ન હતા. આથી તેઓ લાંબા સમયે પાકે એવો પાક ઉગાડતા ન હતા. કદાચ ટૂંક સમયમાં થાય એવું કાંઈ વાવતા હોય. દ્રાક્ષાવેલો ઘણાં વર્ષો પછી ફળ આપે તેથી તેઓ દ્રાક્ષાવેલા વાવતા ન હતા, અને દ્રાક્ષારસ પીતા પણ

ન હતા. આવી જાતિની શરૂઆત કરનાર સ્થાપકે જે કડક કાયદા કર્યા હતા તે યરુશાલેમ શહેરમાં આવતાં તેમને તોડવા પડતા. આનું કારણ ઉત્તર તરફથી આવેલ દુશ્મનની ચઢાઇ હતું. જો તેમ ન થયું હોત તો તેઓ તેમના નિયમોને સંપૂર્ણ રીતે આધીન રહ્યા હોત. યર્મિયા આ જાતની આજ્ઞાધિનતા અને વિશ્વાસુપણાનાં વખાણ કરેછે અને જેઓ જાણીબૂઝીને ઇશ્વરના નિયમોનો ભંગ કરે છે, તેઓની સામે આંગળી ચીંધે છે.

## અધ્યાય ૩૬

આ એક અલગ અને અનોખો અધ્યાય છે, જેમાં યર્મિયાના સંદેશા કેવી રીતે લખવામાં આવ્યા તેની વિગતો આપી છે. યર્મિયા જે કાંઇ બોલતો તે તેનો લહિયો બારૂખ લખતો. કદાચ પપીરસ પત્રમાંથી ઓળિયું બનાવવામાં આવ્યું હોય.એમ લાગેછે કે બારૂખ સારું ભણેલો અને સંસ્કારી કુટુંબમાંથી આવ્યો હોવો જોઇએ. તે મંદિરની ભક્તિસભામાં નિયમિત આવતો હતો (કલમ ૫). યર્મિયાને મંદિરમાં ભક્તિસભા માટે આવતો અટકાવવામાં આવ્યો હતો ; કારણ કે તેણે લોકોને ન ગમે એવાં ભાષણો મંદિરની પરસાળમાં કર્યા હતાં. આના લીધે યાજકોએ તેનો સખત વિરોધ કર્યો હતો. એટલે પ્રબોધક તેનો સંદેશો લોકોને લેખિત સ્વરૂપમાં દસ્તાવેજ તરીકે પહોંચે તેવા પ્રયત્ન કરે છે. તે એવું ઇચ્છતો હતો કે બારૂખ લોકો આગળ તે વાંચે અને તેઓ પોતાની ગંભીર પરિસ્થિતિ સમજે, ઇજિપ્ત નબૂખાદનેસ્સારે જીતી લીધું હતું. તે યહૂદિયાનું મિત્ર રાજ્ય હતું. હવે તેને પણ હરાવવામાં આવ્યું હતું. આથી યહૂદિયાને વિજય માટે ઘણી ઓછી આશા હતી. યર્મિયાએ બારૂખને તે વચનો ઉપવાસના દિવસે વાંચી સંભળાવવાનું પસંદ કર્યુ, કારણ કે તે દિવસે મંદિરમાં ઘણા લોકો ભેગા થયા હશે (કલમ ૫).

કલમ ૧૦ થી ૧૨ માં ફરીથી આપણે શાફાન ચિટનીસના કુટુંબ વિષે વાંચીએ છીએ. તેના દીકરાઓ મંદિરમાં જવાબદારીભર્યુ કામ કરતા હતા. તેઓ અને બીજા અધિકારીઓ યર્મિયા પ્રત્યે મિત્રતાના ભાવે વર્તતા લાગે છે. બારૂખે જે દસ્તાવેજ લોકો આગળ વાંચી સંભળાવ્યો હતો તેમાં લખેલી બાબતો માટે તેઓએ સાચી સહાનુભૂતિ જણાવી હતી. તેઓએ બારૂખ સાથે માનભર્યુ વર્તન કર્યુ અને તેને તથા યર્મિયાને કશું નુકશાન થાય નહિ એવું ઇચ્છયું. આથી તેઓએ બન્નેને સંતાઇ જવા આગ્રહ કર્યો, જેથી તેઓ ક્યાં છે તે લોકો જાણે નહિ (કલમ ૧૯). ફરીથી કલમ ૨૫માં આ જ અધિકારીઓએ રાજાને જ્યારે

તે આ વચનો સાંભળી રહ્યો હતો ત્યારે વિનંતી કરી કે તે ઓળિયું બાળે નહિ. કિન્તુ રાજાએ સાંભળ્યું નહિ. તેને તથા મહેલના કાર્યકર્તાઓને ઓળિયામાં લખાયેલી યર્મિયાની ચેતવણી તથા આજીજીઓની જરા પણ બીક ન હતી. આથી યર્મિયાએ બીજીવાર ઓળિયામાંની વિગતો કહી જે બારૂખે લખી. યહોયાકીમ ભલે ઓળિયાનો નાશ કરે, પરંતુ તે ઈશ્વરના જીવંત વચનોનો નાશ કરી શકે નહિ.

કલમ ૩૦ અને ૩૧માં યહોયાકીમના મૃત્યુ અને મરણ પછીના વિધિઓ અંગેની ભવિષ્યવાણીછે તે સાચી પડી કે નહિ તે વિષે ઇતિહાસમાં કશું નોંધવામાં આવ્યું નથી. અવશ્ય જે બીજી ભવિષ્યવાણી હતી કે ઈશ્વર રાજાને, સેવકોને, યરુશાલેમને અને યહૂદાને શિક્ષા કરશે, તે સાચી પડી.

## અધ્યાય ૩૭

આ અધ્યાયથી પુસ્તકની આખર સુધીમાં લોકોના તથા યર્મિયાના જીવનમાં બનેલા બનાવો સમયના ક્રમ અનુસાર નોંધવામાં આવ્યા છે. સિદકિયાએ ઈ.સ.પૂ ૫૯૮થી ૫૭૮સુધી રાજ્ય કર્યું. તેના રાજ્યકાળના આખરના ભાગમાં રાજાએ યર્મિયાને વિનંતિ કરી કે તે યહોવાનાં વચનો તેને કહી સંભળાવે કે ઈશ્વર તેને તેના નિર્ણયો કરવામાં દોરવણી આપે. ઈજિપ્તનું સૈન્ય જે યહૂદિયાને મદદ કરવા આવ્યું હતું તેને પાછું હઠાવવા બેબિલોનના લશ્કરે યરુશાલેમ પરનો ઘેરો ઊઠાવી લીધો. આથી યર્મિયાને તે શહેર છોડવાની થોડી તક મળે છે અને તે પોતાના વતનના ગામમાં ખાનગી કામ અંગે જવા વિચારે છે. તેની વારસાગત મિલકત અંગેનું તે કાર્ય હોય. પરંતુ તે જ્યારે શહેર છોડીને જઇ રહ્યો હતો ત્યારે ચોકીદારોએ તેને પકડ્યો. તેઓને એવું લાગ્યું કે તે દેશદ્રોહી છે અને દુશ્મનો સાથે ભળી જવા માગે છે. તેથી તેને યહોનાથાન ચિટનીસના ઘરમાં કેદ કર્યો. અહીં તેની સાથે ત્રાસદાયક રીતે વર્તાવ કરવામાં આવ્યો. યર્મિયાએ રાજાને વિનંતિ કરી કે તેની સાથે સારો વર્તાવ કરવામાં આવે. આથી યર્મિયાને કેદખાનામાંથી બહાર કાઢી ચોકીમાં રાખ્યો જ્યાં તેને દરરોજ ખોરાક આપવામાં આવતો હતો.

## અધ્યાય ૩૮

ફરીથી એકવાર યર્મિયાને પકડીને ટાંકામાં નાખ્યો અને તેઓએ તેને દોરડાં બાંધીને તેમાં ઉતાર્યો. તે ટાંકામાં પાણી ન હતું, પણ કાદવ હતો અને તે

કાદવમાં કળી ગયો. આ પ્રમાણે કરવાનું કારણ એ કે તેણે આગાહી કરી હતી કે જે કોઇ યરુશાલેમ શહેરમાં રહેશે તે તરવાર, દુકાળ, અને મરકીથી માર્યો જશે. તેણે તો લોકોને આગ્રહ કર્યો હતો કે તેઓ દુશ્મનના સૈન્યને આધીન થાય અને એ રીતે બચી જાય. યર્મિયાને ખાતરી હતી કે આ ઈશ્વરનો સંદેશો છે અને તેના માટે સર્વ સહન કરવા તે તૈયાર હતો. રાજ્યના અધિકારીઓ સ્વાભાવિક રીતે જ યર્મિયાના પોતાના દેશપ્રેમ બાબતમાં શંકાશીલ હતા અને તેઓના મતે તે સૌથી ઉતરતી કક્ષાનો દેશદ્રોહી હતો. દુશ્મનોને તાબે થવા જણાવવું તે તેમના માટે જીવન-મરણનો પ્રશ્ન હતો. સિદકિયાના પક્ષમાં આપણે એ કહેવું પડે કે યર્મિયા જે કાંઇ કહે છે તે ઈશ્વરનાં સાચાં વચનો છે તેમ તે માનતો હતો. આના કારણે તે ઘણી વખત પ્રબોધક પાસે શિખામણ માટે જતો હતો. રાજાએ પોતાના માણસો મારફતે યર્મિયાને ટાંકામાંથી ખેંચી કાઢી બચાવી લીધો (કલમ ૬-૧૩).

સિદકિયાએ ફરીથી યર્મિયાની સલાહ લીધી. પ્રબોધકે અગાઉ જે તાબે થવા માટેનો સંદેશો કહયો હતો તે જ તેણે ફરીથી કહ્યો. સિદકિયાએ ખાનગીમાં યર્મિયા પ્રબોધકના વખાણ કર્યાં, પરંતુ તેની સલાહ માનવાની તેનામાં હિંમત ન હતી. તે પોતાના તાબાના અધિકારીઓને પણ કાબૂમાં રાખી શકતો ન હતો. રાજાએ યર્મિયાને કહ્યું કે તેમની વચ્ચે જે વાતચીત થઇ છે તે તેઓને ન જણાવે (કલમ ૨૪-૨૭).

## અધ્યાય ૩૯

કલમ ૧ થી ૧૪માં યરુશાલેમ શહેરને જીતી લેવામાં આવ્યું, રાજાના પુત્રોને મારી નાખવામાં આવ્યા અને સિદકિયા રાજાને પકડી બેબિલોનના રાજાએ તેની બન્ને આંખો ફોડી નાખી એ બનાવોનું વર્ણન છે. તે ઉપરાંત યહોવાના ઘર મંદિરનો પણ નાશ કરવામાં આવ્યો (કલમ ૮). આવી જ હકીકતો ૨ રાજા ૨૫:૧-૧૨માં નોંધવામાં આવી છે. તે ઉપરાંત યર્મિયા ૫૨:૧-૧૬માં પણ આ વિગતો થોડા વધારે વિસ્તારથી આપવામાં આવી છે. યર્મિયાની જિંદગી બચાવવામાં આવેછે અને તેને યરુશાલેમ શહેરમાં પોતાના લોકો સાથે રહેવાની છૂટ આપવામાં આવે છે. એ શક્ય છે કે બેબિલોનના સૈન્યના વડાએ ગદાલ્યા મારફતે યર્મિયા વિષે જાણ્યું હોય. પાછળથી યર્મિયાને તેને જ સ્વાધીન કરવામાં આવેછે. શક્યછે કે ગદાલ્યાએ યર્મિયાની સલાહ માની હોય અને ખાલદીઓને તાબે તે ગયો હોય. આ રીતે બેબિલોનના સૈન્યના વડાઓને તે ઓળખતો થયો હોવો જોઇએ.

## અધ્યાય ૪૦

પ્રથમ ૬ કલમોમાં બીજા બંદીવાસીઓ સાથે યર્મિયાને બંદીવાસમાં બેબિલોન લઇ જવામાં આવે છે અને પાછળથી તેને સાંકળોથી છૂટો કરાવવામાં આવે છે તેનું વર્ણન છે. તેને પસંદગી કરવાની છૂટ આપવામાં આવે છે કે તે બેબિલોનમાં જાય અથવા યરુશાલેમમાં પાછો વળે. ૨૯:૧૪માં જે વાત આવેછે તે કરતાં આ થોડી જુદી છે. આ બે બાબતોમાંથી કઇ વાત સાચી એ બાબતમાં વિદ્વાનો એકમત નથી. એવું પણ લાગે છે કે યર્મિયા જમીન ખરીદી પોતાના વતનમાં રહે તે વાજબી ગણવામાં આવ્યું હોય. તેની ઇચ્છા હતી કે ચઢાઈના આ સમય દરમિયાન તે ત્યાં રહે.

ગદાલ્યાને બેબિલોનના રાજાએ યહૂદિયાનાં નગરો અને જે શેષ લોકો બચી ગયા હતા અને બેબિલોનના રાજાની સત્તા હેઠળ હતા તેમના પર હાકેમ નીમ્યો.

૪૦:૭-૪૧:૧૮માં છૂટી પડી ગયેલા યહૂદીઓ યહૂદિયામાં ગદાલ્યાની સત્તા નીચે ભેગા થાય છે તે અંગેની નોંધ છે. ઇશ્માએલ કરીને તેઓમાં એક માણસ હતો જે આમ્મોનના રાજાનો હાથો હતો તેણે દગો કરીને ગદાલ્યાને મારી નાંખ્યો. તે ઉપરાંત બીજા જે યહૂદીઓ હાકેમ સાથે હતા તેમને તેમ જ ખાલદી સૈનિકો જેઓ હાજર હતા તે સર્વને મારી નાખવામાં આવ્યા. ઇશ્માએલ ગદાલ્યાનો વિરોધી હતો. બેબિલોનના રાજાને આધીન થવાની નીતિનો તે વિરોધી હોવો જોઇએ. તોપણ એ સમજવું મુશ્કેલ છે કે તેણે બીજા સિત્તેર યાત્રાળુઓ જેઓ મિસ્પાહમાં આવ્યા હતા તેમને કેમ મારી નાખ્યા. શક્ય છે કે હાકેમ ગદાલ્યાનું ખૂનછુપાવવા અથવા યાત્રાળુઓને લૂંટી લેવા એવું કર્યું હોય. જેઓએ તેને ખોરાક આપવાની તૈયારી બતાવી તેમને છોડી મૂક્યા. આ યાત્રાળુઓ યરુશાલેમમાં આવેલું મંદિર જેમાંનો અમુક ભાગ ફરીથી બાંધ્યો હતો તેમાં તેમની ભેટો આપવા અને સુગંધી દ્રવ્યો ચઢાવવા આવ્યા હોય. કિન્તુ ઇશ્માએલે તેમને મિસ્પાહમાં આવવા ઉત્તેજીત કર્યા હોય, જ્યાં તેણે તેમને મારી નાખ્યા અને તેમનાં શરીરોને ટાંકામાં નાખી દીધાં.

## અધ્યાય ૪૨

જે લોકો યહૂદિયામાં રહી ગયા હતા તે હવે યહોવાનાં વચનો યર્મિયા

પાસેથી સાંભળવા તૈયાર હતા. તેઓ હવે તેની સલાહ લેવા તેની પાસે આવે છે કે તેઓ ઈજિપ્તમાં જતા રહે કે યહુદિયામાં જ રહે. તેઓને બીક હતી કે તેમના પર આરોપ મૂકવામાં આવે કે તેમણે હાકેમ ગદાલ્યાનું તથા બેબિલોનના થોડા અધિકારીઓનાં ખૂન કર્યા હોય અને એ રીતે બેબિલોનના સૈન્યથી તથા રાજાના ક્રોધથી બચવા તેઓ નાસી છૂટવા માગતા હોય. જો કે તેઓ ઈશ્વરના વચનો સાંભળવા તથા પાળવા માગતા હતા એવું લાગે, પરંતુ યર્મિયાને તેમની નિખાલસતા માટે શંકા હતી. તે તેઓને ઈજિપ્ત ન જવા અને યહૂદિયામાં જ રહી જે પરિસ્થિતિ ત્યાં પ્રવર્તે છે તે તેઓ સ્વીકારી લે એવો આગ્રહ કરે છે. તેના આગ્રહ પરથી એમ લાગે કે તેઓ યર્મિયાની સલાહ માનવા તૈયાર ન હતા ; પરંતુ અંદરખાનેથી ઈજિપ્ત જવાની યોજના કરી રહ્યા હતા. યર્મિયા તેમને ચેતવણી આપેછે કે જો તેઓ ઈજિપ્ત જશે તો ત્યાં તરવાર, દુકાળ અને મરકીથી તેમને ઘણું સહન કરવું પડશે.

<u>અધ્યાય ૪૩</u>

લોકો અને યર્મિયા વચ્ચે ઈજિપ્તમાં જવાની વાતચીત ચાલુ રહે છે. આ વખતે લોકો પ્રબોધકને જવાબ આપતાં તેના પર જૂઠું બોલવાનો આક્ષેપ કરે છે. તેઓ કહે છે કે યર્મિયા ઈશ્વરનાં વચનો સંભળાવતો નથી (કલમ ૨).

કલમ ૪ થી ૭ યર્મિયા પાસે સલાહ લેવા આવેલા પ્રતિનિધિઓએ જે જક્કી વલણ અપનાવ્યું તે વિષે જણાવે છે. તેઓએ યર્મિયાની ચેતવણી ન માનવાનું પસંદ કર્યું, અને ઘણા લોકો પર અને યર્મિયાની ઉપર પણ દબાણ કર્યુ કે તેઓ ઈજિપ્તમાં જાય. એ ચોક્કસ છે કે યર્મિયા તેની રાજીખુશીથી ઈજિપ્ત ગયો ન હતો. કદાચ તેઓના મનમાં એવી આશા હોય કે જો યર્મિયા અને બારૂખ તેઓની સાથે આવશે તો કોઈપણ રીતે ઈશ્વર તેમની તરફેણમાં રહેશે. નહિ તો તેઓ ઈશ્વરથી દૂર ગયેલા લાગશે.

કલમ ૮ થી ૧૩માં યર્મિયા ફરીથી પ્રબોધક તરીકેનો જે ભાગ ભજવે છે તે આપણે જોઈએ છીએ. તાહપાન્હેસમાં ફારૂનના મહેલના દરવાજા પાસે ઈજિપ્તના નાશ તથા બેબિલોનનું સૈન્ય તેમના પર ચઢાઈ કરી વિજય મેળવશે તે વિષે તે ભવિષ્યવાણી ઉચ્ચારે છે.

## અધ્યાય ૪૪

આ અધ્યાયમાં આપણે જોઇએ છીએ કે જે યહૂદીઓ ઈજિપ્તમાં રહેવા ગયા હતા તેઓ મૂર્તિપૂજા અને તેના રીતરિવાજો તરફ વળી ગયા હતા. ખાસ કરીને સ્ત્રીઓ,સ્વર્ગની રાણી કહેવાતી હતી તે આસ્તાર કે જે આશ્શૂરની દેવી હતી તેની આગળ ધૂપ બાળતી હતી.

કલમ૧૫-૨૯માં આ વાત બતાવીછે કે સ્ત્રીઓએ યર્મિયા આગળ વિરોધ કર્યો કે જૂના જમાનાના તેમના જે રીતરિવાજો તેઓ વંશપરંપરાથી પાળતા હતા તે તેઓ મૂકી દેશે નહિ. તેઓ એવો દાવો પણ કરવા લાગી કે જ્યારે તેઓ યહોવાની આજ્ઞા માની ફક્ત તેમના એકલાની જ ભક્તિ કરે છે, ત્યારે તેમને દુકાળ, મરકી જેવી મોટી મુશ્કેલી ભોગવવી પડે છે. પણ જ્યારે તેઓ બીજાં દેવદેવીઓની પૂજા કરે છે, ત્યારે તેઓ પ્રગતિ પામે છે. આથી તેઓ આ મિશ્ર ભક્તિ, યહોવાની અને કહેવાતી સ્વર્ગની રાણીની, છોડી દેવાની ના પાડે છે.

## અધ્યાય ૪૫

એમ લાગેછે કે આ સંદર્શન પહેલાનું લખાયેલું હશે.. કદાચ તે બારૂખની કબૂલાત પણ હોય, જે તેણે લખ્યું હોય કે બોલ્યો હોય. આ લખાણ યર્મિયાએ જે ઓળિયું તૈયાર કર્યું હતું, પરંતુ પાછળથી તે બાળી નાખવામાં આવ્યું હતું ત્યારનું છે (૩૬:૧). બારૂખ પોતાને તથા પોતાના લોકોને પડેલાં દુઃખોને કારણે વિલાપ કરે છે. યર્મિયા પોતાને મળેલા પ્રબોધક તરીકેના તેડાને વિશ્વાસુ રહીને કહે છે કે તે ઈતિહાસના આ સમયે, ઈશ્વરે જેને રોપ્યું હોય તેને ઉખેડી નાખવાની અને બાંધ્યું હોય તેને તોડી પાડવાની પ્રવૃત્તિમાં જાણે અનુમતિ આપતા હોય એમ લાગે છે. યર્મિયા તેને આશ્વાસન આપે છે કે ઓછામાં ઓછું તે જીવતો છે, જ્યારે તેના બીજા ઘણા સંબંધીઓ લડાઇમાં મૃત્યુ પામ્યા હતા.

## અધ્યાય ૪૬ થી ૫૨

આ અધ્યાયોમાં જુદાં જુદાં પરદેશી રાજ્યો વિરુધ્ધ કહેવામાં આવેલાં સંદર્શનોનો સંગ્રહછે. યર્મિયાની સેવા દરમિયાન તે જુદા જુદા સમયે ઉચ્ચારાયેલાં હશે. કદાચ તે ઇજિપ્તમાં રહેવા ગયો ત્યારનાં પણ હોય. ગ્રીક આવૃતિ સપ્તતિમાં ૨૫માં અધ્યાય પછી આ આવેછે. જો કે હિબ્રૂ અનુવાદમાં તે પ્રમાણે નથી. ઘણા અભ્યાસીઓ એમ માનેછે કે આ અધ્યાયોમાંના કેટલાક ભાગો બીજા પ્રબોધકોના

લખાણમાંથી પણ લેવામાં આવ્યાં હોય. તોપણ જે મુખ્ય સંદેશા આ અધ્યાયોમાં આવે છે તે યર્મિયાના જ છે તે બાબતમાં શક નથી.

## અધ્યાય ૪૭

ફારૂને ગાઝાને માર્યા પહેલાં પલિસ્તીઓના વિસ્તાર વિષે અહીં થોડો ઉલ્લેખ છે. મગીદોની લડાઇ પછી ફારૂને જે હુમલો કર્યો તે ઈતિહાસના એક પુસ્તકમાં જોવા મળે છે. કાફતોર જે કલમ ૪ માં આવે છે તે અસલ ક્રીત હોય જ્યાંથી પલિસ્તીઓ આવ્યા હતા (આમો. ૯:૭).

## અધ્યાય ૪૮

મોઆબ અંગેની ઈશ્વરવાણી છે જે યશાયા ૧૫ અને ૧૬માં પણ જોવા મળે છે. કદાચ મોઆબે બેબિલોનના સૈન્ય સાથે યહૂદિયાની વિરુધ્ધમાં સંધિ કરી હોય. આ કારણે ઈ.સ.પૂ. ૬૦૨માં યહોયાકીમ રાજાએ બેબિલોનના રાજા સામે બંડ કર્યુ અને ઘણી નુકશાની ભોગવવી પડી. પાછળથી ૫૮૭માં મોઆબે બેબિલોનના જૂલમ સામે બંડ પોકારવા પ્રયત્ન કર્યો, જો કે યર્મિયાએ આની વિરુધ્ધમાં સલાહ આપી હતી (૨૭:૧-૧૧). તોપણ તેઓ પાછળથી બેબિલોનની વિરુધ્ધના બળવામાં જોડાયા. આથી બેબિલોનના રાજાને યરુશાલેમ પર ફરીથી ઘેરો ઘાલવાની ફરજ પડી.

મોઆબની પડતીનાં કારણોમાં બીજાં સૈન્યોની તેમની પર ચઢાઈ અને લશ્કરી નિર્બળતા જ ન હતાં, પરંતુ તેઓની પડતીનું મુખ્ય કારણ તે તેઓનો ગર્વ, ઘમંડ, મગરૂબી હતું (કલમ ૨૯,૩૦).

કલમ ૭માં જે કમોશનો ઉલ્લેખ છે તે મોઆબનો દેવ હતો. મોઆબની પડતીનું બીજું કારણ તે તેમની સ્થગિતતા અને વિકાસ નહિ કરવાની ઈચ્છા હતી (કલમ ૧૧). તેઓમાં કાંઇ જુદું કરવાની તમન્ના ન હતી. ત્રીજું કારણ, તેમનો ધાર્મિક વિશ્વાસ ફક્ત તેમના દેવ કમોશમાં જ હતો (કલમ ૪૬).

## અધ્યાય ૪૯

આ અધ્યાયમાં કેટલીક નાની નાની જાતિઓ તથા દેશો વિરુધ્ધની ઈશ્વરવાણી છે. કલમ ૧ થી ૬ આમ્મોનીઓ અને તેમના દેવ મિલ્કોમ વિરુધ્ધની છે. જાણવું મુશ્કેલ છે કે તે કયા પ્રસંગ વિષે છે ; પરંતુ આમ્મોનીઓ અને ગાદ

વચ્ચે તેમની સીમાઓ પર થોડાં છમકલાં થયાં હોય તેમ લાગે છે. ઈસ્ત્રાએલને ઈ.સ.પૂ. ૭૨૩માં બંદીવાસમાં લઈ જવામાં આવ્યા ત્યારે તેમની સીમાનો વિસ્તાર તેઓએ લઈ લીધો હોય.

કલમ ૭ થી ૨૨ અદોમ વિરુધ્ધની ઈશ્વરવાણી છે. તેમાં તે દેશ માટે પુષ્કળ બગદોઈ જોવા મળેછે, કારણ કે તે ઈસ્ત્રાએલનું કટ્ટર દુશ્મન હતું. આનું કારણ યાકૂબ અને એસાવ વચ્ચેનું જૂનું વેર. અદોમીઓ એ જ એસાવના વંશજો છે. આ ઈશ્વરવાણી વાંચતા ઓબાદ્યા પ્રબોધકનું લખાણ યાદ આવે.

કલમ ૨૩થી ૨૭માં દમસ્ક વિરુધ્ધની ઈશ્વરવાણીછે. ઈ.સ. પૂ. ૭૩૨માં દમસ્ક આશ્શૂરીઓના હાથમાં પડ્યું, ત્યાર પછી તેનું શું થયું તે વિષે ઘણું ઓછું જાણવાનું મળે છે.

કલમ ૨૮થી ૩૩ અરેબિયાની પૂર્વની જાતિઓ વિરુધ્ધની ત્રણ ઈશ્વરવાણી છે. અરેબિયન રણમાં એકબીજાથી અલગ હોવા છતાં તેઓ સુરક્ષિત નથી.

કલમ ૩૪ થી ૩૯ માં એલામ દેશ જે બેબિલોનની ઈશાન દિશામાં આવેલ પહાડી પ્રદેશ છે તેની વિરુધ્ધની ઈશ્વરવાણી છે.

## અધ્યાય ૫૦ અને ૫૧

આ અધ્યાયોમાં બેબિલોનની વિરુધ્ધની ઈશ્વરવાણીછે. તે ઈસ્ત્રાએલનો અને ખુદ યહોવાનો હવે વિરોધ કરેછે. પોતાના લોકો પર ગુસ્સો કાઢવા યહોવા બેબિલોનનો એક સાધન તરીકે જાણે કે ઉપયોગ કરે છે, તે વિષે યર્મિયા બોલતો હતો. તે બંદીવાસીઓને ઉત્તેજન પણ આપતો હતો, કે જે દેશમાં તેઓ ગયા છે તેમાં પ્રગતિ કરે , તેઓ ઘરો બાંધે અને ત્યાં સ્થાયી થાય માટે સહકાર આપે. આ ઈશ્વરવાણીમાં પ્રબોધક આગાહી કરે છે કે બેબિલોન પોતે જ ઉત્તર તરફનાં રાજ્યોથી જીતી લેવામાં આવશે. આવા સંજોગોમાં બંદીવાસીઓ પોતાના વતનમાં પાછા નાસી જાય એવું શક્ય બને ખરૂં. કલમ ૧૩માં બેબિલોનના રાજ્યનો નાશ આવી રહ્યોછે તે વિષે કહેવામાં આવ્યુંછે. પરંતુ જ્યારે ઈરાનીઓ અને કોરેશ રાજાએ બેબિલોનને કબજે કર્યુ ત્યારે તેમણે તેનો નાશ ન કર્યો. ઘણા વર્ષો પછી અલેકઝાંડરે તેનો નાશ કર્યો.

આ અધ્યાયમાં ત્રણ મહત્વના ફકરા છે જે ઈસ્ત્રાએલ લોકોના વધતા જતા સારા જીવન અંગેનો ખ્યાલ આપે છે. કલમ ૪ અને ૫ બંદીવાસીઓના પાછા વળવા સંબંધની છે. તેઓ મુસાફરી કરતાં રડતાં રડતાં યહોવા તેમના

ઈશ્વરને શોધી રહ્યાછે. હવે તેઓ ઈશ્વર સાથે કરારનો સંબંધ બાંધી તેમના લોકો ગણાવાનું પસંદ કરે છે.

કલમ ૩૩ અને ૩૪માં બીજો એક મહત્વનો ફકરોછે, જે યહૂદી લોકોની મિલકત અંગેનો કાયદોછે. કોઈને પણ મિલકત વેચવી પડે તો કુટુંબનો નજીકનો સગો છોડાવી શકે. આ પ્રમાણે યહોવા તેમના લોકના છોડાવનાર બને છે તથા પોતાના લોક ઉપર તેમનો હક સ્થાપિત કરે છે.

ત્રીજો મહત્વનો ફકરો ૫૧:૧૫-૧૯માં મળે છે. આ તો સર્વશક્તિમાન ઈશ્વરને સંબોધેલું સ્તુતિનું ગીતછે. ''તેમણે પોતાના સામર્થ્યથી પૃથ્વીને બનાવી છે, પોતાના જ્ઞાનથી જગતને ધરી રાખ્યું છે, ને પોતાની બુધ્ધિથી આકાશને વિસ્તાર્યુ છે." મનુષ્યો જે દેવો બનાવે છે, તેમાં શ્વાસ નથી અને તેઓ અર્થ વગરની મૂર્તિઓછે (કલમ ૧૭,૧૮). જીવતા પ્રભુ અને આ દેવોમાં આસમાન જમીનનો ફેર છે. સિયોનનું સર્વ પ્રકારે બૂરું કરવાને કારણે હવે બેબિલોનને યોગ્ય શિક્ષા ભોગવવી પડશે.

## <u>અધ્યાય ૫૨</u>

યર્મિયાના સમયમાં જે ઐતિહાસિક બનાવો બન્યા તે વિષેનું વર્ણન ફરીથી આપણે જોઈએ છીએ. આમાં સિદકિયાનો રાજ્ય અમલ, બેબિલોન સામેનો તેનો બળવો, આખરે તેને પકડવામાં આવેછે અને તેની આંખો ફોડી નાખવામાં આવે છે તે બધા બનાવો અગાઉ આપણે જોઈ ગયા છીએ (યર્મિ. ૩૯:૧-૧૦; ૨ રાજા. ૨૪:૧૮-૨૫:૨૧).

કલમ ૨૮-૩૦માં જે ત્રણ વખતે યહૂદીઓને બંદીવાસમાં લઈ જવાની વાત આવેછે તે ગ્રીક આવૃત્તિમાં નથી; કિન્તુ આ તો અધિકારયુક્ત ઐતિહાસિક હકીકતોછે. પ્રથમ વખતે ૩૦૨૩ યહૂદીઓને ઈ.સ. પૂ. ૫૯૮-૫૯૭ દરમિયાન કેદી તરીકે લઈ જવામાં આવ્યા. બીજી વખતે ૮૩૨ જણને ઈ.સ. પૂ. ૫૮૭-૮૬ ની વચ્ચે અને ત્રીજી વખતે ૭૪૫ યહૂદીઓને ૫૮૨-૫૮૧ ના ગાળામાં બંદીવાન તરીકે લઈ જવામાં આવ્યા હતા.

કલમ ૩૧-૩૪ યહોયાકીને યરુશાલેમમાં ફક્ત ત્રણ મહિના રાજ કર્યુ ત્યારે તેને કેદી તરીકે બેબિલોનમાં લઈ જવામાં આવ્યો, પરંતુ પાછળથી તેને

કેદખાનામાંથી છૂટો કરવામાં આવ્યો અને ૩૭ વર્ષની કેદ પછી તેને સ્વતંત્રતા મળી અને બેબિલોનના રાજાએ તેને સારી રીતે રાખ્યો તે બધી વિગતો આવેછે.

આ પ્રમાણે યર્મિયાનું પુસ્તક પુનઃસ્થાપનની નોંધ સાથે પૂરું થાય છે. યહોયાકીન રાજાની માફક ઈસ્ત્રાએલને પણછૂટકારો મળશે અને તે પુનઃસ્થાપિત થશે.

## યર્મિયાના જીવનના તબક્કાવાર બનાવોની ટૂંક રજૂઆત

૩૪:૧-૭: યર્મિયા સિદકિયા રાજાને ચેતવણી આપે છે કે યહોવા યરુશાલેમ શહેરને બેબિલોનના હાથમાં જવા દેશે, પરંતુ જો તે બેબિલોનને કબજે જશે તો સિકિયાનું શાંતિરૂપ મૃત્યુ અને માનભર દફનક્રિયા થશે.

૩૭:૧-૧૦: થોઠા સમય માટે જ્યારે બેબિલોન યરુશાલેમ શહેર પરનો ઘેરો ઊઠાવી લે છે ત્યારે સિદકિયા યર્મિયા પાસે પ્રતિનિધિઓ મોકલે છે કે તે શહેરના માટે પ્રાર્થના કરે; પરંતુ યર્મિયા પ્રત્યુત્તર આપેછે કે બેબિલોનવાસીઓ ફરીથી આવશે અને શહેરને જીતી લેશે.

૩૪:૮-૨૨: યરુશાલેમ પરના ઘેરાની શરૂઆત થઈ પછી સિદકિયા બધા ગુલામોને મુક્ત કરે છે, પરંતુ જ્યારે થોડા સમય માટે ઘેરો ઊઠાવવામાં આવ્યો ત્યારે ગુલામોના માલિકો તેમને ફરીથી પકડી લે છે. યર્મિયા તેમના દંભ માટે ઠપકો આપે છે અને કહે છે કે બેબિલોનવાસીઓ જરૂરથી પાછા આવશે.

૩૭:૧૧-૧૫: જ્યારે ઘેરો થોડા સમય માટે ઊઠાવી લેવામાં આવ્યો ત્યારે યર્મિયા અનાથોથ જઈ રહ્યો હતો. ત્યારે તેના પર એવો આક્ષેપ મૂકવામાં આવ્યો કે તે દુશ્મનોની છાવણીમાં નાસી જઈ રહ્યો છે, તેથી તેને પકડવામાં આવે છે. તેને અધિકારીઓ પાસે લાવવામાં આવે છે, જેઓએ તેને માર્યો અને કેદમાં પૂર્યો. અહીં તે યરુશાલેમના પતન સુધી રહે છે.

૩૭:૧૬-૨૧: સિદકિયા રાજા યર્મિયાને ખાનગીમાં મળવા કહેછે અને યહોવાનો તેના માટેનો શો સંદેશો છે તે પૂછે છે. યર્મિયા પ્રત્યુતર આપે છે કે યહોવા તેને બેબિલોનના રાજાના હાથમાં સોંપશે. યર્મિયા પોતાને યહોનાથાનના ઘરના કેદખાનામાંથી બહાર લાવવામાં આવે એવી વિનંતિ કરે છે, કારણ કે તે ભયંકર કેદખાનું હતું. આથી સિદકિયાએ ચોકીદારોની ઓરડી પાસે તેને ખસેડ્યો. અહીં તેને પહેલાં કરતાં થોડી રાહત હતી.

૩૨:૧-૧૫: ફરીથી થયેલા ઘેરા પછી અને જ્યારે તે કેદખાનામાં હતો ત્યારે યર્મિયાએ એક ખેતર લીધું.

૩૮:૧-૧૩: જ્યારે તે ચોકીદારોની ઓરડી પાસે હતો ત્યારે યરુશાલેમના લોકોને સલાહ આપવાનું તેણે ચાલુ રાખ્યું કે તેઓ બેબિલોનને તાબે થાય. કેટલાક આગેવાનો ઈચ્છતા હતા કે રાજા પ્રબોધકને મારી નાખે અને રાજાએ તેઓને જે કાંઈ કરવું હોય તે કરવાની પરવાનગી આપી. આથી તેઓએ યર્મિયાને કાદવવાળા ટાંકામાં નાંખ્યો કે તે ત્યાં મૃત્યુ પામે. પરંતુ મહેલના એક હબસીએ તેને બચાવ્યો.

૩૮:૧૪-૨૮: સિદકિયા રાજા ફરીથી યર્મિયાને મળવા બોલાવેછે, પરંતુ તેણે તો બેબિલોનને તાબે થવાની જ સલાહ આપી.

૩૯:૧-૧૮ અને ૪૦:૧-૬ યરુશાલેમનું પતન. યર્મિયાને કેદખાનામાંથી બહાર કાઢવામાં આવે છે તથા તેને હાકેમ ગદાલ્યાને સોંપવામાં આવે છે. તેને બેબિલોનમાં સારી રીતે રાખવામાં આવશે એમ કહેવામાં આવ્યું. પરંતુ તેણે આ શરતનો સ્વીકાર કર્યો નહિ. કેટલાક યહૂદીઓ ઈજિપ્તમાં નાસી ગયા અને તેમણે યર્મિયાને પણ પોતાની સાથે લીધો, જ્યાં તે થોડા સમય બાદ મૃત્યુ પામે છે.

# પ્રકરણ ૧૧ : બંદીવાસ પછીના પ્રબોધકો

## હાગ્ગાય

હાગ્ગાય અને ઝખાર્યા સમકાલીન પ્રબોધકો હતા. બન્ને ઈ.સ. પૂ. ૬ઠ્ઠી સદીમાં બંદીવાસ પછીના સમયમાં થઈ ગયા.

## ઐતિહાસિક પશ્ચાદ્ભૂમિકા

બેબિલોનવાસીઓ, જેઓ ખાલદીઓ પણ કહેવાતા હતા, તેમણે અને માદીઓએ સાથે મળીને આશ્શૂરીઓ ઉપર વિજય મેળવ્યો. પરંતુ કોરેશ રાજાની હકૂમત હેઠળના ઈરાનીઓએ બેબિલોન જીતી લીધું, તે બાદ કોરેશે લેખિત ઢંઢેરો પીટાવ્યો કે યહૂદીઓને તેમના દેશમાં પાછા જવા દેવામાં આવે. આ ઈ.સ. પૂ. ૫૭૩માં થયું. તેમાંના ઘણાએ પાછા જવાનું પસંદ કર્યુ નહિ, કારણ કે તેઓ બેબિલોનની સગવડતાભરી જિંદગીથી ત્યાં સારી રીતે સ્થાયી થઈ ગયા હતા. તેમાંના કેટલાકે તો વતનનો દેશ પણ જોયો ન હતો. ફક્ત જેઓ વૃધ્ધ હતા તેમને જ તેમની માતૃભૂમિની યાદ હતી. આથી થોડા જ લોકો જેઓ જન્મભૂમિને વિશ્વાસુ હતા તેઓ ઈ.સ. પૂ. ૫૩૭માં પોતાના વતનમાં પાછા વળ્યા.

વતનમાં પાછા ફરેલા લોકોની પ્રથમ ઇચ્છા એ હતી કે તેઓ પેલેસ્ટાઈન દેશમાં ફરીથી સ્થાયી થાય, ત્યાં ઘર બાંધે અને સમાજમાં પોતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરે. એ પણ સાચું છે કે કેટલાક યહૂદીઓ યહૂદિયા દેશમાં જ રહી ગયા હતા અને બંદીવાસમાં ગયા ન હતા. તેઓમાં કોઈની આગેવાની ન હતી. આથી જે મંદિરનો બેબિલોનના લશ્કરોએ નાશ કર્યો હતો તેને ફરીથી બાંધવાનો તેમનામાં જરી પણ ઉત્સાહ ન હતો. નવા આગંતુકો બેબિલોનમાંથી નીકળ્યા ત્યારે તેમણે મંદિરને ફરી બાંધવા મનસૂબો કર્યો હતો, પરંતુ થોડા સમયમાં જ તેમનો શુભ આશય તેઓ ભૂલી ગયા. આથી ૧૭ વર્ષ સુધી તેઓએ મંદિર બાંધવા ભાગ્યે જ કશું કર્યુ હતું. આ અરસામાં જ યહોવાએ હાગ્ગાય અને ઝખાર્યાને લોકો મધ્યે પ્રબોધકો તરીકે મોકલ્યા.

આ બન્નેએ બંદીવસમાંથી આવીને વતનમાં ફરી વસેલા લોકોમાં રસ ઉત્પન્ન કર્યો. તેઓ બંદીવાસમાં હજુ જેઓ બાકી રહી ગયા હતા તેમાંના થોડાને

બેબિલોનમાંથી યરુશાલેમ લાવ્યા. યેશૂઆ અને ઝરૂબ્બાબેલ જેઓ લોકોના આગેવાન હતા તેમની મદદથી મંદિરનો પાયો ઈ.સ. પૂ. ૫૨૦ માં નાખવામાં આવ્યો. એઝરાના પુસ્તકમાં આ ઐતિહાસિક નોંધ મળી આવે છે. એઝરાના ત્રીજા અધ્યાયમાં એ નોંધ છે કે મંદિરનો પાયો ક્યારનોય નાખવામાં આવ્યો હતો, પરંતુ લોકો બેદરકાર થયા, જેને કારણે પાયો ભાગ્યેજ દેખાતો હતો. હાગ્ગાયને આ વિષે કશી ખબર હોય તેમ દેખાતું નથી. મંદિર બાંધવાનું કામ ઈ.સ. પૂ. ૫૧૬માં પૂરું થયું.

## આ બે પુસ્તકોનું મહત્વ

આ બે પ્રબોધકો ખૂબ જ વિશ્વાસુ અને મહેનતુ હતા. ઈશ્વરના લોકોને લાંબા સમય સુધી બંદીવાસમાં લઈ જવામાં આવ્યા હતા. અને જેઓ યહૂદિયામાં બાકી રહ્યા હતા તેઓમાં આગેવાનીના અભાવે પોતાના દેશનું જે અભિમાન હોવું જોઈએ તે નહિવત્ હતું. તે ઉપરાંત તેમનો વિશ્વાસ પણ ઠંડો પડી ગયો હતો. પેલેસ્ટાઈન દેશમાં પાછા વળવાનો તેમનો કાંઈ હેતુ તો અવશ્ય હશે જ. કદાચ તેમના બાપદાદાઓનો દેશ જોવાની અને લાંબા સમયથી પોતાના ઘેરથી દૂર હોવાથી ત્યાં જવાની તમન્ના હશે. તે ઉપરાંત પોતાના વતનમાં આવી તેને તથા મંદિરને ઊભું કરવાની આતુર તાલાવેલી પણ હોય. વળી ઈશ્વરની કૃપાથી તે દેશ બળવાન બને એવું તેઓએ ઇચ્છયું હોય.

તોપણ તેઓને મજબૂત આગેવાનીની જરૂરિયાત તો હતી જ જે આ બે પ્રબોધકોએ પૂરી પાડી. તેઓએ લોકોને ઈશ્વર પરના વ્યકિતગત વિશ્વાસમાં વૃધ્ધિ પામે માટે અને ખાસ કરીને મંદિરની ભક્તિસેવા કરવાના પ્રશ્નો તેઓ ગંભીરતાથી ઉકેલી શકે માટે ઉત્તેજન આપ્યું. યહૂદિયા દેશમાં યહૂદી ધર્મ બેબિલોનના બંદીવાસ પછી મજબૂત બને તે માટે પાયાના આગેવાનો હાગ્ગાય, હઝકિયેલ, એઝરા, નહેમ્યા અને ઝખાર્યા ગણી શકાય. હાગ્ગાયના વ્યકિતગત જીવન વિષે આપણે થોડું જ જાણીએ છીએ. કદાચ તેનો જન્મ બેબિલોનના બંદીવાસ દરમિયાન થયો હોય.

## હાગ્ગાય પુસ્તકનો વિષય

જે પ્રમાણે જૂના સમયના હિબ્રૂ લોકોને ઈશ્વરની હાજરીના પ્રતીક તરીકે કરારકોશ આપવામાં આવ્યો હતો તેમ છઠ્ઠી સદીના યહૂદીઓને કોઈ બાહ્ય નિશાનીની જરૂર હતી. તે સમયે યહૂદીઓમાં કોઈ મધ્યસ્થ અને મજબૂત સરકાર

ન હતી. તેઓમાંના ઘણા આજુબાજુના દેશમાં વિખરાઈ ગયા હતા. જો મંદિર અને તેનું સંચાલન કરનાર સંસ્થા હોત તો તેઓ ભક્તિ માટે ત્યાં એકત્ર થાય અને એકબીજા સાથે પ્રેમનું બંધન પણ બંધાય. તે ઉપરાંત આજુબાજુ વિખરાઈ ગયેલા બધા ભક્તિ માટે ભેગા થાય. યહૂદી વિશ્વાસમાં મંદિરની આવશ્યકતા હતી, જેથી તેમનો વિશ્વાસ જીવંત રહે અને તેઓનું પ્રજા તરીકેનું આગવું વ્યકિતત્વ જળવાઈ રહે.

જે બીજો વિચાર હાગ્ગાયમાં જોવા મળે છે તે મસીહ આવાનાર છે તેની આશા. આ આવનાર યહોવાનો સેવક અભિષેક કરેલો હશે, તથા લોકોનો ઉધ્ધાર કરનાર થશે (૨:૨૦-૨૩). આ પ્રમાણે આ પુસ્તકમાં ભવિષ્યવાણી અંગેની નોંધ  છે. તે ઉપરાંત સાંભળનારાઓના પ્રત્યુત્તરો પણ છે. તેની ભવિષ્યવાણી ચાર મહિનાના ગાળામાં ઉચ્ચારવામાં આવી હતી (એઝરા ૧થી ૩ અધ્યાય).

મંદિરને ફરીથી બાંધવાની બેદરકારીનું એક કારણ લોકોની ખરાબ આર્થિક પરિસ્થિતિ હતું. રહેવા માટે ઘરોની જરૂર, નબળી ફસલ, ખોરાક અને પાણીની તંગી, તેમની નિરાશાજનક ખરાબ શારીરિક સ્થિતિ વગેરે કારણોને લીધે તેમનામાં મંદિર બાંધવાની ધગશ રહી ન હતી. પરંતુ હાગ્ગાયને લાગ્યું કે તેઓએ તેમની ધાર્મિક ફરજ બજાવવામાં બેદરકારી રાખી હોવાથી તેમની સ્થિતિ આર્થિક રીતે કફોડી થઈ છે. હાગ્ગાયના આ પુસ્તકમાં પાપ અને લાંચરૂશ્વત વિરોધી કાંઈ લખવામાં આવ્યું નથી. તેના સંદેશા મુખ્યત્વે મંદિરને ફરીથી બાંધવાના અને મંદિરમાં ભક્તિ કરવા અંગેના છે. આ પુસ્તકમાં મુખ્ય ચાર સંદેશા છે.

પહેલો સંદેશો ૧:૧-૧૫માં મળે છે. યહૂદિયાના છેલ્લા રાજા યહોયાકીનના પૌત્ર ઝરૂબ્બાબેલ સાથે હાગ્ગાયે વાત કરી. તે યહૂદિયાનો હાકેમ હતો. તેઓની વાતચીતમાં હાગ્ગાયે તેને યહોવાનો સંદેશો કહ્યો. લોકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, જેવી કે થોડી આવકમાં જીવનનિર્વાહ, નબળી ફસલ, અપૂરતો ખોરાક, અને પૂરતાં વસ્ત્રો ન હોવાં વગેરે મુશ્કેલીઓની હાગ્ગાય વાત કરે છે. આ મુશ્કેલીઓને કારણે લોકો ઘણા નિરાશ થઈ ગયા હશે. કદાચ તેઓને એમ લાગ્યું હશે કે તેમના ભૂતકાળનાં પાપો અને અનાજ્ઞાંકિતપણાને કારણે યહોવા હજુ તેમના પર ગુસ્સામાં છે.

હાગ્ગાય તેઓને જણાવે છે કે જે કાંઈ શારીરિક અને બીજાં દુઃખો છે તેનું મુખ્ય કારણ તેમણે મંદિરને ફરી બાંધવામાં દર્શાવેલી બીનકાળજી છે. ‘‘પર્વત

પર જાઓ, ને લાકડાં લાવીને મંદિર બાંધો, અને તેથી હું રાજી થઈશ, ને હું મહિમાવાન મનાઈશ, એમ યહોવા કહે છે" (૧:૮). અને પાછળથી ઈશ્વર વચન આપે છે કે હું તમારી સાથે છું (૧:૧૩). આ પ્રમાણે પ્રબોધકો લોકોને આગ્રહ કરતા હતા કે તેઓ ફરીથી યહોવાની ભક્તિને તેમના જીવનોમાં કેન્દ્રસ્થાને રાખે.

બીજો સંદેશો ૨:૧-૯માં મળે છે. આ લોકોને ઉત્તેજન આપનાર સંદેશો છે.પહેલાંના રાજાઓના સમયમાં મંદિરનો જે ભવ્ય મહિમા હતો તે વિષે તે તેમને યાદ કરાવે છે. હા, લોકો એ માટે કદાચ વિલાપ કરતા હશે કે એ મહિમા ફરીથી કદી નિહાળવા મળશે નહિ અને સુલેમાનના સમયે જે મંદિર હતું તેની સરખામણી આ નવા મંદિર સાથે થઈ શકે નહિ. પરંતુ હાગ્ગાય તેમને ઈશ્વરની મહાનતા વિષે યાદ કરાવે છે. આ એ જ ઈશ્વર છે જેમણે જ્યારે તેઓએ ઈજિપ્તમાંથી નિર્ગમન કર્યુ ત્યારે તેમની સાથે કોલકરાર કર્યો હતો (૨:૫). લોકોના વિશ્વાસુ અને સાચા પ્રયત્નોને યહોવા માન આપશે અને યહોવા પોતે મંદિરને કિંમતી તથા ભવ્ય વસ્તુઓથી ભરી દેશે (૭,૮). "હું સર્વ પ્રજાઓને હલાવી નાખીશ" એવા ઈશ્વરના વચનથી નવી આશા ઉત્પન્ન થાય છે.જ્યારે યહોવાનો દિવસ નજીક આવી રહયો હતો ત્યારે ઈશ્વર ઈસ્ત્રાએલને દોષમુકત ઠરાવશે અને વિદેશી પ્રજાઓને જીતી લેશે. વિદેશીઓનું નાણું અને માલમિલકત પણ મંદિરમાં લાવવામાં આવશે.

પ્રબોધક હાગ્ગાયને આ ઉત્તેજનનાં વચનો દ્વારા ગજબનો આત્મવિશ્વાસ મળે છે. ઈ.સ. પૂ. ૫૨૧ માં ઈરાનના શહેનશાહ દાર્યાવેશના રાજ્યમાં અને બીજી પ્રજાઓમાં બળવા થયા તે કાંઈ મહત્વની બીના ન હતી, પરંતુ મસીહનો જે યુગ આવી રહ્યો હતો તેની તે માત્ર પ્રસ્તાવના સમાન હતી. સમગ્ર સામ્રાજ્યમાં દેશોને ધ્રૂજાવવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. લોકો ફરિયાદો કરતા હતા અને પ્રગતિ કરવામાં જાણે ઢીલાશ લાગતી હતી, તેવા સમયે આવો ભવ્ય વિશ્વાસ અને ન ચળી શકે તેવી હિંમત જોવા મળે છે.

ત્રીજો સંદેશો ૨:૧૦-૧૯માં છે. તે એક આશાનો સંદેશો છે કે જો લોકો મંદિરને બાંધવા અગ્રતા આપશે તો ઈશ્વર બધા જ ભૌતિક આશીર્વાદો પણ આપશે. આ સંદેશો સમજાવવા હાગ્ગાય એક દ્રષ્ટાંતનો ઉપયોગ કરે છે. મંદિરમાંની સેવાનાં પાત્રો સીધા સંબંધમાં આવ્યા વગર આપોઆપ પવિત્ર થઈ જતાં નથી; પરંતુ મલિનતા પવિત્રાઈ કરતાં વધારે ચેપી છે. લોકો મંદિરના

ખંડેરોમાં અર્પણો ચઢાવતા હતા, કિન્તુ સાચા દિલથી નહિ. મંદિર પાસેના મૃત ખંડેરોથી તેઓ દૂષિત જેવા લાગતા હતા. આ પ્રમાણે હોવાથી ઈશ્વર તેમની અધકચરી સેવાથી સંતુષ્ટ ન હતા. ''આ લોકો'' કે ''આ પ્રજા'' શબ્દો સમરૂની લોકોને સંબોધીને હોય જેઓ યહૂદિયાના લોકોની સાથે મંદિરને ફરીથી બાંધવા મદદમાં આવ્યા હતા. કિન્તુ તેઓ મદદરૂપ થવાને બદલે વધુ મુશ્કેલીઓ ઊભી કરનાર નીકળ્યા (એઝ. ૪:૧-૫). હાગ્ગાય યહૂદીઓને ચેતવણી આપે છે કે તેઓ આ સમરૂનીઓ સાથે કોઈ સંબંધ રાખે નહિ કારણ કે ગરબડ અને મુશ્કેલીઓ ઊભી કરવાથી જે ઉમદા કાર્ય તેઓ કરી રહ્યા છે તે બગડી જશે.

ચોથો સંદેશો પુસ્તકના અંતમાં ઝરૂબ્બાબેલને ઈશ્વરના એક સેવક તરીકે રજૂ કરવામાં આવે છે તે બાબતનો છે. તેની હાજરી, વીંટીથી મુદ્રીત કરવાની સત્તા અધિકારયુક્ત નિશાની સમાનછે (કલમ ૨૩). ઝરૂબ્બાબેલ દાઉદના વંશનો હોવાથી દાઉદનું રાજ્ય પુનઃસ્થાપિત કરશે. હાગ્ગાય તેનામાં આવનાર મસીહ જે રાજા હશે તેમની નિશાની તરીકે જુએ છે (ઝખા ૬:૧૨). ગરીબ અને નાસીપાસ થયેલા લોકો માટે આ સાચે જ એક અજાયબ જેવો વિશ્વાસ અને આશાનો સંદેશ હતો.

## ઝખાર્યા

ઝખાર્યા અને હાગ્ગાય સમકાલીન હતા. તેઓ સાથે મળીને કામ કરતા હતા. ખાસ કરીને તેમનું કાર્ય ભક્તિ માટે મંદિરને ફરી બાંધવાનું અને લોકોનાં જીવનો આત્મિક રીતે ઉન્નતિ પામે તે હતું. ઝખાર્યાના સંદેશા ઈ.સ. પૂ. ૫૨૦ અને ૫૧૮ વચ્ચે ઉચ્ચારાયેલા હતા. તે યાજક કુળનો હોવાથી મંદિરને ફરીથી બાંધવામાં તેને ઊંડો રસ હતો. ઝખાર્યાનો અર્થ ''ઈશ્વરે જેને યાદ કર્યો તે'' થાય છે.

કેટલાક વિદ્વાનો એમ માનેછે કે પહેલા આઠ અધ્યાયો ઝખાર્યાએ લખેલા હોય, જ્યારે અધ્યાય ૯થી ૧૪ પાછળથી બીજા લેખકોએ લખ્યા હોય તેમ લાગે છે. આ માટે તેઓ આ કારણો આપે છેઃ ૧. આ અધ્યાય ૯-૧૪ની ભાષા અને રજુઆત બીજા ભાગો કરતાં જુદીછે. લખવાની ઢબ અને બનાવોનો સંગ્રહ પણ જુદો લાગે છે. ૨. ઐતિહાસિક પરિસ્થિતિ પણ બન્નેમાં જુદી લાગે છે. ૩. ઈશ્વરવિદ્યાને લગતા જે વિચારો રજૂ કરવામાં આવ્યા છે તે જુદા લાગેછે. પ્રથમ આઠ અધ્યાયોમાં મંદિરને ફરીથી બાંધવા અંગે અગ્રિમતા આપેલી છે. જ્યારે

અધ્યાય ૯થી ૧૪માં મંદિર અંગેનો કશો ઉલ્લેખ નથી. તેમાં મસીહ આવવાની જે આશા છે તે જણાવી છે. એટલે આ વિદ્વાનો માને છે કે પાછળના અધ્યાયો ચોથી અથવા ત્રીજી સદીના હોય.

## પુસ્તકનો વિષય

ઝખાર્યાને દાઉદના કુટુંબમાં જ રાજ્યકુળ સાચવી રાખવામાં ઊંડો રસ હતો. તે માનતો હતો કે દાઉદનો પુત્ર જ મસીહ અંગેની જે ભવિષ્યવાણીઓ કહેવામાં આવી છે તે પૂર્ણ કરી શકશે. તે ઉપરાંત તેણે ઝરૂબ્બાબેલને તે વંશ તરીકે પસંદ કર્યો. આનું કારણ કે યહૂદિયાનો જે છેલ્લો રાજા થઈ ગયો તેનો તે પૌત્ર હતો. હકીકતમાં પ્રબોધકની આ આશા પૂર્ણ ન થઈ; પરંતુ તે એક અગત્યની કડી તરીકે ઉપયોગી પાત્ર થયો. આ સમયે મંદિરને ફરી બાંધવામાં આવી રહ્યું હતું અને ઈસ્ત્રાએલી લોકોનો વિશ્વાસ પુનઃસ્થાપિત થયાં હતાં.

ઝખાર્યા યાજક ઉપરાંત પ્રબોધક પણ હતો. યાજકોને તે ઈશ્વરના હેતુઓ પૂર્ણ કરાવનાર તરીકે માનતો હતો. યાજક તરીકેની તેની લાંબી દૃષ્ટિ અને મંદિરનું પુનઃસ્થાપન કરવાની તમન્ના એકબીજા સાથે જોડાયેલા હતાં. આવનાર મસીહ જે અંકૂર કહેવાય છે તેમાં મંદિર એક અગત્યનો ભાગ ભજવે છે. નિયમિત ભક્તિ વગર કોઈ પણ સમાજ જીવી શકે નહિ. આથી અંકૂર--મસીહનો અધિકાર યહોવાની ભક્તિ સાથે સંકળાયેલ છે.

ઝખાર્યા બંદીવાસ પહેલાંના પ્રબોધકો તરફ જુએ છે (૧:૪; ૭:૭-૧૦, ૧૨) અને તેમની જેમ જ યહૂદિયામાં જે પાપો અને નૈતિક ભ્રષ્ટતા હતાં તેની ચિંતામાં તે પડે છે, અને અગાઉના પ્રબોધકો સાથે પોતાનો સૂર મીલાવે છે. જ્યારે આટલાં બધાં પાપો તેઓમાં પ્રવર્તતાં હોય તો કેવી રીતે ઈશ્વર તેમનો ઉધ્ધારનો સંદેશો પોતાના લોકો માટે અને તેઓની મારફતે અન્ય પ્રજાઓમાં પૂર્ણ કરે? (૩:૯ અને અધ્યાય ૫). વ્યક્તિગત રીતે પસ્તાવો કરવામાં આવે નહિ ત્યાં સુધી રાષ્ટ્રીય સ્તરે પસ્તાવો અને નવીનીકરણ આવે નહિ અને આખરે સાચા અર્થમાં મસીહનો યુગ પણ આવે નહિ. આ પુસ્તકમાંના મોટા ભાગના મસીહ અંગેના ભાગોનું બે રીતે અર્થઘટન થઈ શકે. તેના સમયમાં જે બનાવો બની રહ્યા હતા તેના સંદર્ભમાં અથવા તો થોડા સમયમાં બનવાના બનાવોના સંદર્ભમાં. તોપણ તેની સાથે એક ઊંડી છૂપાયેલી ખાતરી પણ છે કે જે અંકૂર આવનાર છે તે આ પૃથ્વી પર અભિષિક્ત પ્રભુ તરીકે રાજ્ય કરશે; જેમના જીવન અને સેવા દ્વારા ઈશ્વરના હેતુ પૂર્ણ થશે (૮:૧૮-૨૩).

ઝખાર્યાના સંદેશા દૂતો મારફતે આવતા હતા. એ રીતે તેની અગાઉ જે પ્રબોધકો આઠમી અને સાતમી સદીમાં થઈ ગયા તેમનાથી ઝખાર્યા જુદો પડે છે. બંદીવાસ પહેલાંના પ્રબોધકોને ઈશ્વર તરફથી સીધું પ્રકટીકરણ મળતું અને યહોવા પોતે જ તેનો અર્થ સમજાવતા. જ્યારે ઝખાર્યાને મળતા સંદેશા અને તેનું અર્થઘટન દૂતો મારફતે મળતું હતું. આની સાથે સંબંધિત વાતે તે ''વૈરી'' (૩:૧-૧૦), જેને ૧ કાળવૃત્તાંત ૨૧:૧માં ''શેતાન'' કહેવામાં આવ્યો છે તેને લાગુ પડે છે. પ્રથમ વખતે જ આવી જાતનું લાગુકરણ જોવા મળે છે. અયૂબના પુસ્તકમાં આ શેતાન કેવો વૈરી છે તે સ્પષ્ટ થાય છે. નવા કરારનાં લખાણોમાં શેતાનનો દુષ્ટ વૈરી તરીકેનો વિચાર વધારે સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યો છે.

પ્રથમ આઠ અધ્યાયોમાં ઝખાર્યા નવા યુગની વાત કરે છે જ્યારે ઝરૂબ્બાબેલ તથા યહોશુઆનો ઈશ્વર તરફથી મસીહનો યુગ લાવવા માટે અભિષેક કરવામાં આવેછે. આ પ્રમાણે રાજા અને યાજક દૈવી અભિષેક પામીને પ્રજાને આશીર્વાદ આપવામાં દોરવણી આપશે. વિદેશીઓ પણ આ આશીર્વાદના ભાગીદાર થશે (૮:૨૦-૨૩ અને યશા. ૪૨:૧૭; ૪૯:૬). તોપણ બીજા દેશો કરતાં યહૂદિયા વધારે સારી સ્થિતિમાં હશે. પ્રથમના ૬ અધ્યાયોમાં આઠ દર્શનો વિષે કહેવામાં આવ્યું છે.

## અધ્યાય ૧

કલમ ૧-૬ પુસ્તક લખવાનું પ્રયોજન બતાવે છે. ઈસ્ત્રાએલી લોકોના પૂર્વજોએ જૂના સમયના પ્રબોધકોનું સાંભળ્યું ન હતું. તેમના પાપોને કારણે તેમને શિક્ષા ભોગવવી પડી હતી. તેઓની ભૂલોમાંથી યહોવા આ નવી પેઢીને શીખવવા માગતા હતા.

ઝખાર્યાનું પહેલું દર્શન કલમ ૮થી૧૭માં નોધાયેલું જોવા મળે છે. દૂતો તેને બતાવે છે કે યહોવાને પોતાના લોકોના ભલાનો ખ્યાલ છે. યહૂદિયાનાં નગરો થોડા સમયમાં જ વધુ આબાદ થઈ જશે (કલમ ૧૭). વળી તેઓની મધ્યે ફરીથી બંધાયેલું મંદિર પણ હશે.

બીજું દર્શન કલમ ૧૮થી ૨૧માં આવે છે. તેમાં શિંગડાં તથા લુહારનું ચિત્ર જોવા મળે છે. યહૂદિયા દુશ્મનો વચ્ચે રહેતું હતું. જૂના કરારનાં ઘણાં પુસ્તકોમાં શિંગડાં શકિતના પ્રતીક તરીકે જોવા મળે છે. શિંગડાંની સંખ્યા ચાર છે, કદાચ યહુદિયાની ચારેય બાજુએ દુશ્મનો છે તે તે દર્શાવતું હોય. યહોવાએ

પોતાના જ પ્રતિનિધિઓ યહૂદિયાના દુશ્મનોને હરાવવા પૂરા પાડ્યા. આથી લોકોને ચોક્કસ ખાતરી થાય છે કે યહોવા તેમના માટે ચિંતા રાખે છે.

## અધ્યાય ૨

ત્રીજું દર્શન એક જુવાન માણસનું છે, જે માપવાની દોરી લઈને ઊભો છે. આ જુવાન યરુશાલેમ શહેરની ચારે બાજુ દિવાલ બાંધવાની આશા રાખે છે, જેથી નગરનું રક્ષણ થાય. પરંતુ ઈશ્વરની તે ઇચ્છા ન હતી. ઈશ્વરની તો મરજી હતી કે શહેરના કોટને પાડી નાખવામાં આવે જેથી તેમાં બધાંનો સમાવેશ કરવા ખુલ્લી જગા થાય અને શહેરનો વિસ્તાર વધે જેમાં બીજી પ્રજાઓ પણ ઈશ્વરની ઇચ્છા પ્રમાણે આવે અને યહૂદી પ્રજા સાથે જોડાય (કલમ ૧૧). ઈશ્વર પોતે તેની આસપાસ અગ્નિના કોટરૂપ થશે (કલમ ૫). ઝખાર્યા ઈસ્રાએલની તાકાત તેમના નૈતિક અને ધાર્મિક જીવનમાં જુએ છે; નહિ કે તેમના લશ્કરી બળમાં. તે ઉપરાંત યહોવાનો મહિમા ચાંદી કે સોનામાં નહિ પરંતુ મંદિરમાં તેમની પોતાની હાજરીમાં છે તેમ ઝખાર્યા જુએ છે.

## અધ્યાય ૩

ચોથું દર્શન જેમાં શેતાન, જે ઈશ્વરના લોકો પર આરોપ મૂકનાર છે તે, પ્રમુખ યાજક યહોશુઆની મશ્કરી કરે છે કારણ યહોશુઆ લોકોનાં પાપ તથા નબળાઈ ઊઘાડી કરવામાં આનંદ માનતો હતો. આથી ઈશ્વર શેતાનને તેના આ કૃત્ય માટે ગંભીર ઠપકો આપે છે. યહોશુઆનાં ગંદા કપડાં રાષ્ટ્રીય સ્તરે લોકોનાં જે પાપો છે તેની નિશાનીરૂપ છે. આ કપડાંની જગાએ મોંઘા અને ચોખ્ખાં કપડાં પહેરાવવામાં આવે છે, જે દર્શાવે છે કે તેમનાં પાપો માફ કરવામાં આવ્યાં છે. યહોશુઆ સામે એક પડકાર હતો કે તેણે તેના યાજક તરીકેના કાર્યને વફાદાર રહેવાનું હતું. જો તે સાચા માર્ગે જશે તો યહોવા તેને મંદિર ઉપર પૂરી સત્તા આપશે. એઝરાના ચોથા અધ્યાયમાં જોઈએ છીએ કે જે વૈરી હતો તે યહોવાના મંદિરમાં સેવા કરતાં અટકાવવા પ્રયત્ન કરે છે.

જૂના કરાર તથા નવા કરારમાં આપણે ઘણા એવા ફકરા જોઈએ છીએ જેમાં લુગડાંને માણસની આંતરિક સ્થિતિની નિશાની તરીકે રજૂ કરવામાં આવે છે. ઉડાઉ દીકરાની વાર્તામાં જ્યારે તે પસ્તાવા સહિત પાછો આવે છે ત્યારે તેને નવાં અને મોંઘા કપડાં પહેરાવવામાં આવે છે (લુક. ૧૫:૨૨). પાઉલ પ્રેરિત પ્રભુ ઈસુ ખ્રિસ્તને પહેરી લેવા જણાવે છે (રોમ. ૧૩:૧૪). તે ઉપરાંત ગલાતી

૩:૨૭, એફેસી ૪:૨૪, કલોસી ૩:૧૦ અને ૧૨માં નવું માણસપણું પહેરી લેવા કહેવામાં આવ્યું છે.

અંકૂર:એ ચોક્કસ છે કે અંકૂર મારફતે ઝખાર્યા હાકેમ ઝરૂબ્બાબેલનો ઉલ્લેખ કરે છે. આ શબ્દપ્રયોગ યર્મિયા ૨૩:૫અને યશાયા ૧૧:૧માં કરવામાં આવ્યો છે.

ઝખાર્યા યહોશુઆને મેલાં વસ્ત્રોમાં જુએછે. એ શક્યછે કે યરુશાલેમના લોકોને યહોશુઆ માટે સારું માન નહિ હોય. કદાચ તેઓને એમ લાગ્યું હશે કે તે બંદીવાસ દરમિયાન બેબિલોનવાસીઓના સંપર્કમાં આવ્યો હશે. આથી તે દૂષિત થયો હશે અને આ કારણે પ્રમુક યાજક થવા માટે તે લાયક નથી ;જ્યાં સુધી તે પોતાને શુધ્ધ કરી દૂષિતપણું દૂર કરે (યશા. ૫૧:૧૧).

## અધ્યાય ૪

પાંચમું દર્શન સાત દીવા જેની ટોચે સાત સાત નળીઓ અને બે જૈતવૃક્ષો છે તેવું ચિત્ર આ દર્શનમાં જોવા મળે છે. દીવી જાણે યહોવાની એક આંખ હોય તે પ્રમાણે દૂતે અર્થઘટન કર્યુ; અને આ દૈવી આંખ તેમના લોકોનું સતત રક્ષણ કરે છે. જે બે જૈતવૃક્ષો છે તે યહોવા એ અભિષિકત કરેલા બે આગેવાનો છે. શક્યછે કે તેઓ પ્રમુખ યાજક યહોશુઆ અને હાકેમ ઝરૂબ્બાબેલ હોય. આવું જ ચિત્ર આપણને પ્રકટીકરણ ૧૧:૪માં જોવા મળે છે.કલમ ૬ "પરાક્રમથી નહિ, તેમ બળથી પણ નહિ, પણ મારા આત્માથી એવું સૈન્યોના ઈશ્વર યહોવા કહેછે" આ વાક્ય ખ્રિસ્તીઓમાં ઘણીવાર બોલાતું આપણે સાંભળીએ છીએ.

## અધ્યાય ૫

છઠ્ઠું દર્શન : કલમ ૧ થી ૪માં એક મોટું ઊડતું ઓળિયું યહૂદિયાના પ્રદેશમાં પડતું આપણે જોઈએ છીએ. તે સીધે સીધું જૂઠા સોગન ખાનાર ગુનેગાર, અપ્રામાણિકતા આચરનાર, જૂઠું બોલનાર વગેરે પર પડેછે. આ ઓળિયું ઈશ્વરના શાપ તરીકે જે લોકો એવાં પાપો તેમના સાથીદારો સામે કરવાનું ચાલુ રાખે છે, તેમના પર પડવાની નિશાનીરૂપ છે.

સાતમું દર્શન : એક સ્ત્રી જે એફાહ અથવા મોટા ટોપલા જેવા સાધનમાં બેઠેલી જોવામાં આવે છે. તે દુષ્ટતાનું પ્રતીકછે. તે પોતાના લોકોમાં નાશી જવા પ્રયત્ન કરેછે, પરંતુ દૂત ટોપલાનું ઢાંકણું તેના પર નાખેછે, અને તેને શિનઆર

પ્રદેશ જે બેબિલોન પણ કહેવામાં આવે છે ત્યાં લઇ જવામાં આવે છે. ઝખાર્યા આ એક અગત્યનો ખ્યાલ રજૂ કરે છે કે લોકોનાં દરેક પાપનો નાશ થવો જ જોઇએ. પાપીનો નાશ કરવાનો નથી, પરંતુ જે પાપ તેઓ કરે છે તેનો નાશ કરવાનો છે. પાપ જ ખરો દુશ્મન છે. તેને ખતમ કરવો જ રહ્યો. ઝખાર્યા આ જ બાબત બીજા ફકરાઓમાં પણ ભારપૂર્વક જણાવે છે (૭:૯, ૧૦; ૮:૧૬,૧૭).

## અધ્યાય ૬

આઠમું દર્શન : અહીં જે યહૂદીઓ બંદીવાસમાંથી યહૂદિયામાં પાછા વળેલા છે તેમના એકલાનું જ ચિત્ર નથી, કિન્તુ જે રથો અને ઘોડાઓ ચારે દિશા એટલે ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમમાં આગળ જઇ રહ્યા છે તેનું ચિત્ર છે. હવે તે સ્પષ્ટ છે કે યહોવા આખી પૃથ્વી પર રાજ કરવાની અને દરેક દેશ તેમના સંપર્કમાં રહે એવી ઇચ્છા રાખે છે. ઘોડા અને રથો જ્યારે ઉત્તર તરફ જઇ રહ્યા છે ત્યારે તે જાહેર કરે છે કે હવે તેમના આત્માને શાંતિ છે. યહોવાનો ક્રોધ હવે લોકો પર રહ્યો નથી. તેમની ઇચ્છા છે કે લોકો તેમના વતન યહૂદિયામાં પાછા આવે અને મંદિરના ફરીથી બાંધવાના કાર્યમાં મદદ કરે (કલમ૮, ૧૫).

કલમ ૯ થી ૧૪માં કેટલાક જેઓ બેબિલોનમાંથી ચાંદી અને સોનું લઇને આવ્યા હતા તેની નોંધ છે. ઝખાર્યા હવે એ જુએ છે કે મુગટ બનાવવાનો અને રાજાને પહેરાવવાનો સમય આવી પહોંચ્યો છે.

## અધ્યાય ૭

સમરૂનમાંથી પ્રતિનિધિમંડળો આવે છે. સમરૂનમાં જૂનું ઇસ્ત્રાએલ રાજ્ય હજુ પણ થોડું બાકી રહ્યું હતું. આ લોકોએ બીજી પ્રજાઓ સાથે આંતરલગ્નો કર્યા હતાં તેને કારણે યહૂદીપ્રજા સાથેના સંબંધો અને ભક્તિ તેઓએ ગુમાવી હતી. હવે તેઓએ તપાસ કરી કે શું ઉપવાસ કરવાના અને શોક અંગેના ઉત્સવો જે તેઓ યરુશાલેમના નાશના દિવસની યાદમાં ઉજવતા હતા તે ઉજવવાનું ચાલુ રાખવું કે નહિ. શક્ય છે કે આ તપાસ પાછળ તેમનો આશય તદ્દન નિર્દોષ ન હોય. એઝરાના પુસ્તકમાં આપણે જોઇએ છીએ કે સમરૂનીઓએ મંદિર બાંધવાની પ્રવૃત્તિ અટકાવવા પ્રયત્ન કર્યો હતો. ઝખાર્યાએ તેઓને તથા તેની વાત સાંભળનાર અન્ય લોકોને કહ્યું કે એવા ઉપવાસનો કશો જ આત્મિક અર્થ નથી. તેના કરતાં મહત્વનું એ છે કે એવું જીવન જીવો જેમાં માયાળુપણું, ન્યાય અને એકબીજા સાથેના સંબંધો મજબૂત બને. જ્યારે તેઓ ન્યાયી જીવન જીવતા નથી, ત્યારે તેઓ પોતા પર ઈશ્વરનો ક્રોધ વહોરી લે છે.

## અધ્યાય ૮

ઝખાર્યા શાંતિ, પ્રગતિ અને સંતોષનું ચિત્ર આપણી આગળ ખડું કરેછે. હાગ્ગાય પ્રબોધકના પુસ્તકમાં આપણે હાગ્ગાય અને ઝખાર્યાના સમયગાળામાં જે દુ:ખો લોકોને ભોગવવાં પડ્યાં હતાં તે વિષે વાંચ્યું. નિરાશ થયેલા બંદીવાસીઓ યહૂદિયામાં પાછા આવ્યા હતા. તેમને ઘણી ઓછી ફસલ, બીનઉત્સાહ, માંહોમાંહેનો વિખવાદ અને પાડોશી જાતિઓ તરફથી સતાવણી સહન કરવાં પડ્યાં હતાં. પરંતુ ઝખાર્યા હવે લોકોને અજાયબ જેવું વચન આપેછે કે જે દુ:ખો તેઓ ભોગવી રહ્યા છે તે થોડા સમયમાં હર્ષમાં ફેરવાઇ જશે. યરુશાલેમ એવું શહેર થશે જ્યાં બાળકો ગલીઓમાં આનંદથી રમશે. વધુ બંદીવાસીઓ પાછા આવશે અને તેઓ દેશને ફરીથી પુન:સ્થાપિત કરવામાં મદદ કરશે. અઢળક ફસલ થશે. વળી એવો મોટો ફરફાર આવશે કે યહૂદિયા લોકોની ઠઠ્ઠામશ્કરીનું પાત્ર નહિ રહે પણ તે એક આનંદનું કેન્દ્ર બનશે, જ્યાં અન્ય પ્રજાઓ પણ આવશે અને યહૂદિઓની સાથે ભકિત કરશે. ઈશ્વરના રાજ્યની સર્વવ્યાપકતાનો વિચાર આમાં વ્યક્ત થયો છે.

## અધ્યાય ૯ થી ૧૪

આગળ જણાવેલું તેમ આ અધ્યાયો આ પુસ્તકના પ્રથમ આઠ અધ્યાયો કરતાં તદ્દન જુદાછે. લખવાની ઢબમાં, શબ્દપસંદગીમાં, બનાવોની રજુઆતમાં જુદાપણું જોવા મળે છે આ બન્ને ભાગ ઝખાર્યા પ્રબોધકે જ લખેલા છે.

આ અધ્યાયોનો ટૂંક સારાંશ આ પ્રમાણે રજૂ કરી શકાય :

૧. આવનાર મસીહ, શાંતિના સરદાર જેમનું સામ્રાજ્ય એક સમુદ્રથી બીજા સમુદ્ર સુધી હશે.

૨. તરછોડાયેલો ઘેટાંપાળક અને માનવી દુરાગ્રહ.

૩. પસ્તાવિક અને પુન:સ્થાપિત લોકો.

૪. ઈશ્વરની સર્વોપરીતા

## અધ્યાય ૯

જો કે બીજાં રાજ્યોની હાર થશે, તોપણ યહોવા એ જોશે કે તેમના લોકો અને મંદિર સુરક્ષિત રહેશે. પલિસ્તી લોકોમાં અર્પણ કરેલું માંસ રક્ત સાથે

ખાવાનો રિવાજ હતો. આ અશુધ્ધ અને વિધર્મી રિવાજ ગણાતો હતો. હવે, તેઓ પણ યહૂદિયાની સાથે યહોવાની ભક્તિમાં જોડાશે. કલમ ૭માં યબૂસીઓ એટલે યરુશાલેમના રહેવાસીઓ.

કલમ ૧૫માં ભારે લડાઇનું જે દૃશ્ય આવે છે તે શાંતિના સરદારના ચિત્ર સાથે સુસંગત લાગતું નથી. ફરીથી દૃશ્ય બદલાય છે જેમાં શાંતિ આનંદ સાથે પલિસ્તીઓને યહૂદી સમાજમાં સમાવવામાં આવે છે.

એક અભિષિક્ત રાજા ગધેડા પર બેસી યરુશાલેમમાં આવે છે તે ભવિષ્યવાણી પ્રભુ ઈસુમાં પૂરી થાયછે, જ્યારે પ્રભુ ઇસુ યરુશાલેમમાં વિજયવંત પ્રવેશ કરે છે (માથ ૨૧:૪, ૫)

## અધ્યાય ૧૦

લોકો ઘેટાંપાળક વગરનાં ઘેટાં જેવા છે. ભરોસાપાત્ર પાળકો ન મળવાથી લોકો શુકન જોનારાઓ અને જાદુવિદ્યા કરનારા, ખાસ કરીને તેમની ખેતી માટે વરસાદ લાવનારની શોધમાં ફરે છે (કલમ ૧, ૨). પ્રબોધક તેમને જણાવે છે કે તેઓ યહોવાને શોધે, જે વરસાદના પણ પ્રભુ છે. ઝખાર્યા યહોવાને સૈન્યના સરદાર તરીકે રજૂ કરે છે, જે લોકોને લડાઇમાં દોરી જાય છે અને દુશ્મનોને હરાવવામાં આવે છે. વિખરાઇ ગયેલા યહૂદીઓ વિશ્વભરમાંથી અને ઈજિપ્ત એટલે દૂર દૂરના પ્રદેશોમાંથી પાછા આવશે.

## અધ્યાય ૧૧

પ્રબોધક જણાવેછે કે વિશ્વના મહાન જુલમગારોની પડતી થશે જ. કલમ ત્રણમાં જે પાળકો વિષેનો ઉલ્લેખ છે તેઓ આ દેશોના આગેવાનો હતા.

જે પાળકોનો ઉલ્લેખ અધ્યાય ૧૧માં છે (૧૧:૪-૧૭) તેમનો ફરીથી ૧૩:૭-૯માં પણ ઉલ્લેખછે. આ ભાગો સમજવામાં જરા અઘરા છે. એમ લાગે છે કે લોકોના પાળકોએ તેમની સાથે, જેમ ઘેટાંની ખરીદીમાં અથવા વેચવામાં કરવામાં આવે એવો દયા વગરનો વ્યવહાર કરેલોછે. આથી ઝખાર્યાને તેઓના પાળક થવા કહેવામાં આવે છે. તેણે આ જવાબદારી સ્વીકારી ને પોતાની સાથે બે લાકડીઓ લીધી. તેમાંથી એકનું નામ કરુણા અને બીજીનું નામ એકતા પાડ્યું. ઈસ્ત્રાએલ પર ચઢાઇ થતાં આ ઈશ્વરીકૃપા તેમનું રક્ષણ કરશે તેનું પ્રતીક છે. કિન્તુ ઘેટાંના ટોળાએ આ નવા પાળકને માન્ય ન રાખ્યો. આથી પાળકે પણ

તેમને તજી દીધા, લાકડીઓ ભાંગી નાખી અને તેના વેતનની માગણી કરી. તેને રૂપિયા ત્રીસની રકમ વેતન તરીકે આપવામાં આવી, જે ઘણી ઓછી હતી. તેટલા રૂપિયા તો એક ગુલામની કિંમત ગણાતી હતી. ઝખાર્યાએ તે પૈસા મંદિરમાં ફેંકી દીધા. આનું એવું અર્થઘટન થઇ શકે કે યહોવાના પ્રતિનિધિ તરીકે ઝખાર્યાનું અપમાન કરવામાં આવ્યું.

ઝખાર્યા નકામા પાળક વિષે જણાવેછે, જે ઘેટાંની સંભાળ રાખતો નથી. આ પાળક અથવા લોકોના આગેવાનનો નાશ કરવામાં આવશે અને ટોળું વિખરાઇ જશે. તેમાંના બે તૃતિયાંશ નાશ પામશે અને એક તૃતિયાંશ શેષ તરીકે બાકી રહેશે.

ઇતિહાસ જોતાં માલૂમ પડે છે કે ઇસ્ત્રાએલમાં ઘણાં અવિશ્વાસુ પાળકો હતા. તે પછી એક મહાન ઘેટાંપાળક આવ્યા, જેમણે ઘેટાંના માટે પોતાનો જીવ આપ્યો (યોહાન. ૧૦:૧૫). તોપણ તેમને પોતાના જ લોકોએ ધિક્કાર્યા અને તજી દીધા અને એક ગુલામની જે કિંમત હોય તેટલાં નાણાંમાં વેચ્યા (માથ્થી. ૨૬:૧૫) તથા ખીલા મારી વધસ્તંભે જડાવ્યા. આ ફકરો સાચેજ ભવિષ્યવાણી છે, જેમાં ઘેટાંના મહા ઘેટાંપાળક પ્રભુ ઇસુ ખ્રિસ્તને દર્શાવવામાં આવ્યા છે.

## અધ્યાય ૧૨

યરુશાલેમ શહેર સહીસલામત અને અજયછે, કારણ કે યહોવા પોતે જ રક્ષણ માટે તેના પક્ષમાં છે.

કલમ ૧૦થી ૧૪માં એક ધર્મજાગૃતિ વિષે જોઇએ છીએ, જેમાં અફસોસ અને પસ્તાવો માલૂમ પડે છે, કારણ કે યહોવાના કોઇ ઉમદા પ્રતિનિધિનું ખૂન કરવામાં આવ્યું છે. અગાઉના અધ્યાયમાં જે ભલા ઘેટાંપાળકને તરછોડવામાં આવ્યા હતા તેના સંબંધમાં તે હોય. પ્રભુ ઈસુ ખ્રિસ્તના વધસ્થંભ પરના મૃત્યુના સચોટ વર્ણનના અર્થમાં ખ્રિસ્તી મંડળીએ આ ફકરો સમજાવ્યો છે.

## અધ્યાય ૧૩

પાપને ધોવા માટે યરુશાલેમમાં એક ઝરો ઉઘાડવામાં આવશે. પાપ તેના સઘળા ડાઘ સાથે સાફ કરવામાં આવશે. જૂઠ્ઠી ભવિષ્યવાણીનો તિરસ્કાર કરવામાં

આવશે. હકીકતમાં બધી ભવિષ્યવાણી બંધ થઇ જશે. આથી જણાય છે કે ભવિષ્યવાણીનો જમાનો હવે પૂરો થઇ ગયો છે. યહોવાના અભિષિકત ઘેટાંપાળકને જે નુકશાન પહોંચાડવામાં આવ્યું હતું તે યશાયા ૫૩માં "સહન કરનાર સેવક" ની યાદ કરાવે છે. પ્રભુ ઇસુએ પણ આ અંગે માથ્થી ૨૬;૩૧માં કહ્યું છે. ઘેટાંપાળકના મૃત્યુ બાદ જેઓ તેમને અનુસરે છે તેઓની સતાવણી થશે. ખ્રિસ્તને અનુસરનારાઓ ઘણા ઓછા હશે.

## અધ્યાય ૧૪

આ અધ્યાયમાં યરુશાલેમ શહેરને જીતી લેવામાં આવે છે તે વિષે જણાવ્યું છે કે ઈશ્વરનું રાજ્ય સ્થાપિત કરવામાં આવશે તેનું વર્ણનછે. તે ઉપરાંત કુદરતના નિયમોમાં પણ ફેરફાર થશે. ત્યાં દિવસ કે રાત, ઠંડી કે ધૂમ્મસ હશે નહિ. આખી પૃથ્વી પરની સર્વ પ્રજાઓ યહોવાને જ એક ઈશ્વર અને રાજા તરીકે ઓળખશે.

# પ્રકરણ ૧૩ : યોએલ

પ્રબોધક યોએલ વિષે આપણે ઘણું ઓછું જાણીએ છીએ, સિવાય કે તે યહૂદિયામાં રહેતો હતો. તેનું રહેઠાણ યરુશાલેમમાં કે તેની નજીકમાં કદાચ હોય. આ પુસ્તક ક્યારે લખાયું તે બાબતમાં પણ સ્પષ્ટ જણાતું નથી; પણ મોટાભાગના વિદ્વાનો તેને બંદીવાસ પછીનું, કદાચ ઈ.સ.પૂ.૪૦૦માં લખાયું હોય તેમ માને છે. તેમાં બીજા પ્રબોધકો જેવા કે યશાયા, હઝકિયેલ, નાહૂમ, આમોસ અને ઓબાદ્યાનાં ઘણાં અવતરણો જોવા મળે છે. આશ્શૂરીઓ અને બેબિલોનવાસીઓ વિષે તેમાં કશી નોંધ નથી, પરંતુ લેખક ગ્રીક અને ઈજિપ્તના લોકો વિષે લખે છે. તેના સમયમાં મંદિર ફરીથી બંધાયેલું હોવાથી નિયમિત ભક્તિ થતી હતી અને યરુશાલેમની દિવાલો પણ ફરીથી બાંધવામાં આવી હતી.

## ઐતિહાસિક સંદર્ભ

તીડોની એક મોટી ભયંકર મરકી આવી હતી. તેઓએ ખેતરો, પાક , ઝાડો અને લીલાં મેદાનોનો નાશ કર્યો હતો. તેના પછી સખત ગરમી અને દુકાળ આવેલો. માણસો અને પશુઓ માટે ઘણો જ ઓછો ખોરાક હતો. વળી મંદિરમાં અર્પણ ચઢાવવા માંસ પણ હતું નહિ.

## અધ્યાય ૧

તીડોની ભયંકર મરકી અને તેનાં ભયંકર પરિણામોનું આમાં બહુ જ ચિત્રાત્મક શબ્દોમાં વર્ણનછે. લોકોને યાદ કરાવવામાં આવેછે કે આ મહાવિપત્તી ઈશ્વરનું કાર્ય છે અને આ સમય કેવળ પસ્તાવો તથા રૂદન કરવાનો છે, જેમાં યાજકોએ આગેવાની આપવાનીછે. આમોસ જણાવેછે તેમ યોએલ કોઈ ચોક્કસ પાપો વિષે જણાવતો નથી. પરંતુ તે જાહેર કરેછે કે લોકોનાં પાપોને કારણે તાટ વીંટીને વિલાપ કરવો જરૂરી છે. જૂના કરારના બીજા પ્રબોધકોની જેમ તે પણ માનતો હતો કે દુઃખ, મરકી, દુકાળ ઈશ્વર તરફથી પાપોની શિક્ષા તરીકે આવે છે.

## અધ્યાય ૨

પ્રબોધકને એ બીક છે કે ફરીથી તીડોની મરકી આવશે અને ટાળવાનો એક જ ઉપાય કે લોકો સાચા દિલથી પસ્તાવો, ઉપવાસ અને રૂદન કરે. તીડોની

મરકીનું આબેહુબ વર્ણન છે. તીડો આવીને દિવાલો તથા ઘરોમાં ઘૂસી જાય છે અને ખેતરો તેમ જ તેમના માર્ગમાં જે કાંઇ આવે તે સર્વ સફાચટ કરી નાખે છે. તેઓ એટલી મોટી સંખ્યામાં આવે છે કે તેઓના લીધે અંધકાર છવાઇ જાય છે. ફક્ત પસ્તાવો કરવાથી જ ઈશ્વરની કૃપા ફરી પ્રાપ્ત કરી શકાય. યહોવા તો પુષ્કળ પ્રમાણમાં ખોરાક, અનાજ અને ફળો આપવાનું વચન આપેછે. યહોવાની કૃપા ફરીથી મળવાથી લોકો આભારી હૃદય ધરાવે છે (કલમ ૨૬). લોકોમાં વિશ્વાસ અને ઈશ્વર માટે આભારીભાવ વધતાં ઈશ્વરનો આત્મા તેઓમાં આવે અને તેઓ પવિત્ર આત્માથી ભરપૂર થાય તે માટેનો માર્ગ ખુલ્લો થાય છે.

૨૮ અને ૨૯ કલમોમાં જે બાબતો આવે છે એ જ પ્રેરિત પિતર પચાસમાના દિવસે જ્યારે આ ભવિષયવાણી પૂરી થાય છે ત્યારે જણાવે છે. યોએલના દર્શનમાં પવિત્ર આત્માનું ભરપૂરીપણું ફક્ત યહૂદીઓ પૂરતું મર્યાદિત હતું અને વિદેશીઓ માટે નહિ. આગળ જતાં તે કહે છે, "જે કોઇ યહોવાને નામે વિનંતી કરશે તે તારણ પામશે" (કલમ ૩૨). યહોવાનો આત્મા માણસો પર ઉતરી આવશે તેવું વચન બીજા પ્રબોધકોમાં પણ જોવા મળે છે (યશા. ૩૨:૧૫, ૪૪:૩, હઝ. ૩૯:૨૯).

તેના સમયના બીજા પ્રબોધકોની માફક યોએલ રાષ્ટ્રીય ભાવનાવાળો હતો. તેની દૃષ્ટિમાં બીજા દેશોના વિદેશીઓ માટે ભયંકર એવો ન્યાય એ સિવાય બીજું કશું હશે નહિ. યોએલને મન ઉધ્ધાર ફક્ત યરુશાલેમ પૂરતો કેન્દ્રીત હતો. યહોવાનો દિવસ ન્યાય લાવશે. રક્ત, આગ, ધૂમાડાના ગોટેગોટા, સૂર્યનું અંધકારમય થઇ જવું અને ચંદ્રનું લોહીરૂપ થઇ જવું તે યુગના અંતના સામાન્ય ચિહ્નો હતાં. ઈસુ ખ્રિસ્તે પણ માર્ક ૧૩;૭, ૮, ૨૪માં આવીજ વાત કરી અને પ્રકટીકરણ ૬;૧૨માં આ વાત ફરીથી જોવા મળે છે. એ નોંધવા જેવી બાબતછે કે જ્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્તને વધસ્તંભે જડાવવામાં આવ્યા ત્યારે સૂર્ય અંધકારરૂપ થઇ ગયો હતો. આ રીતે જે ભવિષ્યવાણીઓ ભાખવામાં આવી હતી તે સાચા અર્થમાં પૂરી થઇ હતી.

## અધ્યાય ૩

વિદેશીઓને ન્યાય માટે યરુશાલેમમાં લાવવામાં આવશે. આવો જ વિચાર યશાયા, સફાન્યા, હઝકિયેલ, માથ્થી અને પ્રકટીકરણમાં જોવા મળે છે. બધા દેશોની આ સભામાં ઈશ્વર માણસો માટેનો તેમનો નિર્ણય ન્યાયચૂકાદાની ખીણમાં લે છે (૩:૧૪).

કલમ ૧૦માં આવી જ બાબતોનું પુનરાવર્તન જોવા મળે છે, "તમારા હળની કોશોને ટીપીને તરવારો બનાવો, ને તમારાં દાતરડાંના ભાલા બનાવો". યશાયા તથા મીખાહમાં પણ આ વાત આવે છે સિવાય કે યશાયા ૨:૨-૪ અને મીખાહ ૪:૩માં આથી એકદમ ઉલટી વાત છે કે "તેઓ પોતાની તરવારોને ટીપીને કોશો અને પોતાના ભાલાઓનાં ધારિયાં બનાવશે". ઈશ્વરના ન્યાયચૂકાદા પછી યરુશાલેમ યહોવાના આશીર્વાદથી શુદ્ધ કરાયેલું કેન્દ્ર બનશે. ઈશ્વર તેઓની મધ્યે રહેશે અને તેઓ સારી વસ્તુઓ ભરપૂર પ્રમાણમાં ભોગવશે અને આખરે ભૂંડાઇ ઉપર યહોવાનો વિજય થશે.

# પ્રકરણ ૧૪ : યૂના

યૂના નામ જૂના કરારમાં ફક્ત બીજી એક જગાએ જોવા મળે છે અને તે છે ૨ રાજા ૧૪:૨૫માં, જ્યાં તેને અમિત્તાયના દીકરા તરીકે ઓળખવામાં આવ્યોછે. આ યૂના રાજા યરોબઆમના સમયમાં ઈસ્ત્રાએલના ઉત્તરના રાજ્યમાં પ્રબોધક હતો. ઈ.સ. પૂ. ૮મી સદીની આ વાત છે. આ પુસ્તક જેના નામ પર લખવામાં આવ્યું છે તે એ જ યૂના છે કે બીજો તે ચોક્કસ નથી. જો તે એક જ વ્યક્તિ હોય તો એ સ્પષ્ટ છે કે આ પુસ્તક ઈ.સ. પૂ. આઠમી સદીના પાછળના ભાગમાં લખાયેલું હોવું જોઈએ.

કેટલાક ઉદારમતવાદી વિદ્વાનો એમ માનેછે કે આ પુસ્તકમાં ઐતિહાસિક ઘટનાનું વર્ણન નથી, પણ તે ઉદાહરણ તરીકે વાર્તાના રૂપમાં લખવામાં આવ્યું છે અને આ વાર્તા ઈશ્વરવિદ્યાનો પાઠ શીખવા આપણને આપવામાં આવી છે. પરંતુ ઉપર નોંધ્યું તેમ રાજાઓના ઐતિહાસિક વૃત્તાંતમાં તેના લેખકનો ઉલ્લેખ છે અને પાછળથી ઈસુ ખ્રિસ્તે પણ તેનો એક ઐતિહાસિક બનાવ તરીકે ઉલ્લેખ કરેલો જોવા મળે છે (માથ્થી. ૧૨:૩૯-૪૨; લૂક ૧૧:૨૯-૩૨).

યૂનાનું પુસ્તક શીખવે છે કે યહૂદિયાના લોકો ઈશ્વરના વચનના સંરક્ષક હતા. ઈશ્વરે પોતાના લોકોને આશીર્વાદ આપવાનું વચન આપ્યું હતું, અને તેઓ સાથે અનંતકાલિક કરાર કર્યો હતો. કિન્તુ આ આશીર્વાદનું વચન અને ઉધ્ધારનો સંદેશો વિશ્વની બીજી પ્રજાઓને પણ પહોંચવો જ જોઈએ. ફક્ત યહૂદીઓ એકલા જ ઈશ્વરની આ કૃપાના મેળવનાર ન હોવા જોઈએ. ઈશ્વરનો પ્રેમ તો સર્વ માટે સરખો છે. જે કોઈ તેમને પ્રભુ તરીકે સ્વીકારી પોતાનાં પાપોનો પસ્તાવો કરી બીજા દેવોને તજી દે છે, તેઓ ઈશ્વરની કૃપા, માફી અને ઉદ્ધાર મેળવવા લાયક બને છે.

દુઃખની વાતછે કે યૂના પોતે આ પાઠ શીખ્યો ન હતો. ઈશ્વરે જ્યારે તેને નિનવેહ જવા તેડું આપ્યું ત્યારે તે તેમનાથી નાસી જાય છે અને સ્પેન દેશમાં આવેલ તાર્શીશ બંદરે જવા એક વહાણમાં ચઢી જાય છે. હકીકતમાં તે ઈશ્વરની હંજૂરમાંથી નાસી જઈ શકે તેમ ન હતું, કારણ કે ઈશ્વર વહાણમાં તેનો પીછો પકડે છે અને સમુદ્રમાં મોટું તોફાન મોકલે છે. યૂનાને ખ્યાલ આવી ગયો કે આ તો ઈશ્વરનું કૃત્ય છે અને ઈશ્વરથી તે નાસી જઈ રહ્યો છે એવું તે કબૂલ કરે છે. આ કારણે તે ખલાસીઓને વિનંતી કરે છે કે તેને સમુદ્રના તોફાની પાણીમાં ફેંકી દેવામાં આવે. જ્યારે તેને ફેંકી દેવામાં આવે છે ત્યારે એક મોટી માછલી તેને

ગળી જાય છે. તે બાદ સમુદ્રનું તોફાન બંધ થાય છે. ત્રણ દિવસ માછલીના પેટમાં રહ્યા પછી ઈશ્વર તેનો બચાવ કરે છે અને માછલી યૂનાને કોરી જમીન પર બહાર કાઢી નાખે છે.

ફરીથી યહોવાનું વચન તેની પાસે આવે છે અને તેને નિનવેહ જવા કહે છે. આપણે ફક્ત અનુમાન જ કરી શકીએ કે શા માટે તેણે આ વખતે ઈશ્વરની આજ્ઞા માનવાનું નક્કી કર્યું. કદાચ તેના મનમાં હોય કે નિનવેહવાસીઓનો નાશ થાય એવો ઉપદેશ આપવાનું તેને ગમશે. આનું કારણ એ કે તે તેઓને ધિક્કારતો હતો. તે ચાલીસ દિવસ પછી જોશે કે નિનવેહનો કેવો નાશ થયો છે અને એમ તેના મનમાં સંતોષ માનશે. યૂનાની માન્યતા ઘણી સંકુચિત હતી કે કરારના લોકો જ ઈશ્વરની કૃપા માટે લાયક છે અને બીજા નહિ.

પરંતુ યૂનાની સર્વ બાજી ઉલટી વળી ગઇ. નિનવેહવાસીઓ ઉપર ઈશ્વરે દયા દર્શાવી, કારણ કે તેમણે તાટ ઓઢીને રાખમાં બેસી પસ્તાવો કરી ઈશ્વરની માફી માગી. યૂનાએ પોતાનો વિરોધ યહોવાને પ્રદર્શિત કર્યો. એ એક રસિક બાબત છે કે યૂના કબૂલ કરે છે કે તેના સંદેશા દ્વારા લોકો પસ્તાવો કરશે અને જ્યારે તેઓએ તે પ્રમાણે કર્યુ ત્યારે તે ગુસ્સે થાયછે. તે જાણતો હતો કે ઈશ્વર તો કૃપાળુ તથા કરુણા રાખનાર છે તેથી તે નિનવેહ જવા આનાકાની કરતો હતો. લોકોના પસ્તાવાના કારણે નિનવેહનો બચાવ થાયછે પરંતુ યૂનાને ઘણું જ ખોટું લાગ્યું અને તેને ક્રોધ ચઢ્યો. ઈશ્વરને યૂના પર દયા આવી અને જ્યારે તે નગરની બહાર બેઠો હતો ત્યારે યહોવાએ એક વેલા મારફતે તેના માથા પર છાયા કરી તેની ગમગીની દૂર કરી. પરંતુ બીજા દિવસે એક કીડાએ પેલા વેલાને કરડી ખાધો અને તે સુકાઇ ગયો. આથી ફરીથી તેને સખત તડકો સહન કરવો પડ્યો. તે પછી યૂના અને યહોવા વચ્ચે એક ગંભીર વાર્તાલાપ થાય છે. ઈશ્વરે યૂનાને સમજાવ્યું કે તેમણે નિનવેહ પર જે દયા દર્શાવી એ વાજબી હતી.

ખ્રિસ્તી સુવાર્તાને અનુલક્ષીને જોઇએ તો ઇશ્વરે જે કરાર ઇસ્ત્રાએલ સાથે કર્યો હતો તેમાં એ હેતુ હતો કે વિશ્વના સર્વ દેશો જીવતા ઈશ્વરને ઓળખે અને તેમનાથી જ ઉધ્ધાર છે તે જાણે. આવી જાતનું લખાણ જે ઉપરના શિક્ષણ પર ભાર મૂકે છે તે ઉત્પત્તિ ૧૨;૩;૨૨:૧૮; યશાયા ૪૨:૬; ૪૯:૧૬ અને મીખાહ ૪માં જોવા મળે છે. ઈસુ ખ્રિસ્તે તો પોતાના શિષ્યોને શિક્ષણ આપ્યું હતું કે તમે આખા જગતમાં જઇ લોકોને શીખવો અને જેઓ વિશ્વાસ કરે છે તેમને બાપ્તિસ્મા આપો. યૂના ઈશ્વરના એક મિશનરી તરીકે ગયો હતો, પરંતુ તેનામાં પ્રેમનો જે આત્મા હોવો જોઇએ તે હતો નહિ.

# પ્રકરણ ૧૫ : માલાખી

## પુસ્તકની પશ્ચાદભૂમિકા અને સમય

માલાખી નામનો શબ્દશઃઅર્થ છે "ઈશ્વરનો સંદેશવાહક".

માલાખીની ભવિષ્યવાણી ઈ.સ.પૂ. પાંચમી સદીના મધ્યભાગમાં ભાખવામાં આવી હોય તેમ લાગે છે. મોટે ભાગે હાગ્ગાયના સમયમાં મંદિરને ફરીથી બાંધવામાં આવ્યું ત્યાર પછી અને નહેમ્યાના સમય પહેલાં તે ઉચ્ચારાયેલી હોય. મંદિરમાં જે ભક્તિ થવી જોઇએ તે નિયમિત થતી હતી. યાજકો તેમના ક્રિયાકાંડો અને ફરજ બજાવતા હતા. અરબી જાતિના લોકોએ અદોમ પર ચઢાઇ કરી હતી (૧:૨-૫). તીડોના ત્રાસથી લોકોના જીવનમાં મુશ્કેલીઓ ઊભી થઇ હતી (૩:૧૧). નહેમ્યાના સમય ઈ.સ.પૂ. ૪૩૨માં મંદિરની ભક્તિમાં જે કેટલાંક દૂષણો હતાં તે સુધારવામાં આવ્યા હતા.

હાગ્ગાય અને ઝખાર્યાએ ભવિષ્યવાણી કરી હતી કે મંદિર બંધાતાં દેશ અને લોકોમાં શાંતિ તેમ જ સમૃદ્ધિ પાછાં આવશે. તોપણ ઘણાં વર્ષો વીતી ગયાં હોવા છતાં આ ભવિષ્યવાણી પૂરી થઇ ન હતી. યહૂદીઓ હજી પણ આર્થિક અને આત્મિક રીતે દુઃખદ પરિસ્થિતિમાં હતા. તેઓની આશા હતી કે દાઉદના સમયમાં જે મહિમા અને આશીર્વાદ, ખેતીની સારી ઉપજ અને આબાદી હતાં તે પાછાં મળશે. તેઓ એમ પણ માનતા હતા કે સર્વ દેશો તેમની સેવા કરશે.

પણ હજુ તો જીવન કઠીન જ રહ્યું હતું. સુકાપણું અને દુકાળ ચાલુ જ રહ્યાં હતા. આત્મિક રીતે નિરાશા હતી જેને કારણે ભક્તિમાં અનિયમિતતા અને ગંભીર શંકાઓ તથા સવાલો લોકોના મનમાં ઉપસ્થિત થવા લાગ્યા. યાજકો પણ લોકોની આશાઓ અને વિશ્વાસ જીવંત રાખવામાં નિષ્ફળ ગયા હતા. પોતાની ફરજો પૂર્ણ કરવામાં તેઓએ બેકાળજી દાખવી હતી. તેમના આળસુપણા અને મતભેદને કારણે યહોવાનો જે મહિમા હતો તે આખા સમાજ માટે અપમાનજનક બન્યો હતો અને એ રીતે તેમણે ઈશ્વરનો ગુનો કર્યો હતો. લગ્ન માટેનું જે સન્માન હતું તે ઓછું થવા લાગ્યું હતું અને છૂટા છેડા સામાન્ય થઇ ગયા હતા. આને લીધે કૌટુંબિક જીવન નબળું પડવા લાગ્યું હતું.

લોકો આવા કેટલાક પ્રશ્નો પૂછવા લાગ્યાં : અમને કેવી રીતે ખબર પડે કે ઈશ્વર અમારા પર પ્રેમ કરે છે ? (૧:૨), ઈશ્વર જે ન્યાયી છે તે ક્યાં છે ?

(૨:૧૭), વિધિસરની ભક્તિ કરવાથી અમને શો લાભ થયો ? (૩:૧૪), શું યહોવા બદલાઇ ગયાં છે ? (૩:૬), આપણે જ્યારે દુષ્કર્મ કરીએ ત્યારે પણ શું ઈશ્વર દરકાર રાખે છે ? અથવા જેઓ ન્યાયી છે તેઓ કેમ સુખ ભોગવતા નથી ? (૨:૧૭ ; ૩:૧૫).

માલાખીને આવા મુશ્કેલ પ્રશ્નોનો સામનો કરવો પડ્યો. તેનું કર્તવ્ય હતું કે તે નબળા વિશ્વાસવાળા અને નાસીપાસ થયેલાંઓને ઉત્તેજન આપી ફરીથી મજબૂત કરે. તેની ઇચ્છા હતી કે ભક્તિમાં જે દૂષણો ઘૂસી ગયાં હતાં તે સુધારી ફરીથી સન્માન અને પવિત્રતા લાવવામાં આવે. વળી તે ઇચ્છતો હતો કે મિશ્ર લગ્નો તથા છૂટાછેડા જે થતા હતા તે બંધ થાય અને કૌટુંબિક જીવન મજબૂત બને.

માલાખીના શિક્ષણનો સારાંશ આ પ્રમાણે છે :

૧. લોકોને શિક્ષણ આપવું (૧:૨-૫).

૨. જે યાજકો ઈશ્વરના નામની નિંદા કરે છે તેમને અમાન્ય ગણવા (૧:૬-૨:૯)

૩. લોકો વિરુદ્ધની ચાર દેવવાણીઓ (૨:૧૦-૧૬; ૨:૧૭-૩:૫; ૩:૬-૧૨;૩:૧૩-૪:૩).

૪. ચેતવણી અને જૂના કરારનાં ભવિષ્યવાણીનાં પુસ્તકોનો અંત.

## અધ્યાય ૧

યહૂદિયામાં જે યહૂદીઓ હતા તેમની સાથે અદોમીઓને લોહીની સગાઇ હતી, કારણ તેઓ એસાવના વંશજો હતા. એસાવ યાકૂબના બે દીકરાઓમાંનો એક જોડિયો ભાઇ હતો. અદોમને તેમની નબળાઇને લીધે જ શિક્ષા કરવામાં આવી તે વાજબી હતી તેવું પ્રબોધક માનતો હતો. યરુશાલેમના રહેવાસીઓ પર બંદીવાસને કારણે જે મોટું દુઃખ અને સતાવણી આવ્યાં હતાં તે જોઇને અદોમીઓ આનંદિત થઇ હસવા લાગ્યા હતા.. પ્રબોધક જણાવે છે કે તેમને જે પરિસ્થિતિમાંથી પસાર થવું પડ્યું હતું તેવું જ અદોમીઓને પણ થશે, કારણ તે તેમના માટે વાજબી છે.

આજે આપણને એમ લાગે છે ઈશ્વર તો મહિમા અને કૃપાના પ્રભુ છે તો આ રીતે લોકો પ્રત્યે વેરની ભાવના વ્યક્ત કરે તે વાજબી ન ગણાય. પરંતુ આ એક સાચી ઐતિહાસિક ઘટનાછે તેની ના પાડી શકાય નહિ. આ પ્રમાણે થવાથી જે નૈતિક નિયમ છે તેનું મહત્વ જારી રહ્યું. નવા કરારમાં પાઉલ પ્રેરિત પણ ઈશ્વરની પસંદગીના આ સિદ્ધાંતનો ઉલ્લેખ કરે છે કે ઈશ્વરે "યાકૂબ પર પ્રેમ રાખ્યો, પણ એસાવનો ધિક્કાર કર્યો" (રોમ. ૯:૧૩). "પ્રેમકર્યો" કરતાં "પસંદ કર્યો" શબ્દો વાપરીએ તો મૂળ અર્થ વધારે સારી રીતે વ્યક્ત થાય છે. એ જ રીતે "ધિક્કાર કર્યો" ને બદલે "જાણે ધિક્કાર કર્યો" વધારે સારું લાગે. મૂળ અર્થ એટલો જ છે કે અદોમવાસીઓને યાકૂબ સાથે ઈશ્વરે કરેલા કરારમાં કોઈ ભાગ નહોતો, જેમ બીજા વિદેશીઓની બાબતમાં હતું.

અદોમીઓ યહૂદિયાના દક્ષિણ ભાગમાં ફરીથી સ્થાયી થયા હતા. તેઓ ક્યારેય પોતાના વતનમાં પાછા જઈ શક્યા ન હતા. આ પ્રમાણે માલાખીની ભવિષ્યવાણી સાચી પડેલી.

## યાજકોનાં પાપો ૧:૬-૨:૯

યાજકો અતિ બેદરકાર થઈ ઈશ્વરને સન્માન આપતા ન હતા અને તેમના નામને બટ્ટો લગાડતા હતા. તેઓ ઈશ્વરને લંગડાં, આંધળાં અને માંદાં પ્રાણીઓનાં અર્પણો ચઢાવતા હતા. આ તો મૂસાના નિયમની વિરુદ્ધ હતું. માલાખી જણાવે છે કે લોકો આના કરતાં તો સામાજિક સંબંધોમાં તથા અધિકારીઓને માન આપવામાં વધારે કાળજી રાખતા હતા. રાજ્યના ગર્વનરનું એવું અપમાન કરવાની કોઈ હિંમત કરી શકે નહિ. આના કરતાં તો મંદિરના દરવાજા બંધ કરી વેદીનો અગ્નિ હોલવી નાખવો તે વધારે સારું છે (૧:૧૦). યહૂદીઓ કરતાં વિદેશીઓ ઈશ્વરનું વધુ સન્માન કરે છે અને તેમનાં અર્પણો ચઢાવે છે (૧:૧૧). તે તમને કહે છે કે ભક્તિ તો તમને ભારરૂપ લાગે છે, જાણે માથેથી વેઠવાડો ઉતારતા હોય. ઈશ્વર આવી બેકાળજીવાળી અને અધૂરી ભક્તિ સ્વીકારશે નહિ (૧:૧૩).

પ્રબોધક આગળ વધીને લેવી કુળના સાચા યાજકોની શું જવાબદારી હોવી જોઈએ તે જણાવે છે (૨:૪). સાચા યાજકમાં શાંતિ, સન્માન, પવિત્ર જીવન હોવું જોઈએ અને તે નિયમ શીખનાર, પ્રેમ રાખનાર અને જ્ઞાની હોવા જોઈએ (૨:૫-૭). પરંતુ તે સમયના યાજકોએ પાપમાં જીવન જીવી પોતાની

ફરજો તરફ બેકાળજી રાખી હતી. આ કારણે બળજબરીથી તેમની પાસેથી સત્તા અને અધિકાર લઇ લેવામાં આવશે, અને તેમને બહાર કાઢી ઉકરડા પર ફેંકી દેવામાં આવશે (૨:૩).

## લોકોનાં પાપો ૨:૧૦-૪:૩

ઈશ્વર આપણા ઉત્પન્ન કરનાર અને સ્વર્ગીય પિતા હોવાથી આપણે એક બીજાનાં ભાઇઓ તથા બહેનો છીએ. તોપણ એક કુટુંબના સભ્યો તરીકે આપણે એકબીજા સાથે ભાઇઓ અને બહેનો તરીકે વર્તતા નથી. તેઓ એકબીજા સાથે દગાથી વર્તતા હતા. છૂટાછેડા ઘણા સામાન્ય થઇ ગયા હતા. ઘણા જુવાનોએ યહૂદી સ્ત્રીઓ સાથે લગ્નો કર્યા હતાં, પરંતુ પાછળથી તેમનેછૂટાછેડા આપી તેઓએ વિધર્મી સ્ત્રીઓ સાથે સંબંધ બાંધ્યો હતો (૨:૧૧-૧૪). આવી વિધર્મી સ્ત્રીઓ તેમની સાથે અન્ય દેવદેવીઓ લાવી તેમની પૂજા કરતી હતી. આ પ્રમાણે યહૂદી વિશ્વાસને તેઓ વટલાવતા હતા.

## અધ્યાય ૩

ન્યાયી ઈશ્વર ક્યાં છે ? તે પ્રશ્નના જવાબમાં માલાખી ભવિષ્યવાણી ભાખે છે કે પ્રભુ થોડા સમયમાં જ આવશે. તેમનો પૂરોગામી સંદેશાવાહક તે વિષે અગાઉથી જણાવશે. પરંતુ જ્યારે તે આવશે ત્યારે તેમની કસોટીમાંથી કોણ પસાર થશે ? કારણ કે જેમ રૂપું અગ્નિથી શુધ્ધ કરવામાં આવે છે તેમ તે શુધ્ધ કરશે. યાજકોનો તેમ જ લોકોનો તે ન્યાય કરશે (૩:૩, ૫). આ પ્રમાણે કરવાનું કારણ તેમનાં સામાજિક અને નૈતિક દૂષણો અને પાપો છે. માલાખી તેઓને જણાવેછે જે પાપી જીવન તેઓ જીવેછે તેના લીધે જ ઈશ્વર પરનો જે દઢ વિશ્વાસ હતો તે તેમણે ગુમાવ્યોછે (૨:૧૭ ;૩:૧૪). જે લોકો ઈશ્વરનો મહિમા અને તેમનું પ્રભુ તરીકેનું સર્વોપરી સ્થાન લૂંટી લે છે તેઓ તેમના આગમન સમયે તેમની સામે ઊભા રહી શકશે નહિ.

આજના જમાનામાં દશાંશ આપવાની જરૂરિયાત પર પાળકો સંદેશો આપે ત્યારે માલાખી ૩:૧૦ નો ખાસ ઉલ્લેખ કરેછે. જો આપણે ઈશ્વરને આપીએ તો તેઓ તેમના સર્વ આશીર્વાદો આપણા પર વરસાવી દે છે. આ એક નૈતિક નિયમ છે જે દરેક ખ્રિસ્તી વ્યક્તિના જીવનમાં એક ભાગરૂપ હોવો જોઇએ. ન્યાયી અને વિશ્વાસ રાખનારને ઈશ્વર કદી ભૂલી જતા નથી. દરેક યુગમાં લોકો આ પ્રશ્ન પૂછે છે, "શા માટે દુષ્ટો આબાદ થતા જાયછે અને સારા માણસોને કોઇ

બદલો મળતો નથી" (૩:૧૩-૧૮). યહોવા વચન આપેછે કે ન્યાયીઓને જરૂર યાદ કરવામાં આવશે અને જેઓ ઈશ્વરની સેવા કરે છે તેમને પ્રભુ માન આપશે (૩:૧૭, ૧૮).

## અધ્યાય ૪

"મારા સેવક મૂસાને મેં જે નિયમો અને આજ્ઞાઓ આપ્યાં હતાં તેને યાદ કરો" (૪:૪). જેઓ તે યાદ રાખે છે અને પાળે છે તેઓને ઈશ્વર માન્ય રાખશે. પ્રબોધક એલિયા ફરીથી આવશે એ વચન સાથે આ પુસ્તકનો અંત આવે છે. એલિયાનું શારીરિક મૃત્યુ નહોતું થયું તેથી તે ફરીથી પાછો આવશે એવું યહૂદીઓ માનેછે. જ્યારે તે આવશે ત્યારે લોકોની સુખાકારી જોશે અને શાંતિ પુનઃસ્થાપિત કરશે. આ વિષે આપણે માર્ક ૬:૧૫;૯:૪;૯:૧૧-૧૩માં જોઇએ છીએ.

# પ્રકરણ ૧૬ : પ્રકટીકરણવાળું સાહિત્ય

## દાનિયેલ

પરંપરા પ્રમાણે એમ માનવામાં આવે છે કે દાનિયેલનું પુસ્તક એ જ નામના કોઈ લેખકે લખ્યું હશે. તેને બાઈબલમાં મુખ્ય પ્રબોધકોમાંનો છેલ્લો પ્રબોધક ગણવામાં આવેછે. હિબ્રૂ બાઈબલમાં દાનિયેલના પુસ્તકને પ્રબોધકોનાં પુસ્તકો સાથે નહિ પણ બીજાં લખાણો સાથે મૂકવામાં આવ્યું છે. બાઈબલમાં ભવિષ્યવાણીનાં જે પુસ્તકોછે તેની ગણતરી ઈ.સ.પૂ. ૨૦૦માં કરવામાં આવી હતી. તે સમયે દાનિયેલના પુસ્તકનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો.

## લખાણનો સમય

ઐતિહાસિક બનાવો અને તે અંગેના પુસ્તકનું લખાણ ઈતિહાસનો એક સાચો ભાગછે. બેબિલોનમાં જે રાજાઓ થઇ ગયા તેમનાં કૃત્યો અને પાછળથી ઈરાનના રાજાઓ જેઓએ બેબિલોનના રાજાઓ પર જીત મેળવી હતી તે બધી વાતોનો દાનિયેલના પુસ્તકમાં સમાવેશ થાય છે. યરુશાલેમ શહેર પર જીત મેળવી તે સમયે યુવાન દાનિયેલને એક બંદીવાન તરીકે બેબિલોનમાં લાવવામાં આવ્યો હતો. અહીં તેને રાજાના સૌથી આગળ પડતા અધિકારી તરીકે નીમવામાં આવ્યો હતો. પરંપરાગત એમ માનવામાં આવેછે કે આ જ દાનિયેલે આ પુસ્તક લખ્યું જે તેના નામથી ઓળખાયછે. એ રીતે આ પુસ્તક ઈ.સ.પૂ. ૬ઠ્ઠી સદીમાં લખાયેલું ગણી શકાય.

## પુસ્તકનો હેતુ

દાનિયેલના પુસ્તકનો મુખ્ય હેતુ બંદીવાસમાં પડેલી યહૂદી પ્રજાને ઉત્તેજન આપવાનો છે કે તેઓ સતાવણીને સમયે પણ ઈશ્વરને વિશ્વાસુ રહે અને સતાવણી પણ ભોગવે. તે મારફતે તેમને એવી આશા આપવામાં આવેછે કે થોડાં વર્ષોમાં આ બધાનો અંત આવશે અને યહૂદીઓ સ્વતંત્ર રીતે અને પવિત્રાઈથી ઈશ્વરની ભક્તિ કરી શકશે તથા વિદેશી રાજાઓ તેમની ભક્તિને અપવિત્ર કરી શકશે નહિ. દાનિયેલ અને તેના ત્રણ મિત્રો મોટી મુશ્કેલીમાં પણ બંદીવાસમાં ઈશ્વરને વિશ્વાસુ રહ્યા હતા. તેમના વિશ્વાસુપણાને કારણે ઈશ્વર તેમનો મરણમાંથી ચમત્કારિક રીતે બચાવ કરેછે અને તેમને ભારે સતાવણીમાં પણ સ્વતંત્રતા તથા

ઉદ્ધાર આપે છે. દાનિયેલનો ઉલ્લેખ હઝકિયેલ ૧૪:૧૪ અને ૨૮:૩માં જોવા મળે છે.

## પુસ્તકનું શિક્ષણ

પુસ્તકના પહેલા છ અધ્યાયોમાં દાનિયેલ તથા તેના ત્રણ મિત્રો કેવી ચમત્કારિક રીતે મરણમાંથી બચી જાય છે તે વાત છે. આ અનુભવો એ માટે રજૂ કરવામાં આવ્યા છે કે જેઓ સાચા ઈશ્વરને વિશ્વાસુ રહી તેમની ભક્તિ કરે છે અને તે કારણે સતાવણી ભોગવી રહ્યા છે તેઓને ઉત્તેજન મળે. આ બીનાઓ મારફતે બતાવવામાં આવ્યું છે કે ઈશ્વરે જેમ દાનિયેલ તથા તેના મિત્રોનો અદ્દ્ભૂત રીતે બચાવ કર્યો તેમ જ ભવિષ્યમાં પણ તે પોતાના સેવકોને સર્વ મુશ્કેલીઓમાંથી બચાવશે.

આ પુસ્તકનું બીજું મોટું શિક્ષણ તે ઈતિહાસમાં ઈશ્વરની સર્વોપરી સત્તા અને આખરે ઈશ્વરના રાજ્યનો વિજય થશે તે છે. શરૂના પ્રબોધકોએ એ ખાતરીથી જોયું હતું કે ઈશ્વરનું દૈવી શાસન સ્થાપન થશે એ દ્વારા તે સમયની વ્યવસ્થા પર જીત મેળવવામાં આવશે. દૈવી શાસન મારફતે પ્રવર્તતી પરિસ્થિતિ બદલાઇ જઇ ન્યાયી શાસન આવશે અને તેમને પાપ તથા મુશ્કેલીઓમાંથી મુક્ત કરવામાં આવશે. દાનિયેલનાં દર્શનો મારફતે એ બતાવવામાં આવ્યુંછે કે ઈતિહાસની આખરે દૈવી શાસન આવશે એ રીતે તેની પૂર્ણાહૂતિ થશે અને ઈશ્વર તે સમયે તેમની સત્તા અને વિજય જાહેર કરશે.

આ પુસ્તકમાં ત્રીજો એક વિચાર છે તે મનુષ્ય-પુત્રનો. જગતનો જ્યારે અંત આવશે ત્યારે તે સર્વશક્તિમાન ઈશ્વરની હજુરમાં હશે. હઝકિયેલે આ શબ્દો પોતાને માટે વાપર્યા છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તે પણ પોતાના માટે આ જ શબ્દોનો ઉપયોગ કર્યોછે. તેઓને દાનિયેલમાંથી તે પ્રેરણા મળી હોય. (દાનિ. ૭:૧૩-૧૪; માર્ક. ૧૪:૬૨). તોપણ દાનિયેલના પુસ્તકમાં આ શબ્દો લોકોના સમુહને તેમ જ વ્યક્તિગત રીતે લાગુ પડે છે. સંતોનો સમુદાય સદાના માટે રાજ્ય કરશે (૭:૧૩, ૧૪, ૧૮, ૨૭). આ સંદર્ભમાં "મનુષ્ય પુત્ર" એક મહિમાવાન નામ અથવા શીર્ષક છે. તે ફક્ત ઈસુ ખ્રિસ્ત જે મસીહ છે તેમનું મનુષ્યત્વ જાહેર કરવા જ નહિ, પરંતુ તેઓ ઈશ્વરની બરોબરીમાંછે તે જણાવવા વાપરવામાં આવે છે.

ઈશ્વરવિદ્યાનો એક બીજો વિચાર આ પુસ્તકમાં શીખવવામાં આવે છે તે એ કે આપણા શરીરનું પુનરુત્થાન થશે. જૂના કરારમાં દાનિયેલનું જ એક પુસ્તક

છે જેમાં આ વિચાર એક ચોક્કસ માન્યતા તરીકે રજૂ કરવામાં આવ્યો છે (દાનિ. ૧૨:૧-૩). આ વિશ્વાસ સતાવણીના સમયમાં દઢ થયો, પરંતુ મૃત્યુ પછી બદલો અને શિક્ષા છે તે વિશ્વાસ પણ વધુ મજબૂત બન્યો. હોશિયા અને હઝકિયેલે પુનરુત્થાન વિષે જણાવ્યું છે, પરંતુ તે એક સમગ્ર દેશને અનુલક્ષીને છે ; વ્યક્તિગત રીતે નહિ. યશાયા ૨૬:૧૯માં શરીરના પુનરુત્થાનનો ઉલ્લેખ છે, પરંતુ તે ફક્ત ન્યાયી માટે જ છે. ગીતશાસ્ત્રમાં પણ કેટલાક ઉલ્લેખ મળી આવેછે, પરંતુ તેની પાછળ કોઈ ચોક્કસ શિક્ષણ નથી; અને તેમાં પણ પુનરુત્થાન ન્યાયી માટે જ છે, બધાંના માટે નહિ એવું શિક્ષણ છે. દાનિયેલ ભાર દઈને જણાવે છે કે જેઓ ઈશ્વર પરના વિશ્વાસને કારણે મૃત્યુ પામે છે તેમના માટે આ દિલાસો છે.

એક બીજો વિચાર દાનિયેલ શીખવે છે તે દૂતોની સેવા અંગેનો છે. તે કેટલાક દૂતોનાં નામ પણ આપે છે. ગાબ્રિયેલ પ્રકટીકરણનો દૂત છે (૮:૧૬;૯:૨૧). આવું જ આપણને લૂક ૧:૧૯, ૨૬માં જોવા મળેછે.માઈકલ (મિખાયેલ) ઈસ્ત્રાએલનો શૂરવીર સરદાર હતો (૧૦:૧૩-૨૧; યહૂ.૯મી કલમ). પ્રકટીકરણવાળા સાહિત્યમાં પાછળથી દૂતો વિષે રસ વધતો ગયો.દૂતો ન્યાયી લોકોના આશ્રયદાતા તેમ જ સંદેશાવાહકો બન્યા. આજ પ્રમાણે શરૂની મંડળીમાં દૂતો અંગેની માન્યતા દઢ થઈ, કારણ કે દૂતો ઈશ્વરના સેવકો હતા, જે વિશ્વાસીઓને દોરવણી આપી તેમનું રક્ષણ કરતા હતા.

## <u>પ્રકટીકરણવાળા સાહિત્ય તરીકે દાનિયેલનું પુસ્તક</u>

દાનિયેલનું પુસ્તક પ્રકટીકરણ સાહિત્ય તરીકે ઓળખાયછે. પ્રબોધકોનો જમાનો પસાર થઈ ગયો હતો. ઈસ્ત્રાએલના પ્રબોધકોએ તેમના સમયના લોકોને તેમનાં પાપ અને દુષ્ટતા વિષે કહ્યું હતું. તેઓએ અનાજ્ઞાંકિતપણાને લીધે જે પરિણામો આવશે તે આંગળી ચીંધીને જણાવ્યું હતું.ઈશ્વરની નજરમાં જો કૃપા મેળવવી હોય તો ન્યાયીપણું જ જીવનનો સાચો માર્ગ છે, તે તેમણે સ્પષ્ટ રીતે કહ્યું હતું. પ્રબોધકો ઈશ્વરના અધિકારથી બોલતા હતા અને અવારનવાર આ શબ્દો વાપરતા હતા;"આ પ્રમાણે સૈન્યના દેવ યહોવા કહે છે". તે ઉપરાંત ભવિષ્યવાણી મારફતે કોઈ ચોક્કસ પરિણામ અવશ્ય આવશે એવું જણાવવાનું તેઓ ચૂકતા ન હતા. વળી નવા કરાર મુજબ તેઓને પુનઃસ્થાપિત કરવામાં આવશે. તેઓ એ પણ ભાર દઈને કહેતા હતા કે જો તેઓ પસ્તાવો કરશે તો આવનાર ભયંકર વિનાશમાંથી બચી જશે.

તોપણ બીજા પ્રબોધકો કરતાં દાનિયેલનું પુસ્તક ઘણું જુદું છે. પાપ અને અનાજ્ઞાંકિતપણા વિષે તેમાં ઘણું ઓછું કહેવામાં આવ્યું છે. લેખક લોકો પર જે ભારે સતાવણી થાય છે તે જુએ છે અને આખરે તેઓનો ચમત્કારિક રીતે બચાવ થશે તેવું જાહેર કરે છે. પ્રકટીકરણવાળા સાહિત્યનું આ એક મુખ્ય અંગ છે ; એટલે કે લેખકને આ વિશ્વ માટે નિરાશા ઉત્પન્ન થાય છે અને ઈશ્વર તેમાં જલદી દરમિયાનગિરી કરી નવું સ્વર્ગ તથા પૃથ્વી સ્થાપે એવું તે ઇચ્છે છે. બેબિલોનની પડતી પછી જે જે સામ્રાજ્યો ઊભાં થયાં તેમનું વર્ણન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે (અધ્યાય ૨ અને ૭). આમાં ગ્રીસ દેશ પર ઈરાનની ચઢાઈ (૧૧:૨); મહાન એલેક્ઝાંડરના વિજયો, (૮:૫, ૭,૨૧; ૧૧:૩), તેના સામ્રાજ્યના ભાગલા (૮:૮, ૨૨;૧૧:૪); સિરિયા અને ઈજિપ્તમાં પાછળથી જે રાજાઓ થઇ ગયા તેમના અંગેની ઝીણવટભરી નોંધ (૧૧:૫-૨૦) અને આખરે આન્તીખસ ઈપીફાનસના જીવન વિષેનું લખાણ જોવા મળે છે (૮:૯-૧૨, ૨૩-૨૫;૧૧:૨૧-૪૫).

## મંડળીના ઈતિહાસમાં દાનિયેલના પુસ્તકનું સ્થાન

એ તો સ્પષ્ટ જ છે કે તે સમયના વાચકો દાનિયેલના પુસ્તકમાં જે ચિહ્નો, સંખ્યાઓ અને આશ્ચર્યમાં મૂકી દે તેવી બાબતો લખવામાં આવી હતી તે સમજી શક્યા હશે. પરંતુ પ્રભુ ઈસુ ખ્રિસ્તના આગમન બાદ ત્રીજી અને ચોથી સદીમાં (ઈ.સ. ૩૦૦ કે ૪૦૦) પુસ્તકના લખાણ અને અર્થ બાબતમાં અને તેના લેખક અને સંદેશા વિષે વિરોધાભાસી અનુમાનો થવા લાગ્યાં. કેટલાક કહેવા લાગ્યા કે પુસ્તકમાં વર્ણવેલી બાબતો આ બનાવો બની ગયા પછીનું વર્ણન છે ; તો કેટલાકનું મંતવ્ય એવું હતું કે આ ભવિષ્યવાણીઓ હતી અને જગતના અંત વખતે તે પૂરી થશે. તોપણ હકીકત એ છે કે યહૂદી પ્રજાનો વિશ્વાસ મુશ્કેલ વર્ષો દરમિયાન આ પુસ્તક મારફતે જીવંત રહ્યો હતો. આન્તીખસ રાજાના શાસન અને તે સમયની કટોકટી બાદ એક પછી એક કસોટી આવી અને ગઇ, તોપણ દાનિયેલનું પુસ્તક યહૂદી વિશ્વાસીઓનો વિશ્વાસ દૃઢ કરતું ગયું. ઈસુ ખ્રિસ્તે ઘણી વખત આ પુસ્તકમાંથી ઉલ્લેખ કર્યો છે (માથ. ૨૪:૧૫; માર્ક ૧૩:૧૪). ઈ.સ. ૭૦માં જ્યારે યરુશાલેમના મંદિર અને શહેરનો નાશ કરવામાં આવ્યો ત્યારે આ પુસ્તકે ઘણો દિલાસો અને ઉત્તેજન યહૂદી પ્રજાને પૂરાં પાડ્યાં હતાં.

## દાનિયેલના પુસ્તકનો ટૂંક અભ્યાસ

### અધ્યાય ૧

પહેલા અધ્યાયમાં જણાવવામાં આવે છે કે બેબિલોનના બંદીવાસના સમય દરમિયાન ચાર યહૂદી યુવાનોને ખાલદી સંસ્કૃતિ પ્રમાણે તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં ફક્ત વહિવટી કામ જ નહિ, પરંતુ જાદુક્રિયા અને ભવિષ્ય ભાખવાની તાલીમનો સમાવેશ થતો હતો. ખાલદીઓ જાદુગરો અને ભવિષ્ય કહેનારા તરીકે જાણીતા હતા. એ શક્ય છે કે જે ખોરાક આ યુવાનોને આપવાનું કહેવામાં આવ્યું હતું તે મૂર્તિઓને ધરેલો પણ હોય.

### અધ્યાય ૨

આ અધ્યાયમાં નબૂખાદનેસ્સારને જે સ્વપ્ન આવે છે તેની વાત છે. બીજા કોઈ ભવિષ્ય ભાખનારા કે જાદુગરો તેનો અર્થ કરી શક્યા નહિ, પરંતુ દાનિયેલે તેનો અર્થ કર્યો. તે જણાવે છે કે ફક્ત સ્વર્ગના પ્રભુ જ સ્વપ્નનો મર્મ ખોલી શકે છે. રાજાની આગળની તેની સાક્ષી જૂના કરારમાં ખૂબ જાણીતી સાક્ષી છે; "સ્વર્ગમાં એક ઈશ્વર છે કે જે મર્મ ખોલે છે" (૨:૨૮). સ્વપ્નના ખુલાસા પ્રમાણે નબૂખાદનેસ્સારને મોટી મૂર્તિના માથા તરીકે વર્ણવવામાં આવ્યો છે. તેના પછી બીજાં ત્રણ રાજ્યો આવશે. તેઓ માદી, ઈરાની અને ગ્રીક હશે. એક પછી એક રાજ્ય ક્રમ પ્રમાણે ખૂબ મજબૂત થશે. પરંતુ તે સર્વના ભાંગીને ભૂક્કા થઈ જશે.લગ્નના કારણે કરેલા સંબંધો સાચી શાંતિ અને એકતા લાવી શકશે નહિ, પરંતુ સાચું મજબૂત રાજ્ય તો આખરે ઈશ્વરનું જ હશે. સ્વપ્નમાં જે મોટો પથ્થર વર્ણવામાં આવ્યો છે, તે ચિહ્નરૂપ છે. આ મોટા પથ્થર વિષેની વાત ઈશ્વરના રાજ્યને લાગુ પડે છે જે આપણને યાદ કરાવે છે કે ઈસુખ્રિસ્તે પણ મોટા પથ્થર વિષે આ સંદર્ભમાં જ કહ્યું હતું (માથ. ૨૧:૪૪; લૂક ૨૦:૧૮). દાનિયેલને મુખ્ય ગર્વનર બનાવી બદલો આપવામાં આવે છે, કારણ કે તેનામાં સ્વપ્નનો અર્થ કહેવાની શક્તિ હતી.

### અધ્યાય ૩

તે જમાનામાં રાજાઓ માટે એ સામાન્ય બાબત હતી કે પોતાની શક્તિ અને દૈવી અધિકાર દર્શાવવા ચિહ્ન તરીકે મૂર્તિઓ ઊભી કરવામાં આવે. આ મૂર્તિને તેના લોકો ભજે તેવું દબાણ પણ કરવામાં આવતું હતું. દાનિયેલના ત્રણ

મિત્રોના જવાબ નીડર અને નિર્ણયાત્મક હતા. તેમને મળેલા હોદ્દા વિષે ફરીથી વિચાર કરવાનો તેમાં સવાલ જ ન હતો. જૂના કરારમાં જે હેવાલો છે તેમાં સાચા ઈશ્વર ઉપર વિશ્વાસ રાખી, જૂઠા મતને નકારી, બહાદૂરી બતાવવાનો આ એક સૌથી ઉમદા દાખલો છે. બળતી ભઠ્ઠીમાં જે ચોથી વ્યક્તિ છે તે ઈશ્વરપુત્ર સમાન છે. રાજા તેને દૂત કહે છે. નબૂખાદનેસ્સારે યહૂદી વિશ્વાસ સ્વીકાર્યો નહોતો, પરંતુ તેણે યહૂદીઓને તેમના ઈશ્વરની ભક્તિ તેઓને જે રીતે કરવી હોય તે પ્રમાણે કરવાની પૂરી સ્વતંત્રતા આપી હતી. તે ઉપરાંત તેઓ તરફ કોઇ ભેદભાવ પણ નહિ રાખ્યો હોય કે સતાવણી પણ નહિ હોય. વળી તેમનું પૂરું સન્માન રાખવાનું કહેવામાં આવ્યું.

## અધ્યાય ૪

પ્રથમ ૧૯ કલમોમાં રાજા નબૂખાદનેસ્સાર પોતે પોતાના બીજા સ્વપ્નના અનુભવ કહી સંભળાવે છે. તેણે બધા જ અનુભવો જણાવ્યા હશે, જેમાં પોતાના ગાંડપણ વિષે તેમ જ યહૂદીઓના ઈશ્વરની શક્તિ મારફતે જે છૂટકારો તેને મળે છે તે પણ જણાવ્યું હશે. મોટું ઝાડ જેને નબૂખાદનેસ્સાર સમાન ગણી શકાય તેને સ્વર્ગના દૂતે કાપી નાખ્યું અને તેનું ઠૂંઠુ જ રહેવા દીધું. રાજાએ શિક્ષા તરીકે સાત વર્ષ ગાંડપણમાં કાઢ્યાં અને નમ્રતાનો પાઠ શીખ્યો. તેના ગાંડપણના આ સમય વિષે બીજાં કોઈ ઐતહાસિક લખાણોમાં કોઇ નોંધ નથી, તોપણ તેની સત્યતા બાબત કોઇ શંકાને સ્થાન નથી. પણ આવું લખાણ હોત તો રાજાને પોતાને શરમ આવી હોત, કે તે તેની શક્તિ દેખાડવા માગતો હતો તેની જગાએ તો નબળાઇ બતાવવામાં આવી છે એવું લાગે.

દાનિયેલના પુસ્તકમાં આ બીના એ તરફ ધ્યાન દોરે છે કે માણસનું અભિમાન, તેનું અક્કડપુણું અને ઈશ્વરની ઇચ્છા વિરુદ્ધનું કૃત્ય નકામુંછે. જ્યારે ઇસ્ત્રાએલના ઇશ્વર દરમિયાનગીરી કરે ત્યારે મહાનમાં મહાન વિદેશી સત્તા તેમની આગળ ટકી શકે નહિ. અહીં એવી બીના છે કે નબૂખાદનેસ્સાર જેવા મહાન રાજાને એવો હલકો પાડવામાં આવે છે કે તે જનાવરની જેમ ઘાસ ખાય છે.

## અધ્યાય ૫.

નબૂખાદનેસ્સાર પછી નાબોનીદસે રાજ્ય કર્યુ, પરંતુ તે થોડા સમય માટે જ હતું. તેને ઈ.સ. પૂ. ૫૩૮ માં ઇરાનના રાજા કોરેશે બંદીવાન કર્યો અને

પાછળથી બેબિલોન પર ચઢાઈ કરી તે રાજા થયો. નાબોનીદસના પુત્ર બેલ્શાસ્સારે કદી રાજા તરીકે રાજ્ય કર્યું ન હતું. તોપણ તેના પિતાની ગેરહાજરીમાં ઘણી વખત રાજા તરીકે તેણે ભાગ ભજવ્યો હતો.

ભીંત ઉપર જે લખાણ લખવામાં આવ્યું હતું તે અરબી શબ્દો હતા એવું માનવામાં આવે છે. કદાચ એ ત્રણ શબ્દો કોઇ સિક્કાના અથવા વજનનાં નામ હશે જે તે સમયે વપરાતાં હતાં. મીના, શેકેલ અને અર્ધો મીના બીજા ત્રણ શબ્દોનું પણ સૂચન કરે છે ; ગણના કરી છે, તોળવામાં આવ્યા છે અને વિભાગ પાડવામાં આવ્યા છે. દાનિયેલને એ સંદેશો સ્પષ્ટ લાગ્યો હતો. તેને ખબર હતી કે આ સંદેશો ઈશ્વરે રાજાને લક્ષમાં રાખીને કહ્યો હતો. ઈશ્વરે સામ્રાજ્યને વૃદ્ધિ પામવા દીધી હતી, કિન્તુ હવે તેના દિવસો ગણાઇ ચૂક્યા હતા અને આખરે રાજ્યનો અંત આવશે. ઈશ્વરના ન્યાયમાં તે કમતી માલૂમ પડ્યા છે તે કારણે રાજ્ય હવે બીજાને આપવામાં આવશે. યશાયા આ બીના વિષે ૨૧:૫-૧૦માં વર્ણન કરે છે. મિજબાની અને દારૂ પીવામાં જ્યારે તેઓ મસ્ત હતા ત્યારે કોરેશ રાજાનાં સૈન્યોની ચઢાઇને કારણે બેબિલોનની પડતી થઇ.

## <u>અધ્યાય ૬</u>

આ અધ્યાયમાં બીજો એક ચમત્કારિક બનાવ જોઇએ છીએ, જેમાં ચોક્કસ આવનારા મોતમાંથી ઈશ્વર પોતાના સેવકને બચાવેછે. દાનિયેલના મિત્રો વિષે તેમાં કશું કહેવામાં આવ્યું નથી. આ વખતે દાનિયેલ પોતે જ ભયમાંછે. રાજાની આજ્ઞા હતી કે ફક્ત તેની જ ભક્તિ કરવી અને રાજા સિવાય બીજાની પ્રાર્થના ન કરવી. તેનો દાનિયેલે ભંગ કર્યો હતો. દાનિયેલ ઉપર રાજા બીજા અધિકારીઓ કરતાં વધુ કૃપા રાખતા હતા. તેથી આ લોકો દાનિયેલની અદેખાઇ કરતા હતા અને છટકું ગોઠવી તેને કેવી રીતે મારી નાખવો તેની યોજના કરતા હતા. પરંતુ ઈશ્વર તેમના દૂત મારફતે સિંહોના બિલમાંથી તેનો છૂટકારો કરે છે. અધ્યાય ત્રણમાં તેના મિત્રોના છૂટકારાની જે વાત આવે છે તે દરેક રીતે દાનિયેલની આ વાત સાથે મળતી આવે છે.

૧. રાજાની આજ્ઞાનો ભંગ કરવામાં આવે છે.

૨. અદેખાઈ રાખનાર વિરોધીઓ રાજાને હેવાલ આપે છે.

૩. યહૂદી વ્યક્તિઓ ઈશ્વરને વિશ્વાસુ રહે છે.

૪. બન્ને કિસ્સામાં મૃત્યુ ચોક્કસ હતું, પરંતુ ઈશ્વર તેમનો બચાવ કરે છે.

૫. જે બે રાજાઓનો આમાં ઉલ્લેખ છે તેઓ ઈશ્વરની શક્તિનાં વખાણ કરે છે.

૬. જેમને શિક્ષા થવાની હતી તેઓ વિજયવંત થાય છે અને પહેલાં કરતાં વધારે સારા હોદ્દા તેમને આપવામાં આવે છે.

૭. જે શિક્ષા દોષિતોને થવાની હતી તે જ શિક્ષા ઈર્ષાળુ દુશ્મનોને આપવામાં આવે છે.

૮. રાજાનો હુકમ બહાર પાડવામાં આવે છે કે લોકોએ યહૂદીઓના પ્રભુ અને ઈશ્વરથી કાંપવું તથા બીવું.

## અધ્યાય ૭

નબૂખાદનેસ્સારે તેના સ્વપ્નમાં શરીરના જે ચાર જુદા જુદા ભાગો જોયા તે ચિહ્ન તરીકે દાનિયેલના સ્વપ્નમાં દેખાયેલાં જાનવરો તરીકે લઇ શકાય. ચાર જાનવરો એક પછી બીજું એમ આવનાર ચાર સામ્રાજ્યનાં પ્રતીક છે. આ અધ્યાયના મર્મોનું જુદી જુદી રીતે અર્થઘટન થઇ શકે. ઘણા બાઇબલ અભ્યાસીઓ કહે છે કે જે ચાર રાજ્યોનો ઉલ્લેખછે તેમાં બેબિલોન, માદી, અને ઇરાન, ગ્રીસ અને રોમનો સમાવેશ થઇ શકે. છેલ્લું જાનવર અથવા રાજ્ય રોમન સામ્રાજ્ય છે તેમ ગણી શકાય, કારણ કે રોમના રાજ્યકર્તાઓ "પરાત્પરના પવિત્રોને કાયર કરશે" (૭:૨૫). પરંતુ રોમન શાસનકાળ દરમિયાન ખ્રિસ્ત આવશે, જેમનું રાજ્ય અનંતકાળિક અને નિર્ભય રહેશે.

પહેલું જાનવર જે સિંહ હતું તેને નબૂખાદનેસ્સાર કહી શકાય. જ્યારે તેને ગાંડપણ આવ્યું ત્યારે તેને ખેતરમાં લઇ જવામાં આવ્યો અને તેની ગરૂડના જેવી મહાન અને શક્તિશાળી પાંખો ખેંચી કાઢવામાં આવી. તેને ફરીથી માણસ તરીકે ઊભો કરવામાં આવ્યો. તેનો અર્થ એ કે તેણે પસ્તાવો કર્યો અને ઈશ્વર પર આધાર રાખવાનું સ્વીકાર્યુ. બીજું જાનવર તે માદી અને ઈરાનનું સામ્રાજ્ય છે, જે ભક્ષ કરનાર જનાવર હતું. ત્રીજું જનાવર ચિત્તો તે ગ્રીસ હતું, જેમાં મહાન એલેક્ઝાંડર રહેતો હતો. તેના ચાર હાથમાં ચાર પાંખો વડે ચાર રાજ્યો ઇજિપ્ત, એસિયા માઇનોર, મેસોપોટામીઆ અને મકદોનિયાને પકડી રાખ્યાં હતાં. ચોથું જનાવર રોમ હતું જેના માથા પર દશ શિંગડા હતાં, જેનો અર્થ દેશોનું જુથ (Federation) થાય.

દશ્ય બદલાયછે ને ઈશ્વર જે દૈવી અદાલતના ન્યાયાધીશ છે તેમના પર સંદર્શન કેન્દ્રીત થાયછે. (૯:૧૪). આ દશ્યનું ભવ્ય વર્ણન ઈશ્વર જેઓ સ્વર્ગમાં છે તેમનો મહિમા અને તેમનામાં જે પ્રકાશછે તે દર્શાવેછે. ઈશ્વર હવે રાજ્યોનો વહિવટ ખ્રિસ્તના હાથમાં સોંપેછે (૧૩,૧૪). ઈસુ ખ્રિસ્ત પોતે આ દશ્ય માથ્થી ૨૬:૬૪માં ટાંકે છે કે મનુષ્યપુત્રને બધા દેશો પર સર્વ સત્તા તથા અધિકાર આપવામાં આવ્યો છે. ફરીથી હિબ્રૂ ૧:૩ અને ૧૦:૧માં ઈસુ ખ્રિસ્ત ઈશ્વરના જમણે હાથે બેઠલા છે તે નોંધ મળે છે. ચોથા જનાવરના વર્ણનમાં રોમન બાદશાહોએ ઈસુ ખ્રિસ્તની મંડળીનું અસ્તિત્વ ભૂંસાઇ જાય માટે તેના પર જે અતિશય ભારે સતાવણી કરી હતી તે જોવામાં આવે છે. પરંતુ કલમ ૨૬ અને ૨૭માં ભવિષ્ય ભાખવામાં આવ્યુંછે તેમ ઈશ્વરનોછેવટે વિજય થશે અને તેમની મંડળી સતાવણીમાંથી પણ વિજયની ભાગીદાર બનશે.

આ અધ્યાયનો બીજો પણ અર્થ થઇ શકે, ખાસ કરીને ત્રીજા જનાવરના સંદર્ભમાં. કેટલાક જણાવે છે કે તે ઇરાનને સંબોધીને છે. ચોથું જનાવર ગ્રીક રાજ્યને સંબોધીને છે. જે નાનું શિંગડું છે તે આન્તીખાસ ઇપીફાનસ છે. દશ શિંગડાં તે ગ્રીસ સામ્રાજ્યના જે બીજા રાજાઓ અગાઉ થઇ ગયા તેમનું પ્રતીક છે. કલમ ૧૧માં બતાવવામાં આવ્યું છે કે ઇપીફાનસને ઉથલાવી પાડવામાં આવ્યો છે અને તે ખતમ થઇ ગયો છે. કલમ ૧૩, ૧૮અને ૨૨માં સતાવણી સમયે પણ જે સંતો વિશ્વાસુપણે દૃઢ રીતે ટકી રહેછે, તેઓ ઈશ્વરના મહાન સંતો છે. આ સંતોને ઈશ્વર તરફથી અધિકાર અને સત્તા આપવામાં આવ્યાં હતાં. તેઓ તેમની પોતાની તાકાતથી તે મેળવી શક્યા ન હતા. ખ્રિસ્તના સમય સુધીમાં તો આ ફકરાને મસીહના વખતના અર્થમાં સમજવામાં આવેલો. "મનુષ્યપુત્ર" સંજ્ઞા ખ્રિસ્તે પોતે જ પોતાના માટે વાપરી હતી.

## અધ્યાય ૮

અહીં દાનિયેલનું એક વધુ સંદર્શન જોવા મળે છે. તે સંદર્શનમાં એક ઘેટો અને બકરો હતાં. ઘેટો, જેને બે શિંગડાં હતાં તે માદી અને ઈરાની સત્તા ગણી શકાય, જ્યારે બકરો જાણીતો મહાન આગેવાન આલેકઝાંડર કહી શકાય. તે સમયના જાણીતા જગતમાંનાં મોટા ભાગનાં રાજ્યો જીતીને આલેકઝાંડર નાની ઉંમરે મૃત્યુ પામ્યો (કલમ ૭). તેણે ઈ.સ. પૂ. ૩૩૪ થી ૩૨૩ સુધી રાજ્ય કર્યુ હતું. આલેકઝાંડરના મૃત્યુ પછી આ મહાન રાજ્ય પણ ચાર રાજાઓના હાથમાં પડ્યું જેને ચાર શિંગડાની ઉપમા આપવામાં આવે છે. નાનું શિંગડું

આન્તીખસ ઈપીફાનસ હતો, જેણે ઈ.સ. પૂ. ૧૭૫માં રાજ્ય કરવાની શરૂઆત કરી. તે અભિમાની અને મહત્વાકાંક્ષી હતો. તે પોતાને દેવ સમજતો હતો અને તેને રાજ્ય કરવાનો દૈવી હક છે. એવું માનતો હતો. કલમ ૯થી ૧૪માં આ રાજા યહૂદી વિશ્વાસનો નાશ કરવા કેટલી હદ સુધી જાય છે તે જણાય છે. તેણે ઈશ્વરનો નકાર કર્યો, સવાર અને સાંજનાં જે દહનાર્પણો અપાતાં હતાં તે બંધ કરાવ્યાં અને મંદિરને વટલાવી સૌથી અંદરના પવિત્રસ્થાનમાં ગ્રીક દેવ ઝિયૂસની મૂર્તિ મૂકી (કલમ ૧૩).

ગાબ્રિયેલ જે ઈશ્વરનો દૂત હતો, તેણે દાનિયેલને સ્વપ્નનો અર્થ સમજાવ્યો. તેમાં તે એ જુએ છે કે સતાવણીનો અંત આવી રહ્યો છે (કલમ ૧૭). મસીહના આવતાં પહેલાંના સમયની ભવિષ્યવાણીનો અંત આ મારફતે આવે છે.

## <u>અધ્યાય ૯</u>

આ અધ્યાય દાનિયેલે બંદીવાસમાં પોતાના જે લોકો હતા તેમના માટે પ્રાર્થના કરી તે સંબંધીનો છે. આ બંદીવાસનો હેતુ જે થોડાઘણા યહૂદીઓ બેબિલોનમાં હતા તે પસ્તાવો કરી વિશ્વાસુ થાય અને પોતાના વતનના દેશમાં પાછા આવે તે હતો. યર્મિયાએ ભવિષ્ય ભાખ્યું હતું તે પ્રમાણે ૭૦ વર્ષ વહી ગયાં હતાં (યર્મિ. ૨૫:૧૨; ૨૯:૧૦). દાનિયેલ કબૂલ કરે છે કે તેના લોકોએ પાપ કર્યું છે, તેઓ અવિશ્વાસુ બન્યાછે અને ઈશ્વરના નિયમોનો ભંગ કર્યો છે. તે ઉપરાંત ઈશ્વરનું વિશ્વાસુપણું, ન્યાયીપણું, તેમની કૃપા અને પ્રેમ વિષે તે જણાવે છે.

૨૦ થી ૨૭ કલમોનો અર્થ આવનાર મસીહના સંદર્ભમાં સમજી શકાય કે ખ્રિસ્તનું આગમન તે યહૂદી ઇતિહાસની પરિસીમા હશે (૯:૨૫). ''સંદર્શનો તથા ભવિષ્યવાદ પર સિક્કો મારવો'' તેનો અર્થ એ થાય કે એવો સમય આવશે જ્યારે ઈશ્વર એવું ચિહ્ન આપશે કે મસીહ અંગેની જૂના કરારની ભવિષ્યવાણી પૂરી થઈ ગઈ છે. યર્મિયા પ્રબોધકે જે ૭૦ વર્ષનો બંદીવાસનો ગાળો તેની ભવિષ્યવાણી મારફતે આપ્યો હતો તે પૂરો થયો હતો, પરંતુ શાંતિના યુગની જે નવી શરૂઆત સાચા અર્થમાં થવી જોઈએ તે થઈ ન હતી (યર્મિ. ૨૫:૧૧, ૧૨). તેથી દૂત ગાબ્રિયેલને જણાવવું પડેછે કે તે યુગ શરૂ થાય તે પહેલાં વર્ષનાં સિત્તેર અઠવાડિયાં (એટલે કે ૪૯૦ વર્ષ) પસાર થવાં જોઈએ. આ યુગ અભિષિક્ત એટલે કે મસીહને જાહેર કરશે.

આ માટેનો ચોક્કસ સમય કયો તે નક્કી કરી શકાયું નથી. વર્ષનાં આ ૭૦ અઠવાડિયાં (૪૯૦ વર્ષ) પછી ખ્રિસ્તની સેવા શરૂ થશે એમ કહી શકાય. કલમ ૨૬માં કહેવામાં આવ્યું છે કે "તે અભિષિકતને કાપી નંખાશે" તેનો એવો અર્થ થઈ શકે કે ખ્રિસ્તને વધસ્તંભ ભોગવવો પડશે. તે પછી યરુશાલેમ અને મંદિરનો નાશ થશે. વળી યહૂદીઓ જે બલિદાનો અને અર્પણો ચઢાવતા હતા તે પણ બંધ થશે (૯:૨૭). આ ભવિષ્યવાણી પ્રમાણે ઈ. સ. ૭૦માં મંદિરનો નાશ થયો અને યહૂદીઓ અર્પણો ચઢાવતા બંધ થયા અને તે રીતે એ ભવિષ્યવાણી પૂરી થઈ.

## અધ્યાય ૧૦ અને ૧૧

આ બન્ને અધ્યાયોમાં દાનિયેલને થયેલા આખરના સંદર્શનનું વર્ણન છે. તે ત્રણ અઠવાડિયાથી ઉપવાસ અને રૂદન કરતો હતો. તેણે એક પ્રકાશિત વ્યક્તિનો આકાર જોયો અને તે તો એક દૂત હતો. તે વ્યક્તિની હાજરીથી દાનિયેલ ધ્રૂજવા લાગ્યો અને જમીન પર પડી ગયો. તે સમયે દૂતે તેની સાથે વાત કરી અને ખાતરી આપી. માઈકલ, જે યહૂદીઓનો મુખ્ય દૂત છે તે બીજા દૂતો જેઓ અન્ય દેશોના પ્રતિનિધિ હતા તેમની સાથે ઘર્ષણમાં ઉતરે છે.

દાનિયેલનાં સંદર્શનોનો અર્થ અધ્યાય ૧૧ અને ૧૨માં જોવા મળે છે. ઈરાની રાજાઓની જીત પછી મહાન ગ્રીક રાજા આલેકઝાંડરે એક સામ્રાજ્ય ઊભું કર્યુ ખરું પરંતુ તેના ચાર ભાગો થઈ ગયા અને ચાર સેનાપતિઓ નીચે તેમને મૂકવામાં આવ્યા (૧૧:૪).

કલમ ૫ થી ૨૦માં યહૂદી રાજ્યની ઉત્તરમાં અને દક્ષિણમાં આવેલાં બે રાજ્યો, સિરિયા અને ઈજિપ્તના રાજાઓ વિષે કહેવામાં આપ્યું છે. આ બે રાજ્યોની યહૂદી લોકો પર સર્વ રીતે ઘેરી અસર પડી હતી. આ કલમોમાં સિરિયાના સાત રાજાઓ અને ઈજિપ્તિના બે રાજાઓનું વર્ણન છે. ઈજિપ્તના સૈન્યે સિરિયા પર ચઢાઈ કરી, (૧૧:૭,૮); પરંતુ પાછળથી ઈજિપ્તના સૈન્યની જ હાર થાય છે. આ પ્રમાણે ઈજિપ્તની જે પકડ યહૂદી દેશ પર હતી તે તોડવામાં આવે છે. યહૂદીઓ સાચી રીતે તો સિરિયા અને ઈજિપ્તના અવારનવાર થતાં આક્રમણોનો ભોગ બનતા હતા. આ પ્રમાણે ચોથા આન્તીખસ ઈપીફાનસ સુધી ચાલ્યું. તે મહાન સિરિયન રાજાઓમાંનો છેલ્લો રાજા હતો. આખરે રાજ્ય રોમનોના હાથમાં ગયું.

કલમ ૨૦થી ૨૯છેલ્લા રાજા વિષે વર્ણન કરે છે કે તે વિશ્વાસુ યહૂદીઓ સાથે દગા અને ઘાતકીપણે વર્ત્યો હતો. વળી તેણે મંદિરને અપવિત્ર કરી પરમ પવિત્રસ્થાનમાં ઝિયૂસને દેવ ગણી તેની મૂર્તિ મૂકી હતી. વળી તેણે ઝિયૂસ ઓલીમ્પસની છાપ પોતાની છાપ સાથે સિક્કાઓ પર મૂકાવી હતી (૧૧:૩૧, ૩૬).

## અધ્યાય ૧૨

આખરે સતાવણીના યુગનો અંત આવશે. માઈકલ જે મુખ્ય દૂત હતો તે યહૂદીઓ વતી મધ્યસ્થી કરે છે. આન્તીખસ રાજાનું મૃત્યુ થાય છે. સતાવણી બંધ થાય છે. હવે રોમન રાજ્યનો યુગ શરૂ થાય છે. આ યુગમાં યહૂદીઓને સારી એવી ધાર્મિક સ્વતંત્રતા મળે છે.

આ અધ્યાયમાં સ્પષ્ટ નોંધ છે કે "જેઓ પૃથ્વીની ધૂળમાં ઊંઘેલા છે તેઓમાંના ઘણા જાગી ઊઠશે" (૧૨:૨). હોશિયા અને હઝકિયેલે પણ મૃત્યુમાંથી ઉત્થાનની વાત કરેલી છે, પરંતુ તે પુનરુત્થાન વ્યક્તિગત રીતે નહિ, કિન્તુ આખા દેશને સંબોધીને લાગુ કરવામાં આવેલું છે. જે યહૂદીઓ પોતે વિશ્વાસુ રહી બીજા લોકોને વિશ્વાસમાં ચાલુ રહે માટે મદદરૂપ થાય છે, તેમના વિષે દાનિયેલ જણાવે છે. આથી ઈશ્વર વિષેની તેમની સાક્ષી તેમના જીવન અને બોલવાથી મદદરૂપ થાય છે. આવા લોકો પુનરુત્થાન પામી બદલો મેળવે છે. તોપણ જેઓમાં ઈશ્વર પર વિશ્વાસ નથી તેઓનું ઉત્થાન તો થશે, પરંતુ તેમને શરમ અને ધિક્કાર ભોગવવાં પડશે.

દાનિયેલને પુસ્તક બંધ કરી તેના પર મહોર મારવાની આજ્ઞા આપવામાં આવી ન હતી. જગતનો અંત ક્યારે આવશે તેનો ચોક્કસ સમય જાણવા હજુ પણ તેના મનમાં પ્રશ્નો છે. કિન્તુ તેને કહેવામાં આવે છે કે તે તેના રસ્તે ચાલ્યો જાય અને અંત માટે ધીરજથી થોભે (૧૨:૯).

આ પુસ્તક એ ખાતરીથી પૂરું થાય છે કે જેઓ થોભે છે તેમને ધન્ય છે. જેઓ ન્યાયી જીવન જીવે છે અને વિશ્વાસુપણે સીધા માર્ગે ચાલે છે તેમને બદલો મળશે. મુદતને અંતે આપણે ચોક્કસ જગાએ ઊભાં રહીશું (૧૨:૧૩). આ પ્રમાણે આ પુસ્તકનો અંત આવે છે.

## પ્રકરણ ૧૭ : આજના સમય સાથે પ્રબોધકોનું લાગુકરણ

એક સદી બાદ બીજી સદી એ પ્રમાણે મનુષ્યનો ઈતિહાસ આગળ વધતો જ જાય છે. કેટલાક દેશોનો અંત આવે છે. કેટલાંક બીજા દેશો સાથે જોડાઈ જાય છે, કેટલાક વિસ્તૃત થાય છે, કેટલાક નબળા રહે છે જ્યારે કેટલાક મજબૂત બનતા જાય છે.

જ્ઞાન પણ વિકસતું જાય છે. મોટા ભાગના લોકોના નિત્ય જીવનમાં વિજ્ઞાન મુખ્ય ભાગ ભજવે છે. જૂના કરારના સમયમાં જે પરિસ્થિતિ પ્રર્વતતી હતી તેનાથી આપણે દૂર અને સૂદૂર જઈ રહ્યા છીએ. કિન્તુ આ પુસ્તકની શરૂઆતમાં જે મેં એ બાબત પર ભાર મૂક્યો છે કે જૂનો કરાર એ સમયના લોકોને જેટલો લાગુ પડતો હતો તેટલો જ આજના સમયના લોકોને પણ લાગુ પડે છે. મતલબ કે આજે એ પ્રમાણે જ આપણી સાથે તે વાત કરે છે. તે જમાનામાં લોકોના ઈતિહાસમાં જે ખાસ બનાવો તેમના દેશમાં બનવાના હતા તે વિષે પ્રબોધકો જણાવતા હતા અને ભવિષ્ય ભાખતા હતા કે જો તેઓ અનાજ્ઞાંકિત થશે તો તેમને ચોક્કસ પરિણામો ભોગવવાં પડશે.

આ પ્રમાણેના અનાજ્ઞાંકિતપણાને કારણે પ્રબોધકોના ઉપદેશનું મુખ્ય ધ્યેય હતું કે તેમને ચેતવણી અને શિક્ષણ આપવાં કે તેઓ પવિત્ર જીવન જીવે. આજ્ઞાંકિતપણું અને સીધું જીવન માણસની અનંતકાળિક સહીસલામતી માટે છે એવું તેમણે શીખવ્યું. પ્રબોધકોએ જણાવ્યું હતું કે માણસને ઈશ્વર પ્રત્યે તથા સાથી વ્યક્તિ માટે સામાજિક જવાબદારી છે. એ જવાબદારી બીજી પ્રજાના લોકોને માટે પણ હોવી જોઈએ. ઈસ્ત્રાએલીઓને વિદેશીઓ મધ્યે પ્રકાશરૂપ થવા માટે ઈશ્વરે તેડ્યા છે. તે ઉપરાંત ઈશ્વરનાં આશીર્વાદો બીજી પ્રજાઓને પણ મળે માટે તેમને સાધન તરીકે નીમેલા છે.

ખ્રિસ્તીઓને આજે એવા જ કાર્ય માટે ઈશ્વરે બોલાવ્યા છે. પાઉલ પ્રેરિત ખ્રિસ્તી વિશ્વાસીઓને કહે છે કે તમે એલચી છો, કારણ કે ઈશ્વરે ખ્રિસ્તમાં પોતાની સાથે જગતનું સમાધાન કરવાની સેવા આપણને સોંપી છે (૨ કરિં. ૫:૧૮, ૧૯), સારાય વિશ્વના ખ્રિસ્તીઓ જ્યારે આ સંદેશો જે જૂના કરાર તથા નવા કરારમાં મળી આવે છે તેનો સ્વીકાર કરશે તો આપણા આ જગતમાં મહાન ફેરફારો જોવા મળશે. લડાઈઓ, આજ્ઞાઓનું ઉલ્લંઘન, જુલમ, અન્યાય, શોષણ વગેરે બંધ થશે.

જ્યાં સુધી ભકિત અને આત્મિક જીવનને વિશ્વાસીઓમાં લાગુ પાડી શકાય ત્યાં સુધી પ્રબોધકો ભકિતની અગત્યતાને પણ સ્વીકારે છે. નિયમિત ભકિત અને પ્રાર્થનાની ટેવ, ભલે તે ખાનગી કે જાહેરમાં હોય, પરંતુ તેમાં ખરો સ્તુતિ કરવાનો, આજ્ઞા પાળવાનો આત્મા આવે છે. કૃપા દ્વારા ઈશ્વરમાં આપણો વિશ્વાસ મજબૂત બને છે અને તેમની વધુ સંગતમાં આપણને રાખે છે. ભકિત, પ્રાર્થના અને ઉપકારસ્તુતિ આપણને ઈશ્વરની ઇચ્છા પ્રમાણે રાખે છે, જેથી કરીને આપણને પ્રભુમય જીવન જીવવાની પ્રેરણા મળે છે. સાચી ભક્તિ આપણને ઈશ્વરની ઇચ્છામાં દોરી જાય છે, જેથી કરીને આપણે ન્યાયી, પ્રેમાળ અને શાંતિવાળું જીવન જીવીએ. પ્રબોધકોએ જે સંદેશો આપ્યો હતો તે આવો જ હતો.

પ્રબોધકો વર્તમાન સમયમાં પણ આપણી સાથે વાત કરે છે. ઈશ્વરની જીવંત હાજરી, તેમની શક્તિ, તેમની પ્રેમાળ ચિંતા અને તેમની દોરવણીનો વ્યક્તિગત અનુભવ આપણે પ્રબોધકોનાં વચનો મારફતે અનુભવીએ છીએ. આવી સાક્ષી ઈશ્વરે ઇતિહાસમાં બધી જ પેઢીઓમાં પોતાના સેવકો મારફતે આપી છે જે કદી જ બદલાતી નથી અને આજે પણ એટલી જ અસરકારક રહે છે. લોકોનાં અને પ્રજાઓનાં હૃદયોને સ્પર્શે છે. દા.ત. યશાયા પ્રબોધકને ઈશ્વરે મંદિરમાં દર્શન આપ્યું હતું, જેમાં પવિત્રતા અને ઈશ્વરનો મહિમા

સાચે જ આપણાં હૃદયોને હચમચાવી દે છે. આ દર્શન દ્વારા તે પોતાનાં અંગત પાપ તો કબૂલ કરેછે, પરંતુ તે સાથે તેના દેશની મલીનતા તથા પાપો પણ કબૂલે છે. યર્મિયા પ્રબોધકનો દાખલો લઈએ તો તે કબૂલ કરે છે કે ઈશ્વરના શબ્દો તો બળતા અગ્નિ જેવા છે, જે તેના હાડકાંમાં ઉતરે છે અને તેની સાક્ષી આજની આધુનિક વ્યક્તિ માટે એક મહાન પુરુષ તરીકે આવકાર્ય બનેછે. આ મારફતે તે ન્યાયનો સંદેશો આપેછે. અને વિરોધ તથા દુશ્મનાવટ વચ્ચે પણ આપણને વિશ્વાસુ રહેવા ઉત્તેજન આપે છે.

આજના સંદર્ભનાં વિચારીએ તો આજે વિશ્વમાં લડાઈને કારણે ભારે ગુંચવાડો ઊભો થયો છે. દેશો એકબીજાને શંકાથી જ જુએ છે. જુલમ, ઝઘડા, શોષણ માલૂમ પડેછે. ત્યારે બાઈબલના કેટલા બધા ભાગો આપણને સ્પષ્ટ અને અર્થવાળો સંદેશો આપે છે. યશાયા ૪૪:૨માં કહેવામાં આવ્યું છે ‘‘હે યાકૂબ તું બીશ મા’’. યશાયા ૬૦:૧-૩ પ્રમાણે, ‘‘ઊઠ પ્રકાશિત થા, કેમ કે તારો પ્રકાશ આવ્યો છે... યહોવા તારા પર ઉગશે... પ્રજાઓ તારા પ્રકાશ ભણી ચાલી આવશે’’. અથવા ઈશ્વરનું વચન, ‘‘મારું વચન જે મારા મુખમાંથી નીકળ્યું છે તે સફળ થયા વિના પાછું વળશે નહિ’’ (યશા. ૫૫:૧૧). યશાયા ૪૦:૨૮-૩૧ની કલમો કેટલી બધી ખાતરીદાયક છે જેમાં કહ્યું છે, ‘‘તેં શું નથી જાણ્યું...યહોવા તે સનાતન ઈશ્વર છે. પૃથ્વીના દિગંત સુધી ઉત્પન્ન કરનાર તે છે...નબળાને તે બળ આપે છે.... યહોવાની વાટ જોનાર નવું સામર્થ્ય પામશે; તેઓ ગરૂડની પેઠે પાંખો પ્રસારશે, તેઓ આગળ ચાલશે, ને નિર્ગત થશે નહિ.’’ આ ઉપરાત યશા. ૩૦:૧૮ ખાતરી આપે છે, ‘‘યહોવા તમારા પર દયા કરવાની વાટ જુએ છે. યહોવા ન્યાયીનો ઈશ્વર છે, જેઓ તેમની વાટ જુએ છે તેઓ સર્વને ધન્ય છે.’’

પ્રબોધકો યહોવાને જીવતા ઉધ્ધારક તરીકે ઓળખતા હતા. તેમનું ઈશ્વરના સ્વભાવ વિષેનું જ્ઞાન પ્રભુમાં આગળ વધવા આપણને ઉત્તેજન

આપે છે. પ્રબોધકોને ઈશ્વરનો તેમના વ્યક્તિગત પ્રભુ તરીકે અનુભવ થયો હતો, બીજી પ્રજાના દેવો જેવો નહિ જેમને ઓળખી શકાય નહિ કે મૂર્તિઓ હોવાથી તેમની સાથે કોઈ અંગત સંબંધ રાખી શકાય નહિ. ઈશ્વર આપણા સરજનહાર છે, જેમને આપણે વિશ્વાસુ રહેવું જોઈએ અને તેમની આજ્ઞાઓ માનવી તે આપણી ફરજ બનેછે. ઈશ્વરના આપણા જીવન ઉપર અધિકારની અવગણના આપણને પાપના માર્ગે દોરી જાય છે, એથી આપણા નૈતિક અને આત્મિક જીવનના સિધ્ધાંતોનો નાશ થાય છે. પરિણામે પાપ તથા અનાજ્ઞાંકિતપણાને કારણે સહન કરવું પડે છે.

આ પુસ્તક લખવાનું હું બંધ કરું છું ત્યારે મારી એ નમ્ર પ્રાર્થના છે કે જૂના કરારના પ્રબોધકો આજે તમારી સાથે તેમ જ વિશ્વના અન્ય લોકો સાથે વ્યવહાર કરવાનું ચાલુ રાખે, જેથી ભૂમિ તળેનાં સર્વ ઈસુને નામે ઘૂંટણે પડીને નમે અને કબૂલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે (ફિલિ. ૨:૧૦).

18BGP2

-: મુદ્રક :-
સ્કીનડોટ પ્રિન્ટર્સ અમદાવાદ - ૧. ફોન : ૫૬૨૩૭૬૧